णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स।

ચાર ગતિનાં કારણો

પહેલો ભાગ

શ્રી જૈન પ્રવચનના સને ૧૯૫૫ ના
વાર્ષિક ગ્રાહકો માટેનું ભેટ-પુસ્તક
છૂટક નકલનું મૂલ્ય-બે રૂપીઆ

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ
આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ
નાં પ્રવચનોનો સાર

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

ચાર ગતિનાં કારણો

[વિ. સં. ૨૦૦૬ ના ચતુર્માસ દરમ્યાનમાં પાલીતાણા મુકામે અપાએલાં પ્રવચનોમાંનાં કેટલાંક પ્રવચનોનું સંકલન કરીને તૈયાર કરાએલું ટૂંક સારભૂત અવતરણ.]

પહેલો ભાગ

શ્રી જૈન પ્રવચન અઠવાડિકના
સને ૧૯૫૫ ના વાર્ષિક ગ્રાહકોને
માટેનું . . . . ભેટ પુસ્તક

: પ્રવચનકાર :

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગત આચાર્યદેવ
શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી**-પટપ્રભાકર, પૂ. સિદ્ધાન્તમહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર
પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ, આચાર્યદેવ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક :
શ્રી જૈન પ્રવચન પ્રચારક સાર્વજનિક ધાર્મિક ટ્રસ્ટની વતી
મેનેજર–ચીમનલાલ નાથાલાલ શાહ
[સં. શ્રી જૈન પ્રવચન]

પ્રકાશન–સ્થલ :
શ્રી જૈન પ્રવચન કાર્યાલય
ઠે. શેઠ શ્રી મનસુખભાઈની પોળ સામે, દવાખાનાને મેડે,
કાલુપુર રોડ– અમદાવાદ.

પુસ્તકાકારે પ્રથમાવૃત્તિ . . . . . નકલ ૨૧૨૫
શ્રી વીર સં. ૨૪૮૦ વિક્રમ સં. ૨૦૧૦ સને ૧૯૫૪
છૂટક નકલનું મૂલ્ય. . . . . બે રૂપીઆ

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

પ્રકાશકનું પ્રાક્કથન

પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર–પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન–વાચસ્પતિ, આચાર્યદેવ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા, કચ્છ–માંડવીમાં પોતાના શિષ્ય–પ્રશિષ્યાદિ મુનિવરોની સાથે વિ. સં. ૨૦૦૪ નું ચતુર્માસ કરીને, કચ્છ દેશનાં તીર્થોની યાત્રાએ નીકળ્યા હતા અને શ્રી ભદ્રેશ્વરજી તીર્થમાં, તેઓશ્રીની નિશ્રામાં, ચૈત્ર માસમાં, શ્રી અરિહંતાદિ નવ પદોનું વિધિ પૂર્વક સામુદાયિક આરાધન થયું હતું. ત્યાર બાદ, ત્યાંથી ઉગ્ર વિહાર કરતે કરતે, તેઓશ્રી સુરતના શ્રીસંઘની વિનંતિથી સુરત પધાર્યા હતા અને વિ. સં. ૨૦૦૫ નું ચતુર્માસ તેઓશ્રીએ સુરતમાં જ કર્યું હતું.

વિ. સં. ૨૦૦૫ નું ચતુર્માસ સુરતમાં કરીને, મુંબાઇમાં વસતા જૈન ભાઈઓની આગ્રહભરી વિનંતિને લક્ષ્યમાં લઈને, તેઓશ્રીએ, મુંબાઈ તરફ વિહાર લંબાવવા ધાર્યો હતો; પરન્તુ સુરત જીલ્લાનાં જુદાં જુદાં ગામોના શ્રીસંઘોની આગ્રહભરી વિનંતિ હોવાથી, મુંબાઈ તરફ વિહાર લંબાવતાં પૂર્વે, તેઓશ્રીએ સુરત જીલ્લાનાં ગામોમાં વિહાર કરવા માંડ્યો હતો અને નવસારી આવીને મુંબાઈ તરફ વિહાર લંબાવવાની તેઓશ્રીની ભાવના હતી. તેઓશ્રી ચૈત્ર સુદીમાં નવસારી પધાર્યા અને નવસારીમાં પણ તેઓશ્રીની તારક નિશ્રામાં, શ્રી અરિહન્તાદિ નવ પદોનું વિધિપૂર્વક સામુદાયિક આરાધન શરૂ થયું.

આ દરમ્યાનમાં બન્યું એવું કે–એ સમયે, તેઓશ્રીના પૂ. ગુરૂદેવ–પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા, પાલીતાણા મુકામે વિરાજતા હતા; અને ત્યાંથી પૂ. ગુરૂદેવશ્રીના પુણ્ય દેહને લગતા એવા સમાચાર આવવા

પામ્યા, કે જેને લઈને તરત જ પૂ. આચાર્યદેવશ્રીએ મુંબાઈ તરફ વિહાર લંબાવવાની પોતાની ભાવનાને મોકુફ રાખી દીધી અને પાલીતાણા પૂ. ગુરૂદેવશ્રીની સેવામાં પહોંચી જવાનો નિર્ણય કરી લીધો.

આ નિર્ણય મુજબ, ચૈત્રી ઓળી પૂર્ણ થતાંની સાથે જ, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ પોતાનો વિહાર પાલીતાણા તરફ લંબાવ્યો અને જેઠ સુદી પાંચમના શુભ દિવસે તો તેઓશ્રી પોતાના પૂ. ગુરૂદેવ-પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય-પ્રેમસૂરીશ્વરજી** મહારાજની સેવામાં પહોંચી ગયા.

એ વખતે, શ્રી સિદ્ધગિરિજીની તળેટીએ આવેલી જૈન સોસાયટીમાંના શેઠ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવીના 'રસિક-નિવૃત્તિ-નિવાસ' નામના બંગલામાં, પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા વિરાજતા હતા; આથી, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી પણ ત્યાં જ પધાર્યા અને એથી પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનું તે દિવસનું પ્રવચન પણ, એ જ બંગલામાં થયું.

પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીના પહેલા દિવસના પ્રવચનને સાંભળવાને માટે એકત્રિત થઈ ગયેલાં ભાઈ-બેનોના વિશાલ સમુદાયને જોતાં, સૌને લાગ્યું કે-પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીના પ્રવચનને માટે તો, આ સ્થાન ઘણું જ નાનું પડશે. આથી, બીજા દિવસથી જ, ત્યાં નજદીકમાં આવેલા શેઠ શ્રી બકુભાઈ મણિલાલના બંગલાના વિશાલ હૉલમાં, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનું પ્રવચન ગોઠવવામાં આવ્યું.

પછી શરૂ થયું ચતુર્માસ. ગામ-ગામથી અને દેશ-દેશથી સંખ્યાબંધ ભાઈ-બેનો શ્રી સિદ્ધગિરિજીની અને સાથે સાથે બન્ને ય પૂ. આચાર્યદેવોની છાયામાં ચતુર્માસ કરવાને માટે

આવી પહોંચ્યાં. એને લઈને, શેઠ શ્રી બકુભાઈ મણિલાલના અંગલાનો વિશાળ હૉલ પણ ઘણો નાનો પડવા લાગ્યો અને પરમ પાવનકારી પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના અત્રે સૌ સાથે કેમ કરી શકશે, એનો મોટો વિચાર થઈ પડ્યો. આગેવાન ગહસ્થો મળ્યા અને તેમણે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના વંડામાં એક ઘણો વિશાલ અને ઘણો સુશોભિત મંડપ ખડો કરાવ્યો. શ્રાવણ વદી ત્રીજથી, એ નૂતન મંડપમાં, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનાં પ્રવચનો રોજ બપોરે થવા લાગ્યાં અને આ વ્યવસ્થા થતાં, શ્રોતાજનોની સંખ્યામાં પણ ઘણો મોટો ઉમેરો થવા પામ્યો.

એ દરમ્યાનમાં, પાલીતાણામાં શાસનરક્ષાનો એક ખાસ નોંધપાત્ર બનાવ બનવા પામ્યો હતો. સોનગઢવાળા કાનજી-સ્વામિએ પાલીતાણા આવીને, પોતાના મતનો પ્રચાર કરવાની મોટી યોજના ઘડી કાઢી હતી અને તે યોજનાને અનુસારે, કાનજીસ્વામી, પોતાના સંખ્યાબંધ ભક્તોની સાથે પાલીતાણા આવી પહોંચ્યા હતા. પાલીતાણામાં આવીને, તેમણે, પોતાના મતનાં પ્રચારક વ્યાખ્યાનો અને તેનો મોટો કાર્યક્રમ પ્રગટ કર્યો. આથી, અનેક ભદ્રિક આત્માઓને કુમતમાં ફસાઈ પડતા બચાવી લેવાને માટે, પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્ય-દેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાએ, કાનજી-સ્વામી ઉપર એક પત્ર મોકલાવ્યો; અને, શ્રી જૈન સિદ્ધાન્તોના સંબંધમાં સ્પષ્ટ ખુલાસાઓ કરવાને માટે, પોતાના પટ્ટધર– પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને પોતે મોકલશે, એવા ભાવનું લખાણ પણ તેમાં લખી મોક-લાવ્યું. કાનજીસ્વામિએ, આ પત્રનો કશો જ જવાબ તો આપ્યો

નહિ, પરન્તુ પાલીતાણામાંના પોતાના વસવાટનો અને પોતાનાં વ્યાખ્યાનોનો જે કાર્યક્રમ પ્રગટ થઇ ચૂકયો હતો, તે સઘળા ય કાર્યક્રમને રદ્દ કરીને, એકાએક કાનજીસ્વામી સોનગઢ ચાલ્યા ગયા. આમ થવાથી, કાનજીસ્વામિને સ્પષ્ટ ખૂલાસાઓ કરવાને માટે 'પાલીતાણા' એ અનુકૂળ સ્થલ નથી–એમ લાગ્યું હોય અને 'સોનગઢ' એ અનુકૂલ સ્થલ છે–એમ લાગ્યું હોય, તો તે માટે જાતે સોનગઢ આવવાની તૈયારી દર્શાવતો પત્ર પણ, પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ કાનજીસ્વામી ઉપર લખ્યો અને તે પત્ર રજીસ્ટર્ડ કરાવીને, સોનગઢ કાનજીસ્વામી ઉપર રવાના કરાવાયો. હવે તો, કાનજીસ્વામિએ એ પત્ર જ લેવાની ટપાલીને ના કહી દીધી અને એથી "માલિકે લેવા ના પાડવાથી મોકલનારને પાછો"–એવા શેરા સાથે તે પત્ર, ટપાલખાતાએ પાલીતાણા પાછો મોકલી આપ્યો. આમ, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીની પાલીતાણા મુકામે એ સમયે હાજરી હોવાથી, કુમતના પ્રચારની કાનજીસ્વામિની મુરાદ બર આવી શકી નહિ અને તેમની આખી ય યોજના સર્વથા નિષ્ફલ નિવડી.

ઉપર જણાવેલા સંયોગોમાં, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ વિ. સં. ૨૦૦૬ નું ચતુર્માસ પાલીતાણામાં કર્યું હતું. એ વખતે, પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાની નિશ્રામાં જ પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનાં ઘણાં–ખરાં રોજીન્દાં પ્રવચનો થયાં હતાં. પાલીતાણામાં થયેલાં એ પ્રવચનોમાંથી, કેટલાંક પ્રવચનોની નોંધ લેવામાં આવી હતી. એ નોંધને ટૂંકાવીને અને પરસ્પર મેળવીને

એવી રીતિએ તૈયાર કરવામાં આવી, કે જેથી વાંચકોને પ્રાયઃ સળંગ વાચન મળ્યા કરે. આમ છતાં પણ, કેટલીક રોજની ભૂમિકાની પણ અગત્યની વાતો રહી જવા પામે નહિ, એ માટે એ નોંધને અમુક વિભાગોમાં વહેંચી નાખવામાં આવી હતી. એ નોંધને આમ અમુક વિભાગોમાં વહેંચી નાખીને, **શ્રી જૈન પ્રવચન** અઠવાડિકમાં પ્રગટ કરી હતી. એવા વિભાગો પૈકીના ચાર વિભાગો આ પહેલા ભાગમાં પ્રગટ કરવામાં આવ્યા છે. આ પ્રવચનોની નોંધને, શ્રી જૈન પ્રવચનમાં "કષાયો અને ઇન્દ્રિયોથી જીતાવું એ જ આત્માનો સંસાર છે !–અને–કષાયો અને ઇન્દ્રિયોથી મૂકાવું એ જ આત્માનો મોક્ષ છે ! "–આવા મથાળાથી પ્રગટ કરવામાં આવી હતી; પરન્તુ આ વિવેચનમાં મુખ્ય વિષય તરીકે 'ચાર ગતિનાં કારણો' બની ગયેલ હોવાથી, આને પુસ્તકાકારે પ્રગટ કરતાં, આને 'ચાર ગતિનાં કારણો' એ નામ આપવું વ્યાજબી ધાર્યું છે.

પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીનાં પ્રવચનોના કોઈ પણ સંગ્રહની ઉપયોગિતા અને ઉપકારતા વિષે કાંઈ કહેવાની જરૂર જ હોતી નથી, કારણ કે–દરેક પ્રવચન જ નહિ, પરન્તુ દરેક પ્રવચનનું દરેક વાક્ય પણ મહા ઉપયોગી અને મહા ઉપકારક છે, એવું દરેક આત્માર્થિને લાગ્યા વિના રહે જ નહિ, એવો પોતાનો અનુભવ પણ અનેકોએ પ્રગટ કરેલો છે. આથી, આ પુસ્તકની ઉપયોગિતા અને ઉપકારકતા વિષે પણ અમે આથી કાંઈ જ વધુ કહેવાને ઇચ્છતા નથી અને જેમના હાથમાં આ પુસ્તક પહોંચે, તેમને આ પુસ્તકમાંના સંગ્રહનું વારંવાર વાંચન અને મનન કરવાની જ એક માત્ર ભલી ભલામણ કરીએ છીએ.

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન–વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજનાં પરમ પ્રભાવક અને પરમ ઉપકારક પ્રવચનોના સારનો પ્રચાર થાય, એવા આશયથી, જામનગરનિવાસી સ્વ૦ **શેઠ શ્રી શાન્તિદાસ ખેતશીભાઇએ**, રૂા. ૧૦૦૦૦ અંકે દશ હજાર રૂપીઆ દર વર્ષે એક ભેટ પુસ્તક છપાવવાને માટે શ્રી વીરશાસન કાર્યાલયને અર્પણ કરેલા; પરન્તુ શ્રી વીરશાસન કાર્યાલયના કાર્યવાહકોએ, સ્વ. શેઠ શ્રી શાન્તિદાસભાઇનો આશય બર આવે એ માટે, મજકુર આખી ય રકમ, શ્રી જૈન પ્રવચન કાર્યાલયને સુપ્રત કરી હતી. આથી, આ પુસ્તકના પ્રકાશન સમયે સ્વ. શેઠ શાન્તિદાસભાઇનો આભાર પ્રગટ કરવો અને એમના સમ્યગ્જ્ઞાનના પ્રચારની અમલી ધગશની અનુમોદના કરવી, એ આવશ્યક છે. આ સ્થલે, અમો, સ્વ. શેઠ શ્રી શાન્તિદાસભાઇનો સાનુમોદન આભાર માનીએ છીએ.

પ્રાન્તે–આ પુસ્તકના મુદ્રણમાં અમારા દૃષ્ટિદોષથી અગર તો છપાવતાં જે ભૂલો રહી જવાનો કે નવી ઉત્પન્ન થઈ જવાનો સંભવ છે તેથી, જે કાંઇ પણ અશુદ્ધિઓ રહી જવા પામી હોય, તે બદલ મિચ્છા મિ દુક્કડં દઈએ છીએ; તેમ જ, અમારા અનુપયોગાદિના કારણે જો આમાં કોઇ પણ ઉક્તિ પૂ. પ્રવચનકાર મહાત્માના આશયથી વિરૂદ્ધની આવી જવા પામી હોય અને તેથી કદાચ અનન્ત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાથી વિરૂદ્ધની આવી જવા પામી હોય, તો તે બદલ પણ મિચ્છા મિ દુક્કડં દઈએ છીએ અને વાંચકોને નમ્રભાવે વિનવીએ છીએ કે–જો એવી કોઇ ક્ષતિ તેમની દૃષ્ટિમાં આવે, તો તે તરફ અમારૂં ધ્યાન દોરવાની તેઓ કૃપા કરે.

: શીર્ષકાનુક્રમ :

શીર્ષક	પૃ. સં.
શ્રી નવકાર ગણનારને સંસાર ગમે અને મોક્ષ ગમે નહિ, એ બને જ કેમ ?	૩
સંસાર હૈયે હોય ત્યાં સુધી ગમે તેટલી ક્રિયાથી પણ મોક્ષ સધાય નહિ :	૬
કેવા પ્રકારનાં કર્મોને ખપાવવાની ઇચ્છા છે ?	૮
અમારૂં ચાલત તો અહીં પગે ચાલત નહિ :	૯
ક્રિયા પુણ્યની ને હૈયામાં પાપ :	૧૧
પરમાત્મા કયારે બનાય ?	૧૩
ભક્તિનો સાચો લાભ મેળવવો હોય તો ભગવાનને બરાબર ઓળખી લો :	૧૪
કર્મ નબળાં પડ્યાં હોય તો ય સબળાં બને એવા આપણે નબળા છીએ :	૧૬
ધર્મ કરતાં ય સુખ આપનાર કર્મ થોડું અને દુઃખ આપનાર કર્મ ઘણું બંધાય ?	૧૯
કર્મની અસર ન હોય તો આત્મા શરીરમાં શાનો હોય ? ...	૨૨
તપ ખાવાની ઉપાધિ ટળે એ માટે છે :	૨૪
શ્રી ધના સાર્થવાહ ઘીના દાનથી સમ્યક્ત્વ પામ્યા કે તે વખતના ભાવથી ?	૨૫
પાપોદય વિના સુખની ઇચ્છા થાય નહિ :	૪૧
સંસારના સુખની ઇચ્છા ઉપર દ્વેષ કેળવો :	૪૨
સંસારચક્ર બંધ કેમ થાય ?	૪૩
આંટો આટા માટે નહિ થવો જોઈએ :	૪૪
સંસાર ખટક્યો એમ કયારે કહેવાય ?	૪૫
પરમેષ્ઠિઓ પ્રત્યે બહુમાન કયારે પ્રગટે ?	૪૬
સંસારના સુખનો રાગ ખટક્યા વિના શ્રી વીતરાગના શરણને પામી શકાય નહિ :	૪૮
દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના :	૫૦

દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના દ્વારા શ્રી વીતરાગના શરણુને કેમ પમાય ?... ... ... ૫૧
ઘાતી અને અઘાતી કર્મો તરફ કેવો ભાવ છે ? ... ૫૩
ભૂતકાળમાં કરેલી ભૂલ અહીં કરવી છે ? ૫૫
ધર્મસામગ્રી ઉપરનો પ્રેમ ધાવમાતા જેવો છે ? ૫૬
મોહનીય કર્મ સાથેની ગાઢ મૈત્રી : ૫૮
કર્મે આપેલા સુખ-દુઃખના જ રાગ-દ્વેષીને ધર્મની સાથે શું લાગે-વળગે છે ?... ... ... ૫૯
સારા-ખરાબનું માપ મનોવૃત્તિ ઉપરથી કઢાય : ૬૧
દૃષ્ટિની એકતા : ૬૨
કલિકાલના જીવોના ગુણો : ૬૩
કાલાદિના નામે કરાતો બચાવ : ૬૪
આપણી ભૂલમાં બચાવ શોધીએ અને પારકી ભૂલમાં ? ... ૬૫
નોકરની ભૂલ નાની લાગે કે મોટી ? ૬૬
માનસપરિવર્તન અંગે ઉદાહરણ : ૬૭
પોતાની ભૂલ વખતે અને પારકી ભૂલ વખતે વિચારણામાં કેટલું અન્તર રહે છે ? ૭૫
આ તારક સાધનોને પામીને ય અનંતા ડૂબ્યા, તો એમ શાથી બન્યું તે શોધવું જોઈએ ને ? ૭૭
જે ભયંકર વસ્તુએ અનંતાને ડૂબાવ્યા, તે વસ્તુ મારામાં છે કે નહિ ?-એવો વિચાર આવ્યો છે ? ૭૮
તારક સાધનોને થોડા પ્રમાણમાં સેવે કે અવિધિથી સેવે, એટલા માત્રથી જ સંસારમાં રૂલે નહિ : ... ૮૦
જીવન ધર્મક્રિયામય બને, એવું કરવાનું મનમાં તો ખરૂં ને ? ૮૨
ભગવાન શ્રી જિનેશ્વરદેવો અન્તિમ ભવમાં મોહને આધીન બનીને સંસારમાં રહ્યા નથી : ૮૩
સંસારને ભોગવવા છતાં પણ બ્રહ્મચારીનું અને ખાવા છતાં પણ ઉપવાસીનું એક ઉદાહરણ : ૮૬
રાજા અને મુનિવરની માનસિક અવસ્થા : ૯૧

આવાં તારક સાધનો દ્વારા પણ અનંતા કેમ ડૂબ્યા ? ... ૯૩
ધર્મપરિણામને સાકર જેવો બનાવો : ૯૫
શ્રાવકની ભાવના : ૯૬
શ્રી અરિહંતાદિની ને આપણી સાચી પિછાન થાય તો-... ૯૮
ગુલામ હોવા છતાં પણ ગુલામીનો ખ્યાલ આવતો નથી અથવા તો તે ભૂલાઈ જાય છે : ૯૯
સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયાના યોગથી મુક્તિ : ... ૧૦૨
અનુકૂળ અને ઉત્તમ સ્પર્શાદિના યોગ વિના સુખ સંભવે જ નહિ-એવું માનનારા મોક્ષને નથી માનતા : ... ૧૦૩
અવિધિવાળી ધર્મક્રિયા પણ વિધિબહુમાનથી અને મોક્ષના આશયથી હોય તો અધ્યાત્મમાં ખપે : ૧૦૬
અભવ્યાદિ આ ધર્મને સેવે તે સંસારસુખને માટે જ : ... ૧૦૮
મન મોહને આધીન છે કે જિનને ? ૧૦૯
મોહના વેઠીયા કે ગુલામ ? ૧૧૧
અપુનર્બન્ધક અવસ્થા : ૧૧૨
શ્રી સિદ્ધોનું ને આપણું સ્વરૂપ એક છે, પણ એમનું પ્રગટેલું છે ને આપણું દબાએલું છે : ૧૧૪
ચરમાવર્ત્ત જ શ્રી જિનવાણીનો પ્રયોગકાળ : ૧૧૫
શ્રી જિનવાણીને ઝીલવાનો પ્રતાપ : ૧૧૮
ધર્મમાં મોક્ષનો હેતુ આવે, એટલે કર્મસત્તા પણ અનુકૂળ બનવા માંડે : ૧૧૯
ચરમાવર્ત્તમાં આવવા માત્રથી શું વળે ? ૧૨૧
નાલાયકાતનો ય સાચો ખ્યાલ જોઈએ : ૧૨૪
શ્રી જૈન શાસનમાં મોક્ષની વાત ન હોય તો બીજું હોય પણ શું ? ૧૨૬
ભગવાનના થઈ જાવ : ૧૨૯
નાલાયકને ધર્મ નહિ દેવામાં પણ ઉપકાર : ૧૩૦
બાહોશ ધર્મદાતા પણ છેતરાય એ બને : ૧૩૨
વિનયરત્નનો પ્રસંગ : ૧૩૪
ઠોઠ નિશાળીયા જેવા તો નથી ને ? ૧૪૧

મહેરબાની જ મગાય : ૧૪૩
આ કાળમાં જો સાધનસંપન્નોને ય મુશ્કેલી છે, તો સાધન-
હીનોનું શું થતું ?... ... ... ૧૪૪
સુખી માણસોએ પોતપોતાનાં ક્ષેત્રોને સંભાળી લેવાં જોઇએ : ૧૪૬
મોંઘા કાળમાં જ માણસની અને પૈસાની કિંમત છે ને ? ૧૪૮
સાધર્મિક-વાત્સલ્યનાં જમણો : ૧૪૯
ખંભાતનો એક પ્રસંગ : ૧૫૦
સીદાતા ક્ષેત્ર તરફ પહેલું લક્ષ્ય : ૧૫૩
તમને તો માત્ર સંપત્તિ ઘટવાનો ભય છે, પણ ભૂખ્યાને તો
ભૂખે મરી જવાનો ભય છે : ૧૫૪
મનુષ્યભવ આદિ જે સામગ્રી મળી છે, તે મળ્યાનો આનંદ
કેવા પ્રકારનો છે ? ૧૫૭
મનુષ્યભવમાં જન્મીને ઇચ્છા મુજબ જીવવાને માટે તમે
કેટકેટલાં પાપો કર્યાં છે ? ૧૬૦
જન્મ તરીકે મનુષ્યજન્મનાં વખાણ થયાં નથી :... ... ૧૬૨
જીવવાને માટે ય કરવાં પડતાં પાપો જેને ડંખે નહિ, તેનો
ચાંલ્લો શોભો નહિ : ૧૬૪
પાપ વગર જીવી શકાય એવો આ ભવ છે : ૧૬૭
સૌથી પહેલાં તો સર્વત્યાગનો સર્વોત્તમ માર્ગ જ બતાવાય :... ૧૬૯
ઘરમાં રહેવા છતાં પણ ખેંચાણ સાધુપણા તરફ જ થયા
કરવું જોઇએ : ૧૭૧
'આ મનુષ્યજન્મની કિંમત પાપના ત્યાગને આભારી છે'
એટલું ય સમજાઈ જાય તો- ૧૭૪
પોતે સમજુ હોવાનો દાવો કરનારાઓ પણ બીજાની વાતમાં
કેવી મૂર્ખાઇ આચરે છે ? ૧૭૭
દેવોને ભોગો એવા ગળે વળગેલા છે કે-છૂટે જ નહિ : ... ૧૮૦
શ્રી દશાર્ણભદ્ર : ૧૮૧
દેવભવ કરતાં ય મનુષ્યભવની કિંમત વધારે અંકાણી છે-તેનું
કારણ શું ? ૧૮૩
સાધુવેષને બાળીને પણ શાસનની અપભ્રાજના થતી અટકા-
વનાર મુનિરાજ : ૧૮૫

સંસારમાં છૂટા પડવાની નવાઈ નથી : ૧૯૨
જગતપૂજ્ય બનવાનું નસીબ માનવીનું જ છે : ૧૯૪
પાપ ખટકચા વિના તો પરમાત્મા ય તારી શકે નહિ : ... ૧૯૫
કુટુંબ સાથે કરવાની વાતો : ૧૯૭
સંઘનાં એટલે કોઇનાં નહિ કે સૌનાં ?... ... ... ૧૯૯
જૈનત્વ ઝળહળે કચારે ? ૨૦૧
જૈનપણું આવે તો મનોવૃત્તિ ફર્યા વિના રહે નહિ : ... ૨૦૪
દેવદ્રવ્યમાંથી શ્રાવકો પાસે પૂજા કરાવવાની વાતો :... ... ૨૦૫
ધનહીન શ્રાવક સામાયિક લઇને શ્રી જિનમન્દિરે જાય : ... ૨૦૭
સંઘની સામગ્રીથી પૂજા કરનારાઓ : ૨૦૯
પોતાના દ્રવ્યથી જ ધર્મકૃત્ય કરવાના આગ્રહવાળા બે નોકરોનું
મનનીય ઉદાહરણ : ૨૧૦
શ્રાવકોને ડૂબાવી દેવાનો ધંધો : ૨૧૯
પૂજા ગાંઠના દ્રવ્યથી જ કરવી જોઇએ :... ... ... ૨૨૧
નહિ કરનાર છતાં મનોભાવ સારો અને કરનાર છતાં મનોભાવ
ખરાબ–એ વિષે એક ઉદાહરણ:... ... ... ૨૨૨
આવા કાળમાં ય શાસનની સુંદર પ્રભાવના થઇ શકે : ... ૨૨૪
દુર્ગતિનો ડર પેદા કરવો સહેલો છે, પણ દુર્ગતિનાં કારણોનો
કર પેદા કરવો મુશ્કેલ છે : ૨૨૬
આયુષ્યબંધ માટેની સાવચેતી : ૨૨૮
' દુર્ગતિનાં કારણો સેવવા લાયક જ નથી '–એમ લાગ્યા કરે
એવું મન કેળવવું જોઇએ : ૨૩૦
પર્વતિથિઓ અને આયુષ્યબંધ : ૨૩૨
ભૂલ કરાય તો ફળ પણ ભોગવવું પડે ! ૨૩૪
હેય તે હેય જ–એટલું બરાબર માનતા હો તો ય દુર્ગતિ તમારું
નામ લઈ શકે નહિ ૨૩૫
નિરપરાધી ત્રસ જીવની હિંસાનો ત્યાગ પણ શું સૂચવે છે ? ૨૩૭
હિંસાનો રસ ન હોય છતાં સંયોગવશ કરવી પડે છે ને ? ૨૪૦
શરીર નાનું, જીવે થોડું, છતાં જાય સાતમીએ ! ૨૪૧

આરંભનો દોષ તો લાગે જ છે, પણ અયતનાનો દોષ કેમ વહોરો છો ? ૨૪૩
મહા આરંભના હિંસેદારો : શ્રી જિનમન્દિરોના વહીવટો અને વીજળીના દીવાઓ : ૨૪૫
ધન સંબંધી શ્રાવકની ઇચ્છા : ૨૫૧
પરિગ્રહ પાછળ મન કેટલું બધું ઘેલું બનેલું છે ?... ... ૨૫૩
સુખી ગૃહસ્થો જો ઉદાર બને, તો તેઓ ગામના રાજા જેવા બની જાય :.... ... ... ૨૫૬
દેવદ્રવ્યનો વ્યય કરવાની જરૂર : ૨૫૮
વાણીયાની કુનેહ : ૨૬૦
ભયંકર હિંસાઓની અનુમોદના : ૨૬૧
એ રાજાઓ ને એ મંત્રિઓનાં હૈયાં કેવાં હશે ? ... ૨૬૩
દયાના પરિણામની ખામી : ૨૬૫
આપણે પાપ કરીએ, છતાં ભગવાન દુઃખથી અને દુર્ગતિથી બચાવી દે, એ બને નહિ : ૨૬૬
છોકરાના ખૂનીને ફાંસીની સજા થાય તો રાજી થાવ ને ? ... ૨૬૮
શ્રી કુમારપાલે યુદ્ધો ખેલ્યાં છે, પણ એમના હૈયામાં કેવી દયા, ઉદારતા ને ગંભીરતા હતી ? ૨૬૯
તમને ગમ ખાતાં આવડે ? ૨૭૫
આવેશ વખતે આયુષ્યનો બંધ પડી જાય તો ? ૨૭૬
મનનો બળાપો : ૨૭૭
મારે તો ય મારવાને ઇચ્છે નહિ અને માર્યું તે ગમે નહિ :... ૨૭૯
'શ્રી શાલિભદ્રજીની માતાનું હૈયું કેવું હતું'–એને પારખવાનો પ્રયત્ન કર્યો છે ખરો ? ૨૮૧
સામાયિકાદિ શા માટે ? ૨૮૫
ચક્રવર્તિઓ ચક્રવર્તિપણે મરે તો નરકે જ જાય : ૨૮૬
'સામો આજ્ઞાભંજક બની જવા પામે નહિ'–તેની કાળજી આજ્ઞા કરનારે રાખવી જોઇએ ૨૮૭
આવી મનોવૃત્તિ કેળવો : ૨૯૧

મરતાંય ય વોસિરાવી શકાય એ માટે– ૨૯૨
મૂકીને જતા નથી, હૈયે લઈને જાય છે! ૨૯૩
આ બધો પાપનો વા–વંટોળ છે: ૨૯૬
પ્લેગની જેમ ડરતા રહેવાનું મન થાય ને? ૨૯૭
જ્યાંથી છૂટીને આવ્યા ત્યાં ફરી ફસાવા જવું નથી ને? ... ૨૯૮
અહીં આવો તો ડાહ્યા થઈને આવજો: ૨૯૯
સાધુ ન થવાય તો અલ્પસંસારવાળા અને અલ્પ પરિગ્રહવાળા બની જાવ!... ... ... ૩૦૦
આવું કરશો તો છોકરાઓ તમને ગાંડા નહિ કહે, પણ ઉત્સવ ઊજવશે: ૩૦૨
૫–૨૫ સુખી માણસો જો અહીં રહી જાય ને દેખરેખ રાખવા માંડે તો અહીંની રોનક ફરી જાય: ૩૦૪
હૈયું ફરે તો સુખી માણસો આ સહેલાઈથી કરી શકે અને આ કરવામાં બીજાઓને ઘણી મુશ્કેલીઓ નડે:... ... ૩૦૬
એ કારણો સેવાય તો ય રસ ન આવી જાય, તેની તકેદારી રાખવી જોઈએ: ૩૦૯
નિરનુગ્રહતા, એ ય નરકનું કારણ: ૩૧૦
જેણે આપણું બગાડ્યું હોય, તેના ઉપર અનુગ્રહ કરવાથી પણ લાભ જ થાય છે: ૩૧૨
અનુગ્રહ કરવાની તક આવ્યે શું કરો?... ... ... ૩૧૪
અનુગ્રહતાથી નુકશાન લાગતું હોય તો ય તે નિરનુગ્રહતાથી થતા નુકશાન જેટલું તો નથી ને? ૩૧૫
શ્રી નવકાર મંત્રના જાપનું ફળ મળે પણ હૈયામાં બીજા પાપભાવો હોય તેનું ય ફળ મળે ને? ૩૧૭
આશ્રિતો આદિની ભૂલોને ખમી ખાતાં અને અનુગ્રહ કરતાં શીખો: ૩૧૯
માંસભોજન: ૩૨૧
સ્થિરવૈરતા: ૩૨૨
અગ્નિશર્મામાં વૈરભાવની સ્થિરતા થઇ ગઇ, તો જ્યાં જ્યાં યોગ થયો, ત્યાં ત્યાં વૈરભાવ જાગ્યો:... ... ... ૩૨૩

વૈરભાવ તો, ખૂદ ભગવાન મળે તો ય ધર્મની પ્રાપ્તિ આદિમાં
અન્તરાય કરનારો બને : ૩૨૫
સર્વ વૈરભાવોને સંવત્સરીએ તો તજવા જ જોઇએ : ... ૩૨૭
આપણે વૈરને તજીએ પણ સામો વૈરને તજે નહિ, તો એ માટે
શું કરવું જોઇએ ? ૩૨૮
જેના મારેલા બાણનો ઘા મરણતોલ નિવડ્યો, તેને વિશેષ પ્રકારે
ખમાવે છે :... ... ... ૩૩૦
રૌદ્રધ્યાન અને તેના ચાર પ્રકારો : ૩૩૨
રૌદ્રધ્યાન, તેની તીવ્રતા અને મંદતા આદિને અંગે અનેક ભેદો-
વાળું બની શકે છે : ૩૩૩
પૈસા આવે તો પચાવવાની શક્તિ ન હોય અને જાય તો સહવાની
શક્તિ ન હોય, તો શું બને ? ૩૩૬
પૈસા આવવાનું પરિણામ : ૩૩૮
કેળવીને અસત્ય બોલો ને ? ૩૩૯
ધર્મગુરૂને સઘળી સ્થિતિ જણાવવી પડે : ૩૪૦
સમ્યક્ત્વ અપાય–લેવાય તેથી લાભ : ૩૪૧
ધર્મના દેનાર અને ધર્મના લેનાર અંગેની ચતુર્ભંગીમાં કયો
ભાંગો સૌથી સારો ? ૩૪૩
વ્યવહારમાં ને ધર્મસ્થાનમાં ય અસત્ય :... ... ... ૩૪૫
ધન સાચવવાની વૃત્તિ શું સર્જે છે ? ૩૪૬
ધર્મસ્થાનોમાં આવતી ટીપોને બંધ કરાવવાનો વિચાર કરવો એ
ય શોભે નહિ : ૩૪૮
આગેવાનોનું શાણપણ : ૩૪૯
ગરીબ પૈસે દુઃખી અને શ્રીમંત હૈયે દુઃખી : ૩૫૧
આ કાંઈ સાદાઈ નથી : ૩૫૨
ત્રણે ય કાળમાં દુઃખી થતા જીવો : ૩૫૩
ત્યાગવૃત્તિથી પોતે તજે ને બીજાને ખવડાવે : ૩૫૫

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।
अनन्तलब्धिनिधानाय श्रीगौतमगणधराय नमो नमः ॥

ચાર ગતિનાં કારણો

પહેલો ભાગ

પ્રવચનકાર :

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી**–પટ્ટપ્રભાકર–પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર–પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ

શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

अयमात्मैव संसारः , कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीषिणः ॥ १ ॥

શ્રી નવકાર ગણનારને સંસાર ગમે અને મોક્ષ ગમે નહિ–એ બને જ કેમ ?

અનન્ત ઉપકારી, ભગવાન શ્રી અરિહંતદેવો આદિના કથન તરીકે, પરમ ઉપકારી કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–આત્મા પોતે જ સંસાર છે અને આત્મા પોતે જ મોક્ષ છે; કષાયો અને ઇન્દ્રિયોથી પરાજિત થવું, એ જ આત્માનો સંસાર છે અને કષાયોનો તથા ઇન્દ્રિયોનો વિજય, એ જ આત્માનો મોક્ષ છે. જે આત્માઓ કર્મરહિત થયા, તે આત્માઓ શ્રી સિદ્ધિપદે વિરાજે છે અને જે આત્માઓ કર્મસહિત છે, તે આત્માઓ સંસારમાં રૂલે છે. આત્મા સાથે કર્મનો યોગ, એ સંસાર છે અને આત્માનું કર્મના યોગથી જે રહિતપણું, તે મોક્ષ છે. કષાયોથી અને ઇન્દ્રિયોથી જીતાવાથી કર્મનો બંધ થાય છે અને કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાથી કર્મના યોગથી રહિત બનાય છે. મોક્ષ, એ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે અને સંસાર, એ આત્માનું વિકૃત સ્વરૂપ છે. જૈન કુળમાં જન્મેલા અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોને માનનારા તથા

પૂજનારા આત્માઓને, આ વસ્તુ ગળથુથીમાંથી જ સમજાઈ ગઈ હોય, તેમાં શંકા ખરી ? આ વસ્તુ જેને સમજાઈ ગઈ હોય, તેને પોતાના આત્માના વિકૃત સ્વરૂપને કાઢવાનું અને સાચા સ્વરૂપને મેળવવાનું જે કોઈ સાધન હોય, તે ગમે કે નહિ ? આ વસ્તુ જેને સમજાઇ ગઈ હોય, તેને વિકૃત સ્વરૂપથી મુક્ત બનીને પોતાના સાચા સ્વરૂપને પ્રગટાવવાનું મન થાય નહિ, એ બને ખરૂં ? જેને આ વાત બરાબર સમજાઈ જાય, તેને વિકૃતિને કાઢવાનું મન થયા વિના રહે જ નહિ, પણ આજે મોટો ભાગ એવો છે, કે જેને આ વાત સમજાઈ નથી; આ વાત સાંભળવા અને વાંચવા છતાં ય, આ વાત હૈયે જચી નથી; એટલે, આત્માને વિકૃત સ્વરૂપથી મુક્ત બનાવીને, પોતાના સ્વરૂપમાં લીન બનાવવાનું લક્ષ્ય આવતું નથી. આપણે જે પાંચ પરમેષ્ઠિઓને માનીએ છીએ, જે પાંચ પરમેષ્ઠિઓને રોજ તમે વારંવાર નમસ્કાર કરો છો, તેમાંના એક પણ પરમેષ્ઠિના સ્વરૂપના વર્ણનમાં મોક્ષમાર્ગની વાત આવતી ન હોય, એવું છે જ નહિ. ભગવાન શ્રી અરિહંતદેવો, મોક્ષમાર્ગને સ્થાપીને મોક્ષને પામેલા; શ્રી સિદ્ધભગવન્તો, મોક્ષમાર્ગની આરાધના કરવા દ્વારા સકલ કર્મોથી રહિત બનીને શ્રી સિદ્ધિપદને પામેલા; શ્રી આચાર્ય-ભગવન્તો, મોક્ષમાર્ગના જ પાલક, પ્રચારક તથા સંરક્ષક; શ્રી ઉપાધ્યાયભગવન્તો, મોક્ષમાર્ગને સેવનારા તથા મોક્ષમાર્ગનાં નિરૂપક શાસ્ત્રોના જ્ઞાનનું દાન કરનારા; અને શ્રી સાધુભગવન્તો પણ, પોતે એકાન્તે મોક્ષમાર્ગને સેવવાની સાથે બીજાઓને મોક્ષમાર્ગની સેવા કરવામાં સહાય કરનારા ! આ પાંચમાંથી એકના પણ સ્વરૂપદર્શનમાં, મોક્ષમાર્ગની વાત ન હોય તો

તે ચાલે નહિ. આવા પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરનારા અને એ પાંચ પરમેષ્ઠિઓને કરેલા નમસ્કારના ફળ તરીકે સર્વ પાપનો વિનાશ થાય છે એવું માનનારા તેમ જ જે ક્રિયા સર્વ પાપની વિનાશક હોય તે ક્રિયાને જ સર્વ મંગલોમાં પ્રથમ મંગલ તરીકે માનનારાઓ, આત્માના શુદ્ધ સ્વરૂપને અને અશુદ્ધ સ્વરૂપને સમજે કે નહિ ? એ એમ કહી શકે ખરો કે–' મને મોક્ષ ગમતો નથી અને સંસાર ગમે છે ?' એને સંસાર નથી ગમતો અને મોક્ષ ગમે છે; એને સંસારથી છૂટવું છે અને મોક્ષને મેળવવો છે; એ માટે તો એ શ્રી નવકાર મંત્રને ગણે છે ! આમ છતાં ય, શ્રી નવકાર મંત્રને ગણનારો જો એમ કહે કે–' મને મોક્ષ ગમતો નથી અને સંસાર જ મને ગમે છે '–તો શ્રી નવકાર મંત્રને એ જે ગણે છે, તેનો હેતુ શો છે ? જ્ઞાની તો બરાબર જાણી શકે કે– 'એનો અમુક હેતુ છે' અને આપણે પણ તેની બોલ–ચાલ, રીતભાત આદિથી અનુમાન કરી શકીએ કે–'એ શ્રી નવકાર મંત્રને ગણે છે ખરો, પણ શ્રી નવકાર મંત્રને ગણવાનું જે ધ્યેય હોવું જોઈએ, તે ધ્યેયને એ પામ્યો લાગતો નથી.' શ્રી નવકાર મંત્રને ગણનારને જ્યારે આ વાત જાણવાને મળે અને લાગે કે–હજુ હું આ ધ્યેયના માર્ગે આવ્યો નથી, તો એ જાણીને એને ધ્રુજારી ન છૂટે ? એને એમ ન થાય કે–શ્રી નવકાર મંત્ર ગણવા દ્વારા રોજ હું જે પાંચ પરમેષ્ઠિઓને વારંવાર નમસ્કાર કરું છું, તેમાંના એકના પણ વર્ણનમાં મોક્ષ શબ્દને મૂકયા વિના ચાલે તેમ નથી અને મને હજુ મોક્ષ ગમતો નથી, મને હજુ સંસારથી છૂટવાનું મન થતું નથી, એ મારી કેવી દશા છે ?

સંસાર હૈયે હોય ત્યાં સુધી ગમે તેટલી ક્રિયાથી પણ મોક્ષ સધાય નહિ :

બીજું કાંઈ ન સમજાય, તો ય એટલું તો સમજાય ને કે–મોક્ષ, એ મારૂં સાચું રૂપ છે અને સંસાર, એ મારૂં વિપરીત રૂપ છે ? મોક્ષ એટલે સંસારથી વિપરીત સ્થિતિ, એમ કહ્યા વગર તો ચાલે નહિ ને ? એમ તો થાય ને કે–મારે અત્યારની સ્થિતિ નથી જોઈતી અને જેમને હું રોજ વારંવાર નમસ્કાર કરૂં છું, તેમના સ્થાને અને ધ્યેયે મારે પણ પહોંચવું છે ?

સ૦ આ વાત બુદ્ધિમાં ઉતરે છે.

બુદ્ધિમાં ઉતરે ને હૈયામાં નહિ ? એકલો બુદ્ધિવાળો યોગ્ય નથી. બુદ્ધિ હૃદયપૂર્વકની જોઈએ. બુદ્ધિથી જે સમજાય, તે હૃદયને સ્પર્શવું જોઇએ. એને હૃદયપૂર્વકનો બુદ્ધિવાળો કહેવાય. કેટલાક એવા હોય છે કે–બધું અમે સમજીએ છીએ એમ કહે, કોઈની જોડે વાત કરવા બેસે તો એને સમજાવી પણ દે, પણ પોતાને માટે ખાનું જ જુદું ! બીજાને કહેવું હોય તો સંસાર આ, મોક્ષ આ, આત્માનું અશુદ્ધ સ્વરૂપ અમુક, આત્માનું શુદ્ધ સ્વરૂપ અમુક–એમ ડહાપણની મોટી મોટી વાતો કરે; પણ એને પૂછીએ કે–તારી શું સ્થિતિ ? તો કે–મારૂં ખાનું જુદું ! આવી સમજનો કાંઈ અર્થ નથી. પોતાને પોતાના અશુદ્ધ સ્વરૂપનો અને શ્રી અરિહંતાદિના શુદ્ધ સ્વરૂપનો ખ્યાલ આવવો જોઈએ; તેમ જ, મારે મારા શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવું છે અને એ માટે હું શ્રી નવકાર મંત્રને ગણું છું–એમ થવું જોઈએ. સંસાર, એ મારૂં અશુદ્ધ સ્વરૂપ છે અને મોક્ષ, એ મારૂં શુદ્ધ સ્વરૂપ છે, એ સમજાયા વિના

મોક્ષ તરફ પ્રયત્નપૂર્વકની ગતિ થવી, એ અસંભવિત છે.

સ૦ સંસાર છે તો મોક્ષ છે ને?

વાત સાચી છે કે–સંસાર ન હોત તો મોક્ષ ન હોત, પણ હૈયામાં સંસાર હોય તો કદી પણ મોક્ષ થાય નહિ. સંસારને જે છોડે, તેનો જ મોક્ષ થાય. સંસાર જેની પાસે હોય, તેને જ્યારે એમ થાય કે–મારે સંસાર નથી જ જોઈતો, ત્યારે જ એ મોક્ષમાર્ગની સાચી આરાધના કરીને મોક્ષને પામી શકે છે. મોક્ષમાર્ગની ક્રિયાઓને સેવવા છતાં પણ, જેના હૈયામાં સંસાર જ હોય, તે ગમે તેટલી ક્રિયાઓ કરે તો ય, મોક્ષને પામે નહિ. સંસાર પાસે હોવા માત્રથી જ મોક્ષ સધાય નહિ–એવું નથી, પણ સંસાર પાસે હોવા છતાં ય તેનાથી છૂટવાનું જ મન હોવું જોઈએ અને તો જ મોક્ષસાધક ક્રિયા દ્વારા પણ મોક્ષને સાધી શકાય. દુઃખી જ મોક્ષે જાય અને સુખી મોક્ષે જાય જ નહિ–એમ આ શાસન કહેતું નથી. આ શાસન તો કહે છે કે–સુખી જ મોક્ષે જાય, પણ તે કયું સુખ? હૈયાનું સુખ. જેને દુન્યવી સુખ તુચ્છ લાગે, તજવા જેવું લાગે અને આત્માનું સુખ ગમે, તે મોક્ષે જાય. હૈયાના સુખને માટે પૈસો વગેરે જોઈએ જ–એવો નિયમ નહિ. પૈસો હોય તો ય એનું મમત્વ જેટલું ઓછું હોય તેટલું સુખ અનુભવાય. તમે ને અમે અહીં બેઠા છીએ. અમારું કોઇ ગામમાં કાંઈ સળગવાનું નથી અને તમારે? તમે અહીં બેઠા છો, પણ તમારું સળગવાનું કેટલે ય ઠેકાણે છે ને? કેમ કે–અમુક ઠેકાણે મારું છે, એમ તમારા હૈયામાં છે. તમે અહીં છતાં, મનમાં એ કે–અમુક ઠેકાણે મારું છે અને મારે ત્યાં જવું છે. આત્મિક સુખમાં આ મોટું વિઘ્ન છે ને? સંસાર

પાસે હોય તો ય, હૈયામાં જે તે નજ હોય, તો કેટલું બધું સુખ અનુભવાય? સંસાર હૈયે રહે અને મોક્ષ મળે, એ બને જ નહિ.

કેવા પ્રકારનાં કર્મોને ખપાવવાની ઈચ્છા છે?

તમને સંસાર ગમતો નથી, સંસારથી તમારે છૂટવું છે, માટે તમે અહીં શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ આવ્યા છો ને? સંસારથી છૂટવાને માટે અને મોક્ષને પામવાને માટે કર્મથી છૂટવું જ પડે, એટલે તમે અહીં કર્મને ખપાવવાને માટે આવ્યા છો ને? જ્ઞાનિઓએ કહ્યું છે કે–શ્રી સિદ્ધગિરિજી, એ કર્મોને ખપાવવાનું ઉત્તમ સ્થાન છે. તમે અહીં આવ્યા છો, તો તમારે કયાં કર્મોને ખપાવવાં છે? કયાં કર્મો ખપી જાય, તો તમને આનંદ થાય? દુઃખની સામગ્રી આપનારાં પણ કર્મો છે, સુખની સામગ્રી આપનારાં પણ કર્મો છે અને આત્માને પાપમાં યોજનારાં પણ કર્મો છે; આમાંથી, તમારે કયા પ્રકારનાં કર્મોને ખપાવવાનો ખાસ ઈરાદો છે?

સ૦ ક્રમે ક્રમે ઈચ્છા થાય ને?

એટલે કે–અત્યારે તો માત્ર દુઃખને આપનારાં કર્મોને જ કાઢવાની–ખપાવવાની ઈચ્છા છે ને? દુઃખને દેનારાં કર્મોને ખપાવવાં છે અને સુખને આપનારાં કર્મોને મેળવવાં છે, એમ જ ને? એટલે, સંસારથી છૂટવું છે અને મોક્ષ મેળવવો છે, એ વાત તો રહી નહિ ને? સંસાર નથી જોઈતો–એમ નહિ, પણ દુઃખ નથી ગમતું અને એથી દુઃખને આપનારાં કર્મોને ખપાવવાની ઈચ્છા છે, એમ જ ને? જેને કેવળ દુઃખ આપે એવાં જ કર્મોને ખપાવવાની ઈચ્છા છે, અને તે પણ સંસારના

સુખને માટે જ, તેને કદી પણ દુઃખરહિત સુખ મળે જ નહિ. દુઃખ આપે તેવાં કર્મોને ખપાવવાની ઈચ્છા તો કોને નથી? સંસારમાં, દુઃખ કોને ગમે છે અને સુખ કોને ગમતું નથી? સૌને દુઃખનો અણગમો છે અને સૌને સુખ ગમે છે, છતાં બધા દુઃખી કેમ છે? દુઃખને દેનારા કર્મ માત્રથી છૂટવા સાથે, માત્ર સુખને જ દેનારાં કર્મોનો યોગ સાધી શકાય, એ બની શકે જ નહિ. નહિતર, સુખ માટે તરફડીયાં મારનારો જીવ દુઃખી થાય કેમ? સુખ આપનારાં કર્મો જેને જોઈએ છે, તેને દુઃખ આપનારાં કર્મો બંધાયા વિના રહેતાં જ નથી. જેને એકલું સુખ જ જોઈતું હોય, તેણે કર્મરહિત બનવાનો જ પ્રયત્ન કરવો જોઈએ. આ વાત બરાબર સમજી લેવી જોઈએ. શ્રી સર્વજ્ઞ ભગવાનના શાસનનો આ અર્ક છે. કહેવાતા અધ્યાત્મવાદિઓ, અધ્યાત્મની કોરી વાતો કરનારાઓ, આ વસ્તુને સમજ્યા જ નથી. નાહકના કર્મની વાતથી ગભરાય છે. કર્મની સાથે રહેવું ને કર્મથી ગભરાવું, તે ચાલે? કર્મરહિત બનવું છે, એ ઈચ્છા જ કર્મની અસરને સૂચવે છે. આત્મા વિભાવદશામાં છે, તે કર્મની જ અસર છે. આત્મા ઉપર કર્મની અસર તો થાય જ છે, પણ એ અસરને ગણકાર્યા વિના જે પોતાના સ્વભાવમાં સ્થિર રહેવાનો પ્રયત્ન કર્યા કરે, તે કર્મથી સર્વથા છૂટો બને. કર્મની અસર નથી –એમ કહેવા માત્રથી જ કાંઈ કર્મના યોગથી મુક્ત બની શકાય નહિ.

અમારું ચાલત તો અહીં પગે ચાલત નહિ :

શાસ્ત્રોએ કર્મના ઘાતી–અઘાતી એ વગેરે ભેદો વર્ણવ્યા

છે, પણ બાળ જીવોને ઝટ સમજાય એ માટે જ આપણે કર્મની વહેંચણી ત્રણ પ્રકારે કરી છે. દુઃખ આપનાર કર્મ, સુખ આપનાર કર્મ અને પાપ કરાવનાર કર્મ. આ ત્રણ પ્રકારોમાંથી કયા પ્રકારના કર્મને ખપાવવાની ઈચ્છા છે, એ વાત ચાલે છે. કોઈ પૂછે કે–'તમે અહીં આવ્યા શા માટે?' તો શું કહો? પુણ્ય બંધાય એ માટે, એમ જ ને? પણ, આ શ્રી સિદ્ધિગિરિજીની આટલી બધી મહત્તા શા માટે છે? શ્રી આદીશ્વરજી ભગવાનની પ્રતિમા બીજે નથી? બીજે ઘણે ય ઠેકાણે શ્રી આદીશ્વરજી ભગવાનનાં પ્રતિમાજી છે, છતાં આ સ્થાને સૌ ઉલ્લાસથી દોડયા દોડયા આવે છે, તેનો હેતુ શો? આ સ્થાનની મહત્તા સમજાયા વિના, આ સ્થાને આવ્યાથી જ્ઞાનિઓએ કહ્યા મુજબનો જે લાભ થવો જોઈએ, તે લાભ થાય નહિ. તમારે કહેવું જોઈએ કે–બીજે ઘણે ય ઠેકાણે શ્રી આદીશ્વરજી ભગવાનની પ્રતિમાઓ છે, પણ અહીં ભૂમિની જે પવિત્રતા છે, તે બીજે નથી. અહીંની ભૂમિ પણ પવિત્ર છે. શાથી? તો કે–અહીં કાંકરે કાંકરે અનન્તા સિદ્ધો થયા છે. તમારે કહેવું જોઈએ કે–જો અમારૂં ચાલતું હોત, તો અમે આ ભૂમિ ઉપર પગ ન મૂકત, પણ માથું જ મૂકત. પગને ઉંચા રાખીને અને માથું નીચે મૂકીને અમે જો આ ગિરિરાજની ઉપર ચઢી શકતા હોત, તો અમે આ ભૂમિ ઉપર પગ મૂકત નહિ. આમ છતાં ય, આ ભૂમિ ઉપર અમે જે પગ મૂકીએ છીએ, તે પગ મૂકવાને માટે નથી મૂકતા, પણ આ પવિત્ર ભૂમિની સ્પર્શનાથી પાવન થવાનો અમારો ભાવ છે. આવું સમજીને આ ભૂમિ ઉપર જે પગ મૂકે, તે કેવી રીતિએ મૂકે? કાળજીપૂર્વક. જેમ બાપના શરીરને

દબાવવાને માટે દીકરો બાપની કમ્મર ઉપર પગ મૂકે ને? આમ તો વિધિ એ જ છે કે-માતા, પિતા, ગુરૂ આદિને અથવા તો એમના આસનાદિને પણ પગ અડાડાય જ નહિ; પગ અડાડવો, એ આશાતના ગણાય; પણ શરીર દાબવા-ભક્તિ કરવા તો પગ અડાડાય જ ને? તેમ, આ ભૂમિ ઉપર પણ, જ્યાં અનન્તા સિદ્ધ થયા એવી પવિત્ર ભૂમિ ઉપર સ્પર્શના કરવાને માટે પગ મૂકાય. આવો ભાવ અન્તરમાં હોય, તો એક એક પગલું ભરો. અને અનંતાં કર્મો પણ નિર્જરે, તો એમાં નવાઈ છે?

ક્રિયા પુણ્યની ને હૈયામાં પાપ :

સ્તવનમાં આવે છે ને કે—

"કર્મજનિત સુખ તે દુઃખ રૂપ, સુખ તે આતમઝાંખ."

તો પ્રશ્ન એ છે કે-તમે અહીં કયા પ્રકારનાં કર્મોને ખપાવવાને માટે આવ્યા છો? દુઃખ આપનાર, સુખ આપનાર અને પાપ કરાવનાર-એ ત્રણ પ્રકારનાં કર્મોમાંથી કયા પ્રકારનાં કર્મો ઉપર તમને ગુસ્સો આવ્યો, કે જેથી ઝટ ટીકીટ લઈને તમે અહીં દોડી આવ્યા? તમે મફત આવ્યા છો કે પૈસા ખર્ચીને? પૈસા ખર્ચીને આવા મોંઘવારીના કાળમાં તમે અહીં સુધી આવ્યા, તે શા હેતુથી આવ્યા? તમે કાંઇ ગાંડા છો કે-એમ ને એમ પૈસા ખર્ચી નાખો? તમે તો ડાહ્યા છો અને ડાહ્યા હોય તે વગર લાભ ભાળ્યે પૈસા ખર્ચી નાખવાનું ગાંડપણ થોડું જ કરે? એટલે, વાત એ છે કે-તમને કયાં કર્મો ઉપર ગુસ્સો આવ્યો, કે જે કર્મોને ખપાવવાને માટે તમે અહીં સુધી પૈસા ખર્ચીને અને તકલીફો વેઠીને

ચાલ્યા આવ્યા ?

સ૦ અહીં કર્મ ખપે છે એટલું માત્રેલું ખરું.

એટલે, કર્મને ખપાવવાને માટે આવ્યા ને ? કર્મનો યોગ નથી ગમતો, માટે આવ્યા ને ? ઓઘથી સમજ હોય, પણ અવસરે વિશેષ સમજ મેળવવાનું મન તો થાય ને ? દુઃખ આપનારાં કર્મો પર ગુસ્સો છે, સુખ આપનારાં કર્મો પર ગુસ્સો છે કે પાપ કરાવનારાં કર્મો પર ગુસ્સો છે, એ નક્કી કરો. ધર્મ કરનારની ખોટી રીતભાતથી, ધર્મ નહિ કરનારને ધર્મ નહિ કરવાનો પ્રચાર કરવામાં પોષણ મળી જાય છે. એ શું પૂછે છે ? તમારા ધર્મ કરનારનાં હૈયાં કેટલાં સુધર્યાં છે ? એવું કહીને, ધર્મ કરવાનો વિરોધ કરનારાઓને તો અમે કહીએ છીએ કે–બીજું કાંઈ નહિ, તો ય તમે ચોવીસે કલાક પાપક્રિયાઓમાં રક્ત છો અને એણે બે કલાક પણ પાપક્રિયા છોડી તો ખરી ને ? એ વાત એમને ગળે ઉતરી જાય છે અને એમ અમે એમની જબાન તો બંધ કરીએ છીએ, પણ અમને તો હૈયામાં ડંખ રહી જાય ને કે–આ ધર્મ કરનારાઓ ધર્મ કરવા દ્વારા જે પામવું જોઈએ, તેના તરફ નજર પણ કરતા નથી ! એમનું વર્તન ધર્મની નિન્દાનું કારણ બને છે ! સંસારનો અણગમો હોય અને મોક્ષ જ મેળવવો છે–એમ હોય તો, જેમના હૈયામાં આવું હોય, તેમના હૈયામાં દુન્યવી સુખની જ લાલસા હોય, એ બને ? બે કલાક પણ પાપ વગરના, એ કયારે ? ક્રિયા પુણ્યની ને હૈયામાં પાપ, એ ચાલે ? હૈયામાં પાપ રાખીને ધર્મક્રિયા કરો, એટલે પાપથી બચાય ખરું ? આ વાતને ગંભીરપણે વિચારતાં શીખો. પાપની ક્રિયા કરવી પડે તો ય હૈયામાંથી ધર્મ–મોક્ષની ઈચ્છા નહિ ખસવી

જોઇએ; તેને બદલે, મોક્ષમાર્ગની ક્રિયા કરતી વખતે ય હૈયામાં સંસાર જ હોય, તો નિસ્તાર થાય શી રીતિએ ?

પરમાત્મા ક્યારે બનાય ?

આપણે જીવ છીએ. આપણી આંખ સામે જગત છે. જગતમાં આપણે રહેલા છીએ, પણ આપણે થાવું છે શું ? આપણે પરમાત્મા જ થાવું છે ને ? પરમાત્મા બનવાને માટે, બહિરાત્મા મટીને અન્તરાત્મા બનવું પડે. જગતમાં રહીને જ પરમાત્મા બનવાનું છે; પણ જગતમાં જે રમે, તે પરમાત્મા બની શકે નહિ. જગતમાં રહેવા છતાં પણ, જગતમાં જે રમે નહિ અને પરમાત્મભાવમાં રમવાને માટે જે પ્રયત્નશીલ બને, તે પરમાત્મા બની શકે. જગતમાં રમે તે બહિરાત્મા, જગતમાં રહેવા છતાં પરમાત્મભાવના ધ્યેયમાં રમે તે અન્તરાત્મા અને જગતના સંસર્ગથી છૂટે તે પરમાત્મા. પાપકર્મોને કરાવનારાં કર્મોથી છૂટીને, એ માર્ગને સ્વતન્ત્રપણે પ્રરૂપે એ ય પરમાત્મા અને કર્મના યોગથી સર્વથા છૂટે તે પણ પરમાત્મા. આપણો સંસાર સાથેનો મેળ અનાદિકાળથી સર્જાએલો છે અને તે મેળ કર્મોના યોગથી જ હતો અને છે; પણ હવે આપણે એટલા ડાહ્યા થયા કે—હૈયામાંથી મેળ ખસી ગયો છે. આપણે હૃદયથી સંસાર સાથે મેળ નહિ ને ? કર્મ છે ત્યાં સુધી સંસારનો મેળ તો છે, પણ આપણે એ મેળ જોઇતો નથી ને ? હૈયાથી મેળ ન હોય, તો ભાષા પણ ફરી જાય. જેમ કોઈ સંબંધી હોય અને તેની સાથે મેળ ન હોય, તો કોઈ પૂછે ત્યારે શું કહો છો ? 'આ છે તો મારા કાકાનો દીકરો અથવા માજણ્યો ભાઈ, પણ અમારે હૈયાનો મેળ નથી.'

"છે મારા ભાઈ, સંબંધી છે'–એમ વાત ટાળો છો ને? અને જેની સાથે મેળ હોય છે, તેની વાત કરવામાં પણ ઠસ્સો જુદો હોય છે. 'એ તો મારો સગો ભાઈ થાય; મારા સગા કાકાનો આ દીકરો છે.'–એવું એવું બોલાય ને? કર્મે સંબંધ કરી આપેલો છે, છતાં જેની સાથે ફાવટ ન હોય તેને માટે અને જેની સાથે ફાવટ હોય તેને માટે, ભાષામાં ફેર થઈ જાય છે ને? સંબંધી જોડે ય તમારે ફાવટ નહિ, એવું કયારે? એ ખરાબ હોય તો જ? ના, ના, એ આપણા કામમાં ન આવતો હોય તો ય ફાવટ આવે નહિ ને? તેમ, અન્તરાત્માને એમ થાય કે–'કર્મે સર્જેલો આ સંસાર છે, કર્મ છે એટલે મારે સંસારનો સંબંધ છે, પણ સંસાર સાથે મારે હૈયાથી મેળ નથી. શું કરીએ? જન્મ્યા એટલે જીવ્યા વગર છૂટકો નથી, માંડ્યું એટલે ચલાવ્યા વગર છૂટકો નથી, તેમ કર્મે આપેલો આ બધો સંસાર નિભાવીએ છીએ, પણ સંસારનો સંબંધ ફાવતો નથી.' આમ બરૂં ને? 'નિભાવીએ છીએ સંસાર, પણ સાધીએ છીએ મોક્ષ'–એમ બરૂં ને? એમ થાય તો જ ક્રમે કરીને પરમાત્મા બનાય.

ભક્તિનો સાચો લાભ મેળવવો હોય તો ભગવાનને બરાબર ઓળખી લો :

તમે બધા અહીં આવ્યા છો, તે કર્મને ખપાવવાને માટે જ અહીં આવ્યા છો, એમ માનીને જ વાત કરવી પડે ને? કર્મને ખપાવનાર ગિરિવરની પાસે કર્મને બાંધવાને માટે જૈનો આવે બરા? હવે અહીં કયાં કર્મોને ખપાવવાની મહેનત કરવી જોઇએ, એ વાત છે. તમને સમજાવવા પૂરતા કર્મના

ત્રણ વિભાગો કહ્યા. કર્મ છે, કર્મનો યોગ છે, તેની અસર છે, તેનાથી મુક્ત બનાય છે, આ બધું કોણે કહ્યું છે ? ભગવાને ! કયા ભગવાને ? આ ગિરિરાજ ઉપર વિરાજે છે એ ભગવાને પણ ! આ ગિરિરાજ ઉપર વિરાજમાન ભગવાનને તો તમે ઓળખો છો ને ? વર્ષે વર્ષે અહીં આવો અને વારંવાર દર્શને જાવ, પૂજાદિ કરો, છતાં આ ભગવાનને ઓળખો નહિ ? આ ભગવાનને ઘણા દાદા કહે છે, તો શું એ બાપના બાપ છે માટે દાદા છે ? ના, આ તારક આ અવસર્પિણીમાં આ ભરતક્ષેત્રમાં થયેલા ચોવીસ તીર્થપતિઓમાંના પ્રથમ તીર્થપતિ છે. હજારો જ નહિ, સંખ્યા વિનાનાં વર્ષોથી લોપ થઈ ગયેલા ધર્મની, આદિ કરનારા આ ભગવાન છે. તમે આટલું તો કહો, પણ કોઇ પૂછે કે–'એ શી રીતિએ ભગવાન થયા ?' તો શું કહો ? 'એ અમારા મહારાજ જાણે'–એમ જ ને ? ભગવાન શી રીતિએ ભગવાન થયા, ભગવાન પહેલાં કેવા હતા અને પછી કેવા બન્યા, એ તમે જાણો નહિ, તો તમે જલના અભિષેકો કરો, કેસર ચંદનાદિથી પૂજા કરો, ફુલોના હારો ચઢાવો, ધૂપ કરો, દીપકો પ્રગટાવો, આરતી ઉતારો, ચામરો વીંઝો–એ વગેરે કરતાં તમને જે ભાવો આવવા જોઈએ, તે ભાવો આવે શી રીતિએ ? સ્નેહી માટે દાગીનો કરાવતાં કેવો ઉમળકો આવે છે ? કેમ કે–સ્નેહી સાથે કેવો સંબંધ છે, તેની ખબર છે અને આ દાગીનો એ અમુક રીતિએ પહેરશે અને એથી એ આમ શોભશે અને એથી તેને આમ થશે, એ વગેરે થાય છે ને ? તેમ જો ભગવાનને ઓળખ્યા હોય, તો ભગવાનની પૂજામાં કેવા ઉમળકા આવે ? પછી થાય કે–મેં બે રૂપીઆનો હાર ચઢાવ્યો, પણ ૫૦૦ નો હાર ચઢાવું

તો ય ઓછું છે. આવા હાર તો એક કાળે એના ચરણે છુંદાતા, એવા એ સુખી હતા. આ ભગવાને સંસારનાં સઘળાં ય સુખોને લાત મારી અને કેવલજ્ઞાન પ્રગટાવીને મોક્ષમાર્ગને સ્થાપ્યો. આના ઉપકારની અવધિ નથી. પછી બેનો હાર લેતાં એમ થાય કે–પાંચનો નથી લેવાતો, એ કમનસીબી છે; અને પાંચનો હાર લેતાં એમ થાય કે–દશનો નથી લેવાતો એ કમનસીબી છે; કારણ કે–હજુ મમતા ઉતરતી નથી. મમતા ઉતારનારની ભક્તિ માટે જેટલું કરીએ તે ઓછું લાગે. તમને શું લાગે છે ? બે–પાંચ રૂપીઆનો હાર ચઢાવ્યો હોય, તેમાં તો જાણે ઠસ્સાથી બોલે. એમ થાય કે–ઘણું કરી નાખ્યું, કેમ કે–ભગવાનને ઓળખ્યા નથી. સાચી ભક્તિ કરવી હોય, જે કાંઈ ભક્તિ થાય તેના સાચા લાભને પામવો હોય, તો ભગવાનને ઓળખો. હવે તો અહીંથી જવાની તૈયારીમાં છો ને ? ચાર–છ કે બાર મહિને ફરી આવવાના ને ? નિર્ણય કરીને જાવ કે–ફરી અહીં આવતાં પહેલાં ભગવાનને અમે જરૂર ઓળખી લેવાના. હવે ઘેર જશો તો ય, આ ભગવાનના બધા ભવ વાંચવાના ને ? આ ભગવાન ભગવાન કેમ બન્યા, એ સમજી લેશો ને ? પછી, કયાં કર્મ ખપાવવાં છે, એ વિચાર જરૂર આવશે.

કર્મ નબળાં પડ્યાં હોય તો ય સબળાં બને એવા આપણે નબળા છીએ :

તમારી પાસે પાપ કરાવે એવાં કર્મો તમને ઉદયમાં વર્તે છે ને ? સંસારમાં રહેવું, એ પાપ છે ને ? સંસારમાં રહેવાનું પાપ કોણ કરાવે છે ? પાપ કરાવનાર કર્મનો ઉદય

જ ને ? જે કર્મનો ઉદય સંસારવાસ રૂપ પાપને તજવા ન દે; આપણે સંસારવાસને તજીને એકાન્તે મોક્ષમાર્ગની આરાધના કરવી હોય, તો પણ જે કર્મનો ઉદય આપણી એ ભાવનાને સફલ થવા દે નહિ, એ કર્મ ખટકે છે ? પાપને તજવામાં અટકાયત કરનાર અને પાપને આચરવાની પ્રેરણા કરાવે તેવું પાપકર્મ તમને ખટકે છે, માટે તમે અહીં આવ્યા છો ને ? કયાં કયાં કર્મોને ખપાવવાને માટે તમે અહીં આવ્યા છો, તેની વિગત તમને ન આવડે, તો ય ઓઘથી એમ તો થાય ને કે–અહીં આવવાથી મારાં તે કર્મો ખપે, કે જે કર્મો મોક્ષમાર્ગની આરાધનામાં બાધ કરનારાં હોય ! ? આ વસ્તુને સમજાવવાને માટે, તમને કર્મોના જે ત્રણ વિભાગો કહ્યા છે, એ બરાબર ગોખી લો ! તમને જો એમ લાગતું હોય કે–ના, ના, અમે કાંઈ ઘરમાં બેઠા છીએ તે પાપમાં બેઠા નથી, અમે પાપ કરતા નથી, એમ હોય તો કહી દો ! તમે નથી બોલતા, એટલે ‘ઘરમાં રહેવું એ પાપ છે’–એ વાતમાં તમે સમ્મત છો, એમ માની લઉં ને ? હવે કોઇ પૂછે કે–‘ઘરમાં રહેવું એ પાપ છે, તો તમે ઘરમાં કેમ બેઠા છો ?’ તો કહેવું કે–‘ઘરમાં રહેવાનું જરા ય મન નથી, પણ શું કરીએ ? પાપ કરાવનારાં કર્મો ઉદયમાં વર્તે છે, એટલે ગૃહવાસને તજવાના અમારા પ્રયત્નો કારગત નિવડતા નથી !’ જ્ઞાનિઓએ અમુક દૃષ્ટિએ ગૃહસ્થવેષને ય પાપવેષ કહ્યો છે. શ્રી જૈન શાસનમાં સ્વલિંગ કયું ? સાધુલિંગને જ શ્રી જૈન શાસન સ્વલિંગ કહે છે.

સ૦ બધા પાપ કરાવનારા કર્મના ઉદયથી જ સંસારમાં રહ્યા છે ?

પાપ કરવાને પ્રેરે એવા કર્મના ઉદય વિના તો, કોઈ પણ જીવ સંસારમાં રહી શકે જ નહિ; પરન્તુ બધાનાં કર્મ એટલાં બધાં જોરદાર જ છે કે–પ્રયત્ન કરવા છતાં ય એનો ક્ષયોપશમ સાધી શકાય નહિ, એવું કહી શકાય નહિ. કર્મ નબળાં હોય પણ તમે વધુ નબળા હો, તો ય એ કર્મના જોરે પાપ છૂટે નહિ. જો આપણે નબળા બનીએ તો નબળાં કર્મ પણ છાતી ઉપર ચઢી બેસે અને જો આપણે બરાબર સામે થઈએ, તો સબળાં કર્મ પણ નબળાં પડે. તમને તમારે માટે એમ નથી લાગતું કે–'આજે સંસારમાં અમે અનીતિ આદિ અનેક પાપો કરીએ છીએ, પણ મનને જો જરાક જોરદાર કરીએ, તો અનીતિ કર્યા વિના પણ જીવી શકાય તેવું છે?' આજે તો લગભગ બધાને 'સંસારમાં તો બધું હાલે'–એમ થઈ ગયું છે અને એથી પાપ વધારે પ્રમાણમાં થાય છે. તમે અનીતિ આદિ જે પાપો કરો છો, તે 'સંસારમાં તો એમ જ ચાલે'–એવું મનમાં બેઠું છે માટે કરો છો કે ન છૂટકે કરો છો?' અમે ઘણા નબળા છીએ, માટે પાપ કરાવનારાં કર્મો જોર કરે છે; એટલે એ કર્મો નબળાં પડે અને જાય, તે માટે અમે અહીં શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ આવ્યા છીએ'–એવું મારે તમારી પાસેથી સાંભળવું છે. તમારા જેવા ડાહ્યા માણસોને, જે અનીતિ થાય તે ડંખે ય નહિ, એવું બને? અનીતિ થાય ને તે ડંખે નહિ–એવું તો તમારું હૈયું નથી જ, એવું હું કલ્પું ને? અને જેની પાસે એવું હૈયું હોય કે–પાપ થાય તો ય તે ડંખ્યા વિના રહે જ નહિ, તેને તો એમ જ થાય કે–'કયારે આ પાપ કરાવનારા કર્મથી હું મુક્ત બનું, કે જેથી મારે કર્મને આધીન થઈને જે પાપ કરવું પડે છે, તે

પાપ મારે કરવું પડે નહિ !'

ધર્મ કરતાં ય સુખ આપનાર કર્મ થોડું અને દુઃખ આપનાર કર્મ ઘણું બંધાય ?

અમારે તમને કાંઇ દુઃખી કરવા નથી. તમે મોક્ષના હેતુથી ધર્મકરણી કરો અને એમ કરતાં તમને સુખ આપનારાં કર્મો બંધાય તો ભલે બંધાય, પણ તમે દુન્યવી સુખની ઇચ્છાને તજો, પછી તમે અવશ્ય સુખી થશો. આજે જૈનો ઘણા દુઃખી છે, એ જાણીને કોઈ પણ ધર્મશીલ આત્માને દુઃખ થાય. જૈનો છેક અમારા સુધી અનાજ માગવા આવે, એવી સ્થિતિ કોઇ પણ રીતિએ ઇચ્છવા યોગ્ય નથી, છતાં ય એવું પણ બને છે. અહીં એમને અનાજ કોણ આપે ? અમારી પાસે છે નહિ, છતાં માગવા અમારા સુધી આવે છે.

સ૦ આપની વાણીમાં છે.

અવસર જોગ વિહિત ઉપદેશ કર્યા વિના અમે રહીએ નહિ, પરન્તુ નાશવંત સુખમાં સર્વસ્વ માની બેઠેલા, બીજાઓની ચિન્તા બહુ ઓછી કરનારા અને સોદાની જેમ ધર્મ કરનારાઓ પાસેથી કેટલીક આશા રખાય ? આજે સ્થિતિ એવી કથળેલી છે કે–એક બાજુ ઉદારતા બહુ ઘટી છે અને બીજી બાજુ માગણવૃત્તિ બહુ વધી છે. સુખી માણસને દેવાનો ઉછાળો આવવો જોઈએ અને દુઃખી માણસને હાથ લાંબો કરવો, એ મરણની બીમારીનો અનુભવ કરવા જેવું લાગવું જોઈએ. આમ છતાં ય, જૈનો જ્યારે અમારા સુધી માગવાને આવે છે, ત્યારે ઘણી ખરાબી થઈ હશે ને ? અમે તો, જૈન સમાજ સુખી હોય, એવું જોવાને ઇચ્છીએ છીએ. કોઈ દુઃખી ન

હોય તો સારૂં, પણ જૈનો તો કેમ જ દુઃખી હોય ? ધર્મ જેનો ઉંચો, તે દુઃખી હોય ? ન જ હોય, પણ ધર્મ ધર્મ રૂપે હૈયામાં વસ્યો હોય તો ને ? તમે નક્કી કરો કે–' હું જે ધર્મ કરૂં છું, તે સુખ આપનારાં કર્મોને બાંધવાને માટે નથી કરતો, પણ પાપ કરાવનારાં કર્મોથી મુક્ત બનવાને માટે કરૂં છું ! મને સુખ દુન્યવી નહિ પણ આત્મિક જોઈએ છે.' આત્મિક સુખને પ્રગટાવવામાં સહાયક બને તેવાં પુણ્યકર્મો ગમતાં હોય, તો ય મોક્ષના હેતુને વિસરવો જોઈએ નહિ. આવી ઈચ્છાથી ધર્મ કરતાં, સુખ આપનારાં કર્મો બંધાય તો ભલે બંધાય. એ કર્મનો ઉદય થશે ત્યારે રાગ નહિ વધે પણ વિરાગ વધશે. એવું પુણ્ય બંધાય તેમાં વાંધો શો ? મોક્ષના અર્થી જૈનોને પુણ્યના ઉદય યોગે વધારે પૈસા મળશે, તો તે વધારે વખત યાત્રાએ આવશે; શ્રી જિનમન્દિર, ઉપાશ્રય આદિ ધર્મસ્થાનો એ વધારે બંધાવશે; દેવની ભક્તિનાં, ગુરૂઓની ભક્તિનાં, સાધર્મિકોની ભક્તિનાં, અનુકંપા આદિનાં કાર્યો એ વધારે પ્રમાણમાં કરશે; શ્રી જિનશાસનની પ્રભાવના માટે એ લક્ષ્મીની છોળો ઉછાળશે ! આ કાંઇ પૈસા મળ્યા એટલે દારૂ પીવા થોડા જ જવાના છે ? આ કાંઈ, નાટક–સીનેમામાં રખડવા ઓછા જ જવાના છે ? ઉંધા માર્ગે ઓછા જ જવાના છે ? જેને પાપ કરાવનારાં કર્મો ખટકે, તે સંસારમાં પણ શું કરે ? એની નજર તો મોક્ષ તરફ જ હોય, એટલે સંસારના વાસને પણ એ મોક્ષસાધક બનાવવાની પેરવી કરે. તમને પાપ કરાવનાર કર્મ છે–એમ સમજાયા પછીથી, એ કર્મ ખટકે છે કે નહિ ? જેને જાણવા મળે કે–અમુક કર્મનો ઉદય આત્માની પાસે પાપ કરાવે છે, તેને

આત્માની પાસે પાપ કરાવનાર એ કર્મ જ ખટકે નહિ, તો તે કાયદેસર જૈન નથી. એ જૈન કુળમાં જન્મેલો હોય, તો ય ભાવથી તો તે શ્રી જિનશાસન રૂપી સંસ્થાથી બહાર છે. ઘણા એવા છે કે–એમને પાપ કરાવનાર કર્મ ખટકતું તો નથી, પણ એ જોરદાર હોય તો ઠીક–એવી એમની ઇચ્છા હોય છે, એમ કહી શકાય.

સ૦ એ શું ?

જેમ કે–તમારી પાસે જે સુખસામગ્રી હોય અથવા તો જે સુખસામગ્રીને મેળવવાને માટે તમે પ્રયત્નશીલ હો, તેની આડે કોઈ આવે તો એથી તમને શું થાય છે ? આડે આવનારનું શુંનું શું કરી નાખું, એમ થાય છે ને ? આડે આવનારને ઉખેડી નાખવાની શક્તિ ન હોય, તો તે શક્તિ નથી તેનો બળાપો થાય છે ને ? આ બધું શું છે ? શરીર માંદું પડે તો હવે ખવાશે–પીવાશે નહિ, વહેપાર–ધંધામાં ધ્યાન આપી શકાશે નહિ, એ વગેરે વિચારો આવે; પણ શરીર માંદું પડવાથી મારૂં અમુક ધર્મકાર્ય અટકી પડ્યું, મારૂં ચાલે તો હું એ ધર્મકાર્ય કર્યા વિના રહું નહિ–આવું વિચારનારા કેટલા ? વૈદ્યને ય કહે કે–ખવાય પીવાય એવું ઝટ કર, પણ ધર્મકાર્ય અટકી પડ્યું છે, માટે ઝટ સાજો કર, એવું કહેનારા કેટલા ? જેને પાપ કરાવનાર કર્મને ખપાવવાની ઇચ્છા નથી અને સુખ આપનાર કર્મને માટે જ જે ધર્મને કરે છે, તેને દુઃખ આપનાર અને પાપકર્મ કરાવનાર કર્મ ગાઢ બંધાય અને સુખ આપનાર કર્મ સામાન્ય બંધાય. એ પુણ્ય ઉદયમાં આવે ત્યારે સુખ થોડું ને દુઃખ ઘણું તથા પાપ પણ ઘણું બંધાય ! પોતાનું સુખ સુખે ભોગવી

શકાય નહિ અને બીજાના સુખની ઇર્ષ્યા થયા વિના રહે નહિ. આજે ઘણા શ્રીમંતો પણ શ્રીમંતાઈ ભોગવી શકતા નથી. ખાવાનું ઘરમાં ઘણું હોય, તો ય હોજરી કામ આપે નહિ. સલામ ભરનાર પચીસ ને ગાળ દેનાર પાંચ સો ! કેમ ? સુખ આપનાર કર્મ થોડું ને દુઃખ આપનાર કર્મ વધુ. કોઈ કહેશે કે–સુખના કાળમાં દુઃખ ઘણું કેમ ? તો કે–પુણ્ય જ એવું બાંધેલું. ધર્મ કરતી વખતે કર્મ એવાં બંધાયાં કે–સુખ થોડું મળે અને દુઃખ ઘણું મળે, તેમ જ એના ઉદયકાળમાં પાપ ઘણાં બંધાય, એ વાત તો ઉભી જ છે.

કર્મની અસર ન હોય તો આત્મા શરીરમાં શાનો હોય ?

અનંતી શક્તિનો ધણી એવો આત્મા આ શરીરમાં પૂરાયો છે, એ કર્મનો પ્રતાપ છે. આ શરીર તો એવું છે કે–સમજે તો કોઈને ય આમાં રહેવું ગમે નહિ. આમ છતાં પણ, આજે આ શરીરના દુઃખમાં આત્માને દુઃખ થાય છે. આ શરીરને ગમે તેટલું સાચવો, પણ દુઃખ દેનાર કર્મના ઉદયે ખાધું પચે નહિ. ભૂખ્યા રહેવાય નહિ ને ખાધે ઝાડા થાય. આ ઉપાધિમાં આત્માને નાખ્યો કોણે ? કર્મે ! છતાં કહેનાર કહે છે કે–' આત્મા ઉપર કર્મની કશી જ અસર જ નથી ! ' કર્મની અસર જ ન હોય, તો આ શરીરમાં આત્મા હોય જ શાનો ? પણ ગાઢ મિથ્યાત્વનો ઉદય થતાં, સાદી પણ સાચી વાત ન સમજાય અગર સમજવા છતાં પણ ઉંધું બોલવાનું મન થાય. મૂળમાં આ ધર્મક્રિયાઓ પ્રત્યે કંટાળો તો હતો જ અને એમાં આત્માના શુદ્ધ સ્વરૂપની વાત મળી ગઇ, એટલે ધર્મક્રિયાઓને તજી દીધી ! પણ વિચાર ન કર્યો કે–આ વાત

કયી અપેક્ષાએ છે અને સ્વભાવે શુદ્ધ સ્વરૂપવાળો આત્મા પણ અત્યારે જે પરાધીનતા ભોગવે છે તે કોને આભારી છે ? ધર્મક્રિયાઓથી કંટાળેલાઓને એવી વાતો ઝટ ગમી જાય, કેમ કે–આત્માના નામે સ્વચ્છન્દપણે વર્તી શકાય.

સ૦ ધર્મક્રિયાનો કંટાળો તો કોઇકિને હોય.

એ વાત પણ જરા ડાહ્યા બનીને વિચારવા જેવી છે. જેમ કે–સંવત્સરી આવે ત્યારે કેટલાક શું બોલે છે ? 'સંવત્સરી આવી ! પાછો ઉપવાસ આવ્યો !' ઉપવાસ કરે તો ખરા, પણ ઉપવાસ કરવામાં રસ કેટલો ? એક ઉપવાસ આવે, તેમાં તો ઉત્તરપારણે અને પારણે ખાવાની ધાંધલ એવી કરે કે–તપનું પર્વ ખાવાના પર્વમાં ફેરવાઇ જતું લાગે ! કાલે ઉપવાસ આવ્યો, માટે આજે ખાવાનું આ કરો ને તે કરો અને ઉપવાસ શરૂ થાય ત્યાં તો ઝટ પૂરો થાય ને ઝટ પારણું કરું –એની ચિન્તા ! આમાં તપનો રસ દેખાય છે કે તપનો કંટાળો દેખાય છે ? આમ તો, સંવત્સરીને અંગે અટ્ઠમનો તપ વિહિત છે, પણ જેઓ તે દિવસે ઉપવાસ કરે છે, તેઓમાં પણ આવા કંટાળાવાળા કેટલાક હશે ? આવી દશા હોય, એમાં પેલો કહે કે–'કર્મ કાંઇ કરે–કારવે નહિ, કર્મની અસર નથી.' એટલે ઝટ એની ગાડીમાં બેસી જાય ને ? પણ, એ ન સમજે કે–કર્મના પ્રતાપે જ મારે ગાંડાને ય બાપ કહેવો પડે છે અને નાલાયકને ય શેઠ માનીને સલામ ભરવી પડે છે. કેટલાક કહે છે કે–કામ કરીને મરીએ તો ય શેઠ કદર કરવાને બદલે કલંક આપે છે. ગાળો દે છે તે સાંભળવી પડે છે. પગાર પૂરો આપતો નથી ને એની સામે કાંઇ બોલાતું નથી. કર્મ શું કરતું નથી ? તમે જે કાંઇ કરો છો, તે તમને ગમતું જ

કરો છો ? ન ગમે તેવું કાંઈ તમારે કરવું પડતું નથી ? કહો કે–ન ગમે તેવું ઘણું કરવું પડે છે. શાથી ? પરાધીન માટે ! કોનાથી ? કર્મથી ! કર્મની તો આત્મા ઉપર ઘણી અસર છે. વસ્તુતઃ તમારો સ્વભાવ પાપ ગમવાનો નથી, પણ કર્મે તેને બગાડ્યો છે. ખાવું, એ શું આત્માનો સ્વભાવ છે ? નહિ જ, છતાં ખાવું કેમ પડે છે ? આત્માની સાથે કર્મનો યોગ છે માટે જ !

તપ ખાવાની ઉપાધિ ટળે એ માટે છે :

એક ખાવું પડે છે, તેમાં ય કેટલી ઉપાધિ કરવી પડે છે ? ખાવા અંગે જે ઉપાધિ કરવી પડે છે, તે જોતાં જો ખાવા ઉપર ગુસ્સો ન આવે, તો તે બુદ્ધિશાલી નહિ. પેટ ન માગતું હોત, તો ગધેડા જેવાને ય શેઠ કહેવા પડત ? ઘણા કહે છે–' પેટ કરાવે વેઠ.' આધા પહેલાં અને આધા પછી પણ ઓછી ઉપાધિ છે ? પહેલી પંચાત ખાવાનું મેળવવાની. ખાવાનું મળે ત્યાં વચ્ચે જીભ ખરી ને ? એ ભૂલ કરાવે છે. પછી હોજરી બગડે છે ને ઉપાધિ વધી પડે છે. આધા પહેલાં ય ધાંધલ અને આધા પછી ય ધાંધલ. આજે આધું, પણ બીજા દહાડા સુધીમાં જો મલ ન નીકળે, તો પછી સારી ચીજ પણ ખવાય નહિ. કહેશે કે–' ગમે તેમ આનો નિકાલ થવો જોઈએ.' એ માટે ન ગમે તેવી ચીજ પણ પીવી પડે. દિવેલ પીવું ગમે ? છતાં ઘણા જબ મારીને પીએ છે ને ? એમાં ય ઠેકાણું ન પડે, તો મીંઢીયાવળ વગેરેને ઉકાળીને પીવી પડે છે. ખાવામાં સુખ કેટલું ? થોડું, નામનું, જીભ રાજી થાય એટલા પૂરતું જ ! બધા કાંઈ માત્ર શરીરના નિર્વાહ

માટે અને શરીર સશક્ત હોય તો ધર્મ સારી રીતિએ થાય, એ માટે થોડું જ ખાય છે ? એમ ખાનારાને ય તેવા કોઇ કર્મના ઉદયે પેટ બગડે ને ? તપ શા માટે ? તમને ભૂખે મારવાને માટે તપનો ઉપદેશ નથી, પણ આવાની ઉપાધિ ટળી જાય એ માટે તપ છે ! ખાવાની જેમ સંસારના દરેક સુખમાં એ જ છે કે–પહેલાં ઉપાધિ, પાછળ દુઃખ અને એ ભોગવતાં ય દુઃખનો અભાવ નહિ ! જે સુખમાં દુઃખ સમાએલું છે, તે સુખ વર્જ્ય છે–એમ જ્ઞાનિઓ કહે છે. આટલી બધી ઉત્તમ સામગ્રી મળવા છતાં પણ જે આ ન સમજ્યો, તે કલ્પતરૂ મળવા છતાં પણ ભિખારીનો ભિખારી રહેવાનો. આ સુખને વર્જ્ય નહિ લાગવા દેનાર અને આ સુખને સારૂં લગાડનાર મિથ્યાત્વ છે. કર્મની અસર ન હોત, તો આવી મિથ્યા બુદ્ધિ થાત શાની ? જ્યાં સુધી મિથ્યાત્વ જાય નહિ, ત્યાં સુધી આત્મામાં સમ્યક્ત્વ પ્રગટે નહિ. મિથ્યાત્વની મંદતા વિના ધર્મ થાય પણ તે બાળકની ચાલ જેવો ! ‘ તજીએ અવર અનાદિની ચાલ ’–એવું શ્રી નવ પદના સ્તવનમાં આવે છે ને ? શ્રી નવ પદના આરાધકો, બાર મહિનામાં બે વાર શ્રી નવ પદનું વિશિષ્ટ પ્રકારે આરાધન કરનારાઓ, એ સ્તવનને સાંભળતા હશે ને ? તમને થયું કે–અનાદિની ચાલને તજીએ ? અનાદિની ચાલને તજ્યા વિના અથવા અનાદિની ચાલ તજવા જેવી છે–એમ લાગ્યા વિના, ગમે તેટલો ધર્મ થાય તો પણ, તે લેખે લાગે શી રીતિએ ?

શ્રી ધના સાર્થવાહ ઘીના દાનથી સમ્યક્ત્વ પામ્યા કે તે વખતના ભાવથી ?

શ્રી ધના સાર્થવાહનો પ્રસંગ યાદ છે ? ઘીનું દાન દેતાં

એ સમ્યક્ત્વ પામ્યા, એમ સાંભળ્યું છે ને ? ઘીના દાનમાં સમ્યક્ત્વ કયાંથી આવ્યું ? સમ્યક્ત્વ ઘીમાં હતું કે ભાવમાં હતું ? ભાવ ન હોત અથવા તો જેવો જોઇએ તેવો ભાવ ન હોત, તો ઘીના દાનમાં સમ્યક્ત્વ થાત ખરૂં ? નહિ જ. આટલું જાણવા છતાં ય, ભાવની દરકાર નહિ ? તમને જો એટલું પણ થાય કે–દરેક ધર્મક્રિયા કરતાં જરૂરી ભાવ જોઇએ, તો કેવો ભાવ જોઇએ તે સમજાવી શકાય. હવે યાદ રાખજો કે–કોરા ઘીના દાને નહિ, પણ ઘીનું દાન દેતી વખતે જે ભાવ હતો, તે ભાવે શ્રી ધના સાર્થવાહને સમ્યક્ત્વ પમાડ્યું !

શ્રી ધના સાર્થવાહ કોણ ? શ્રી આદીશ્વરજી ભગવાનનો જીવ. અહીં ગિરિરાજ ઉપર જે ભગવાનને ભેટવાને માટે તમે રોજ જાવ છો, તે ભગવાનનો જીવ !

એ સમ્યક્ત્વ નહોતા પામ્યા, ત્યારે પણ તેમની કેવી હાલત હતી ? એમને પૈસો રાખી મૂકવા જેવો જ લાગતો નહોતો, પણ બીજાઓના ભલામાં વાપરવા જેવો લાગતો જ હતો ! ‘ધન સર્વથા ત્યાજ્ય છે’–એવી સમજણ નહિ આવેલી હોવા છતાં પણ, ‘મારી શ્રીમંતાઈ તો જ શોભે અને મારી શ્રીમંતાઈ તો જ સાર્થક ગણાય, કે જો હું બીજાઓને સહાયક થાઉં.’–એવી એમની માન્યતા હતી અને એથી જ એમણે જે ઉદ્‌ઘોષણા કરાવી હતી, તે એ કરાવી શકયા હતા. ધનનો અતિ લોભી અને સ્વાર્થમાં જ રત માણસ, ગમે તેટલો શ્રીમંત હોય તો પણ, એ કરવાનો શું ? ધનનો ત્યાગ કરો અને ત્યાગ ન બની શકે તેથી રાખતા હો, તો તેનો સદુપયોગ કરતા રહો. ધન રાખ્યાની સાર્થકતા સંચયમાં નથી, પણ સદુપયોગમાં છે.

શ્રી ધના સાર્થવાહે, એક વાર વ્યાપારાદિ નિમિત્તે વસન્તપુર જવાનો નિર્ણય કર્યો. વસન્તપુર ઘણું દૂર હતું અને રસ્તો એવો વિકટ હતો કે–રસ્તે નિર્વાહ અને રક્ષણ માટે ઘણી જોગવાઇઓ કરવી પડે. શ્રી ધના સાર્થવાહ પોતે પોતાને માટે બધી જ જરૂરી જોગવાઈ કરવાને સમર્થ હતા, પરન્તુ એમને વિચાર આવ્યો કે-'વસન્તપુર જેવા વ્યાપારના મોટા સ્થલે જવાની ઇચ્છા તો ઘણાને હોય અને સૌ કાંઈ એવા ન હોય કે–રસ્તે જરૂરી જોગવાઈ પોતાની જ શક્તિ અને સામગ્રીથી કરી શકે!' આ વિચાર આવ્યો, તેની સાથે જ તેમને બીજો વિચાર એ પણ આવ્યો કે–'જ્યારે હું પોતે જ જાઉં છું, તો જેને વસન્તપુર આવવું હોય તેને હું મારી સાથે જ લઈ જાઉં!' આ વિચારનો અમલ પણ શ્રી ધના સાર્થવાહે ઘણી ઉમદા રીતિએ કર્યો. શ્રી ધના સાર્થવાહે પોતાના સેવકોની પાસે ડિંડિમ વગડાવીને, આખા શહેરમાં એવી ઉદ્‌ઘોષણા કરાવી કે–'ધના સાર્થવાહ વસન્તપુર જાય છે, તો જે કોઇને વસન્તપુર જવાની ઇચ્છા હોય, તે ધના સાર્થવાહની સાથે ચાલો! જેની પાસે વાસણો નહિ હોય, તેને ધના સાર્થવાહ વાસણો આપશે; જેની પાસે વાહન નહિ હોય, તેને ધના સાર્થવાહ વાહન આપશે; જેની પાસે ભાતું નહિ હોય, તેને ધના સાર્થવાહ ભાતું આપશે; એને જેને જે સહાયની જરૂર હશે, તેને તે સહાય ધના સાર્થવાહ આપશે; ઉપરાન્ત, માર્ગમાં ચોરોના ત્રાસથી અને હિંસક પશુઓના ઉપદ્રવથી ધના સાર્થવાહ સૌનું રક્ષણ કરશે, તેમ જ સાથે આવેલા સૌનું ધના સાર્થવાહ પોતાના ભાઇઓની જેમ પાલન કરશે!'

આવી ઉદ્‌ઘોષણા કરવાની આજ્ઞા આપતાં, શ્રી ધના સાર્થવાહના હૈયામાં કેવા ભાવ પેદા થયા હશે ? કમાવા જવાની વાત છાની રાખવાની હોય કે જાહેર કરવાની હોય ? રળવા જવું, તેમાં આ ખર્ચ શા માટે ? હૈયાની ઉદારતા શું કરે અને શું ન કરે, તે કહેવાય નહિ. મિથ્યાદૃષ્ટિ છતાં ય લક્ષ્મીની મૂર્ચ્છા કેટલી બધી ઓછી અને પરોપકારની ભાવના કેટલી બધી વિશાળ ?

આ ઉદ્‌ઘોષણાના યોગે, શ્રી ધના સાર્થવાહને સૌથી વિશેષ લાભ તો એ થયો કે–તેમને આચાર્યભગવાન શ્રીમદ્‌ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજ મળી ગયા અને ગમી ગયા.

શ્રી ધર્મઘોષસૂરિવરને વસન્તપુર તરફ વિહરવાની ભાવના હતી; સાર્થના સાથ વિના તેઓ એકલા મુનિઓ સાથે વસન્તપુર જઈ શકે તેમ હતું નહિ, એટલે શ્રી ધના સાર્થવાહે કરાવેલી ઉદ્‌ઘોષણાએ તેઓને ઉત્સાહિત બનાવ્યા. શ્રી ધના સાર્થવાહે વસન્તપુર જવાને માટે નગરની બહાર જઈને જ્યાં પડાવ નાખ્યો હતો, ત્યાં આચાર્યભગવાન પધાર્યા.

શ્રી ધના સાર્થવાહે, તેઓને જોતાંની સાથે જ, નમસ્કારાદિથી સત્કાર્યા અને અત્રે આવવાનું કારણ પૂછ્યું. આચાર્યભગવાને કહ્યું કે–'તારા સાર્થની સાથે અમે વસન્તપુર આવવાને ઇચ્છીએ છીએ !'

શ્રી ધના સાર્થવાહ કહે છે કે–'આજે હું ધન્ય છું, કે જેથી આપના જેવા મહાત્મા મારા સાર્થની સાથે આવવાને માટે અત્રે પધાર્યા છે.'

આચાર્યભગવાનને આ પ્રમાણે કહીને, આચાર્યભગવાનની હાજરીમાં જ, શ્રી ધના સાર્થવાહ પોતાના રસોઇયાઓને

હુકમ કરે છે કે–' આ મહાત્માઓને માટે તમારે રોજ અન્ન –પાનાદિની જોગવાઈ કરવી. ' સાધુસેવાના આવા રસિક આત્માને માટે સમ્યક્ત્વ સુલભ બને, એમાં નવાઈ છે ?

શ્રી ધના સાર્થવાહે પોતાના રસોઈયાઓને કરેલી આજ્ઞા આચાર્યભગવાને સાંભળી, એટલે આચાર્યભગવાન, શ્રી ધના સાર્થવાહને કહે છે કે–'ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં સાધુઓને નિર્દોષ અશન–પાનાદિ જ કલ્પે છે. જે અશન–પાનાદિ અમારા સંકલ્પથી કરાય કે કરાવાય, તે અમને કલ્પે નહિ. અમને સચિત્ત અશનાદિ અને કુવા, વાવ, તલાવ આદિનું કે બીજું અપ્રાસુક જલ પણ કલ્પે નહિ ! '

આ વાત ચાલે છે, ત્યાં તો કોઈ તરફથી મનોહર અને રસપૂર્ણ કેરીઓ ભેટ આવે છે; એટલે, શ્રી ધના સાર્થવાહ વિચાર કરે છે કે–'આ કેરીઓ તો આ મહાત્માઓને જરૂર કલ્પશે, કારણ કે–આ કેરીઓમાં તેઓના સંકલ્પથી થયેલ કાંઈ જ નથી. '

ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનના સાધુઓએ પાળવાના આચારોનું શ્રી ધના સાર્થવાહને જ્ઞાન નથી, પણ મહાત્માઓનો સત્કાર કરવાની કેવી સુન્દર વૃત્તિ છે ?

શ્રી ધના સાર્થવાહ, શ્રી આચાર્યભગવાનને વિનંતિ કરે છે કે–' મહાત્મન્ ! આ ફળોને આપ ગ્રહણ કરો અને એમ કરીને આપ મારા ઉપર અનુગ્રહ કરો ! '

મિથ્યાદૃષ્ટિ હોવા છતાં પણ, શ્રી ધના સાર્થવાહની એ માન્યતા છે કે–આવા મહાત્માઓ જો પોતાના ઉપયોગમાં આવે તેવું કાંઈ પણ આપણી પાસેથી ગ્રહણ કરે, તો તે આપણા ઉપર અનુગ્રહ કર્યો કહેવાય. તમને તો એમ જ

છે ને કે–સાધુઓ કયારે આપણી કોઈ પણ વસ્તુને સ્વીકારવા દ્વારા આપણા ઉપર અનુગ્રહ કરે ? શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ આવ્યા છો, એટલે અહીં તો તમને સાધુઓના અને સાધ્વીઓના અનુગ્રહને મેળવવાની ઘણી જ ઇચ્છા ને ? કયારે મારી કોઈ પણ વસ્તુ સાધુના કે સાધ્વીના ઉપયોગમાં આવે, એમ ખરૂં ને ? સાધર્મિક જનોની ભક્તિનો તેમ જ અનુકંપા યોગ્ય જીવોની અનુકંપા કરવાનો લાભ લેવાની ઇચ્છા પણ ખરી ને ? કોઈ સાધર્મિક તમારૂં આમંત્રણ સ્વીકારે, તો તેણે તમારા ઉપર ઉપકાર કર્યો–એવી જ તમારી માન્યતા ને ? કોઈ પણ દીન–દુઃખિને જોતાં, તમારૂં હૈયું સળવળ્યા વગર અને તમારો મુઠીભર્યો હાથ લાંબો થયા વગર રહે નહિ ને ?

શ્રી ધના સાર્થવાહ શ્રી આચાર્યભગવાનને કેરીઓને ગ્રહણ કરવાની વિનંતિ કરે છે, તેના જવાબમાં આચાર્યભગવાન તેમને સમજાવે છે કે–'આ ફળોને તો સ્પર્શ કરવો એ પણ અમને કલ્પે નહિ, પછી ખાવાની તો વાત જ કયાં રહી ?'

આચાર્યભગવાનના આવા ઉત્તરથી તો શ્રી ધના સાર્થવાહનું હૈયું ભક્તિભાવથી એકદમ નાચી ઉઠે છે. એમને થાય છે કે–' મહાત્મા તો મહાત્મા, પણ આવા ગજબના ત્યાગી મહાત્મા ? આવું આચારપાલન કેટલું બધું દુષ્કર છે ? મારા જેવા પ્રમાદિથી તો એક દિવસ પણ આવું ઉત્કટ આચાર-પાલન થઈ શકે નહિ.' અને હૃદયના આ ભાવને, શ્રી ધના સાર્થવાહ, વાણીમાં મૂકયા વિના પણ રહી શકતા નથી.

આટલી વાત કરીને, શ્રી ધના સાર્થવાહ આચાર્યભગવાનને વિનંતિ કરે છે કે–' આપને આ ફળો ન કલ્પે તો ય ભલે; આપને જે કાંઈ અન્ન–પાનાદિ કલ્પશે તે હું આપને આપીશ;

પણ આપ કૃપા કરીને આજે જ મારા આ સાર્થની સાથે પધારો !' આમ કહીને શ્રી ધના સાર્થવાહ શ્રી આચાર્યભગવાન આદિ મુનિવરોને વિનયપૂર્વક નમસ્કાર કરે છે.

પછી મહાત્માઓ ત્યાંથી વિદાય લે છે, પોતાને યોગ્ય સ્થાને જાય છે અને શ્રી ધના સાર્થવાહ, એ મહાત્માઓના ઉત્તમ આચારપાલનની ઉત્તમ છાપને હૃદયમાં વહતા થકા, પોતાની અન્ય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થાય છે.

સાર્થને વસન્તપુર સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ ઉત્તમ પ્રકારે કરી છે. સાર્થની મોખરે શ્રી ધના સાર્થવાહ પોતે રહ્યા છે અને સાર્થની પાછળ તેમણે પોતાના એક વિશ્વસનીય મિત્રને રાખેલ છે. વચ્ચે સાર્થ છે અને તે પણ આજુબાજુ સંરક્ષકોથી વીંટળાએલો !

સાર્થ ચાલતો ચાલતો અટવીમાં આવી પહોંચ્યો, ત્યાં ગરમીની મોસમ શરૂ થઈ ગઈ. ગરમી પણ એવી પડવા લાગી કે–ચારે કોર અગ્નિ સળગતો હોય અને વચ્ચે બેઠા હોઈએ, એવું લાગે. કુવાઓ, તળાવો, જલાશયોનું પાણી સુકાઈ ગયું. ગરમીને લીધે તથા પાણીની મુશ્કેલીને લીધે, સાર્થ ધાર્યા મુજબ આગળ વધી શકયો નહિ. સૌને હેરાનગતિનો પાર નહોતો; એટલે શ્રી ધના સાર્થવાહની વેદનાનું તો પૂછવું જ શું ?

પછી વર્ષાઋતુ આવી. ભવિતવ્યતા એવી હતી કે–ઉનાળામાં જેમ ગરમીનો કોઈ આંક રહ્યો નહિ, તેમ ચોમાસામાં અતિ વૃષ્ટિ પણ એવી જ થઈ. આખી ય અટવી જલમય બની ગઈ. જ્યાં નજર નાખો, ત્યાં જલ જ જલ દેખાય. જમીનમાં ખાડા પડી ગયેલા અને કાદવ થઈ ગયેલો, એટલે વાહનો

ખૂંચી જવા લાગ્યાં.

એક સ્થલે ઉંચાણવાળી જમીન મળી જતાં, શ્રી ધના સાર્થવાહે મુશ્કેલીનો સમય ત્યાં જ પસાર કરવાનો નિર્ણય કરીને, સાર્થનો પડાવ નખાવ્યો. સૌ ઝુંપડાં બાંધીને ત્યાં રહ્યા. સાર્થમાં આવેલાઓએ આચાર્યભગવાન આદિ માટે પણ આવી જ વ્યવસ્થા કરી.

આટલી મુશ્કેલી જાણે અધુરી હોય, તેમ રસ્તે ખાવાને માટે સાથે લીધેલું અનાજ પણ ખૂટી ગયું. દિવસો વધી ગયા અને વરસાદથી ઘણું બગડી ગયું. ક્યાંયથી અનાજ મંગાવી શકાય એવી સ્થિતિ રહી નહિ. અનાજ વિના કેમ જીવવું, એ સવાલ થઈ પડ્યો. સાર્થના માણસો ખાવાનું શોધવા માટે જ્યાં ત્યાં ફરતા અને કંદાદિ જે કાંઈ મળી જતું, તે ખાઈને દિવસો પસાર કરતા.

સાર્થને માથે આવી પડેલી આ મુશ્કેલી વિષે, શ્રી ધના સાર્થવાહના મિત્રે, એક વાર રાત્રિના સમયે શ્રી ધના સાર્થવાહની પાસે બેસીને વિગતવાર વાત કરી.

'સાર્થ મુશ્કેલીમાં મૂકાઈ ગયો છે'–એમ તો શ્રી ધના સાર્થવાહ જાણતા જ હતા; પણ તેમના મિત્ર પાસેથી તેમણે સાર્થની જીવવા માટેના ખોરાકની મુશ્કેલી આદિની વિગતવાર વાત સાંભળી, ત્યારે તો તેમની ચિન્તાનો પાર રહ્યો નહિ. સાર્થની મુશ્કેલીની ચિન્તાની પરંપરા તેમના હૈયાને કીડાની જેમ કોતરી ખાવા લાગી. સાર્થના દુઃખની ચિન્તાએ તેમને જડ જેવા બનાવી દીધા. ચિન્તામાં ને ચિન્તામાં તેમને નિદ્રા આવી ગઈ.

રાત્રિના છેલ્લા પ્રહરે પ્રાહરિકે રિવાજ મુજબ ઘોષણા

કરી કે–' અમારા સ્વામિની કીર્તિ સર્વત્ર પ્રસાર પામી રહી છે, કારણ કે–વિષમ દશાને પામવા છતાં પણ, અમારા સ્વામી, પોતે સ્વીકારેલા કર્ત્તવ્યને અદા કરી રહ્યા છે !'

પ્રાહરિક જેવો આ ઘોષણા કરી રહ્યો, કે તરત જ બીજા કોઈ માણસે એ જ વાક્ય પુનઃ ઉચ્ચાર્યું.

શ્રી ધના સાર્થવાહ પોતાના પ્રાહરિકના અવાજને બરાબર ઓળખતા હતા, એટલે પ્રાહરિકે કરેલી પ્રાતઃઘોષણાને બીજા કોઈએ દુહરાવી, તેથી તેમને લાગ્યું કે–' પ્રાહરિકની પ્રાતઃ ઘોષણાને દુહરાવીને, આ રીતિએ કોઈએ મને ઉપાલમ્ભ જ આપ્યો છે ! ' કારણ કે–રાતથી તેમની સાર્થના દુઃખ વિષેની ચિન્તા વધી ગઈ હતી.

હવે શ્રી ધના સાર્થવાહ વિચારે છે કે–'શું મારા સાર્થમાં કોઈ અત્યન્ત ખરાબ સ્થિતિમાં મૂકાયેલ છે ? ' એ વિષે વિચાર કરતાં કરતાં, તેમને આચાર્યભગવાન શ્રી ધર્મઘોષસૂરિવર યાદ આવ્યા.

આચાર્યભગવાન અને તેમની સાથેના સાધુઓનો ખ્યાલ આવતાંની સાથે જ, શ્રી ધના સાર્થવાહનું હૈયું ત્રાસી ગયું, કેમ કે–તેમને પોતાની ફરજનું ભાન હતું. સાથે જેમને લીધા હોય, તેમને સાચવવાની જોખમદારી આપણી છે, એમ એ સમજતા હતા.

શ્રી ધના સાર્થવાહને એમ થઈ ગયું કે–'આવી મુશ્કેલીમાં એ મહાત્માઓનું થયું શું હશે ? જે મહાત્માઓ અકૃત, અકારિત અને પ્રાસુક ભિક્ષા–પાનથી જ નિર્વાહ કરવાના નિયમવાળા છે અને કંદમૂલ તથા ફલ–ફુલ આદિને જેઓ કદી અડકતા પણ નથી, તેમની હાલત શી થઈ હશે ? ' આ

વિચારથી શ્રી ધના સાર્થવાહને જબ્બર આઘાત લાગ્યો.

તે વિચારે છે કે–'મેં મૂર્ખાએ આ કરી શું નાખ્યું ? માર્ગે તેમની સઘળી સંભાળ રાખવાનું મેં વચન આપ્યું હતું અને હું તો હજુ આજે જ તેઓને સંભારૂં છું ! આજ સુધીમાં મેં જેમનું વચન માત્રથી પણ ઔચિત્ય સાચવ્યું નથી, એવા એ મહાત્માઓને હવે હું મારૂં મોઢું પણ કેમ દેખાડી શકીશ ?'

આવા પ્રકારના માનસિક પરિતાપને અન્તે, શ્રી ધના સાર્થવાહે નિર્ણય કર્યો કે–'ખરેખર, એ મહાત્માઓ તો સર્વત્ર નિઃસ્પૃહ છે, એટલે તેઓને મારૂં શું કામ હોય ? પણ હું તો આજે જ તેઓનું દર્શન કરીશ અને મારા પાપને ધોઈ નાખીશ !'

આવો નિર્ણય કરીને, શ્રી ધના સાર્થવાહ એ જ વિચારમાં બેસી રહ્યા કે–'કયારે સવાર થાય, કયારે હું એ મહાત્માઓનાં દર્શન કરૂં અને કયારે હું તેમની ક્ષમા યાચું !' થોડી રાત્રિ બાકી હતી, તે એમણે મહા મુશીબતે પસાર કરી.

સવાર થતાંની સાથે જ, યોગ્ય વેષને ધારણ કરીને, આગેવાન ગૃહસ્થોની સાથે શ્રી ધના સાર્થવાહ, આચાર્યભગવાન જે ઘાસની ઝુંપડીમાં વિરાજતા હતા, ત્યાં પહોંચ્યા.

આચાર્યભગવાન અને બધા સાધુઓ પ્રસન્નમુખ જ હતા. કોઇના ય મોંઢા ઉપર; લેશ માત્રે ય ગ્લાનિ નહોતી. મુનિવરો તો, કોઈ મૌનમાં, કોઈ કાયોત્સર્ગમાં, તો કોઇ પઠન–પાઠનમાં અને કોઇ ભૂમિપ્રમાર્જનાદિ કાર્યમાં, તો કોઈ ગુરૂવન્દનાદિ કાર્યમાં લીન હતા. આચાર્યભગવાનના મુખને જોતાં અથવા તો આચાર્યભગવાનની નિશ્રામાં જે મુનિવરો હતા, તેમાંના એક પણ મુનિવરના મુખને જોતાં, 'આમને કોઈ

આફત છે અથવા તો આમણે કોઈ આફતને ભોગવેલી છે'– એમ લાગે જ નહિ. તેમાં ય, તેજોમૂર્તિ આચાર્યભગવાન તો, જાણે સાક્ષાત્ ધર્મની મૂર્તિ સમા લાગતા હતા.

આચાર્યભગવાનને અને મુનિવરોને આટલા બધા પ્રસન્નમુખ અને પોતપોતાના કાર્યમાં રત જોઈને, શ્રી ધના સાર્થવાહને હૈયે કેવી અસર થઈ હશે ?

શ્રી ધના સાર્થવાહ, સમ્યક્ત્વ પામ્યા પહેલાં પણ કેવી ઉત્તમ મનોદશાવાળા હતા, એ પણ સમજવા જેવું છે; અને સમ્યક્ત્વને પામવામાં તેમને કેવી સુન્દર પૂર્વભૂમિકા પ્રાપ્ત થઈ હતી, તે પણ સમજવા જેવું છે. આખો સાર્થ ભયંકર વિડંબનામાં મૂકાઈ ગયો હતો, ત્યારે સાધુઓને કાંઈ ઓછી તકલીફો સહન કરવી પડી હશે ? નહિ જ; છતાં ય, તકલીફ વિષે ફરીયાદ તો નહિ, પણ તકલીફ પડી છે–એવું ચહેરા ઉપરથી ય જણાવા દે નહિ, એ જેવી–તેવી વાત છે ?

જૈન સાધુ એટલે એ, કે જે દુઃખમાં પણ દુઃખ માને નહિ અને આત્માના સુખ સિવાયના સુખની સ્પૃહા કરે નહિ. જૈન સાધુને જો દુઃખમાં દુઃખ લાગે અને સુખની સ્પૃહા થઈ જાય, તો એને એ પોતાની ઉણપ માને. શ્રાવકની ફરજ એ છે કે–સાધુ અને સાધ્વીના સંયમની આરાધનાની અનુકૂળતાને અંગેના સુખની એ રોજ ચિન્તા કરે અને તેમનું દુઃખ ટાળવામાં પાછી પાની કરે નહિ, પણ સાધુ–સાધ્વી તો દુઃખને પણ પ્રેમથી વેઠવાની વૃત્તિવાળાં હોય.

તમને સાધુ–સાધ્વી સંયમ સુખ રૂપ પાળી શકે, એની ચિન્તા ખરી ને ? ' મારા સમાજમાં સાધુ–સાધ્વી કેટલાં ? તેમને સંયમની સાધનામાં ક્યી ક્યી તકલીફો નડે છે ? એ

તકલીફોને ટાળવાને માટે શું શું કરવાની જરૂર છે ?'–આટલી ચિન્તા જેના હૈયામાં સ્થાન પામી જાય, તેનો અડધો સંસાર ભૂલાઇ ગયા વિના રહે ? એ તો એવો હોય કે–એને સંસાર ઝેર જેવો લાગે અને સાધુ થવાની ઇચ્છા રોજ થાય.

તમે આજે સાધુ–સાધ્વીની કરવા જેવી ચિન્તાને પણ ઘણે ભાગે વિસરી ગયા છો, કેમ કે–મનનું વલણ સાધુપણા તરફ નથી, પણ સંસાર તરફ છે. તમને ખ્યાલ નહિ હોય, પણ તમે સંસારમાં જેની ચિન્તા કરી રહ્યા છો, તેમાં તો તમે પાયમાલ થઈ રહ્યા છો.

શ્રાવકની ફરજ જુદી અને સાધુ–સાધ્વીની ફરજ જુદી. સાધુ–સાધ્વીએ તો દુઃખમાં ય સુખ માનવાનું અને સુખની સ્પૃહા કરવાની નહિ. દુઃખથી ડરે અને સુખને ઝંખે, એ સાધુ રહી શકે નહિ. જે સાધુ–સાધ્વી દુઃખથી ભાગતાં ફરે અને સુખની ઝંખના કર્યા કરે, એમના દુઃખનો પાર નહિ. જેને પગે લાગવાનું કહે તે આડું જુએ અને જેને પગ દાબવાનું કહે તે ગાળ દે, એમે ય બને. સુખની ઇચ્છા થઈ અને તેવું પુણ્ય હોય નહિ, તો મહા પંચાતમાં પડી જવાય. એવાનો સમય, મહા દુર્ધ્યાનમાં પસાર થાય. જે કર્મોદય સુખની ઇચ્છા કરાવે, તે ય પાપોદય છે અને જે કર્મોદય દુઃખની ચિન્તા કરાવે, તે ય પાપોદય છે.

શ્રી ધના સાર્થવાહ, શ્રી આચાર્યભગવાનની પાસે આવીને, પહેલાં તેઓને અને તે પછી યથાક્રમે સર્વ મહાત્માઓને વંદના કરે છે. સૌ ધર્મલાભ આપે છે. મહાત્માઓની નીતિ–રીતિથી તેમને ઘણો આનંદ થાય છે.

પછી, આચાર્યભગવાનની પાસે બેસીને, શ્રી ધના સાર્થવાહ

કહે છે કે–'હે ભગવન્! આપને મેં મારી સાથે પધારવાનું જે આમંત્રણ કર્યું, તે તો શરદ્ઋતુની મેઘગર્જનાની જેમ દેખાવ માત્ર જ નિવડ્યું: કારણ કે–ત્યારથી આરંભીને અત્યાર સુધીમાં નથી તો મેં આપની ખબર પૂછી, નથી તો મેં આપને વાંદ્યા અને નથી તો મેં અન્ન–પાન–વસ્ત્રાદિકથી કોઈ પણ વખતે આપનો સત્કાર કર્યો! જાગવા છતાં પણ જાણે ઊંઘતો હોઉં તેમ, મેં મૂઢે આ કેવું કરી નાખ્યું? મેં મારા વચનનો ઘાત કર્યો અને તે દ્વારા આપની અવજ્ઞા કરી!'

આટલું કહીને, છેવટમાં શ્રી ધના સાર્થવાહ, પોતાના અપરાધને ખમાવવાને માટે, મહાત્માના મહાત્માપણાનું શરણ સ્વીકારે છે. એમને લાગે છે કે–મારો અપરાધ એવો છે કે એને તો મહાત્માઓ જ સહી શકે.

આથી તેઓ કહે છે કે–'હે પૂજ્ય! આપ મહાત્મા છો; પૃથ્વી જેમ સર્વને સહે છે, તેમ મહાત્માઓ પણ સર્વને સહનારા હોય છે, તો આપ મારા પ્રમાદાચરણને ખમો!'

શ્રી ધના સાર્થવાહ આમ કહી રહ્યા, એટલે આચાર્ય-ભગવાન કહે છે કે–'હે મહામતે! તું વિષાદ ન કર! માર્ગમાં દુષ્ટ અને હિંસક પ્રાણિઓથી તેમ જ ચોરોથી તેં અમારું રક્ષણ કર્યું છે, એટલે તેં અમારો બધો જ સત્કાર કર્યો છે! વળી, તારા સાર્થમાં આવેલાઓ જ અમને ઉચિત એવાં અન્ન–પાણી આપે છે! આથી, અમે સીદાયા હોઈએ–એવું કશું જ બન્યું નથી.'

આખો ય સાર્થ જ્યારે મહા વિપત્તિમાં મૂકાઈ જવા પામ્યો; ગરમી અને વર્ષાથી ત્રાહિ ત્રાહિ પોકારી ગયો; પહેલાં પાણી શોધ્યું ન જડે એવી હાલત થઈ અને પછી

પેટ પૂરતું અનાજ મળવું પણ દુર્લભ બની ગયું; ત્યારે, ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસને ફરમાવેલા સાધ્વાચારોનું પાલન કરવાની પ્રતિજ્ઞાવાળા અને એ પ્રતિજ્ઞાના પાલનમાં દૃઢ રહેનારા મહાત્માઓને, કેટકેટલી પ્રતિકૂળતાઓ વેઠવી પડી હશે ? એ મહાત્માઓએ તો આવી પડેલી વિકટ સ્થિતિને મહા કર્મનિર્જરાનું કારણ જ બનાવ્યું હશે ને ? જો એમ ન હોત, તો આ અવસરે પણ આચાર્યભગવાન આવો ઉત્તર આપી શકત ખરા ?

શ્રી ધના સાર્થવાહ, ભૂલમાં ને ભૂલમાં કશી જ સંભાળ નથી લઈ શકયા; તે છતાં પણ, આચાર્યભગવાને સાર્થવાહ દ્વારા થયેલા રક્ષણને જ યાદ કર્યું, પણ પોતાની સંભાળ ન લીધી–તેને માટે વિચાર સરખો ય કર્યો નહિ. ઠપકો દઈ દેવા જેવી આ તક નહોતી ? પણ મહાત્માઓનું હૈયું એવું હોતું જ નથી. સંસારમાં દોષની નવાઈ શી છે ? થોડા પણ ગુણની જ નવાઇ છે. દોષ તો ભરેલા જ છે. ગુણ કેટલો પ્રગટ્યો, એ જ જોવા જેવું છે. શ્રી જિનશાસનના મહાત્માઓ તો, સાગરથી ય વધુ ગંભીર હોય. એમનો સ્વભાવ જ સાંરૂં જોવાનો હોય. દુઃખની ચિન્તા કર્યા કરનારાઓ અને બાહ્ય સુખને ઝંખ્યા કરનારાઓ, બીજાઓને ધર્મ તો પમાડી શકે નહિ, પણ બીજાઓના ધર્મને લૂંટી ના લે તો ય ઘણું છે.

પોતા પ્રત્યે સામાએ ગમે તેવું અયોગ્ય વર્તન કર્યું હોય, પરન્તુ પોતે પૂર્વે આચરેલા પાપનું જ એ પરિણામ છે કે બીજું કાંઈ ? પોતાનો અશુભોદય ન હોત, તો સામો શું કરી શકવાનો હતો ? શ્રી જૈન શાસનના સાધુ થઈને ફરનારાઓ પણ જો આટલું નહિ સમજે, તો પછી આને સમજશે કોણ ? આપણો

અપરાધ કરનાર પણ જ્યારે માફી માગતો આવે, ત્યારે એને આપણે એવું આશ્વાસન આપવું જોઈએ કે–એના બીજા પણ દોષો ગળી જવા પામે !

આચાર્યભગવાનને, શ્રી ધના સાર્થવાહ કહે છે કે–'સંત પુરૂષો સર્વ પ્રકારે ગુણોને જ જુએ છે, એટલે જ આપ પૂજ્ય દોષિત એવા મારે માટે પણ આમ કહો છો ! પરન્તુ, હું તો મારા પ્રમાદથી સર્વથા શરમાઉં છું, માટે આપ પ્રસન્ન થાઓ અને સાધુઓને મોકલો, કે જેથી હું તેમને મારી ઇચ્છાનુસાર આહાર આપી શકું !'

આચાર્યભગવાને પણ 'વર્ત્તમાન યોગ' કહીને, પાછું યાદ આપ્યું કે–'તું જાણે છે કે–અમને અકૃત, અકારિત અને અચિત્ત અન્નાદિ જ ઉપકારક થાય છે !'

શ્રી ધના સાર્થવાહ કહે છે કે–'સાધુઓને ઉપકારક થાય તેવું જ હું આપીશ.'

આમ કહીને, શ્રી ધના સાર્થવાહ પોતાના આવાસે ગયા અને આચાર્યભગવાને મોકલેલા બે સાધુઓ પણ તેમની પાછળ પાછળ ગયા.

શ્રી ધના સાર્થવાહના હૈયા ઉપર કેવી છાપ પડી હશે ? ખરા મહાત્માઓ તો આ, કે જેમને દુઃખની ચિન્તા નહિ અને સુખની સ્પૃહા નહિ, એમ થઇ ગયું હશે ને ? મારા ઘણા દોષોમાંથી એકને ય જોયો નહિ અને નહિ જેવા ગુણોને જ આગળ કર્યા, એટલે આ મહાત્માઓ કેવા ઉદાર અને પરોપકારી છે, એમ એને લાગ્યું હશે ને ?

ભક્તિભાવ ખૂબ વધી ગયો છે, આ મહાત્માઓની ભક્તિ કરવાની ભાવના ઉછાળા મારી રહી છે, પણ ભાગ્યવશાત

બને છે એવું કે–સાધુઓને ખપે એવું કાંઇ જ અન્નપાનાદિ એ વખતે તૈયાર નથી. ભક્તિભાવથી તરબોળ હૈયાવાળા બનેલા શ્રી ધના સાર્થવાહ, સાધુઓને વહોરાવવા યોગ્ય અન્નપાનાદિની શોધ કરે છે, ત્યાં તેમની નજર તાજા ઘી ઉપર પડી.

શ્રી ધના સાર્થવાહ બોલ્યા કે–'આ કાંઇક કલ્પે એવું છે.' એટલે એમના ભાવને જાણીને, મુનિઓએ પણ 'ખપશે' –એમ સૂચવીને, પોતાનું પાત્ર ધર્યું!

મુનિઓ અવસરના જાણ હતા. શ્રી ધના સાર્થવાહ અત્યારે કેવી ભાવનામાં રમે છે, તેનો તેમને ખ્યાલ હતો. એમને, શ્રી ધના સાર્થવાહની એ ભાવનાને, જરા ય આંચ આવવા દેવી નહોતી. આથી, શ્રી ધના સાર્થવાહ ઘી વહોરાવવાને ઇચ્છે છે–એમ જાણ્યું, તો તેનો પણ નિષેધ કર્યો નહિ.

મહાત્માઓ, માસખમણના પારણે દહીં મળી જાય તો દહીંથી પારણું કરી લેતા અને પાછા માસખમણને આદરતા, એટલે મહાત્માઓએ એકલું ઘી કેમ વહોર્યું, એ વિચાર જ કરવા જેવો નથી.

શ્રી ધના સાર્થવાહે ઘીથી મુનિઓના પાત્રને ભરી દીધું અને મુનિઓએ પણ પાત્રને ભરાવા દીધું.

સાધુઓએ પાત્રને ઘીથી ભરવા દીધું, કેમ કે–સાધુઓને તો નિર્દોષ તે કિંમતી અને દોષિત તે નકામું!

શ્રી ધના સાર્થવાહ જે વખતે સાધુઓને વહોરાવી રહ્યા હતા, તે વખતે 'હું ધન્ય છું, હું ભાગ્યશાળી છું'–એવા વિચારોથી, તેમના શરીરની રોમરાજી વિકસ્વર થતી હતી. એ ભક્તિમય આનંદમાં, એમણે, મિથ્યાત્વને હડસેલી મૂકયું અને સમ્યક્ત્વને પ્રગટાવી દીધું!

પાપોદય વિના સુખની ઇચ્છા થાય નહિ :

સાધુઓના પાત્રમાં ઘીની ધારા કરતાં કરતાં જેમ શ્રી ધના સાર્થવાહનું મિથ્યાત્વ તણાઈ ગયું, તેમ ભગવાનના અભિષેકની ધારા કરતાં કરતાં તમારું મિથ્યાત્વ પણ તણાઇ જાય ને ? જરૂર તણાઈ જાય, પણ એ વખતે તમારા હૈયામાં એ ભાવ આવવો જોઇએ. મિથ્યાત્વને કાઢવાને માટે મોટાં હથીયારો નથી જોઈતાં, પણ આત્માનો સારો ભાવ અવશ્ય જોઇએ છે. જ્યાં સુધી તમે સંસારના સુખની ઇચ્છામાં જ રમતા હો, ત્યાં સુધી એ ભાવ આવે નહિ. સંસારના સુખની ઇચ્છા તરફ અણગમો થયા વિના અને મોક્ષની ઇચ્છા પ્રગટયા વિના, મિથ્યાત્વ ન જાય. મિથ્યાત્વને કાઢવાને માટે, પાપ કરાવનાર કર્મ પ્રત્યે સુગ આવવી જોઇએ. એ માટે, પહેલાં નક્કી કરો કે–જે કર્મ સંસારના સુખની ઇચ્છા કરાવે, તે પાપ છે; સંસારના સુખને મેળવવાની ઇચ્છા, એ પાપનો ઉદય છે. પુણ્યોદય વિના એ ઇચ્છા ફળે નહિ, પણ પાપોદય વિના એ ઇચ્છા થાય નહિ. જીવને સંસારના સુખની જે ઇચ્છા થાય છે, તે પાપના ઉદયથી થાય છે–એ વાત બેસે છે ? એ વાતને હૈયે જચાવવાની જરૂર છે. પાપના ઉદયે સંસારના સુખની ઇચ્છા જન્મે અને એ ઇચ્છા કરાવે શું ? એ ઇચ્છા ધર્મ કરાવે તો ય પાપ બંધાવ્યા વિના રહે નહિ. એ ઇચ્છા ધર્મને ધર્મ રૂપે થવા કે ફળવા દે નહિ. સારું ખાવાની ઇચ્છા તે પાપ અને ભક્તિથી અગર દયાથી સારું ખવડાવવાની ઇચ્છા તે ધર્મ. પેલો રાગ છે અને આ ત્યાગ છે. સારું ખવડાવવાની પાછળ પણ, જો એથી ખાવાનું સારું મળે–એવી ઇચ્છા હોય, તો તે ધર્મ નહિ,

પણ પાપ ! સંસારમાં જો સાવધ ન રહીએ, તો પાપમાં ઝંપલાઈ જતાં વાર લાગે નહિ. સંસારમાં ધર્મમય જીવન જીવવું, એ તલવારની ધાર પર ચાલવા જેવું છે. તલવારની ધાર પર ચાલવું–એ હજુ સહેલું, પણ ભગવાને કહેલા ધર્મને પાળવો એ કઠિન; પણ, એ ધર્મને પાળ્યા વિના મોક્ષ થાય નહિ. ધર્મ કરવો હોય, તો પાપથી ખૂબ જ સાવચેત રહેવું જોઈએ. આપણે તો, પાપના મૂળને જ પકડી પાડીને, તેને ઉખેડી નાખવું જોઇએ.

સંસારના સુખની ઇચ્છા ઉપર દ્વેષ કેળવો :

તમે અહીં, દુઃખને આપનારા કર્મને તોડવાને માટે આવ્યા છો–એમાં તો શંકા નથી, પણ ભેગી સુખને આપનારાં કર્મોને બાંધવાની ઇચ્છા ખરી કે નહિ ? એ ઇચ્છાના યોગે પણ પાપ કરાવનાર કર્મ બંધાય છે. સંસારના સુખની સ્પૃહાથી ધર્મ કરનારને પુણ્ય બંધાય, પણ સાથે પાપ પણ બંધાય જ અને એથી સુખના કાળમાં પણ દુઃખના કકડા હાજર હોય. સંસારના સુખની ઇચ્છાથી કરેલા ધર્મથી બંધાએલ પુણ્યના ઉદયકાળમાં, ધર્મ વિસરાઈ જાય અને પાપનો રાગ જોર કરે, એ સુસંભવિત છે. દુઃખનો દ્વેષ તો અનાદિથી છે, એટલે દુઃખને આપનારાં કર્મોને કાઢવાની ઇચ્છા થાય તેમાં નવાઈ નથી; પણ પાપને કરાવનારાં કર્મોને કાઢવાની ઇચ્છા થાય, તો જ કામ થાય. એ માટે, સંસારના સુખની ઇચ્છા ઉપર દ્વેષ કેળવવો જોઈએ. ભગવાન કેવળજ્ઞાન પામીને તીર્થને સ્થાપે, ત્યારથી તે જીવે ત્યાં સુધીને માટે, રોજ બે પ્રહર દેશના દે. સમવસરણમાં રોજ ત્રણ પ્રહર જેટલો સમય દેશના દેવાય;

તેમાં બે પ્રહર જેટલો સમય ભગવાન દેશના દે અને એક પ્રહર જેટલો સમય ગણધરદેવ દેશના દે. એમાં શું કહ્યું હશે ? દુઃખના દ્વેષી જીવોને, સંસારના સુખના દ્વેષી બનવાની પ્રેરણા કરેલી. સંસારના સુખનો દ્વેષ પ્રગટે અને મોક્ષસુખનો રાગ પ્રગટે, પછી મુક્તિ છેટી શાની રહે ? ભગવાને એક માત્ર મોક્ષમાર્ગની જ પ્રભાવના કરી, કેમ કે–સુખનો ઉપાય, એ જ એક છે. આજે દુઃખના ઉપર જેવો દ્વેષ છે, તેવો દ્વેષ જો સંસારના સુખ ઉપર થઈ જાય, તો દુઃખ ગયું સમજો. સંસારના સુખનો રાગ જ્યાં કાઢવા જેવો લાગે, એટલે કર્મ ધ્રુજવા માંડે. મોક્ષમાર્ગને આરાધવો હોય, તો દુઃખના ડરને અને સંસારના સુખના રાગને છોડવાનો અભ્યાસ કરો. ખ્યાલ કરો કે–આપણે દુઃખના દ્વેષી અને સુખના પ્રેમી છીએ, માટે કર્મનું જોર ચાલે છે. દુઃખથી ડરીએ નહિ અને સુખને ઇચ્છીએ નહિ, તો કર્મ ભાગવા માંડે. એ સમજે કે–જેના અમે માલિક બની બેઠાં હતાં, તે હવે જાગ્યો.

સંસારચક્ર બંધ કેમ થાય ?

જેનામાં સુખનો દ્વેષ પ્રગટે, તે ત્યારથી જ બાર આની સુખી થઈ જાય. જગતમાં ઇચ્છાનું જ દુઃખ મોટું છે. ઇચ્છા થઇ, એટલે શાણો પણ ગમાર બને. સમજુ પણ ઇચ્છાને આધીન થાય, તો માથે હાથ દઈને બેસે. ડાહ્યામાં ડાહ્યા માણસને પણ જો ઇચ્છાનું ભૂત વળગી જાય, તો તે પામર બની જાય. જે કોઈ ઇચ્છાને આધીન બને, તે દુઃખી, દુઃખી ને દુઃખી જ હોય. સંસારના સુખ ઉપર દ્વેષ આવી ગયો, એટલે એ બાદશાહ બની ગયો. કાંઇ જોઇતું હોય, તો એ

સીદાય ને ? આ જગત્ મોટું યંત્ર છે. આમાં જેટલા ઝંપલાય, તેટલા કપાઈને સાફ થઈ જાય. જે સાવધ રહે, તે જ બચે. યંત્રો ચલાવનારા ધોતીયાને બદલે પાટલુન પહેરે છે. કેમ ? ભૂલથી પણ યંત્રમાં છેડો આવી જાય તો જાન જાય, એમ સમજે છે. સંસાર તો, દુનિયાનાં ભયંકરમાં ભયંકર ચક્રોથી પણ મહા ભયંકર ચક્ર છે. ઇચ્છા થઈ, પુણ્ય હોય ને પૂરી થઈ કે તરત બીજી ઇચ્છા થવાની. જેમ બટન દાબે તો જ પેલાં યન્ત્રો બંધ થાય, તેમ સંસારચક્રને બંધ કરવાને માટે ઇચ્છાના બટનને દાબો તો જ કામ થાય. દુનિયાનાં ચક્રોને તો માપ છે, પણ સંસારના ચક્રને માપ નથી. સંસારના ચક્રથી બચવાને માટે, શ્રી વીતરાગના ઘરમાં પેસવું જોઈએ; અને સંસારના સુખની ઇચ્છા ઉપર કાબૂ મેળવ્યા વિના, શ્રી વીતરાગના ઘરમાં પેસી શકાય નહિ. આપણે શ્રી વીતરાગના ઘરમાં પેસીએ, એટલે કર્મ મોંકાણ માંડે અને આપણે આનંદ અનુભવીએ. શ્રી સિદ્ધગિરિજીમાં તો તમારાં પાપકર્મો રડે છે ને ? માલિકે અમને કાઢવા માંડ્યાં, એમ તમારાં કર્મોને લાગે છે ને ? સંસારના સુખની ઇચ્છામાં જ રમતા હશો, એની જ ચિન્તા હશે, તો રડવાનું મોહને નહિ, પણ આત્માને રહેશે.

આંટો આટા માટે નહિ થવો જોઈએ :

શ્રી વીતરાગનો ધર્મ કઠિન છે, પણ તે સંસારના સુખની ઇચ્છાવાળાને. દુઃખને સહવાની અને સુખની સામે નજર પણ નહિ કરવાની તાકાત કેળવો, તો આ ધર્મ બહુ સહેલો છે. શ્રી નન્દન મુનિવર માસખમણને પારણે માસખમણ કરતા. લાખ્ખો વર્ષ પર્યન્ત માસખમણને પારણે માસખમણ કરવા

છતાં પણ, જ્યારે જુઓ ત્યારે એ પ્રસન્નમુખ જ જણાતા. એટલો તપ અને સાથે અપ્રમાદ પણ એવો. એમની કોઈ ક્રિયા સીદાતી નહિ. શાથી ? તેમણે ઇચ્છાને કચડી નાખી હતી ! શરીરબળ ખરૂં, પણ ઇચ્છા જો કચડાઈ ગઈ ન હોત, તો અપ્રમાદથી એટલી તપશ્ચર્યા થાત નહિ. આપણને તો વગર ભૂખે પણ ખાવાનું મન થાય છે. નક્કી કરો કે–ભૂખ લાગ્યા વિના તો ખાવું જ નહિ. જે જોવાનું મન થાય તે જોવું નહિ અને જે ખાવાનું મન થાય તે ખાવું નહિ, આટલો નિયમ કરવો છે ? જો માત્ર છ મહિના સુધી પણ આવો અભ્યાસ કરો, તો લાગે કે–દુઃખ ગયું. ભૂખ લાગ્યા વિના ખાવું નહિ –એટલું જ નહિ, પણ જ્યાં સુધી ખાધા વિના ચાલે, ભૂખ પીડીને પ્રમાદ લાવે નહિ, ત્યાં સુધી ખાવું નહિ–આવી ટેવ પાડો, તો જીભની આધીનતા ટળે ને ? પેટ માગતું હોય, એટલે તો જે મળે તે ચાલે ને ? પણ, પાપ કરાવનારાં કર્મોને કાઢવાં હોય, તો ને ? પાપ કરાવનારાં કર્મોને કાઢવાં છે–એવો નિર્ણય કરો અને જરૂરી અભ્યાસમાં લાગી જાઓ, તો દુઃખ તમને અડે નહિ અને મોક્ષ તમારી રાહ જુએ. શ્રી સિદ્ધિગિરિજીની યાત્રાએ આવીને, આ નિર્ણય અવશ્ય કરવો જોઈએ. આટલો મોટો આંટો, આટા માટે નહિ થઇ જવો જોઈએ.

સંસાર ખટકયો એમ કયારે કહેવાય ?

અહીં શ્રી સિદ્ધિગિરિજીની યાત્રાએ આવીને પણ તમે જો સંસારના સુખ તરફ જ લક્ષ્ય આપ્યા કરો, તો આવી સારી યાત્રા પણ ફળે શી રીતિએ ? સંસાર, એ તો આત્માનું વિકૃત સ્વરૂપ છે અને મોક્ષ, એ જ આત્માનું સાચું સ્વરૂપ

છે.–આવું ભાન ન થાય, ત્યાં સુધી વિકૃત સ્વરૂપને ટાળવાની અને પોતાના સ્વરૂપને પ્રગટ કરવાની ઈચ્છા થાય શી રીતિએ ? જેને પોતાનો સંસારપર્યાય ખટકે અને પોતાના મોક્ષસ્વરૂપને પામવાની ઈચ્છા થાય, તે જ મોક્ષને પામી શકે. સંસાર ખટકયા વિના, ગમે તેટલી ક્રિયાઓ કરાય તો પણ, મોક્ષ થાય નહિ. આપણને સંસાર ખટકે છે ખરો ? અને ખટકે છે, તો કયારે ખટકે છે ? સંસાર ખટકે છે તો ખરો, પણ તે તકલીફ આવે ત્યારે ને ? અનુકૂળતા મળે તો સંસાર ખટકતો નથી, પણ સારો લાગે છે. ત્યારે, એ સંસાર ખટકયો–એમ ન કહેવાય. સુખમાં, અનુકૂળતામાં પણ સંસાર ખટકે, આત્માનું વિકૃત સ્વરૂપ ખટકે, તો જ એને સંસાર ખટકયો એમ કહેવાય. જ્યાં સુધી વિકૃત સ્વરૂપ ખટકે નહિ, ત્યાં સુધી સાચા સ્વરૂપને પામવાની ઈચ્છા જન્મે નહિ અને સાચા સ્વરૂપને પામવાની ઈચ્છા જન્મ્યા વિના, શ્રી અરિહંતાદિ પાંચે ય પરમેષ્ઠિઓ જેવા રૂચવા જોઈએ, તેવા રૂચે નહિ. શ્રી અરિહંતાદિ પાંચે ય પરમેષ્ઠિઓને નમસ્કારાદિ કરવા છતાં, એ પાંચની ઓળખ કેટલી ? અને સાચી ઓળખ ન હોય, તો એ તારકોને નમસ્કાર કરતાં પણ જે ભાવ આવવો જોઈએ, તે ભાવ આવે શી રીતિએ ? શ્રી અરિહન્તાદિ પાંચે ય પરમેષ્ઠિઓના સ્વરૂપની વાતને વિચારો, તો એમાંના એકમાં પણ મોક્ષની વાત આવ્યા વિના રહે નહિ; એટલે, સંસાર ખટકયા વિના અને મોક્ષ રૂચ્યા વિના, શ્રી અરિહંતાદિ પ્રત્યે સાચો ભક્તિભાવ પ્રગટે જ શી રીતિએ ?

પરમેષ્ઠિઓ પ્રત્યે બહુમાન કયારે પ્રગટે ?

શ્રી અરિહંતાદિને તમે જે નમસ્કાર કરો છો, તે શા

માટે કરો છો ? એ તારકોને નમસ્કાર કરવાની સાથે, એ તારકોને ઓળખવાનો પ્રયત્ન પણ ખરો ?

સ૦ બહુમાન છે માટે નમસ્કારાદિ કરીએ છીએ.

એ તારકો પ્રત્યે બહુમાન થવાનું કારણ શું ? અને જ્યાં બહુમાન હોય, ત્યાં આછી પણ ઓળખ હોય; તેમ જ, ઓળખવાનો વિશેષ વિશેષ પ્રયત્ન પણ ચાલુ હોય.

સ૦ એમનું સ્થાન ઉંચું છે.

કોઈનું સ્થાન ગમે તેટલું ઉંચું હોય, પણ આપણને કામ ન લાગે તો આપણને તેની કિંમત કેટલી ? આપણે એ સ્થાન તરફ બહુમાન રાખવાનું કારણ શું ? એમનું સ્થાન ઉંચું શાથી ? શ્રી અરિહંત પરમાત્માએ તારક મોક્ષમાર્ગને પ્રગટાવ્યો, શ્રી સિદ્ધ પરમાત્માની અવસ્થા શ્રી સિદ્ધિગતિને પામવાની પ્રેરણા આપે છે અને શ્રી આચાર્ય આદિ મુનિવરો એ મોક્ષમાર્ગના પાલક, પ્રચારક અને પાઠક તથા એની સાધનામાં સહાયક થનારા છે, માટે જ પાંચે ય પરમેષ્ઠિઓનું સ્થાન ઉંચું છે ને ? આ પાંચ પ્રત્યે બહુમાન પ્રગટે, એટલે એ સ્થાનને પામવાની ઇચ્છા પ્રગટે જ; અથવા તો, એ સ્થાનને પામવાની ઇચ્છા જન્મે, એટલે આ પાંચના સ્વરૂપનો ખ્યાલ આવતાં, આ પાંચ તરફ બહુમાન પ્રગટ્યા વિના રહે જ નહિ. બહુમાન એટલે હૃદયનો આદરભાવ. જે સ્થિતિને બીજા પામ્યા હોય, તે સ્થિતિ આપણને ગમે, તે સ્થિતિ પામવા જેવી લાગે, તો જ તેમના પ્રત્યે આદરભાવ પ્રગટે ને ? પાંચ પરમેષ્ઠિઓ જે સ્થિતિને પામ્યા છે, તે સ્થિતિ જ કલ્યાણકારી છે–એમ જો લાગતું હોય, એ સ્થિતિને પામવાની જો અભિલાષા હોય અને આપણી અત્યારની સ્થિતિ આપણને જો ખટકતી હોય,

તો જ આપણે કહી શકીએ કે–અમને આ પાંચ પરમેષ્ઠિઓ પ્રત્યે બહુમાન છે. હૈયે સંસારનું એટલે કે સંસારના સુખનું બહુમાન હોય અને એ સુખ આ પાંચની સેવાથી મળશે–એમ લાગ્યું હોય, તો તેથી પણ ભક્તિ આદિ થાય એ બને; પણે એમાં વસ્તુતઃ પાંચ પરમેષ્ઠિઓ પ્રત્યે બહુમાન નથી, પણ સંસાર પ્રત્યે જ બહુમાન છે.

સંસારના સુખનો રાગ ખટક્યા વિના શ્રી વીતરાગના શરણને પામી શકાય નહિ :

શ્રી વીતરાગ સ્તોત્રમાં, શ્રી વીતરાગદેવની સ્તવના કરતાં, પરમ ઉપકારી–કલિકાલસર્વજ્ઞ–આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજાએ, એ વાતને સ્પષ્ટ કરી છે કે–જેને પોતાની શરણરહિત અવસ્થાનું ભાન થાય, તેને જ શરણું માગવાનું મન થાય. શ્રી વીતરાગના શરણને માટે બે શરતો અંગીકૃત કરવી જોઇએ; પણ શ્રી વીતરાગના શરણને સ્વીકારવાનું મન કયારે થાય ? હું શરણરહિત છું, એમ લાગે ત્યારે ને ? આ સંસારમાં આપણો આત્મા શરણરહિત છે, એનું આપણને ભાન થવું જોઈએ ને ? આપણને લાગે છે કે–આપણે શરણરહિત છીએ અને શરણરહિત છીએ માટે આપણે માથે ભય તોળાઈ રહ્યો છે ? સંસારનો આપણને ભય છે ? સંસારનો ભય ન હોય, તો આપણને આ સંસારમાં શરણની જરૂર છે–એમ લાગે શાનું ? અને શરણની જરૂર લાગ્યા વિના, આપણે શ્રી વીતરાગના શરણને સ્વીકારીએ શાના ? સંસારથી ભયભીત બન્યા વિના, શ્રી વીતરાગના શરણને સાચા ભાવે સ્વીકારી શકાય જ નહિ. જેને ભય લાગે અને એથી જે શરણની

શોધમાં પડે, તેની દશા કેવી હોય ? જે ભયભીત બને, તેને 'ભયથી બચાવનારનું શરણ સ્વીકાર'–એમ કહેવું પડે નહિ. એ જ શરણને માગે. એક કુતરાની પાછળ બીજાં કુતરાં પડ્યાં હોય છે, ત્યારે ભયભીત બનેલું કુતરૂં, કેવી રીતિએ ઘરમાં પેસી જાય છે અથવા જ્યાં રક્ષણ દેખાય ત્યાં કેવું લપાઈ જાય છે ? એને તમે શરણ ન આપો અને કાઢવા મથો, તો ય પાછળ પડેલાં કુતરાંઓનો એને એટલો બધો ભય લાગેલો હોય છે કે–એનું ચાલે ત્યાં સુધી તો એ ખસે નહિ. સંસારનો આપણને એવો ભય લાગ્યો છે ખરો ? 'ભગવન્ ! સંસારથી તાર, સંસારથી તાર !'–એવું આપણે બોલીએ છીએ ખરા, પણ હૈયામાં આપણને સંસારનો ભય ખરો ? સંસારનો ભય હોય અને 'દેવ–ગુરૂ–ધર્મ સિવાય મારે માટે કોઈ શરણ લેવા યોગ્ય નથી'–એમ લાગ્યું હોય, તો કહો ! શ્રી નમુત્થુણંમાં ભગવાનને શરણના દાતા તરીકે પણ સ્તવ્યા છે, પણ ખૂલાસો કર્યો છે કે–'ભવથી ભયને પામેલા જીવોને શરણનું દાન કરનારા !' ભગવાન પણ તેને જ શરણ આપી શકે, કે જેને સંસારનો ડર લાગ્યો હોય. ભવનો ડર લાગ્યા વિના તો, ભગવાન પણ શરણ આપી શકે નહિ; એટલે, આપણે જો શ્રી વીતરાગનું શરણ જોઈતું હોય, તો આપણને ભવનો ડર લાગવો જોઇએ અને 'ભવથી ઉગારનાર આ જ છે'–એમ પણ લાગવું જોઇએ. એ વિના, શ્રી વીતરાગનું શરણ મળે શી રીતિએ ?

સ૦ ઓઘથી પણ ભવનો ડર તો ખરો.

ઓઘે ઓઘે પણ સંસારનો ડર લાગ્યો હોય, તો સંસારથી છૂટવાની ઈચ્છા થયા વિના રહે જ નહિ. ભવનો ડર, એટલે

સંસારના દુઃખનો ડર કે સંસારના સુખનો પણ ડર ? સંસારનું સુખ પણ તજવા જેવું જ છે, એમ લાગે છે ખરૂં ? કે સંસારના સુખની તો પૂરી ઈચ્છા છે ? શ્રી વીતરાગના શરણુને પામેલામાં પણ, સંસારના સુખનો રાગ હોય–એ બને, પણ એને એ રાગ ખટકતો જ હોય. જેને સંસારના સુખનો રાગ ખટકે પણ નહિ, તે શ્રી વીતરાગના શરણુને પામ્યો જ નથી. મોહની આધીનતામાં સપડાએલો જીવ, શ્રી વીતરાગના શરણુને મેળવીને, મોહની આધીનતામાંથી છૂટી શકે; પણ મોહની આધીનતામાં રહેવું પડે તે ખટકે, તો એ શ્રી વીતરાગના શરણુને મેળવી શકે ને ?

દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના :

મોહની જાળમાંથી છૂટવાને માટે, શ્રી વીતરાગના શરણુને સ્વીકારવાની જરૂર છે. જેને મોહના બન્ધનમાંથી છૂટવાની તાલાવેલી લાગે, મોહનું સામ્રાજ્ય જેને ભયભીત બનાવી મૂકે અને આમાંથી છોડાવે તેવા એક શ્રી વીતરાગ જ છે–એમ જેને લાગે, તે શ્રી વીતરાગના શરણુને કેવા ભાવથી સ્વીકારે ? હું આ સંસારમાં શરણુરહિત છું અને એક શ્રી વીતરાગ જ શરણ લેવા યોગ્ય છે–એમ લાગ્યા પછી, શ્રી વીતરાગના શરણુને પામવાને માટે, શું કરવું જોઈએ ? એ માટે બે શરતો કહી. કયી ? પોતાના દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના ! જેનામાં આ બે ગુણો આવે, તે શ્રી વીતરાગના શરણે જઈ શકે ! પોતાનાં દુષ્કૃતો જેને ડંખે અને સુકૃતો જેને ગમે, તેને જ શ્રી વીતરાગ ગમે ને ? દુષ્કૃતો શું કરે ? મોહના સામ્રાજ્યમાં ભમાવે ! અને સુકૃતો શું કરે ? મોહના બન્ધનમાંથી છટવામાં

મદદ કરે ! આપણને આપણાં દુષ્કૃતો ડંખે છે ખરાં ? પોતાનાં દુષ્કૃતોની નિન્દા કયારે થાય ? ‘ મારાં દુષ્કૃતો જ મારી સઘળી ખરાબીનું મૂળ છે ’–એમ લાગે તો ને ? દુષ્કૃતના ત્યાગની વાત તો પછી છે, પણ દુષ્કૃત તરફ અણગમો તો ખરો ને ? અણગમો ન હોય, તો એની નિન્દા થાય શી રીતિએ ? આપણા જીવનમાં દુષ્કૃત કેટલાં છે અને સુકૃત કેટલાં છે, એનો વિચાર, તમે, કદી પણ કરો છો ખરા ?

સ૦ દુષ્કૃત ઘણાં હોય ત્યાં શું થાય ?

દુષ્કૃત ઘણાં હોય અને સુકૃત થોડાં પણ હોય, પણ દુષ્કૃતને તજવાની ને સુકૃતને સેવવાની વૃત્તિ ખરી ? સુકૃત થોડું પણ થાય, તો તેનો આનંદ ખરો ને ? સરસવ જેટલું સુકૃત હોય, પણ તે જેટલું થાય છે તેટલું ભાવપૂર્વકનું થાય છે ને ? દુષ્કૃત મોટે ભાગે, સુકૃત થોડું, છતાં સુકૃતના ભાવની વાત આવે કે–લોચા વળે. ભાવ કેમ આવતો નથી ? દુષ્કૃત ઉપર તિરસ્કાર જન્મ્યો નથી, માટે ને ? એટલે, વસ્તુતઃ નથી દુષ્કૃતની નિન્દા કે નથી સુકૃતની અનુમોદના ! સુકૃત સારા ભાવે કયારે થાય ? દુષ્કૃત ખટકે તો ! દુષ્કૃત ખટક્યા વિના, સુકૃત સારા ભાવે થાય નહિ ! પહેલાં દુષ્કૃતની નિંદા કહી અને તે પછી સુકૃતની અનુમોદના કહી, એનું કારણ શું ? દુષ્કૃત નિન્દાપાત્ર છે–એમ લાગ્યા વિના, સુકૃત અનુમોદનાને પાત્ર લાગે જ નહિ !

દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના દ્વારા શ્રી વીતરાગના શરણને કેમ પમાય ?

દુષ્કૃત નિન્દાપાત્ર લાગે, એટલે વિષયનો રસ અને

કષાયનું જોર, નિન્દાપાત્ર લાગે જ ને ? આત્માને દુષ્કૃતનો રસ લગાડનાર કોણ છે ? પુણ્યકર્મના ઉદયથી અને જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપશમાદિથી જે સામગ્રી અને જે શક્તિ મળી હોય, તેનો દુષ્કૃતમાં ઉપયોગ કરવાને પ્રેરનાર કોણ છે ? કહો કે–વિષયનો રસ અને કષાયનું જોર. તમે તમારાં દુષ્કૃતોને યાદ કરો અને એ દરેકના કારણની તપાસ કરો. જો વિષયનો રસ ન હોત અને કષાયનું જોર ન હોત, તો તમારાથી થયેલાં દુષ્કૃતો પૈકી એવું કયું દુષ્કૃત છે, કે જેને તમે આચર્યું હોત ? ત્યારે દુષ્કૃત જેને નિન્દાપાત્ર લાગે, તજવા જેવું લાગે, તેને વિષયનો રસ અને કષાયનું જોર નિન્દાપાત્ર લાગ્યા વિના રહે ? એને તજવાનું મન થયા વિના રહે ? પછી, સુકૃત પણ વિષયના રસથી અને કષાયના જોરથી કરવાનું મન થાય ખરું ? વિષયના રસથી અને કષાયના જોરથી જો સુકૃત કરવાનું મન થાય અગર તો કરેલા સુકૃતના બદલામાં જો વિષયસુખની અને કષાયસુખની અભિલાષા આવી જાય, તો એ ય અટકચા વિના કેમ જ રહે ? વિષયનો રસ અને કષાયનું જોર ઘટે, એ માટે સુકૃત છે ને ? જે કારણથી દુષ્કૃત જન્મે, તે જ કારણથી જો સુકૃત જન્મે, તો એ દુષ્કૃત અને એ સુકૃતમાં ફેર કેટલો ? દુષ્કૃતથી બચાવનાર સાધનને પણ દુષ્કૃતના કારણને પોષનાર બનાવાય, તો એ સુકૃત પણ દુષ્કૃત કરતાં વધારે ખરાબી કરનાર નિવડે, તો એમાં નવાઈ પામવા જેવું શું છે ? સુકૃત, એ દુષ્કૃતની પ્રતિપક્ષી વસ્તુ છે, એટલે દુષ્કૃતના કારણનું પ્રતિપક્ષી કારણ જ સુકૃતના આચરણમાં હોવું જોઈએ ને ? સુકૃતના સેવન દ્વારા દુષ્કૃતનું કારણ નાશ પામે, એવો જ ભાવ હોવો જોઇએ ને ? 'વિષયનો રસ અને

કષાયનું જોર મને દુષ્કૃતમાં યોજનાર છે, માટે હું સુકૃતને આચરું, કે જેથી મારો વિષયનો રસ અને કષાયનું જોર ઘટે અને અન્તે એનાથી હું છૂટું, એટલે મારાથી કદી પણ દુષ્કૃત થવા પામે નહિ'–આવા પ્રકારનો ભાવ, સુકૃતના આચરણમાં જોઈએ ને ? આવી વૃત્તિ જેનામાં આવે, તે જ સાચા ભાવે દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના કરી શકે ને ? આવી વૃત્તિથી, પોતાના દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના કરનારા આત્માને, એમ જ લાગે કે–'એક શ્રી વીતરાગ સિવાય મારે માટે કશું જ શરણ યોગ્ય નથી અને શ્રી વીતરાગનું શરણ સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી, કારણ કે–એ વિષય અને કષાયથી મૂકાએલા છે અને મારે વિષય અને કષાયથી મૂકાવું છે !' વિષયનો રાગ પણ હોય અને કષાયનું જોર પણ હોય, પરન્તુ જો એ ખટકે તો જ શ્રી વીતરાગના શરણને સ્વીકારી શકાય અને શ્રી વીતરાગના શરણને સ્વીકારીને પ્રયત્ન કરતે કરતે વીતરાગ બની શકાય.

ઘાતી અને અઘાતી કર્મો તરફ કેવો ભાવ છે ?

વિષયનો રસ અને કષાયનું જોર, આપણને દુષ્કૃતમાં યોજે છે, પણ વિષયનો રસ અને કષાયનું જોર કોના પ્રતાપે છે ? એવા પ્રકારના પાપકર્મનો યોગ આપણને છે, માટે જ આપણે વિષયો તરફ અને કષાયો તરફ ખેંચાઇએ છીએ, એમ થાય છે ? વિષય–કષાયની આધીનતા, એ જ સંસાર છે. સંસારમાં રહેવાનો સ્વભાવ આપણો નહિ; આપણો સ્વભાવ તો મોક્ષમાં રહેવાનો; પણ કર્મે આપણને સંસારમાં રોકી રાખ્યા છે. કર્મના યોગે જ, આપણે અનાદિકાલથી રખડીએ

છીએ. કર્મને બાંધનાર કોણ ? કર્મનો યોગ અનાદિથી છે, પણ જૂનાં કર્મ જાય તે પહેલાં નવાં કર્મ બાંધવાની ભૂલ આપણે કરી, એટલે કર્મનો યોગ કાયમનો કાયમ રહ્યો. આપણને સંસારમાં રખડાવનાર કર્મનો યોગ છે, પણ આપણે તેને ઓળખી શકયા નહિ, માટે જ હજુ સંસારમાં રખડવાનું ચાલે છે ને ? હવે તો, આપણે કર્મને ઓળખી લીધાં છે અને આપણે એને કાઢવાની મહેનતમાં જ છીએ, એમ માની લઉં ને ? આપણને સંસારમાં રખડવાનું મન નથી, સંસારમાં રખડવું એ આપણો સ્વભાવ નથી, છતાં કર્મે જ આપણને અનાદિકાલથી સંસારમાં રખડાવ્યા છે અને હજુ પણ કર્મ આપણો પીછો છોડતાં નથી, એટલે કર્મ ઉપર આપણો ગુસ્સો ઘણો ને ? પણ એ સ્થિતિ નથી. કર્મ ઉપર ગુસ્સો ખરો, પણ તે દુઃખ આપનારાં કર્મો ઉપર. સુખ આપનારાં કર્મો ઉપર તો પ્રેમ અને જરૂર લાગે તેટલાં પાપ કરવાની શક્તિ આપનાર કર્મ ઉપર પણ....? સંસારના સુખને મેળવવાને માટે, સંસારના મળેલા સુખને સાચવવાને માટે, આવી પડેલા દુઃખનો નાશ કરવાને માટે અને દુઃખ આવે નહિ તેવી જોગવાઈ કરવાને માટે જરૂરી લાગે તેવાં પાપો આદિની પ્રેરણા આપનારાં કર્મો ઉપર શું છે, તે તમે કહો. ધર્મ કર્મનિર્જરા માટે છે, પણ આપણે કયાં કર્મોની નિર્જરા કરવી છે, એ તમે નક્કી કર્યું છે ? પાપની પ્રેરણાદિ આપનાર કર્મ ઉપર રોષ ન હોય, તો તમે જે બધી ધર્મક્રિયા કરો છો, તેની પાછળ કયો ભાવ છે ? એ તો જ્ઞાની કહી શકે અથવા પ્રામાણિક અને વિવેકી બનીને આપણે કહી શકીએ. મોટે ભાગે તો એ જ ભાવ જણાય છે કે–'દુઃખ નથી જોઇતું તથા સંસારનું સુખ ખૂબ જોઇએ છે અને એથી સંસારના

સુખની સામગ્રી ખૂબ મળે એવી ઇચ્છા છે. એને ટકાવવાનું, એમાં આવતાં વિઘ્નોને ટાળવાનું બળ જોઈએ છે.' આવી ઇચ્છાવાળો, સુખ આપનારા કર્મ ઉપર ખૂબ રાજી હોય અને એનાં સાધનો ઉપર રાગી હોય. આમ, પાપ કરાવનારા કર્મની સાથે ઠીક ઠીક મેળ છે ને? ઘાતીકર્મ સાથે ગાઢ મૈત્રી અને જે અઘાતી છે, તેમાં જે શુભ છે, તેના ઉપર પ્રેમ અને જે અશુભ છે, તેના ઉપર દ્વેષ–આ ત્રણમાં હા પાડો, એટલે શ્રી જૈન શાસનની છાયાને પામવાની લાયકાત પણ પ્રગટી નથી, એમ નક્કી થાય.

ભૂતકાળમાં કરેલી ભૂલ અહીં કરવી છે?

આટલી બધી તારક સામગ્રીને પામવા છતાં પણ, આપણામાં ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને પામવાની લાયકાત પ્રગટી ન હોય અથવા એ લાયકાતને પામવાની વૃત્તિ આવી ન હોય, તો પરિણામ શું આવે? તમે–અમે વર્ષોથી ધર્મ કરીએ છીએ ને? વર્ષોથી ધર્મ કરનારા આપણે, એ તો તપાસીએ ને કે–'મારી ધર્મકરણીએ મારા રાગને કેટલો ઘટાડ્યો અને ત્યાગની ભાવનાને કેટલી વિકસાવી?' ભૂતકાળમાં પણ આપણે ધર્મ નહિ કર્યો હોય? ભૂતકાળમાં ય આપણે ઘણી ધર્મક્રિયાઓ કરેલી, છતાં પણ આપણી દશા આવી કેમ? ભૂતકાળમાં આપણે ધર્મ ન કર્યો હોત, તો આપણે અહીં શી રીતિએ આવત? શ્રી જિનશાસનની નિકટમાં આવી પહોંચ્યા, એ પ્રતાપ ધર્મનો; પણ આટલી સારી સામગ્રી મળવા છતાં ય જો સંસારનો રાગ ઘટે નહિ, તો એ પ્રતાપ કોનો? ભૂતકાળમાં ધર્મ કરતાં કરેલી ભૂલોનો જ ને? ત્યારે જે ભૂલ

ભૂતકાળમાં કરેલી, તે જ ભૂલ પાછી અહીં કરીએ, તો પરિણામ શું આવે ? ધર્મ સંસારના રાગને પોષવાને માટે નથી, પણ સંસારના રાગને કાઢવાને માટે ધર્મ છે. ધર્મ કરતાં, સંસારનો રાગ પોષાવો નહિ જોઇએ પણ કપાવો જોઈ એ. સંસારના રાગને વશ બનીને, ગમે તેટલો ધર્મ ગમે તેટલાં વર્ષો પર્યન્ત કરવામાં આવે, તો પણ એ સંસારથી તારનારો બને શી રીતિએ ? એવાને માટે તો, તે જેમ જેમ ધર્મ કરતો જાય, તેમ તેમ એનો સંસારનો રાગ ગાઢ બનતો જાય, એવું જ પરિણામ આવે ને ?

ધર્મસામગ્રી ઉપરનો પ્રેમ ઘાવમાતા જેવો છે ?

આજે આપણને ધર્મની સામગ્રી પણ મળી છે અને સંસારની સામગ્રી પણ તમને તો મળી જ છે. સંસારની સામગ્રી ઉપર તમને ખૂબ પ્રેમ છે, એમે ય જણાઈ આવે છે. હવે ધર્મની સામગ્રી ઉપર પ્રેમ ખરો કે નહિ ?

સ૦ ધર્મની સામગ્રી ઉપર પ્રેમ તો ખરો જ !

ધર્મની સામગ્રી ઉપર પ્રેમ છે, પણ તે કેવો ? પાડોશીના ઘર સાથે હોય તેવો ને ? પાડોશીના ઘરમાં નુકશાન થાય, તેની આપણને અસર કેટલી ? બીચારાનું બગડ્યું એમ થાય, પણ આપણા ઘરમાં એથી થોડું પણ નુકશાન થાય અને આપણને એની જેવી અસર થાય, તેવી અસર પાડોશીના ઘરે થયેલા નુકશાનથી કાંઈ થોડી જ થાય ? ઘણાને સંસારની સામગ્રી ઉપર તો એટલો બધો પ્રેમ છે કે–મૂકીને જવું પડશે તે દિ' ય રોતા જવાના, પણ દિલથી છોડવાના નથી. મૂકવા વગર છૂટકો નહિ હોય ત્યારે મૂકશું તો ખરા, પણ હૈયાથી નહિ–એમ જ ને ? એની જ સાથે ધર્મસામગ્રી ઉપરના પ્રેમનો

વિચાર કરો. ધર્મની જે સામગ્રી મળી છે–એનો પ્રેમ નથી એમ તો નહિ, એમ તમે કહો છો; પણ તમારો એ પ્રેમ કેવો છે, એ તો કહો!

સ૦ ધાવમાતા જેવો.

ધાવમાતાને શેઠનો છોકરો જેટલો વહાલો હોય તેટલો તમને ધર્મ વહાલો છે અને એને પોતાના છોકરા ઉપર જેવો પ્રેમ હોય તેવો તમને સંસાર ઉપર પ્રેમ છે, એમ જ ને? આ વર્ષોના અનુભવી માણસે સાચી વાત કહી દીધી. ધાવમાતા જેવી મનોદશા સંસાર તરફ જોઇએ, તેને બદલે ધર્મ તરફ ધાવમાતા જેવી દશા છે ને? શેઠના છોકરા ઉપર ધાવમાતાનો પ્રેમ શા માટે? પોતાનો સ્વાર્થ સધાતો હોય, તો જ ધાવમાતા શેઠના છોકરા ઉપર પ્રેમ રાખે ને? ધાવમાતાને ખૂશ ન રાખો, તો વખતે એ ગળું ય ટુંપે કે નહિ? દાગીના પહેરાવ્યા હોય અને કોઇ જાણે તેમ ન હોય, તો ગળે ટુંપો દઇને દાગીના કાઢી લે–એવું ય બને કે નહિ? કોઇક વખતે એમાં જાનનું ય જોખમ ને? તેમ, તમને પણ જે દિ' આ ધર્મથી જે જોઇએ છે તે ન મળે, તે દિ' તમને ધર્મ ઉપર અપ્રેમ થતાં વાર લાગે નહિ ને? આ તો કહે કે–આપણે ધારતા'તા કે અમુક કરવાથી અમુક થશે, પણ હવે ચમત્કાર ગયો. આપણને દેવના દેવત્વની કિંમત નથી, પણ એના દ્વારા આપણું કામ થતું હોય, તો જ તેનો આપણને ખપ છે. આવી દશા હોવાથી, આજે જે ધર્માનુષ્ઠાનો થાય છે, તે ઘણે ભાગે વિષ અથવા ગરલ થાય છે અને કદાચ અનનુષ્ઠાનમાં ગણાય તેવાં ગતાનુગતિકપણે થાય છે. જેઓ સંસારમાં પક્કા હોય, તેઓ તો પ્રાયઃ વિષ અને ગરલ જ કરે. અનનુષ્ઠાન કરનાર તો,

મુગ્ધાદિ જીવો હોય છે. આપણે જોઈએ છે–તદ્‌હેતુ અનુષ્ઠાન અને અમૃત અનુષ્ઠાન, પણ જ્યાં સુધી ધર્મ તરફ ધાવમાતા જેવો પ્રીતિભાવ હોય, ત્યાં સુધી એ આવે શી રીતિએ ?

મોહનીય કર્મ સાથેની ગાઢ મૈત્રી :

જેઓએ અનેક વાર સાંભળ્યું છે કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં વિષાદિ અનુષ્ઠાનોનો નિષેધ કરાએલો છે, તેઓ જો વિષાદિ અનુષ્ઠાનોને આચરતા હોય અને વિષ–ગરલનો જે ભાવ આવે છે તે તેમને ખટકતો પણ ન હોય, તો એ વાત નિશ્ચિત થાય છે કે–સંસારનું સુખ તેમને ખૂબ ખૂબ ગમે છે અને પોતાના કર્મે આવી પડતા દુઃખને સહી લેવાની તેમની જરા ય ઇચ્છા નથી. એવાઓને ઘાતી કર્મની, મોહનીયની લાગણીઓ બહુ આનંદ આપે, એમાં કાંઈ નવાઇ નથી. રાત–દિવસ એને સંસારના સુખની જ ચિન્તા હોય છે. સંસારના સુખને ઇચ્છનારા બધાને, સંસારનું સુખ મળી જતું નથી, પણ મોટો ભાગ ઇચ્છામાં ને આશામાં હેરાન કરે છે ને ? સંસારના સુખની ઇચ્છા ને આશા કરાવનાર કોણ ? ઘાતી કર્મનો–મોહનીય કર્મનો ઉદય ! એની સાથે જેને ગાઢ મૈત્રી હોય, તેને શ્રી અરિહંત અને શ્રી સિદ્ધ આદિ સાથે શો મેળ હોય ? અને જ્યાં મેળ ન હોય, ત્યાં વળી બહુમાન કેવું ? એ વિના, સાચો નમસ્કાર પણ કેવો ? અને એ નમસ્કારથી, એને પોતાને જે લાભ થવો જોઈએ, તે લાભ થાય શી રીતિએ ? જે લોકો, આત્માને બીજા પદાર્થની અસર નથી થતી –એમ કહે છે, તે મૂર્ખા છે. આત્મા ઉપર બીજા પદાર્થની અસર થતી જ નથી–એવું માનનારો, કોઇ પણ વાતનો નિકાલ કરી

શકે તેમ નથી. આત્મા ઉપર જો બીજા કોઇ પદાર્થની અસર થતી જ ન હોત, તો જીવ કદી પણ સંસારમાં ભટકતો ન હોત ! આત્મા ઉપર કર્મની અસર છે, માટે જ આપણે સંસારમાં ભટકીએ છીએ ને ? આત્મા ઉપર કર્મની અસર છે, માટે જ આવી ઉત્તમ સામગ્રી મળવા છતાં ય, સંસારનો તમારો રાગ હાલતો નથી ને ? આત્મા ઉપર કર્મની કશી જ અસર થતી નથી, એવું કહેનારાને પૂછો કે–તો સંસારના સુખનો લોભ આત્માને હોય ? આત્મા સંસારના સુખના લોભે જ સંસારમાં ભટકાવનાર કર્મને બાંધે છે ને ? સંસારના સુખ ઉપરનો રાગ ખસે અને એના ઉપર દ્વેષ પ્રગટે, એ કયારે બને ? લઘુકર્મિતા થાય તો ! લઘુકર્મિતા કયારે થાય ? શ્રી જિનવાણીનું શ્રવણ, એ વગેરે પણ લઘુકર્મિતાને પામવાના ઉપાયો છે. લઘુકર્મિતા સાથે આત્મા, પણ તેમાં ઉપદેશ નિમિત્ત બની શકે. જો આત્મા ઉપર બીજા કોઇ પદાર્થની અસર જ થતી ન હોત, તો ઉપદેશ દેવાનું પણ માંડી વાળવું પડત.

કર્મે આપેલા સુખ–દુઃખના જ રાગી–દ્વેષીને ધર્મની સાથે શું લાગે–વળગે છે ?

શું આત્માનો સ્વભાવ, સંસારના સુખનો લોભ કરવાનો છે ? વિષયોના અભિલાષ અને કષાયોનો ધમધમાટ, એ શું આત્માનો સ્વભાવ છે ? નહિ જ, તો આ બધું કોના પ્રતાપે છે ? કર્મના યોગના પ્રતાપે ! કર્મની આત્મા ઉપર આ જેવી–તેવી અસર નથી. કર્મનો યોગ હોવા છતાં પણ, ભવલઘુતાની સાથે જો લઘુકર્મિતા થાય, તો જ 'સંસારના સુખના લોભે આત્માને કેટલો બધો પાયમાલ કરી નાખ્યો છે'–એનો ખ્યાલ

આવે. સંસારના સુખનો લોભ ન હોત, તો ધર્મમાં વાંધો ન આવત. ધર્મમાં આવતા બધા વાંધા, મોટે ભાગે, સંસારના સુખના લોભથી જ આવે છે. ધર્મમાં વાંધા આવે, એનું દુઃખે ય કેટલું ? સંસારનું કામ ન થાય, તો શું થાય અને ધર્મનું કામ ન થાય, તો શું થાય ? અમુક મુશ્કેલી આદિના કારણે ધર્મનું કામ ન થઈ શકે–એ બને, પણ ભાવના શી હોય ? કર્મના યોગે આવતું જે દુઃખ–તેનો જે દ્વેષી અને કર્મના યોગે આવતું જે સુખ–તેનો જે રાગી, એ ઓઘો લઈને ફરે તો ય શું વળે ? એવા દ્વેષમાં જ ને એવા રાગમાં જ આનંદ માનનારો, ધર્મ શું કામ કરે છે, એ જ એક મોટો સવાલ છે. એને ને ધર્મને લાગે–વળગે શું ? એને મેળ, સુખ આપનારા કર્મ જોડે અને એ સુખની ઈચ્છા કરાવનાર, એ સુખને મેળવવા માટે જરૂરી પાપ કરાવનાર કર્મ જોડે ! પછી, એ દુઃખી ન થાય તો બીજું થાય પણ શું ? ધર્મક્રિયાદિનું કષ્ટ સહે, એથી પુણ્ય બંધાય અને એ પુણ્યના ઉદયે સુખસામગ્રી મળે, પણ સુખસામગ્રીની હાજરીમાં ય એ સુખ ભોગવી શકે નહિ. વિષયની લોલુપતાના અને કષાયની આધીનતાના યોગે, એના હૈયામાં અસમાધિ અને દુર્ધ્યાનનો દાવાનળ સળગ્યા કરતો હોય. એના પરિણામે, એ કેવા ભયંકર દુષ્કર્મને ઉપાર્જે ? સુખસામગ્રીવાળો કાળ ટૂંકો, એ કાળમાં ય સુખનો અનુભવ કરી શકે નહિ અને પછી એ કાળમાં ઉપાર્જેલાં દુષ્કર્મોના પ્રતાપે જ્ઞાની જાણે કેટલો ય લાંબો કાળ એ દુર્ગતિઓનાં દુઃખોને ભોગવ્યા કરે. સંસારના સુખની સામગ્રી પણ ધર્મથી જ મળે; ધર્મ વિના તો, સંસારના સુખની સામગ્રી પણ મળે જ નહિ; પણ એ સુખના લોભીયા બનીને એને માટે જ ધર્મ કરવાની વૃત્તિ રહ્યા કરે, તો દુઃખ

જાય નહિ અને જોઈતું સુખ કદી પણ મળે નહિ !

સારા-ખરાબનું માપ મનોવૃત્તિ ઉપરથી કઢાય :

તમે અહીં આવ્યા તે પણ પૈસા ખર્ચીને આવ્યા અને અહીં પણ તમે પૈસા ખર્ચવાને માટે આવ્યા, તે શું ગાંડા છો કે-મળેલા અગર તો ચેન કેન પણ મેળવેલા પૈસાને તમે આમ વેડફી નાખો ? પૈસા તજવા જેવા લાગ્યા હોય અને એથી પૈસા ઉપરની મમતાને ઉતારવાને માટે તમે અહીં આવ્યા હો, તો કહો !

સ૦ શક્તિ મુજબ ખર્ચ કરીએ.

ખર્ચ કરવાની વાત તો પછી, પણ ખર્ચ કરવાના હેતુની વાત છે. જે કાંઇ ખર્ચો કરો છો, તે શા માટે ખર્ચો છો ? તમે કાંઈ ગાંડપણથી ખર્ચતા નથી, ત્યારે મનમાં ભાવ શો છે ? અહીં ખર્ચીએ, તેનાથી આગળ વધારે મળે, એવો ભાવ ખરો કે નહિ ? થોડા ખર્ચીએ અને ઘણા મળે, એમ મનમાં બેઠેલું છે કે નહિ ? એક પાઇ ખર્ચો, પણ ધનની મૂર્ચ્છા ઉતારવાની વૃત્તિથી ખર્ચો, તો એ બહુ કિંમતી છે. સમકિતી પૈસા ન જ રાખે-એમ નહિ, પણ 'પૈસા રાખવા જેવા છે'-એમ તો એ ન જ માને. તમારી પાસે તો કાંઈ ધન નથી, પણ જેમની પાસે મહા ધન હતું, એવાને ય શાસ્ત્રે સમકિતી કહ્યા છે. જેમને ત્યાં ધનના હિસાબ નહોતા, જેમને ધન તીજોરીમાં રાખવું પડતું નહોતું પણ જેમને ત્યાં ધનના ઢગલા ખડકાતા હતા, જેમને ત્યાં જ્યાં હાથ નાખો ત્યાં ધન હોય-એવા એ શ્રીમંત હતા, એવાને ય શાસ્ત્રે સમકિતી કહ્યા છે; ત્યારે તેની પૂંઠે કારણ તો હશે ને ? પૈસા નહિ રાખવાથી કે પૈસાને

છોડી દેવાથી જ સમકિત આવે, એવું નથી. સાધુપણું, એ એવો ધર્મ છે કે–એ ધર્મ જોઇએ તો પૈસાને છોડવા જ જોઈએ; પણ સમકિત કે દેશવિરતિ માટે એવું થોડું જ છે ?

સ૦ પૈસા ન હોય તે સારૂં ખરૂં ને ?

પૈસાનું મમત્વ ન હોય તે સારૂં. ભિખારી પણ સમકિતી હોઈ શકે અને શ્રીમંત પણ સમકિતી હોઇ શકે. ભિખારી ય મિથ્યાદૃષ્ટિ હોઈ શકે અને મહા શ્રીમંતે ય મિથ્યાદૃષ્ટિ હોઇ શકે. ભણેલા પણ સમકિતી હોઇ શકે અને અભણ પણ સમકિતી હોઈ શકે. ભણેલા ય મિથ્યાદૃષ્ટિ હોઈ શકે અને અભણે ય મિથ્યાદૃષ્ટિ હોઈ શકે. સારા કે ખરાબનું માપ, શ્રીમંતાઈ કે ગરીબાઇ અથવા ભણતર કે અભણપણા ઉપરથી જ નીકળી શકે નહિ. સારા કે ખરાબનું માપ, મુખ્યત્વે મનોવૃત્તિ ઉપરથી કઢાય. એવા ભિખારી પણ જોયા છે કે–એમના આગળ શ્રીમંત રાંકડા લાગે. દયા ખાવા લાયક–એ ન હોય, પણ શ્રીમંત હોય ! શ્રીમંત માણસ તો વાત વાતમાં કહે કે–વખત નથી. નાશભાગ કર્યા જ કરે. પેલો ટુકડા રોટલામાં પણ સુખે જીવે અને અધિકની ઇચ્છા કરે નહિ. એ બેમાં સારો કોણ ? એવી જ રીતિએ, એવા શ્રીમંત પણ હોય, કે જેમને ધન તજવા જેવું છે–એમ લાગી ગયું હોય અને બીજી તરફ જેની પાસે ધન ન હોય, તે એવા પણ હોય, કે જેઓ ધનની લાલસામાં જ જીવતા હોય; તો એ બેમાં સારો કોણ ?

દૃષ્ટિની એકતા :

ગૃહસ્થની દૃષ્ટિ સાધુ જેવી હોવી જોઈએ. સાધુમાં અને શ્રાવકમાં વ્રતાદિનો ફેર ખરો, કરણીમાં ફેર ખરો, સાધુ

સર્વત્યાગી અને ગૃહસ્થ ઘરબારી, છતાં પણ એ બેની દૃષ્ટિમાં વિરોધ નહિ જોઈએ. દૃષ્ટિ એટલે માન્યતા. શ્રાવકે ય સમ્યગ્દૃષ્ટિ અને સાધુ ય સમ્યગ્દૃષ્ટિ ! તમારે તો બહુ સાવધ રહેવાનું. ઘરમાં રહેવું ને 'ઘરમાં રહેવું એ બરાબ છે'–એમ માનવાનું. ઘરમાં રહેવા છતાં ય, 'હું પારકી પંચાતમાં બેઠો છું'–એમ શ્રાવકને થાય. અમારું મન બગડે તેવું સાધન નથી, છતાં પણ અમારું મન જો બગડે, તો અમે મહા કમનસીબ અને તમે એવા સંયોગોમાં બેઠા છો કે–તમારું મન ન બગડતું હોય, તો તમે મહા ભાગ્યવાન !

કલિકાલના જીવોના ગુણો :

તમે વિચાર તો કરો કે–તમને સંસારમાં રહેવામાં રસ ઉપજે, એવું તમારી પાસે છે જ શું ? પરમ ઉપકારી, આચાર્ય-ભગવાન શ્રીમાન્ મુનિસુન્દરસૂરીશ્વરજી મહારાજા જ્યારે આ કલિકાલના જીવોનો વિચાર કરવાને બેઠા, ત્યારે એ મહાપુરૂષને પણ થઈ ગયું કે–આ જીવોની પાસે એવું છે જ શું, કે જે આ જીવોને સંસારમાં રહેવામાં રસ ઉપજાવી શકે ? કલિકાલના જીવોની પાસે એવી કયી સામગ્રી છે, કે જે એમને સંસારમાં રહેવાને લોભાવી શકે ? પણ પાછો પ્રશ્ન થયો કે–જો એવી સામગ્રી નથી, તો પછી કલિકાલના જીવો સંસારને છોડતા કેમ નથી ? પછી, એ મહાપુરૂષે નિર્ણય કર્યો કે–કલિકાલના જીવો એવા એવા ગુણોથી સંપન્ન છે, કે જેથી સંસાર એમને છોડે નહિ. એ ગુણો પૂર્વકાલના ઉત્તમ જીવોમાં નહોતા, માટે એમને સંસારે સંઘર્યા નહિ અને કલિકાલના જીવોમાં એ ગુણો છે, માટે એમને સંસાર સંઘરે છે. આમ કહીને,

એ મહાપુરૂષે કલિકાલના જીવોમાં રાગાદિ સેવકજનો તરફ વાત્સલ્ય આદિ જે ગુણો રહેલા છે, તે વર્ણવ્યા છે.

સ૦ એ દોષ કહેવાય કે ગુણ ?

છે તો દોષ જ, પણ ચાનક લગાડવાને માટે એ મહાપુરૂષે ગુણ શબ્દનો પ્રયોગ કર્યો છે.

કાલાદિના નામે કરાતો બચાવ :

પૂર્વે એવા પણ સુખી માણસો થઈ ગયા છે, કે જેમને ત્યાં ઋદ્ધિનો પાર નહોતો. એ વેપાર કરીને જ કમાયા હતા, એવું પણ નહોતું. ધનમાં જન્મ્યા હતા અને ધનમાં જીવ્યા હતા. કુટુંબાદિ પણ એટલું બધું અનુકૂળ કે–સૌ હાથ જોડીને ઉભા રહે. જે હોય તે એની બીરૂદાવલી બોલે, પણ કોઈ એનું ભૂંડું બોલનાર મળે નહિ. એવાઓ પણ, વાત–વાતમાં, સંસારને લાત મારીને નીકળી ગયા. એમને ત્યાગ કરવાની વૃત્તિ કેમ આવી ? મહીં બેઠેલું અથવા તો બેહું કે–આ બધું તજવા જેવું જ છે.

સ૦ એ કાળ તો સારો ને ?

પાંચમા આરાનો કાળ પણ એવો નથી કે–એવો ભાવ ન જ આવી શકે. કાળના નામે, આ તો કહી દીધું કે–અમે છીએ તો સારા, પણ કાળ ખરાબ છે ! કાળ જ્યારે ખરાબ જ આવશે, ત્યારે આ વાત નહિ હોય. છઠ્ઠા આરામાં ભગવાનનું શાસન નહિ હોય. આ તો પાંચમો આરો છે. કાળ પડતો છે, પણ ભગવાનનું શાસન વિદ્યમાન છે. આવા કાળમાં પણ, આપણને ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું શાસન મળ્યું, એટલે આપણે માટે તો આ કાળ જ ઉત્તમ. સારા કાળમાં

પણ જો ભગવાનના શાસનને ન પમાય, તો સારો પણ કાળ સારા માટે થાય શી રીતિએ ? કાળ, ભવિતવ્યતા, કર્મનો ઉદય આદિના નામે, આજે કેટલાકોને પોતાનો બચાવ કરવાની ટેવ પડી ગઈ છે. શકય એટલો પુરૂષાર્થ કરવા છતાં પણ ધાર્યું પરિણામ ન આવે, ત્યારે ય, પહેલાં તો એ શોધવું જોઇએ કે–'મારા પુરૂષાર્થમાં કયાં ય ભૂલ તો થઇ નથી ને ? મારી ભૂલે તો, મારો પુરૂષાર્થ, ધાર્યું ફલ આપવાને અસમર્થ બન્યો નથી ને ?' પછી, હતાશ ન થવાય તેટલા પૂરતો કાલાદિનો વિચાર કરીને પણ, પુરૂષાર્થને જારી રાખવો જોઈ એ. આજે તો, મોટે ભાગે પુરૂષાર્થ ઘણો થોડો અને તે પણ અનેક દોષોથી ભરેલો, છતાં પણ વાત વાતમાં કાલાદિના નામે બચાવ કરે. અહીં કાલાદિના નામે બચાવ કરીને, તમે કદાચ બીજાઓની પાસે સારા માણસ ઠરી શકશો, પણ તેથી સારૂં ફલ થોડું જ મળવાનું છે ?

આપણી ભૂલમાં બચાવ શોધીએ અને પારકી ભૂલમાં ?

પોતાની વાતમાં અની બીજાની વાતમાં ફેર છે. આપણી ભૂલ જોવી અને બીજાનો બચાવ કરવો, એ શીખવું જોઈ એ. સાચું સારી રીતિએ, હિતકર થાય તેમ કહેવા છતાં ય, સામાને અસર ન થાય, તો તેનો કાલ નહિ પાકયો હોય અને કાલ પાકયો હશે પણ ભવિતવ્યતા આદિ તેવી નહિ હોય, એ વગેરે વિચારો કરવા; પણ આપણને અસર ન થાય, તો એમ વિચારવું કે–' હું કેવું પાપ બાંધીને આવ્યો છું, કે જેથી આવી સારી વાત પણ મને રૂચતી નથી ? ' બીજાની ભૂલનો સવાલ આવે, ત્યાં સંયોગો શોધવા અને જેટલો બની શકે તેટલો

તેનો બચાવ કરવો. દયાને ખંડિત થવા દેવી ન હોય અને દ્વેષને આવવા દેવો ન હોય, તો આ વસ્તુ બહુ જરૂરી છે; પણ તમને આ વસ્તુ જરૂરી લાગે છે ? તમને એમ થાય છે ખરૂં કે– આપણે તો પ્રાયઃ એવા છીએ કે–સામાની વાત આવે, ત્યાં તેના વ્યાજબી બચાવની વાતને પણ ગણુકારીએ નહિ અને જ્યાં આપણી વાત આવે, એટલે અણુછાજતા પણ બચાવો શોધીએ ! આપણાથી ભૂલ થઈ જાય, તો બચાવની વાત વધારે કરીએ કે ભૂલની વાત વધારે કરીએ ? ભૂલની વાતને ભૂલવી દેવાને માટે, થાય તેટલા બચાવો કર્યા વિના પણ રહીએ નહિ ને ? અને પારકી ભૂલની વાત આવી, એટલે ? એટલે ઝટ કહી નાખીએ કે–' એ આવો છે અને એ તેવો છે !' બીજાની ભૂલ માટે તો હૈયાને સાગર જેવું બનાવવું જોઈએ. બીજાની ભૂલમાં ખૂબ ઉદાર હૈયાવાળા બનીને વિચાર કરવો જોઈએ. એના સંયોગો આદિનો પૂરતો વિચાર કરવો જોઈએ. એવો વર્તાવ રાખવો જોઈએ કે–એ જો જરા ય યોગ્ય હોય, તો એને એમ થઈ જાય કે–' મારી ભૂલ તો થઈ, પણ તે આમની નજરે ચઢી તે સારૂં થયું.' આપણો વર્તાવ એવો હોવો જોઈએ કે–સામાને, આપણી પાસે ભૂલને છૂપાવવાનું નહિ, પણ પોતાની ભૂલને બરાબર કબૂલ કરવાનું મન થાય. પોતાની ભૂલ નાની હોય, તો ય તે માટે આત્માને ઠપકો આપવો અને બીજાની ભૂલ વખતે એને આશ્વાસન આપીને, પછી એને બચાવી લેવાનો પ્રયત્ન કરવો.

નોકરની ભૂલ નાની લાગે કે મોટી ?

તમારાથી આ બને ? નોકરની ભૂલને, તમે, તમારી

ભૂલની જેમ, સહી શકો ખરા ? નોકર કેવો ? તમારા કરતાં ઓછો પુણ્યશાલી ને ? એની ભૂલ મોટી લાગે કે નાની ? એના હાથે ૫૦૦ ખોવાય, તો શું લાગે અને તમારા હાથે ૫૦૦૦ ખોવાય, તો ય શું લાગે ? તમે ખૂઓ ત્યારે શું કહો ? 'હોય, માણસ છીએ; ભૂલ પણ થઈ જાય !' અને નોકર ખૂએ, તો બેવકૂફ, ગધેડો, અક્કલ વગરનો વગેરે કહો ને ? નોકર બીચારો ગરજાળ હોય, એટલે સાંભળી લે; મર્યાદાશીલ હોય, એટલે પણ જવાબ ન દે; બાકી, કોઈ ઉગ્ર પ્રકૃતિનો હોય, તો એમ ન કહી દે કે–'બેવકૂફ આપ કે હું ? મેં તો ૫૦૦ જ ખોયા છે અને આપે ૫૦૦૦ ખોયા છે !' જો એ નોકર એટલું જ નક્કી કરી લે કે–'મને જો આ શેઠ રજા આપશે, તો હું બીજે નોકરી શોધી લઈશ, પણ મારે મારા શેઠને જરા સમજાવી દેવું જોઈએ.'–તો એ ધીરે રહીને પણ, શેઠને ખ્યાલ આવે, એવું કહી પણ દે ને ? કોઈક વાર એવા પ્રસંગમાં પણ લાભ થઈ જાય છે. કહેવાય છે કે–એક બહુ ઉગ્ર પ્રકૃતિના અમલદારનું માનસ, આવા જ પ્રસંગમાં, એની નોકરડીના શબ્દોથી બદલાઈ ગયું. એણે અમલદારી મૂકી દીધી અને સંન્યસ્તપણું સ્વીકારી લીધું.

માનસપરિવર્તન અંગે ઉદાહરણ :

એ પ્રસંગ વિષે, એવું ખ્યાલમાં છે કે–એક અમલદારે પોતાની સગવડ સાચવવાને માટે, એક બાઈને નોકર તરીકે રાખી હતી. એ બાઈ, એના ઘરની સાફસુફી વગેરેનું કામ કરતી હતી. એ અમલદારને માટેનું બિછાનું પણ એ બાઈ બિછાવતી હતી. અમલદાર બહુ કડક સ્વભાવનો છે, એવો

એ બાઇનો ખ્યાલ હતો; એટલે, એ અમલદારનું દરેક કામ એ બાઈ બહુ ચોકસાઈથી કરતી હતી.

રોજ એ બાઈ એ અમલદારનું બિછાનું બહુ કાળજીથી બિછાવતી હતી. તેમાં, એક દિવસ એ બાઇએ બિછાનું બિછાવ્યા પછીથી, એ બિછાના ઉપર નજર ફેરવી અને એને એ બિછાના ઉપર મોહ થઈ ગયો. બિછાનું મુલાયમ પણ હતું અને સારી રીતિએ બિછાવેલું પણ હતું, એટલે એ બાઈને એ બિછાના ઉપર સુઈ જવાનું મન થઈ ગયું.

એ બાઈને, એ બિછાના ઉપર સુઈ લેવાની ઈચ્છા એટલી બધી પ્રબળ થઈ ગઈ કે–એણે વિચાર કર્યો કે–'હજુ શેઠને આવવાને વાર છે, માટે આજે તો જરા બિછાનાની મોજ માણી લઉં અને પછી શેઠને માટે ફરી સાફ કરી લઈશ.'

આવો વિચાર કરીને, તરત જ એ બાઈ બિછાના ઉપર સુઈ ગઈ અને એ બાઈને એ બિછાનાની મીઠાશનું ઘેન એવું ચઢી ગયું કે–એ બાઈ ક્ષણ માત્રમાં ઉંઘી ગઈ.

મોહ કયારે અને કેવી રીતિએ માણસને પટકી દે છે, એ વિચારવા જેવું છે. એ બિછાનાને એ બાઈ રોજ બિછાવતી હતી અને તે આવી જ રીતિએ બિછાવતી હતી. આજે કશું ય નવું પાથર્યું-કર્યું નહોતું; છતાં પણ, એ બિછાનાનો મોહ, એ બાઇને આજે જ કેમ થઈ ગયો ? રોજ, એ એના કામની ધુનમાં હોય, એટલે બિછાનું બિછાવી રહે કે તરત ચાલતી થાય અને બીજા કામે વળગી જાય. આજે એ બાઈ એ બિછાના ઉપર નજર ફેરવવાને માટે જરા ઉભી રહી અને જ્યાં જરા નજર કરવાને ઉભી રહી કે–અંદર રહેલો મોહ સળવળ્યો. 'આવું મુલાયમ અને સ્વચ્છ બિછાનું ! આના ઉપર સુનારને

કેવી મજા આવે ?' અને આવો વિચાર કરાવીને, મોહ એવો ય વિચાર કરાવી દે કે–' હું પણ આ મજા ચાખી તો લઉં !' વિચાર તો આત્મા પોતે જ કરે છે, પણ અંદર રહેલો મોહ આત્માને આવો વિચાર કરવાની દિશા સુઝાડે છે !

તમને, મોહનો આવો અનુભવ થાય છે કે નહિ ? દિવસમાં કેટલી ય વાર જીવને વિવિધ સ્વરૂપે મોહનો આવા પ્રકારનો અનુભવ થાય છે; પરન્તુ, મોહના આ અનુભવને, મોહ જ્યારે બહુ જોરદાર હોય છે ત્યારે, જીવ મોહના અનુભવ તરીકે પિછાની પણ શકતો નથી. મોહ પ્રબળ હોય, તો માણસ, છતી આંખે આંધળો બને અને છતી બુદ્ધિએ બેવકૂફ બને; એટલું જ નહિ, પણ એ આત્માને મોહ પાછો એવો વિચાર કરવાની દિશાએ પણ પ્રેરે કે–' હું જે કરી રહ્યો છું, તે ઠીક જ કરી રહ્યો છું.' મોહ નચાવે તેમ આત્મા નાચે અને એને ખ્યાલ પણ આવે નહિ કે–' મોહ મને નચાવી રહ્યો છે.'

જેમ, દારૂના નશામાં માણસ ભાનભૂલો બને છે, તેમ આત્મા, મોહના નશામાં ભાનભૂલો બને છે. ' હું આત્મા છું, હું અનન્ત જ્ઞાનાદિ ગુણોને ધરનારો છું અને કર્મનાં આવરણોએ જ મને અજ્ઞાન આદિ બનાવી દીધો છે.'–આવો ખ્યાલ સરખો પણ, આત્માને, તે જ્યાં સુધી મોહના નશામાં મગ્ન હોય છે ત્યાં સુધી, આવી શકતો નથી. દારૂ પીધેલ માણસને, જ્યારે નશાની અસર ઉતરવા માંડે છે, ત્યારે જ તેને કાંઈક ભાન આવે છે; છતાં, જ્યાં સુધી દારૂના નશાની અસર હોય છે, ત્યાં સુધી એ સીધે રસ્તે પણ લથડીયાં ખાતો ખાતો જ ચાલી શકે છે. એ જ રીતિએ, મોહનું જોર જ્યારે

અમુક અંશે ઘટી જાય છે, ત્યારે જ આત્માને પોતાના સ્વરૂપનો કાંઈક પણ સાચો ખ્યાલ આવી શકે છે અને તે પછીથી પણ જ્યાં સુધી મોહની અસર નીચે આત્મા હોય છે, ત્યાં સુધી તે લથડીયાં ખાયા જ કરે છે.

આજે, આપણને ખ્યાલ છે કે–'હું, તે આત્મા છું; અનન્તજ્ઞાનાદિ ગુણોમાં રમવું, એ મારો સ્વભાવ છે; અને, કર્મોના આવરણોના કારણે જ હું અજ્ઞાન આદિ છું.' એ સૂચવે છે કે–આપણા મોહની પ્રબલતા ઘણી ઘટી ગયેલી છે; પરન્તુ, આટલું જાણવા છતાં પણ, આપણો મોહ આપણને કયારે કયારે અને કયાં કયાં નચાવી જાય છે, તે જો આપણે જાણી શકીએ નહિ અગર તો તેનો ખ્યાલ આવી જાય તો પણ, પાછા ભૂલાવામાં પડી જઈએ અને લથડીયાં ખાઈ જઈએ, તો એ પ્રતાપ, મોહના નશાની જે અસર હજુ પણ આત્મા ઉપર છે, તેનો છે !

આત્માનો, ભયંકરમાં ભયંકર કોટિનો કોઈ દુશ્મન હોય, તો તે મોહ છે. મોહની પરવશતાથી મૂકાયા પછીથી જ, મોહથી મૂકાવાનો પુરૂષાર્થ થઈ શકે છે અને એ પુરૂષાર્થના પ્રતાપે જેઓ મોહથી સર્વથા મુક્ત બની જાય છે, તેઓના અનન્ત જ્ઞાનાદિ ગુણો, અન્તર્મુહૂર્ત્ત માત્રમાં જ પ્રગટી જાય છે અને એ ભવના અન્તે એ આત્માઓ શ્રી સિદ્ધાવસ્થાને પામે છે. એટલે, આપણને આપણા હિતમાં, મોટામાં મોટા નડતર રૂપ કોઈ હોય, તો તે આપણો પોતાનો મોહ જ છે; છતાં પણ, આપણા મોહની સામે આપણી આંખ લાલ થતી નથી ને ? મોહની સાથે તો આપણને ગેલ કરવાનું મન થઈ જાય છે ને ? મોહનો હુકમ છૂટ્યો, એટલે આપણી તો મોહને તાબે

થવાની જ તૈયારી છે ને ? હજુ તો આપણે, મોહના હુકમની જાણે રાહ જોતા રહેતા હોઇએ, એવી દશા છે ને ? પછી, મોહ મુંઝવે તેમાં નવાઈ છે ? તમને સમજાય છે કે– તમારી દશા આવા પ્રકારની છે ? મોહની સામે લાલ આંખ કરનારો પણ, જો જરાક ગફલતમાં પડી જાય, તો મોહ એને મુંઝવી મારે છે અને એમાં જો એ ચેતી જાય નહિ, તો મોહ એને ફરી પાછો પોતાના નશામાં ચકચૂર બનાવી દે છે; તો મોહની સાથે ગેલ કરવાનું જેમને મન થઇ જાય છે, તેમને મોહ કયારે પાછા ભાનભૂલા બનાવી દેશે, તેની ચિન્તા પણ થાય છે ખરી ? કોઈ પણ પ્રકારનું વિષયસુખ જેને આકર્ષી શકે, તેને મોહની ચુંગાલમાં આવી જતાં વાર લાગે નહિ.

પેલી બાઇને પોતાના શેઠના બિછાનાના સ્પર્શસુખે આકર્ષી અને એ સાવચેત બને ત્યાં સુધીમાં તો, મોહે તેને સમજાવી દીધું કે–' હજુ શેઠને આવવાને વાર છે, માટે તું તારી મેળે આ મજેના સ્પર્શસુખને ભોગવી લે ને ! ' એ રીતિએ મોહે સમજાવી દેવાથી એ સુઇ ગઇ, એટલે મોહને જોર કરવાની તક મળી ગઇ ને ? પછી 'થાય છે, આવી સારી પથારીમાંથી એકદમ તે કાંઈ ઉઠી જવાતું હશે ? '–એવી પ્રેરણા, મોહે એ બાઇને આપી દીધી. એટલે, એ બાઈ તરત એ પથારીમાંથી ઉઠી શકી નહિ અને એમાં તે બીચારીને ઉંઘ આવી ગઇ.

ઉંઘ આવી ગયા પછીથી, કાંઈ સમયનો ખ્યાલ રહે છે ? એ બાઈ ઉંઘ્યા જ કરતી હતી, ત્યાં તો, વખત થયો એટલે પેલો અમલદાર, કે જે એ બાઈનો શેઠ હતો, તે ઘરે

આવ્યો. એની નજર જેવી બિછાના ઉપર પડી અને તેમાં પોતાની નોકરડી બાઈ સુતેલી છે–એવું જણાયું, કે તરત જ એના મોહે એને સમજાવી દીધું કે–' તારી પથારીમાં બીજા કોઈથી સુવાય જ કેમ ? અને તેમાં પણ, નોકરડીથી તો પગ પણ મૂકાય કેમ ? ' આવું એ અમલદારના આત્માને સમજાવી દઈને, એના મોહે, ક્રોધ નામના પોતાના બળવાન નોકરને, એ અમલદારના આત્માની સેવામાં બરાબર ચોજી દીધો. એ ક્રોધ, એ અમલદારના આત્માને સૂચવે છે કે–' આમ જોઈ શું રહ્યો છે ? લે આ હંટર હાથમાં અને ઠોકવા માંડ એના શરીર ઉપર ! '

અમલદારે, હંટરને હાથમાં લઈને પેલી ઉંઘતી બાઈ ઉપર ઠોકવા માંડયું ! એક ચાબખો પડતાંની સાથે જ એ બાઈ જાગી ગઈ, ગભરાઈ ગઈ, પલંગની નીચે ઉતરી પડી, માફી માગવા લાગી, કરગરવા લાગી; પણ એ અમલદારના આત્માને ક્રોધ કહે છે કે–' એ તો કરગરે, પણ એમ તે કાંઈ છોડી દેવાય ? કેવી ગંભીર ભૂલ ? તારા બિછાના ઉપર સુઇ જવાની હિંમત, આવી એક નોકરડી કરે ? આવું ચલાવી લેવાય ? આની તો એવી ખબર લઇ નાખવી જોઈએ કે– આવું કામ કદી પણ કરવાની, એ એની જીંદગીમાં ખો ભૂલી જાય ! ' અને એ અમલદારે એ બાઇને ચાબખા ઉપર ચાબખા ઠોકવાનું ચાલુ જ રાખ્યું.

થોડાક ચાબખા પડયા, ત્યાં સુધી તો બાઈ કરગરી, બહુ કરગરી, ચીસો પાડી પાડીને રડવા લાગી અને માફી માગવા લાગી; પણ પેલાએ તો ચાબખા મારવાનું કામ ચાલુ જ રાખ્યું; એમાં એ બાઇને એક એવો વિચાર આવી ગયો,

કે જે વિચારના યોગે એ બાઈ રડતી, કરગરતી, ચીસો પાડતી એકદમ બંધ થઈ ગઈ અને ખડખડાટ હસવા લાગી.

આ તો, એક નવાઈનો વિષય ગણાય ને? વધુ રડવાના ઠેકાણે રડતી બંધ થઈ જાય અને હસવા માંડે, એટલે નવું દૃશ્ય નજરે પડે ને એથી વિચારદિશા બદલાય, એવું બને ને? અમલદારનો હાથ એકદમ થંભી ગયો, કેમ કે–આ નવું શું છે, તે જાણવાનું કૌતુક જાગ્યું!

અમલદાર એ બાઈને પૂછે છે કે–'તું રડતી હતી, તેમાંથી એકદમ હસવા કેમ લાગી? હું તો તને માર્યે જ જતો હતો, ત્યારે વધારે રડવાને બદલે તું હસી કેમ?'

બાઈ કહે છે કે–'મને એક એવો વિચાર આવ્યો, કે જે વિચારના યોગે મારી વેદનાને હું વિસરી શકી અને મારું મન શાન્ત થઈ ગયું.'

અમલદાર કહે છે કે–'તને શો વિચાર આવ્યો?'

બાઈ કહે છે કે–'મને તમારો જ વિચાર આવ્યો. તમે મને ઉંધું ઘાલીને મારવા માંડી હતી, એથી પહેલાં તો મને થયું કે–મેં ઘણી ગંભીર ભૂલ કરી છે, એટલે મારા શેઠ ગુસ્સે થાય અને મને મારે, તેમાં નવાઇ જેવું નથી; પણ પછી મેં તમારી પાસે કરગરી–કરગરીને માફી માગી, છતાં પણ જ્યારે તમે જરા ય દયાળુ બન્યા નહિ, તમારા મારથી મારી શી હાલત થશે–તેનો ય તમે વિચાર સરખો ય કર્યો નહિ અને મને લાગ્યું કે–તમે બહુ કડક સ્વભાવના છો એટલે કદાચ મને જીવતી મૂકશો નહિ, આથી મને તમારા ઉપર બહુ ગુસ્સો આવ્યો; પણ પછી પાછું મેં મન વાળ્યું કે–શેઠને જે કરવું હોય, તે કરી લેવા દે ને? તને તો શેઠે સજા કરી લીધી

એટલે તું તો છૂટી, પણ શેઠની તો દશા જ ભૂંડી થવાની છે અને તે તારા કરતાં કેઈગુણી વધારે ! કારણ કે–આવી પથારીમાં તું જે એક દિવસને માટે અને તે પણ થોડાક જ વખતને માટે સુઇ ગઈ, તો તેની તને આવી આકરી સજા મળે છે, તો શેઠ તો આ પથારીમાં રોજ અને તે પણ કલાકોના કલાકો સુધી સુઈ જાય છે, એટલે આ પથારીના મોહ બદલ એમને જ્યારે સજા થશે, ત્યારે તે કેટલી બધી થશે ?'

આવા ભાવનું કહ્યા પછીથી, એ બાઈ, છેવટમાં પોતાના શેઠને કહે છે કે–' તમને પૂરતી સજા થવાની છે એવો મને વિચાર આવ્યો, એટલે મને હસવું આવ્યું ! મને થયું કે–આટલી સજામાં તું શાની રડે છે ? ઘણું ઘણું રડશે તો પણ મારમાંથી છૂટશે નહિ, એવો ખરેખરો વખત તો તારા આ શેઠને માટે આવવાનો છે, માટે ધીરજ ધર !'

બાઇ જે વખતે આ બધી વાત કહી રહી હતી, તે વખતે પેલો અમલદાર, એના વિચારની વાતને સાંભળતાં સાંભળતાં, પોતાના વિચારમાં ગરકાવ બની ગયો હતો. એ વખતે, એના મોહનું જોર ઓછું થઈ જવા પામ્યું હતું, એટલે એને એમ થઈ ગયું કે–' આ નોકરડી બાઇમાં જેટલી અક્કલ છે, તેટલી અક્કલ પણ મારામાં નથી ! ગુસ્સામાં ને ગુસ્સામાં, હું કેટકેટલા ગુન્હાઓ કરું છું ? કોઈના ય ગુન્હાને હું નથી સહન કરી શકતો, તો પછી મારા આ બધા ગુન્હાઓને કોણ સહન કરી શકશે ? જે દિ' કુદરત રૂઠશે અને મને મારા કરેલા આ બધા ગુન્હાઓની સજા મળે–એવું તે નિર્માણ કરશે, તે દિ' મારી શી હાલત થશે ? '

આવો વિચાર આવતાંની સાથે જ, એ અમલદારે, એ

બાઈની માફી માગી અને કહ્યું કે–'આજ તું મારી ગુરૂ બની ! તારા આ ઉપકારને હું જીંદગીમાં કદી પણ નહિ ભૂલી શકું !'

આમ કહીને અને બાઇને સારી રીતિએ સંતોષ આપીને વિદાય કર્યા પછીથી, એ અમલદારે વિચાર કરવા માંડ્યો કે–'મને આટલો બધો ભાનભૂલો, ક્રૂર અને દરેક ગુન્હામાં પાવરધો કોણે બનાવ્યો ? આ અમલદારીએ અને ઇન્દ્રિયસુખની મારી લાલસાએ ! બસ, નહિ જોઈએ આમાંનું કાંઈ !'

અને, એવા વિચારથી, એ અમલદાર નોકરીને અને ઘરબારને છોડીને સંન્યાસી બની ગયો.

તમને આવો કોઈ નોકર મળ્યો છે ? નસીબ જોઈએ ને ? કદાચ આવો કોઈ નોકર મળી જાય, તો આવા કોઈ પ્રસંગથી તમારા માનસનું પરિવર્તન થઈ જાય, એ ય શકય છે ?

પોતાની ભૂલ વખતે અને પારકી ભૂલ વખતે વિચારણામાં કેટલું અન્તર રહે છે ?

આટલું સાંભળ્યા પછીથી ય, તમને લાગે છે કે–નાના માણસની ભૂલ ઓછી આંકવી ? તમારા હાથ નીચેના કોઈથી પણ, ગમે તેવી ભૂલ થઈ જાય, તો પણ તે વખતે એની ભૂલ વિષે ધીરતાથી વિચાર કરવો અને એની સાથે એ ભૂલ બદલ ઉદારતાથી કામ લેવું, એ ફાયદાકારક છે–એમ તમે માનો છો ખરા ? આજથી તો નક્કી કરો કે–પારકી ભૂલને નાની બનાવીને જોવી અને પોતાની ભૂલને મોટી બનાવીને જોવી ! તમારાથી ભૂલ થઈ ગઈ હોય અને તે માટે તમને કોઈ પૂછે, તો તમે કેટલા બચાવ કરો ? ભૂલનો સાવ ઇનકાર થઈ શકે તેમ ન હોય,

તો ભૂલને કબૂલ કરવા છતાં ય, 'આ ભૂલ ભૂલમાં ગણી શકાય તેવી નથી'–એવું ઠસાવવાનો પ્રયત્ન કરો ખરા ને? ચાલે ત્યાં સુધી તો, 'કહેવાતી ભૂલ, એ ભૂલ જ નથી'–એવું ઠસાવવાનો અને એમાં ફાવટ આવે તેમ ન હોય, તો 'એ ભૂલ છતાં પણ એ ભૂલ એવા સંયોગોમાં થયેલી છે કે–વસ્તુતઃ એ ભૂલ ગણાય નહિ'–એવું ઠસાવવાનો, પ્રયત્ન કરવામાં તમે બાકી રાખો ખરા? ધારો કે–એટએટલા બચાવો કરવા છતાં પણ, તમારા બચાવોને સામેથી લક્ષ્યમાં લેવામાં આવે નહિ અને સજા કરવામાં આવે, તો તે વખતે તમે બબડવામાંથી ય જાવ ખરા? 'મને અન્યાય કર્યો'–એવું કાંઈક બોલ્યા વિના રહી શકો ખરા? તમને જો આ બધો અધિકાર છે, તો બીજાને આવો કોઇ અધિકાર છે જ નહિ, એમ માનવાની મૂર્ખાઈ શું કામ કરો છો? તમને ભૂલ કરવાના સંયોગો આવે, અથવા તો, સંયોગો તમારી પાસે ભૂલ કરાવી શકે, તો તમારાથી જે નાના હોય, તેમને તેમના સંયોગો ભૂલ કરાવે જ નહિ, એમ કેમ મનાય? ખરી વાત તો એ છે કે–માણસે પોતાની ભૂલના બચાવો નહિ શોધતાં, 'આવા સંયોગોમાં પણ મારે ભૂલ નહોતી કરવી જોઇતી.'–એવો વિચાર કરીને, ભૂલને સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ; અને જ્યાં બીજાની ભૂલની વાત આવે, ત્યાં એની વાતને ધીરજથી સાંભળવી જોઇએ, ઉદારતાથી એના સંયોગોનો વિચાર કરવો જોઈએ અને એને આશ્વાસન આપવાની સાથે, એના પ્રત્યે દયાળુ બન્યા રહીને, એ જે રીતિએ સુધરી શકે તેમ હોય, તે રીતિના ઉપાયો યોજવા જોઈએ. દોષિત પ્રત્યે ક્રૂર બનનારાઓ દોષિતને સુધારી શકે ખરા? દોષિતને સુધારવો એ કામ ક્રૂરતાનું છે કે દયાનું છે? જરા વિચાર તો કરો!

આ તારક સાધનોને પામીને ય અનંતા ડૂબ્યા, તો એમ શાથી બન્યું–તે શોધવું જોઈએ ને ?

આપણી ચાલુ વાત તો એ હતી કે–આપણને જે કાંઇ પણ સારાં સાધનો મળ્યાં છે, તેનો આપણે મુક્તિની સાધનાને માટે ઉપયોગ કરવાના લક્ષ્યવાળા બની જવું જોઈએ. આત્માની લાયકાત વિના, મુક્તિનાં સાધનો પણ મુક્તિને માટે બની શકતાં નથી. મુક્તિનાં સાધનો પણ, જેણે તેને મુક્તિને માટે બનાવવાં હોય, તેને જ માટે તે સાધનો મુક્તિનાં સાધનો બની શકે છે. મુક્તિનાં સાધનોને પણ જેને સંસારને માટે બનાવવાં હોય, તેને માટે તે સંસારનાં બની શકે છે. મુક્તિનાં સાધનોમાં તાકાત અદ્‌ભુત છે, પણ જે આત્માને મુક્તિનો ખપ જ ન હોય, તેને એ સાધનો શો ઉપકાર કરી શકે ? સાધક અને સાધન–બન્નેનો સુયોગ જોઈએ. આપણે તો જાણીએ છીએ કે–આ ઓઘાને અને આ દ્વાદશાંગીને પામીને પણ, અનન્તા આત્માઓ ડૂબી ગયા છે. આ ઓઘો અને આ દ્વાદશાંગી તારનાર છે કે ડૂબાડનાર છે ? આનો સ્વભાવ તો તારવાનો જ. જીવોને સંસારસાગરને તરી જવાને માટેનું, આ સર્વોત્તમ સાધન છે. આવા તારનારા સાધનને પામેલા પણ ડૂબ્યા, એમ આપણે સાંભળીએ, ત્યારે આપણને એમ થાય તો ખરું ને કે–આવાં આવાં સુન્દર સાધનોને પામીને પણ જેઓ તર્યા નહિ અને ડૂબી ગયા, તેઓમાં શી ખામી હતી ? આપણને એટલો તો વિશ્વાસ છે ને કે–આ સાધનો ખામી વિનાનાં છે ? આ સાધનોમાં આત્માને તારવાનું પૂરેપૂરું સામર્થ્ય છે અને આપણે જો તરવું હોય, તો આપણે આ સાધનોને જ સેવવાં એ

જરૂરી છે, આ વાતમાં તો શંકા નથી ને ? તો પછી, જ્યારે તમે એમ સાંભળો કે–' આ સાધનોને પામીને જેમ અનન્તા આત્માઓ તરી ગયા છે, તેમ અનન્તા આત્માઓ આ સાધનો દ્વારા જ ડૂબી પણ ગયા છે '–ત્યારે તમને એટલો વિચાર તો આવે ને કે–'સાધન આવાં સારાં, જેને તરવું હોય તેને કદી પણ તાર્યા વિના રહે નહિ એવાં, આત્માના કલ્યાણને કરનારાં સાધનો આ સિવાયનાં કોઈ હોઇ શકે જ નહિ, છતાં પણ, આ સાધનોને પામીને ય જીવો આ સાધનો દ્વારા ડૂબી ગયા, તો તેમાં કારણ શું ?' સાધનોમાં ખામી નથી, છતાં ખામીથી જ જે પરિણામ આવે તેવું પરિણામ આવે છે, તો એ ખામી કયાં છે અને એ ખામી કયી છે, એ શોધી કાઢવું જોઇએ ને ? સાધનોમાં ખામી ન હોય, તો પછી સાધકમાં ખામી છે, એમ માનવું પડે ને ? આમ, જ્યારે તમે નક્કી કરો કે–આ દ્વારા જેઓ ડૂબ્યા, તેઓના ડૂબવાના કારણમાં તે આત્માઓની પોતાની જ ખામી હતી, તો તે ખામી કયી હતી–એ વિષે પણ તમારે નિર્ણય કરવો પડે ને ? અને એવી કોઈ ખામી મારામાં છે કે નહિ, એ પણ જોવું પડે ને ?

જે ભયંકર વસ્તુએ અનંતાને ડૂબાવ્યા, તે વસ્તુ મારામાં છે કે નહિ ?–એવો વિચાર આવ્યો છે ?

આપણે તારક સાધનોના યોગમાં આવી ગયા છીએ, એમાં બે મત નથી. આપણાથી જેટલે અંશે બની શકે છે, તેટલે અંશે અથવા તો થોડા અંશે કે વધારે અંશે પણ, આપણું વલણ, આ સાધનોને સેવવા તરફ છે–એમાં પણ બે મત નથી. આવાં સાધનોમાં બેઠેલા આપણને, જ્યારે એમ

જાણવાને મળે કે–" આ સાધનો જેને જેને મળી ગયાં, તે તે બધા તરી જ ગયા છે–એવું નથી. આ સાધનોને પામીને તરી જનારાઓની સંખ્યા જેમ અનન્તની છે, તેમ આ સાધનોને પામીને ડૂબી જનારાઓની સંખ્યા પણ અનન્તની જ છે." ત્યારે આપણે જરા ચોંકીએ તો ખરા ને ? આપણને એમ તો થાય ને કે–" આવાં સુન્દર સાધનો; આ સાધનોને કોઈ અનાભોગે પણ સેવે, તો ય પુણ્ય બંધાયા વિના રહે નહિ; કર્મની સ્થિતિ ઘટીને જ્યાં સુધી એક કોડાકોડી સાગરોપમથી પણ કાંઈક ઓછી ન થાય, ત્યાં સુધી તો આ સાધનોને સેવવાનું બની શકે જ નહિ; અનન્તા આત્માઓ, આ સાધનોને સેવતે સેવતે, સંસારમાં રહ્યા ત્યાં સુધી સારી ગતિને તથા સુખની સામગ્રીને પામ્યા અને અન્તે મોક્ષે ગયા; જેઓ વીતરાગ બન્યા તથા અનન્તજ્ઞાની બન્યા, તેઓએ જગતના જીવોને આ સાધનોને સેવવામાં જ ઉદ્યમશીલ બનવાનો ઉપદેશ આપ્યો; અને આ સાધનોને સેવવાની રીત પણ એવી કે–જે કોઇને આ સાધનોને સેવવાં હોય, તેને ઓછે–વધતે અંશે પણ પાપ-ક્રિયાઓને છોડ્યા વિના, અમુક અંશે પણ વિષયસુખોને છોડ્યા વિના તથા કષાયો ઉપર કાબૂ મેળવ્યા વિના તો છૂટકો થાય જ નહિ; આવાં સુન્દર સાધનોને પામવા છતાં પણ, જ્ઞાનિઓ જ્યારે સ્પષ્ટપણે એમ ફરમાવે છે કે–આ સાધનોના યોગ દ્વારા અનન્તા ડૂબ્યા પણ છે, તો આનું કારણ શું ?" તમે જરાક લક્ષ્યવાળા બનો, તો તમને આવો વિચાર આવ્યા વિના રહે નહિ ! તમને એમ થઈ જાય કે–' સંસારમાં એવી તે કયી ભયંકર વસ્તુ હયાતિ ધરાવે છે, કે જે વસ્તુ, આવાં સુન્દર સાધનોના યોગને અને આવાં સુન્દર સાધનોની

સેવાને પામનારને પણ, સંસારમાં રૂલાવી દે ?' આવો વિચાર શા માટે આવે ? કેવળ જાણવાને માટે નહિ, પણ આ વસ્તુને જાણીને, આપણામાં તે વસ્તુ છે કે નહિ–તે જોવાને માટે અને જો આપણામાં એ વસ્તુ હોય, તો તેને કાઢી નાખવાનો પ્રયત્ન કરી શકાય, એ માટે આવો વિચાર આવે ને ? આપણને ય એવી બીક ન લાગે કે–' આ સાધનોને પામવા અને સેવવા છતાં પણ જેમ અનન્તા આત્માઓ સંસારમાં રવડી મર્યા, તેમ આપણે પણ રવડી મરીએ, એવું તો આપણામાં કાંઈ છે નહિ ને ? ' આપણે જ્ઞાની હોઈએ, તો આપણને આવી બીક ન લાગે; પણ આપણે જ્ઞાની ન હોઈએ, તો આપણને આવી બીક તો લાગે ને ? અને આવી બીક લાગે, એટલે– ' આટલાં બધાં સુન્દર સાધનોને પામનારા અને સેવનારા પણ અનન્તા આત્માઓને કયી વસ્તુએ સંસારમાં રૂલાવી દીધા '–એ જાણવાનું મન પણ થાય જ ને ? તમને કદી પણ આવું મન થયું છે ખરૂં ?

તારક સાધનોને થોડા પ્રમાણમાં સેવે કે અવિધિથી સેવે, એટલા માત્રથી જ સંસારમાં રૂલે નહિ :

સ૦ સાધનો સારાં મળ્યાં હોય, પણ એ સાધનોનો જેટલો ઉપયોગ કરવો જોઈએ તેટલો ઉપયોગ કરી શકાયો ન હોય, થોડોક જ ઉપયોગ કરી શકાયો હોય અને જે ઉપયોગ કરાયો હોય, તે પણ અવિધિ સાથે કરાયો હોય, તો આ સાધનોને પામવા તથા સેવવા છતાં પણ ડૂબી મરાય ને ?

આ તારક સાધનોને પામવા છતાં અને સેવવા છતાં પણ, જે અનન્તા આત્માઓ આ સંસારમાં ડૂબી ગયા, તે

તમે કહો છો તેવા કારણસર જ ડૂબી ગયા નથી ! તમે બે વાતો કહી. એક વાત તો એ કે–આ સાધનોનો ઉપયોગ બહુ થોડો કર્યો અને બીજી વાત એ કે–જેટલો ઉપયોગ કર્યો, તેટલો ઉપયોગ પણ અવિધિ સાથે કરાયો ! આ કારણોમાં પોતામાં, એવી તાકાત છે જ નહિ કે–એ કારણો આત્માને તરવા દઇ શકે જ નહિ અને ડૂબાવી જ દે ! આ તારક સાધનોના યોગમાં અને આ તારક સાધનોની સેવાના યોગમાં પણ, જે ચીજ આત્માને સંસારમાં રૂલાવનારી બને છે, તે તો કોઈ બીજી જ ચીજ છે. જેનામાં 'આ તારક સાધનો જ સેવવા લાયક છે; અને આ મનુષ્યજન્મને પામીને મારે જો કાંઇ પણ સેવવા લાયક હોય, તો તે આ તારક સાધનો જ છે'–આવા પ્રકારની મનોવૃત્તિ હોય, તેવા પણ જીવને માટે, શક્તિ અને સામગ્રી આદિના પૂરતા યોગના અભાવે તથા વિરતિના પરિણામોમાં અંતરાય કરનાર કર્મના તેવા પ્રકારના ઉદયે, એવું પણ બને કે–એ જીવ આ તારક સાધનોનો આ જીવનમાં જેટલો ઉપયોગ કરી લેવાની ભાવનાવાળો હોય, તેટલો ઉપયોગ કરી શકે નહિ અને વિધિને સેવવાની તથા અવિધિને નહિ આચરવાની ભાવના હોવા છતાં પણ, સંયોગવશ અવિધિ થઇ ગયા વિના પણ રહે નહિ ! એવા સંયોગોમાં, જીવ સંસારમાં ડૂબી જાય નહિ ! એ જીવની તો, નિયમા સદ્ગતિ થાય અને એણે જે કાંઈ આરાધના કરી હોય, એણે આ તારક સાધનોની જે કાંઈ સેવા કરી હોય, તે સેવા તેને ભવાન્તરમાં આ તારક સાધનોની શુદ્ધ સેવાને પમાડનારી બને. કેમ ? કરવો જોઇએ તેટલો ઉપયોગ નથી કરી શકાયો, પણ ભાવના તો પૂરેપૂરો ઉપયોગ થાય એવી જ છે; અને અવિધિ થઈ જતી હોવા છતાં પણ,

હૈયામાં વિધિબહુમાનનો ભાવ પણ બરાબર છે ! એટલે, એ પ્રકારે જેઓ આ તારક સાધનોની થોડીક અને તે ય અવિધિની સાથે સેવા કરતા હોય, તેઓ એટલા માત્રથી સંસારમાં રૂલી જાય નહિ ! એ જીવોનો તો નિસ્તાર સધાય, કારણ કે–વિધિના બહુમાનપૂર્વકની થોડી પણ સારી ક્રિયા, વિકાસમાં અદ્‌ભુત સહાય કરે છે, એટલે પરિણામે એ જીવોને મોક્ષ મળ્યા વિના રહેતો નથી.

<u>જીવન ધર્મક્રિયામય બને–એવું કરવાનું મનમાં તો ખરૂં ને ?</u>

આ વાતમાં, તમારો ઘણો બચાવ થઈ જાય છે ને ? તમે ધર્મક્રિયા ઓછા પ્રમાણમાં કરો છો અને સંસારક્રિયા વધુ પ્રમાણમાં કરો છો, એટલે તમે સંસારમાં રૂલી જવાના –એમ કહેવાય નહિ; અગર તો, તમે જે ધર્મક્રિયા કરો છો તે અવિધિથી કરો છો, એટલે પણ તમે સંસારમાં રૂલી જવાના એમ કહેવાય નહિ; કેમ કે–તમે જે ધર્મક્રિયા નથી કરતા, તે ધર્મક્રિયા તમારે નથી કરવી માટે નથી કરતા–એવું પણ નથી અને જે ધર્મક્રિયા તમે કરો છો, તેમાં જે અવિધિ આચરાય છે, તે અવિધિને આચરવાને માટે તમે આચરતા નથી. તમે જો સર્વ કાળે ધર્મક્રિયા કરી શકો, તો એથી તમને આનંદ થાય ને ? તમારૂં મન એવું તો ખરૂં ને કે–આ જીંદગીની એક ક્ષણ પણ જો ધર્મક્રિયાથી રહિતપણે જાય નહિ, તો બહુ સારૂં ? તમે ભલે ધર્મક્રિયા બહુ ઓછા પ્રમાણમાં કરી શકો છો, પણ જો તમને એવા સંયોગો સાંપડી જાય કે–જીવનમાં ધર્મક્રિયા સિવાયની કોઈ ક્રિયા તમારે કરવી જ પડે નહિ, તો તમને એથી બહુ આનંદ થાય ને ? કેમ કે–ધર્મક્રિયા થોડી

થાય છે, તો પણ જે ધર્મક્રિયા થાય છે, તેમાં તમને એવો આનંદ આવે છે કે–ઘણા પ્રમાણમાં અને ઘણો વખત સંસાર-ક્રિયાને કરતા રહેવા છતાં પણ, એમાં તમને એવો આનંદ તો આવતો જ નથી ! પેલી ક્રિયા ઘણી થાય, છતાં મનમાં એમ થાય છે કે–નહિ કરવાજોગી ક્રિયા થાય છે અને એથી એમાં મન ઠરતું હતું. એમાં આનંદ આવી જાય છે, તો પણ, એ આનંદ થવા તરફ અણગમો ઉપજે છે ! જ્યારે ધર્મ-ક્રિયા થાય છે થોડી, છતાં મનમાં એમ થાય છે કે–હું આ ક્રિયા વધારે કરી શકું તો સારૂં, કેમ કે–મારે કરવા લાયક તો આ જ ક્રિયા છે; એટલે, થોડી પણ ધર્મક્રિયામાં આનંદ ઘણો આવે છે અને એ આનંદની અનુમોદના કરવાનું મન થાય છે ! હમણાં એ વાત નથી કે–તમે સંસારક્રિયા ઘણી કેમ કરો છો અને ધર્મક્રિયા થોડી કેમ કરો છો ? માની લઈએ કે–હાલ તમારે માટે આથી વધારે સારી અનુકૂળતા નથી; એટલે, તમે તમારા જીવનને સંસારક્રિયાથી પર અને ધર્મક્રિયામય બનાવી દો, એ વાતને ગૌણ બનાવી દીધી છે; પણ મનમાં એવું તો ખરૂં જ ને કે–કયારે એવો સમય આવી લાગે, કે જ્યારે મારૂં જીવન સંસારક્રિયાથી સર્વથા પર બની જાય અને ધર્મક્રિયાથી ભરપૂર બની જાય ? એવા સંયોગોની રાહ જોતા જ તમે બેઠા છો ને ?

ભગવાન શ્રી જિનેશ્વરદેવો અન્તિમ ભવમાં મોહને આધીન બનીને સંસારમાં રહ્યા નથી :

‘ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ આત્મા, સંસારને સેવે જ નહિ અને જે કોઈ સંસારને સેવતો હોય, તે સમ્યગ્દૃષ્ટિ હોઇ શકે જ

નહિ '–એવું વિધાન, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં છે જ નહિ. શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ સંસારને સેવતો હોય, તો એ બનવાજોગ છે; પરન્તુ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારને સેવે, તે પણ સંસારથી છૂટવાને માટે સેવે ! સેવે સંસાર અને સાધે નિર્જરા, એવું પણ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને માટે બને છે.

સ૦ સંસારને સેવે ને કર્મનિર્જરા સાધે ?

હા, કેટલાક જીવોનો ધર્મપરિણામ સર્વોત્તમ મધુર રસ જેવો પણ હોય છે. સેવે સંસારને અને સાધે કર્મનિર્જરા, એ વસ્તુને તદ્દન અશક્ય માનનારાઓએ, ભગવાન શ્રી જિનેશ્વરદેવો પોતાના અન્તિમ ભવમાં જે ભોગ ભોગવે તો મોહાધીનતાથી ભોગવે છે, એમ માનવું પડશે અને શાસ્ત્રકાર મહાપુરૂષો તો ફરમાવે છે કે–એ તારકો પોતાના તેવા પ્રકારના કર્મની નિર્જરા સાધવાને માટે જ જરૂરી લાગે તો ભોગ પણ ભોગવે છે. એ તારકોનું લક્ષ્ય ભોગસુખ નથી હોતું, પણ કર્મની નિર્જરા સાધવી, એ હોય છે. ત્રણ નિર્મળ જ્ઞાનને ધરનારા અને પરમ વિરાગમાં ઝીલતા એવા એ તારકોને પણ વિષયસુખ આકર્ષે છે, એમ કહેવું એ નરી બાલીશતા છે. એ તારકો સંસારમાં જેટલો કાળ નિર્ગમન કરે છે, તે મોહાધીનતાથી જ કરે છે–એમ કહેનારાઓ, કાં તો શાસ્ત્રોને ભણ્યા નથી અને શાસ્ત્રોને ભણ્યા છે તો શાસ્ત્રોના મર્મને પામ્યા નથી; અથવા તો, ઘોર પાપના ઉદયથી, તેઓને ભગવાન શ્રી જિનેશ્વરદેવોને મોહાધીન ઠરાવવાની દુર્બુદ્ધિ જાગી છે. જીવને સંસારમાં રાખનારૂં મોહનીય કર્મ છે. મોહનીય કર્મના ઉદય વિના, જીવ સંસારમાં રહી શકે જ નહિ. ભગવાન શ્રી

જિનેશ્વરદેવો જેટલો કાળ સંસારમાં રહ્યા, તેટલો કાળ એ તારકોને પણ મોહનીય કર્મનો ઉદય વર્તતો જ હતો, પણ એ તારકો પોતાના એ મોહનીય કર્મના ઉદયને આધીન બનેલા નહોતા. ઉદયમાં વર્તતા પોતાના મોહનીય કર્મને ખપાવવાને માટે જ, એ તારકો સંસારમાં રહે છે. આ રીતિએ સંસારમાં રહે, તે મોહને આધીન થઈને સંસારમાં રહ્યા –એમ કહેવાય ખરૂં ? ભગવાન અન્તિમ ભવમાં પરણે, તો શા માટે પરણે ? ભોગ ભોગવે, તો શા માટે ભોગવે ? મહાપુરૂષોએ સ્પષ્ટ ખૂલાસો કર્યો કે–પોતાનું તેવા પ્રકારનું કર્મ જે એ જ ઉપાય દ્વારા, એટલે કે–પરણવા દ્વારા જ અગર તો ભોગ ભોગવવા દ્વારા જ નિર્જરે એમ છે, એવું એ તારકોને લાગે, તો જ એ તારકો પરણે અને ભોગ ભોગવે ! એ સિવાય તો, એ તારકો પરણે પણ નહિ અને ભોગ ભોગવે પણ નહિ ! જે તીર્થંકરદેવોને પરણવાની જરૂર નહિ હતી અને ભોગ ભોગવવાની જરૂર નહિ હતી, એ તારકોને જ્યારે એ તારકોના સંબંધિઓએ પરણવાનો આગ્રહ કરવા માંડ્યો છે અને એ આગ્રહ કરતાં કરતાં, જ્યારે તેમણે જે તીર્થંકર ભગવાનો પરણ્યા હતા તે તારકોનાં ઉદાહરણો આપ્યાં છે, ત્યારે આ તારકોએ ખૂલાસો કર્યો છે કે–'એમનાં ચરિત્રોને હું જાણું છું. એમને એવા પ્રકારનું કર્મ હતું કે પરણવા આદિથી જ નિર્જરે, એ માટે એ પરણ્યા અને મારે એવા પ્રકારનું કર્મ નથી, માટે મારે પરણવાની જરૂર નથી !' એટલે, દેખીતી રીતિએ સેવાય સંસાર અને વસ્તુતઃ સધાતી હોય કર્મનિર્જરા, એ વસ્તુને જો સર્વથા અશક્ય જ માની લેવામાં આવે, તો આપણે ભગવાનનાં વચનોને જ જુઠ્ઠાં માનવાં પડે !

સંસારને ભોગવવા છતાં પણ બ્રહ્મચારીનું અને ખાવા છતાં પણ ઉપવાસીનું એક ઉદાહરણ :

સમ્યગ્દર્શન ગુણનો મહિમા કોઇ ગજબનો છે. જે આત્માઓમાં એ ગુણ પ્રગટયો હોય, તે આત્માઓમાં જ સર્વોત્તમ મધુર રસ સમાન સુન્દર કોટિનો ધર્મપરિણામ પ્રગટી શકે છે. જે સમ્યગ્દૃષ્ટિ આત્માઓમાં એવો સુન્દર ધર્મપરિણામ પ્રગટે છે, તેઓ જો સંસારમાં રહે છે, સંસારને ભોગવે છે, તો તે પણ સંસારને કાપવાને માટે જ ! શરત એટલી જ કે–એ ધર્મપરિણામ પ્રમાદ રૂપ મલથી સર્વથા રહિત હોવો જોઈએ. છેલ્લા કેવલજ્ઞાની શ્રી જમ્બૂસ્વામિજી, શ્રી વજ્રસ્વામિજી, શ્રી પૃથ્વીચન્દ્ર અને શ્રી ગુણસાગર તથા શ્રી પુંડરિક રાજા વગેરેના ધર્મપરિણામો એવા સાકર જેવા હતા. આ સંબંધમાં શાસ્ત્રોમાં એક સુર નામના રાજાની કથા આવે છે.

સુર રાજાના સોમ નામના નાના ભાઈએ દીક્ષા લીધી હતી; અને રાજ્યનો કોઈ સંચાલક નહિ હોવાથી, સુર રાજા નિરૂપાયે રાજગાદ્દી ઉપર રહ્યા હતા.

એક વાર, પોતાના મુનિ ભાઇ વિહાર કરતા કરતા નજદીકના વનમાં પધાર્યા છે, એવા સમાચાર સુર રાજાને મળ્યા; એટલે, તેઓ પોતાના મુનિ ભાઇને વન્દન કરવાને માટે ગયા. મુનિ એવા પોતાના નાના ભાઇને વન્દન કરીને, સુર રાજા પાછા ફર્યા, એટલે એ વાતની રાણીને જાણ થઇ.

રાણીને પણ પોતાના દીયર મુનિવરને વન્દન કરવાની ઇચ્છા થઈ અને તે એટલી બધી પ્રબલ કે–રાણીએ તરત જ અભિગ્રહ કર્યો કે–' આવતી કાલે સવારે દેવર મુનિને વન્દન

કર્યા પછીથી જ હું ભોજન કરીશ.'

આવો અભિગ્રહ કરીને, રાણી રાતના સુઈ ગઈ અને સવારે ઉઠી ત્યારે તેના જાણવામાં આવ્યું કે-' જે વનમાં દેવર મુનિરાજ છે, તે વન અને આ નગર વચ્ચે જે નદી છે, તેમાં તો પૂર આવી ગયું છે.' નદીમાં પાણી ઘણું આવી ગયેલું, જે વનમાં જવું છે તે વનમાં જવાનો બીજો કોઈ રસ્તો નહિ અને પોતાને અભિગ્રહ કે-દેવર મુનિવરને વાંદ્યા વિના બાવું નહિ, એટલે રાણી ઘણી ચિન્તાતુર બની ગઈ.

રાણીને ચિન્તાતુર બની ગયેલી જોઈને, રાજાએ કહ્યું કે-' ચિન્તા કર નહિ ! નદીની પાસે જઈને કહેજે કે-હે નદિ ! મારા દીયરે જ્યારથી વ્રત ગ્રહણ કર્યું છે, ત્યારથી આરંભીને જો મારા પતિએ અખંડ બ્રહ્મચર્યનું પાલન કર્યું હોય, તો મારા દીયર મુનિવરને વન્દન કરવાને માટે સામે કિનારે જવાને ઇચ્છતી એવી મને, તું માર્ગ આપ !'

રાજાએ આવું કહ્યું, એટલે રાણીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. પોતાના પતિ કેવા બ્રહ્મચારી છે, એ રાણી તો જાણે ને ? રાણીને રાજાની એ વાતને સાંભળીને વિચાર પણ આવ્યો છે કે-' મારા દીયરજીએ વ્રત લીધા પછીથી જ આ રાજાની પુત્રસન્તતિ મારા દ્વારા પેદા થઈ છે, છતાં પણ આ રાજા આવું અસમ્બદ્ધ કેમ બોલે છે ?'

રાણીને આવું આશ્ચર્ય પણ થયું અને આવો વિચાર પણ આવ્યો, પરન્તુ તેણીએ એ વિષયમાં રાજાને કાંઈ પણ કહ્યું ય નહિ અને કાંઈ પણ પૂછ્યું ય નહિ. તેણીએ એવો વિચાર કરીને પોતાના આશ્ચર્યને દબાવી દીધું કે-' અત્યારે આવો વિકલ્પ કરવાની જરૂર શી છે ? હમણાં જ, જે હશે

તે જણાઈ આવશે. વળી, પતિવ્રતા સ્ત્રીઓએ તો પતિ જે કહે તે પ્રમાણ કરવું જોઈએ, નહિ કે–પતિના કથનની સામે શંકા ઉઠાવવી જોઈએ !'

આવી રીતિએ પોતાના મનનું સમાધાન કરી લઈને, રાણી પોતાના દેવર મુનિવરને વન્દન કરવાને માટે નીકળી !

આમાં, તમારી વાત કાંઈ વિચારવા જેવી છે ખરી ? તમારી પત્નીઓ આવી રીતિએ તમારા કથનને પ્રમાણ કરી લે ખરી ? રાણીને રાજાએ જે કહ્યું, તે રાણીને માટે તો પ્રત્યક્ષ અને અનુભવસિદ્ધ જુઠ્ઠું છે ને ? તમારા ઘરમાં, તમારા વચનનો આટલો બધો વિશ્વાસ કદાચ ન હોય, પણ તમારું સીધું સાદું કથને ય, તમારા ઘરમાં વિશ્વાસથી મનાય છે ખરું ? એવું નથી, એમાં તમે માત્ર તમારી પત્નીનો દોષ કાઢો, એ ય ચાલે એવું છે ? તમારા ઉપર એનો વિશ્વાસ કેળવાય, એવું તમારું વર્તન પણ જોઇએ ને ? નહિતર, આર્યપત્ની પતિના વચનનો વિશ્વાસ નહિ કરે, તો કોના વચનનો વિશ્વાસ કરશે ? આર્ય પત્નીઓ તો એવી હોય કે–પતિની આજ્ઞાને જ નહિ પણ પતિની ઇચ્છાને ય આધીન થવામાં જ કર્ત્તવ્ય માને. આજે તો, તમારે, તમારે ઘરે કોઈને જમવા લઇ જતાં પણ વિચાર કરવો પડે ને ? કોઇ ટીપમાં નાણાં ભરતાં પણ વિચાર કરવો પડે ને ? કોઈ ગરીબ આદિને આપવું હોય, તો કેટલાકો ઘરવાળીની નજરને ચૂકાવીને આપે છે. જાણે છે કે–જો આ જોઇ ગઇ, તો રણસંગ્રામ જામ્યા વિના રહેવાનો નથી. અને આવા સંસારમાં પણ, કેટલાકોને બહુ રસ આવે છે !

રાણીએ તો નદીની પાસે જઇને, રાજાએ નદીને જે પ્રમાણે કહેવાનું કહ્યું હતું, તે પ્રમાણે નદીને કહ્યું અને નદીને

એ પ્રમાણે કહેતાંની સાથે જ, નદીએ રાણીને માર્ગ કરી આપ્યો. નદીનું પૂર બે ભાગમાં વહેંચાઈ ગયું. રાણીને આમ તો ખાત્રી થઈ ગઈ કે–પતિએ જે કહ્યું હતું, તે તદ્દન સાચું નિવડ્યું; પણ, એ સાચું હોય શી રીતિએ, એ વાતના તાગને રાણી પામી શકી નહિ ! એના મનમાં, હવે વાતની સચ્ચાઈ વિષે તો શંકા રહી જ નહિ, પણ એ વાત એવી હતી કે–એ વાતનું રહસ્ય જાણવાની ઇચ્છા શમે જ નહિ.

રાણી તો સપરિવાર નદીના માર્ગમાંથી સુખે પસાર થઇ ગઈ અને સીધી જ દેવર મુનિવરની પાસે પહોંચી. મુનિવરને વંદના કરીને, તે જરા ઉભી રહી એટલે મુનિવરે પૂછ્યું કે–'નદીમાં ઘણું પૂર આવેલું છે, તો તમે બધાં અહીં આવી શકયાં શી રીતિએ ?'

એ પ્રસંગ જ એવો હતો કે–આવું પૂછવાનું મન થાય, કેમ કે–આમ બનવામાં કોઈ વિશેષ વાત અવશ્ય હોવી જોઇએ, એમ લાગ્યા વિના રહે નહિ.

મુનિવરના પૂછવાથી રાણીએ જે બન્યું હતું તે અથેતિ જણાવ્યું. બધું કહીને, રાણીએ પોતાના દેવર મુનિવરને પૂછ્યું કે–'ભગવન્ ! રાજામાં બ્રહ્મચારિપણું ઘટે શી રીતિએ ?'

એ વખતે સોમ નામના મુનિવર રાણીને કહે છે કે–

"રાજામાં બ્રહ્મચારિપણું બરાબર ઘટી શકે છે. મેં જ્યારે વ્રત ગ્રહણ કર્યું, ત્યારે એમની ઇચ્છા પણ વ્રતને જ ગ્રહણ કરવાની હતી; પણ રાજ્યનો ભાર વહી શકે–એવું બીજું કોઈ હતું નહિ, એટલે મેં વ્રત ગ્રહણ કર્યું અને રાજાએ સંસારમાં રહેવાનું મન નહિ હોવા છતાં પણ, નિરૂપાયે રાજ્યને સંભાળ્યું. આ રીતિએ રાજા તરીકે રહેવા છતાં પણ, એ રાજા જ્યારથી

મેં વ્રત ગ્રહણ કર્યું ત્યારથી, સંસારથી વિરક્તપણે અને વ્રતને ગ્રહણ કરવાની આકાંક્ષામાં જ દિવસો પસાર કરે છે ! શાસ્ત્રમાં કહ્યું છે કે–' જે સ્ત્રી પરપુરૂષમાં રક્ત બની હોય છે, તે સ્ત્રી પોતાના ધણીની સાથે, તેના ઉપર હૃદયનો રાગ નહિ હોવા છતાં પણ, જેમ અનુકૂળપણે વર્તે છે, તેમ તત્ત્વમાં રત એવો યોગી સંસારને અનુકૂળપણે વર્તે છે.' તેવી જ રીતિએ, આ રાજા, કાદવમાં કમળ જેમ નિર્લેપપણે રહે છે તેમ, ગૃહવાસમાં નિર્લેપ મનથી રહેલા છે અને એથી તે બ્રહ્મચારી છે, એ વાત બરાબર ઘટે છે."

દેવર મુનિવરના મુખેથી આવો ખૂલાસો સાંભળીને રાણી સંતુષ્ટ થઈ. પોતાનો પતિ આવો વિરક્ત હોવા છતાં પણ, પોતાને એણે કેવી રીતિએ સાચવી છે, એ વિચાર આવે તો, એથી પણ એના મનને આનન્દ થાય ને?

પછી, રાણી પોતાની સાથે લાડુ આદિ જે ભક્ષ્ય પદાર્થો લઈ આવી હતી, તેમાંથી તેણીએ દેવર મુનિવરને વહેરાવ્યું. દેવર મુનિવરને વહેરાવીને, રાણીએ પોતાનો અભિગ્રહ પૂર્ણ કર્યો અને પોતે પણ ત્યાં ને ત્યાં જ ખાઈ લીધું.

પછી, પાછા વળતી વેળાએ રાણીએ દેવર મુનિવરને પૂછ્યું કે–' હવે મારે આ નદીને કયી રીતિએ ઉતરવી?'

મુનિવરે કહ્યું કે–' ત્યાં જઈને નદીને એમ કહેવું કે– જો આ મુનિ એમણે જ્યારથી વ્રત ગ્રહણ કર્યું ત્યારથી રોજ ઉપવાસી રહેતા હોય, તો તું મને માર્ગ આપ !'

આ વખતે રાણીને આશ્ચર્ય તો થયું નહિ, પણ એમ તો થયું કે–હજુ હમણાં જ મેં મોદકાદિ વહોરાવેલ છે અને સાથે કોઈ અન્ય મુનિ નથી, એટલે એ મોદકાદિ આ દેવર

મુનિએ જ વાપરેલા છે; છતાં, તેઓ પોતે જ પોતાને સદ્દાને માટે ઉપવાસી રહેલાનું જણાવે છે, તો એમાં પણ રહસ્ય શું છે, એ જાણી લેવું જોઇએ.

રાણી ત્યાંથી નીકળીને નદીની પાસે આવી અને જ્યાં તેણીએ દેવર મુનિવરે સૂચવ્યા મુજબનું કહ્યું, એટલે તરત નદીએ તેણીને માર્ગ કરી આપ્યો. આમ રાણી મહેલમાં સુખપૂર્વક પાછી આવી ગઈ. પછી તેણીએ રાજાને વાત કરી કે–'દેવર મુનિવરને આ પ્રમાણે મેં લાડુ વગેરે વહોરાવ્યું અને અમે નજદીકમાં જ હતાં તે વખતે એ મુનિવરે બધું વાપરી પણ લીધું; છતાં ય એ મુનિવરે અમારી પાસે અને નદીની પાસે પણ પોતાને રોજના ઉપવાસી તરીકે ઓળખાવ્યા, એમાં હેતુ શો છે? આપણે વાપર્યું તે અમે જાણીએ છીએ, છતાં એ રોજના ઉપવાસી કેમ કહેવાય?'

રાજા કહે છે કે–'દેવિ! તું મુગ્ધ છો; ધર્મના તત્ત્વને તું જાણતી નથી! આ મહાત્મા ખાય કે ન ખાય, તો પણ બન્નેયમાં સમચિત્તવાળા છે! જે મુનિઓ અકૃત અને અકારિત એવા શુદ્ધ આહારને કરે છે, તે મુનિઓ રોજના ઉપવાસી જ છે!'

રાજાએ કરેલા ખૂલાસાથી, રાણીને ઘણો સંતોષ થયો. ભગવાન શ્રી જિનેશ્વરદેવના ધર્મનું માહાત્મ્ય કેવું છે, એ જાણીને રાણી ધર્મમાં દૃઢ બની.

રાજા અને મુનિવરની માનસિક અવસ્થા :

એ રાણીને ગળે તો આ વાત ઉતરી ગઈ, પણ તમને આ વાત સમજાય છે કે નહિ? આપણે વાત તો એ નક્કી

કરવી છે કે–એવું તે કયું કારણ છે, કે જે કારણના યોગે જીવ ધર્મની સામગ્રીને સેવતો હોય, તે છતાં પણ, સંસારથી તરી જવાને બદલે સંસારમાં રૂલી જાય છે? જીવ ધર્મક્રિયાઓને ઓછા પ્રમાણમાં કરી શકે અગર જે ધર્મક્રિયાઓ કરે તે અવિધિ સાથે કરે, એટલા માત્રથી જ સંસારમાં રૂલી જાય, એવું બને નહિ. ભોગ ભોગવનાર છતાં પણ નિત્યના બ્રહ્મચારી રાજા અને ખાવા છતાં પણ નિત્યના ઉપવાસી મુનિવર, એમાં રાજામાં શું હતું અને મુનિવરમાં શું હતું? રાજાના બ્રહ્મચારિપણાનો વિચાર તેના ગૃહસ્થપણાને લક્ષ્યમાં રાખીને જ કરવો જોઈએ. રાજાએ રાણીને સેવી છે–એ વાત નક્કી છે, પણ કેમ સેવી? વિષયની સેવામાં એ રાજી હતો? વિષય-રસ એને પીડતો હતો? કે તેવા પ્રકારનાં કર્મોનો ઉદય તેને એ તરફ઼ ઘસડતો હતો? જ્યારથી રાજાના નાના ભાઈએ દીક્ષા લીધી, ત્યારથી રાજા વિરાગભાવમાં રમતો રહ્યો છે અને એથી 'ક્યારે હું દીક્ષા લઈ શકું?'–એવી જ આકાંક્ષાને એ સેવતો રહ્યો છે. રાજાપણાના રસથી એણે રાજ્યનું પાલન કર્યું નથી, પણ પોતે જે સ્થાનમાં છે, તે સ્થાને પોતાનું કર્ત્તવ્ય શું છે, તે સમજીને નિર્લેપપણે તેણે રાજગાદીને સેવી છે. એવી જ રીતિએ, મુનિવરે આહાર લીધો, તે શા માટે લીધો? આહારને ગ્રહણ કરવામાં હેતુ સંયમ કે જીહ્વાનો રસ? સાધુને સંયમના નિર્વાહને માટે આહારની જરૂર હોય, છતાં એ કેવો આહાર ગ્રહણ કરે? નિર્દોષ આહાર માટે જ ગવેષણા કરે ને? આહારની જરૂર હોય અને નિર્દોષ આહાર મળી જાય, તો ય મુનિવરનું ચિત્ત કેવું હોય? તો કે–આહારની જરૂર હોય અને નિર્દોષ આહાર ન મળે તો પણ જેવું

ચિત્ત હોય તેવું ! ખાય ત્યારે પણ તે ચિત્ત હોય, કે જે ન ખાય ત્યારે હોય અને અનશન વખતે જે ચિત્ત હોય, તે જ ચિત્ત અશન વખતે હોય ! કેમ એમ ? બે ય સંયમની સાધના માટે છે ! એમને, ખાવું, એ ય સંયમની સાધનાને માટે છે અને ન ખાવું, એ ય સંયમની સાધનાને માટે જ છે ! એ માટે, ભિક્ષાએ જતા મુનિવરનું–' મળે તો સંયમપુષ્ટિ અને ન મળે તો તપોવૃદ્ધિ '–આવા પ્રકારનું માનસ હોય છે.

આવાં તારક સાધનો દ્વારા પણ અનંતા કેમ ડૂબ્યા ?

આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે–સંસારનો રસ ન હોય, મન વિરાગથી ભરપૂર હોય અને વ્રતની આકાંક્ષા હોય, તો એવો જીવ નિરૂપાયે ગૃહસ્થપણાને સેવે એ બને; અને નિરૂપાયે ગૃહસ્થપણાને જે સેવતો હોય, તે એ રીતિએ ગૃહસ્થપણામાં રાખનારૂં જે કર્મ ઉદયમાં વર્તતું હોય તેને ખપાવતો હોય તથા વિરાગભાવ અને વ્રતાકાંક્ષા આદિથી બીજું પણ ઘણું ઘણું કર્મોની નિર્જરા સાધતો હોય. તમારા હૈયામાં ધર્મપરિણામ આવા પ્રકારનો છે ? ધર્મપરિણામથી જ તમે ધર્મક્રિયા કરો છો ને ? અને સંસારની ક્રિયાઓ કરતી વખતે પણ, તમારો ધર્મપરિણામ સજીવ રહે છે ને ? હવે આવાં સુન્દર સાધનોને પામવા છતાં પણ અને સેવવા છતાં પણ જે અનન્તા આત્માઓ સંસારમાં રૂલી ગયા, તેના કારણનો નિર્ણય તમે ઝટ કરી શકશો ! આવાં સુન્દર સાધનોને જીવ પામ્યો હોય અને સેવતો ય હોય, પણ હૈયામાં વિષયરસ ઠાંસી ઠાંસીને ભરેલો હોય, તો શું થાય ? હૈયામાં વિષયરસ, મિથ્યાત્વરસ, પાપરસ આદિ હોય અને આ સાધનોને સેવતો

હોય, તો આ સાધનોને પણ એ જીવ કેવા હેતુથી સેવતો હોય ? જેમ ધર્મપરિણામ સારો, તેમ આત્માનું કલ્યાણ વધારે અને જેમ વિષયરસનો અને કષાયરસનો, એટલે કે–સંસાર-રસનો પરિણામ ગાઢ, તેમ આત્માનું અકલ્યાણ વધારે ! જેઓમાં સંસારનો રસ ગાઢ હોય છે, તેઓ અવસરે ઉત્સૂત્રપ્રરૂપણાદિ પણ કરે. મોક્ષની વાતોને હંબગ કહે. જે કાંઇ કરે, તે સંસા-રના રસને આધીન બનીને જ કરે. સંસારના રસને આધીન બનીને આવાં તારક સાધનોને સેવનારાઓ તરી જાય, એ બનવાજોગ વસ્તુ જ નથી. વિષયસુખોના હેતુથી જ, એ ધર્મ કરે અને એને વિષયસુખના હેતુનો આગ્રહ પણ હોય. વિષય-સુખ તજવા જેવું છે, એ વાત હૈયાના એક ખૂણામાં પણ ન હોય. વિષયની સામગ્રી અનુકૂળપણે મળે, ભોગવાય, એ વગેરેમાં જ, એ સુખ માને. વિરાગ વિના, ધર્મની ઉપાસના, ધર્મની ઉપાસના તરીકે થઈ શકે જ નહિ. મુગ્ધ જીવોને માર્ગે લાવવાના હેતુમાં પણ, એ વાત તો રહેલી છે જ કે–એનામાં સંસારના સુખને જ માટે ધર્મ કરવાનો આગ્રહ હોતો નથી. મુગ્ધ હોવાથી વિશેષ સમજી શકતો નથી, પણ સંસારસુખના હેતુનો આગ્રહ પણ નથી, એટલે એનામાં વિષયરસ જોરદાર છે–એમ કહેવાય નહિ. એવા-ઓનું આલંબન લઈને, વિષયરસના યોગે જ આ ધર્મક્રિયાઓને કરનારા અને કરાવનારા, સંસારમાં જ રૂલે. ધર્મક્રિયાઓ ધર્મ-રસથી કરવી જોઈએ અને સંસારના યોગને કાઢવાને માટે કરવી જોઈએ. સંસારરસ જ્યાં સુધી બહુ જ મીઠો લાગે છે, ત્યાં સુધી તો જીવ, તારક સાધનોને પામે ને સેવે, તો પણ તે સંસારમાં રૂલે છે.

ધર્મપરિણામને સાકર જેવો બનાવો :

ત્યારે, તમારે પણ તમારા પરિણામની પરીક્ષા કરવી જોઈએ ને ? ઘણો વખત સંસારક્રિયામાં જાય છે અને ધર્મક્રિયામાં થોડોક જ સમય જાય છે, પણ મનમાં ઈચ્છા શી છે ? 'મારૂં જીવન એવું કયારે બને કે–આ જીવનમાં ધર્મક્રિયા સિવાયની કોઇ ક્રિયા હોય જ નહિ'–એવી ઇચ્છા ખરી ને ? સંસારક્રિયા ન છૂટકે કરો છો ને ? તમારૂં ચાલતું હોય, તો તમે ધર્મક્રિયા સિવાયની કોઈ ક્રિયા કરો જ નહિ ને ? હૈયામાં ધર્મપરિણામ છે કે નહિ અને છે તો કેવા પ્રકારનો છે ? ધર્મપરિણામને સાકર જેવો મીઠો બનાવવાનો પ્રયત્ન કરો. હૈયામાં એવો ધર્મપરિણામ હોવા છતાં ય, સંસારમાં રહેવું પડે–એ શકય છે, પણ સંસારમાં રહેવાય તો તદ્દન વિરાગભાવે રહેવાય અને સંસારના ત્યાગની તથા સંયમના સેવનની અભિલાષાપૂર્વક જ રહેવાય. આવો ધર્મપરિણામ ન હોય તો તે પ્રગટે, એ માટે મહેનત કરો છો ? તમને જે કાંઇ તારક સાધનો મળ્યાં છે, તેનો ઊલટો ઉપયોગ તો નથી કરતા ને? દ્રાદ્રશાંગી, ઓઘો, અણુવ્રતાદિનો ઊલટો ઉપયોગ કરનારાઓને માટે જ એ વાત છે કે–તેઓ આ સાધનોને પામ્યા અને તેમણે આ સાધનોને સેવ્યાં, છતાં પણ તેઓ સંસારમાં રૂલી ગયા. તમારે સંસારમાં રૂલવું નથી ને ? સંસારથી છૂટવું જ છે ને ? સંસારથી છૂટવું હોય, તો અત્યારે યોગ સરસ છે. શ્રી સિદ્ધગિરિજીની છાયામાં છો, એટલે વાતાવરણ મજેનું છે. દોષોને કાઢવાની અને ગુણોને પ્રગટાવવાની અહીં સુંદર સામગ્રી છે. અહીં આવ્યા પછી પણ, જો આપણા દોષો ખળભળે

નહિ અને ગુણો પ્રગટે નહિ, તો આપણને લાગવું જોઈએ કે–આપણે મહા નાલાયક છીએ. આ ક્ષેત્ર ઉંચું છે, એમાં તો બે મત છે નહિ અને આપણે માટે કાળ પણ ઉંચો છે, એમ લાગે છે, કેમ કે–શ્રી સિદ્ધગિરિજીનાં દર્શન કર્યાં અને જે શ્રી સિદ્ધ ભગવાનોના સિદ્ધપણાની પ્રાપ્તિના યોગે આ તીર્થનો મહિમા છે, એ તારકોના જેવા આપણે કયારે બનીએ, એવી આપણા હૈયામાં ઈચ્છા પ્રગટી છે!

શ્રાવકની ભાવના :

આથી, આપણે એ વિચારવું જોઈએ કે–આપણને આ સંસાર કેવો લાગે છે? તમે સાધુ ન બની શકો એ શકય છે, કેમ કે–સાધુ બનવું હોય, તો સંસાર નિર્ગુણ લાગે–એટલા માત્રથી જ ચાલી શકતું નથી. સાધુ થવા માટે તો, સંસાર નિર્ગુણ લાગવો જોઈએ અને વ્રતપાલનની શક્તિ પણ હોવી જોઈએ. શ્રાવકમાં સંસારને છોડવાની અને વ્રતને પાળવાની શક્તિ ન હોય, તો શ્રાવક સંસારમાં રહે; પણ, કહેવાય છે શ્રાવક અને ગમે છે પણ સંસારમાં રહેવાનું જ, તો પછી બધું કહેવાનું જ રહે. આપણે ત્યાં તપ માટે ખાવાનું છે કે ખાવા માટે તપ કરવાનો છે? તપ માટે ખાવું પડે તેમ હોય તો ખવાય, પણ ખાવા માટે તપ કરવાનું કોઇ કહે તો? હવે જેને ખાવાનું પણ તપ માટે હોય, તે ઉપવાસ કરે એટલે પારણું કરે જ? જુઓ કે–હજુ તપ થાય તેમ છે, તો બીજે દહાડે નવકારશી કરે નહિ ને પોરિસી કરે; પોરિસી વખતેય શક્તિ હોય, તો તપની ભાવનાને તેજ બનાવવાનો પ્રયાસ કરે. જેમ વ્યવહારમાં ૨૦ મળ્યા પછી, ૫૦ સામે આંખ જાય ને? ૫૦

મેળવવાનો પરિશ્રમ કરવાનું મન થાય ને? તેમ, ઉપવાસ તો કર્યો, પણ બીજે દિવસે વધવાનું મન કેમ થતું નથી? આજે પણ ઉપવાસ થાય તો સારૂં, એમ કેમ થતું નથી? બીજે દિવસે ઉપવાસની શક્તિ ન હોય, તો વધાય તેટલું વધે અને વધાય તેમ ન હોય, તો નવકારશી ય કરે; પણ મનમાં શું હોય? થોડી પણ ધર્મક્રિયા, કેવા પ્રકારના પરિણામથી કરો છો, તે શોધી કાઢો! તમે આટલી મોટી ઉંમરના થયા, વારંવાર ધર્મક્રિયાઓ કરો છો, છતાં આટલા બધા અજ્ઞાન કેમ રહ્યા? પરિશ્રમ તો કર્યો, પણ જ્ઞાનાવરણીય કર્મ નડ્યું, એમ કહી શકશો? તમે જો ધર્મપરિણામને પામ્યા હોત, તો તમને તમારૂં જીવાદિ તત્ત્વોનું અજ્ઞાન ખટકત. 'સંસાર તો હેય જ અને કરણીય તો ધર્મ જ'–આ વાત જો તમારા હૈયામાં જચી ગઈ હોત, તો તમે તમારાં યોગ્ય સંતાનોને અહીં આપવા આવત. શ્રાવક સંતાનને ઉછેરે નહિ–એમ નથી જ, પણ શ્રાવક સંતાનને ઉછેરે, ત્યારે એના કોડ કેવા હોય? 'આ છોકરો સાધુ થાય તો ઘણું સારૂં! પણ આ છોકરો જો સાધુ થઈ શકે નહિ, તો ય સાધુપણાની અભિલાષાને સેવતો શ્રાવક તો અવશ્ય બનવો જોઈએ!'

સ૦ અમારા ધ્યેયનું જ ઠેકાણું નથી ને?

સંસારથી છૂટવાના ધ્યેય વગરની અને સંસારના રસથી થતી ધર્મક્રિયાઓથી પણ પુણ્ય બંધાય–એની ના નથી, એ પુણ્ય દેવાદિ ગતિને આપે–એની ય ના નથી, પણ તેથી સંસાર નહિ ઘટે. રાગના સ્થાને પણ વિરાગ પ્રગટવો જોઈએ, એને બદલે વિરાગના સ્થાને ય જે વિરાગ પ્રગટવો જોઈએ તે નહિ પ્રગટે; ભોગ ભયંકર લાગવાને બદલે મનોહર લાગશે

અને એમ સંસારનો રસ પુષ્ટ બનતાં, સંસાર વધી જશે.

શ્રી અરિહંતાદિની ને આપણી સાચી પિછાન થાય તો–

મોક્ષ, એ જ આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. સંસાર તો કર્મે નિર્મેલું આત્માનું વૈભાવિક સ્વરૂપ છે. સંસાર, એ પણ આત્માનો પર્યાય છે અને મોક્ષ, એ પણ આત્માનો પર્યાય છે; પણ આત્માનો સંસારપર્યાય કર્મે નિર્મેલો છે અને મોક્ષ, એ આત્માનો શુદ્ધ પર્યાય છે. પરાધીન સ્વરૂપમાં તે રાચે, કે જે અજ્ઞાન હોય. રાગાદિ કરવા, તે આપણું પોતાનું સ્વરૂપ છે ? શુદ્ધાત્મા રાગાદિ કરે ખરો ? જે રાગાદિ કરે, તેને આપણે દેવ માનીએ ખરા ? સંસારના રાગાદિના જે ત્યાગી ન હોય, તેને આપણે ગુરૂ માનીએ ખરા ? રાગાદિમાં રમણ કરવાનું જે સુઝાડે, તેને આપણે ધર્મ માનીએ ખરા ? નહિ જ ! કેમ નહિ ? આપણે એવા દેવાદિને કેમ માનીએ નહિ ? કેમ કે–આપણે રાગાદિથી છૂટવું છે ! આપણને રાગાદિ કરવા ગમે છે ? રાગાદિ કોણ કરે ? પરાધીન આત્મા જ રાગાદિ કરે. આપણને આપણી આ પરાધીનતાનો ખ્યાલ છે ? રસ્તે ચાલતો ભિખારી પણ, બીજાને આજ્ઞા કરવામાં આનંદ માને છે, પણ બીજાની આજ્ઞા માનવામાં આનંદ માનતો નથી. સંસારનો રસ, એટલે પારકી આજ્ઞાનો રસ. આપણને એ રસ છે ને ? એ રસ ગમે છે ને ? એક તો ગુલામીનો રસ અને એમાં આનંદ, એ ઓછું અજ્ઞાન છે ? જેમ ખાવામાં પેટ માગે નહિ ને જીભ માગે, ત્યારે કેવી વિટંબણા થાય ? એ ઇન્દ્રિયની ગુલામી છે ને ? એમ, સંસારના રસથી જેટલું થાય છે, તે પારકી આજ્ઞાના રસથી જ થાય છે. સંસાર એટલે આત્માનું કેદ-

બાનું. આ વસ્તુનો જેને સાચો ખ્યાલ આવી જાય, તેને સંસાર ઝેર જેવો લાગે. આપણને સંસાર કેવો લાગે છે? સંસારમાં આપણી સ્થિતિ કેવી લાગે છે? આપણને સંસાર જો લહેરનું સાધન લાગતો હોય અને 'આપણે જે કાંઈ કરીએ છીએ તે બધું આપણી મરજી મુજબ જ કરીએ છીએ'–એમ જો આપણને લાગતું હોય, તો આપણે મહા અજ્ઞાન છીએ. શ્રી અરિહંત ભગવાનનો મોટામાં મોટો ઉપકાર કયો? એ તારકો મોક્ષમાર્ગના દાતા બન્યા, એ જ ને? શ્રી સિદ્ધ ભગવાનો પણ મોક્ષસ્વરૂપની પ્રેરણા આપે તેવી અવસ્થાને પામ્યા છે, માટે જ નમસ્કરણીય છે ને? આચાર્યાદિ પણ સંસારને તજીને એક મોક્ષમાર્ગને જ સેવે છે અને મોક્ષમાર્ગનો જ પ્રચાર આદિ કરે છે, માટે વન્દનીય આદિ છે ને? આવા શ્રી અરિહંતાદિને સેવનારાને 'સંસાર તજવા જેવો છે અને મોક્ષ મેળવવા જેવો છે'–એવું જો ન લાગે, તો સમજી લેવું જોઇએ કે–એને શ્રી અરિહંતાદિની પણ સાચી પિછાન નથી અને પોતાના આત્માની પણ સાચી પિછાન નથી!

ગુલામ હોવા છતાં પણ ગુલામીનો ખ્યાલ આવતો નથી અથવા તો તે ભૂલાઈ જાય છે:

સ૦ જ્ઞાન હોય તો સમજાય ને?

બહુ શાસ્ત્રજ્ઞાન ન હોય, પણ જે દેવને સેવીએ છીએ, તેમના જેવા બનવાને માટે જ ધર્મને સેવવો જોઇએ, એટલું પણ જ્ઞાન નથી? વીતરાગ જ દેવ ગમે અને વીતરાગપણાને પામવાને માટે નિર્ગ્રન્થપણાને સેવનારા ગુરૂઓ જ ગમે, એવું

તો તમે હસ્સાથી કહો છો; તો તમને એવા બનવાની ઈચ્છા છે, માટે તમે એમ કહો છો કે એ ઈચ્છા નથી છતાં એમ કહો છો ? આવા દેવ-ગુરૂ-ધર્મને પામેલાને, એમ તો થવું જોઇએ ને કે-'જેટલો થાય તેટલો, થોડો થાય તો થોડો, પણ જેટલો થાય તો તેટલો ધર્મ મોક્ષને માટે જ કરવો છે !? મારો આત્મા સંસારની ગુલામીમાં ફસાઈ પડ્યો છે, તેમાંથી છૂટવાને માટે જ મારે ધર્મ કરવો છે !?'

સ૦ સંસારમાં ગુલામી નથી લાગતી.

સંસારનો રસ છે તેથી. જરાક ડાહ્યા થઇને વિચારો અને ભૂલકણા બનો નહિ, તો તમને લાગે કે-સંસારમાં ઘણી વિષમતા ભોગવવી પડે છે. સંસારમાં, ડગલે ને પગલે ગુલામી છે. 'હું ધાર્યું કરું છું'-એમ કોઈ વાર લાગે, ત્યારે યાદ કરવું કે-'જીંદગીમાં હું ધાર્યું કેટલું કરી શક્યો અને મારું ધાર્યું કેટલું થયું નહિ ?' વેપાર કરવા જાય, તે રળવા જ જાય ને ? છતાં, બધા રળીને જ આવે ? ના, કોઈ રળીને પણ આવે અને કોઈ રડીને પણ આવે. ત્યારે જે રળે અને જે રડે, એમાં કોઈ કારણ ખરું ને ? બે ય પરને આધીન છે. સ્વાધીનતા તો, રળવા છતાં ખુમારી નહિ આવવા દેવી અને ખોવા છતાં દીનતા નહિ આવવા દેવી, એ છે. તમારે તો કેટલી ય વાર ધાર્યું થતું નથી કે ધાર્યું મળતું નથી, એટલે દુર્ધ્યાન કર્યા કરવું પડે છે; પણ જ્યાં જરાક ધાર્યું મળે, એટલે નાચો છો. સંસારનો એ કેફ છે. કુતરાને પ્રાયઃ કોઈ ઘરે આદર નહિ, જ્યાં ચઢે ત્યાંથી મોટે ભાગે 'હડે' એને કાને પડે, જ્યાં જાય ત્યાંથી એને કાઢે અને જે હોય તે એને મારે, આવું મોટે ભાગે બને; તે છતાં તેને બોલાવવાને

શું કરવું પડે ? હાથમાં કાંઈક છે–એમ બતાવીને 'તુ' તુ' જ કરવું પડે; તેમ, સંસારમાં લુબ્ધ બનેલો જીવ, જ્યાં જરા અનુકૂળતા મળે છે, એટલે થોડા વખત પહેલાં વેઠેલી ભારે આપત્તિઓને પણ એ ભૂલી જાય છે. જરાક જોઈતું મળ્યું, એટલે આજુબાજુની આપત્તિઓને ભૂલી જતાં વાર નહિ. કર્મ જરા અનુકૂળતા આપે, એટલે કર્મની ગુલામીને ભૂલી જતાં વાર નહિ. બાપ છોકરાને ખોળામાં બેસાડે, તો સમજવું કે–કર્મની મહેરબાની છે. બરાબ કર્મ આવ્યું, તો આનો આ બાપ, એને લાત મારતાં પણ અચકાશે નહિ. બાપે પણ સમજવું જોઈએ કે–લાડ લડાવીને ઉછેરેલો છોકરો પણ, ક્યારે લાત મારશે તે કહેવાય નહિ. આ સમજ આવે, તો કર્મની આધીનતા ખટકે. પછી લાગે કે–સંસાર એ મારૂં સ્વરૂપ નથી. 'સંસાર એ મારૂં સ્વરૂપ નથી અને મોક્ષ જ મારૂં સ્વરૂપ છે'–એમ લાગ્યા વિના, ધર્મ જે ભાવે કરવો જોઈએ, તે ભાવે ધર્મ થાય નહિ.

સ૦ તો ધર્મે ય કર્મની આધીનતાથી થાય છે ?

કર્મની આધીનતાથી ધર્મ કરનારાઓનો પણ તોટો નથી. કર્મની આધીનતાથી ધર્મ કરે, એ કર્મને ખપાવે નહિ પણ કર્મને વધારે. કર્મની આધીનતા જ્યારે ઘટે છે, ત્યારે આત્માને પોતાના સ્વરૂપનું ભાન થાય છે. હું ગુલામ બનેલો છું, એમ લાગે છે. આ ગુલામીમાંથી છૂટવાને માટે મારે ધર્મને સેવવો જોઇએ, એમ લાગે છે. એ ધર્મ વિવેકથી થયો કહેવાય. એ ધર્મ આત્માના નિસ્તારને સાધનારો બને. ટૂંકમાં કહીએ તો, આત્મા કર્મના હુકમથી જે કાંઈ કરે તે સંસાર અને પોતાના સાચા વિવેકથી જે કાંઈ કરે તે ધર્મ.

સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયાના યોગથી મુક્તિ :

શ્રી જૈન શાસનમાં '**ज्ञानक्रियाभ्यां मोक्षः**'–એમ કહ્યું છે. આ શાસન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયાના સુયોગથી જ આત્માનો મોક્ષ થાય, એમ માને છે અને એથી જ આ શાસન જેમ મિથ્યા ક્રિયાઓનો નિષેધ કરે છે, તેમ વિપરીત હેતુથી થતી અગર તો વિચારશૂન્યપણે થતી ધર્મપ્રવૃત્તિનો પણ નિષેધ કરે છે. ખરાબ વિચાર વિના અને સામાન્ય સારા વિચારથી પણ કોઇ સારી ધર્મપ્રવૃત્તિ થઈ જાય, તો ય લાભ થાય; પણ મોક્ષસાધક સમ્યક્ ક્રિયા આપણા મોક્ષની સાધક ત્યારે જ બની શકે, કે જ્યારે આપણે મોક્ષના ભાવથી એને આચરવા માંડીએ અને તેમાં એકતાન બની જઈએ. વિચાર, એ જ્ઞાનનો અંશ છે. સમ્યગ્ જ્ઞાન હોય, એટલે મોક્ષનો ભાવ આવે જ. મોક્ષના ભાવ વિના, મોક્ષસાધક નિવડે–તેવી ક્રિયા પણ, મોક્ષસાધક નિવડી શકે નહિ. એટલા માટે તો કહ્યું કે–'જેના ઉપર મોહનો જ અધિકાર છે, તેનામાં અધ્યાત્મ હોય નહિ.' અધ્યાત્મ–ક્રિયા એટલે ક્રિયા રૂપ અધ્યાત્મની શરૂઆત કયારથી માની ? મોહનો અધિકાર ઉઠ્યા પછીથી જ. મોહનો અધિકાર જેમના ઉપરથી ઉઠ્યો છે, તેવા આત્માઓની, આત્માને ઉદ્દેશીને કરાતી શુદ્ધ ક્રિયા જ, અધ્યાત્મક્રિયા હોઇ શકે, એમ ઉપકારિઓએ કહ્યું આપણે ત્યાં. એકલા જ્ઞાનને અધ્યાત્મ કહ્યું નથી કે એકલી ક્રિયાને અધ્યાત્મ કહ્યું નથી. સંસારમાં સાચું અધ્યાત્મ ત્યાં જ હોય, કે જ્યાં જ્ઞાન પણ હોય અને ક્રિયા પણ હોય. જેમ, એક ચક્રે રથ ચાલી શકે નહિ, એક પાંખે પંખી ઉડી શકે નહિ અને

એક હાથે તાલી પાડી શકે નહિ, તેમ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મુક્તિને પામી શકાય જ નહિ. એકલા જ્ઞાનથી મુક્તિ માનનાર પણ મિથ્યાદૃષ્ટિ છે અને એકલી ક્રિયાથી મુક્તિ માનનાર પણ મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રે વ્યાખ્યા આપી. કોની શુદ્ધ ક્રિયાને અધ્યાત્મ કહેવાય ? તો કે–જેના ઉપરથી મોહનો અધિકાર ઉઠ્યો છે, તેની જ શુદ્ધ ક્રિયાને અધ્યાત્મ કહેવાય. આમાં બે વાત કહી. એક તો મોહનો અધિકાર નહિ જોઇએ અને બીજું ક્રિયાની શુદ્ધિ જોઈએ.

અનુકૂળ અને ઉત્તમ સ્પર્શાદિના યોગ વિના સુખ સંભવે જ નહિ–એવું માનનારા મોક્ષને નથી માનતા :

મોહનો અધિકાર કોના ઉપરથી ઉઠ્યો છે, એમ કહેવાય ? આત્મા ઉપર મોહનો અધિકાર હોવા છતાં પણ, એ આત્મા પુણ્ય–પાપને માને એ બનવાજોગ છે, પરલોકને માને એ પણ બનવાજોગ છે અને સદ્ગતિ–દુર્ગતિને માને એ પણ બનવાજોગ છે; પણ મોક્ષને તો એ માને જ નહિ. સુખ એ આત્માનો પોતાનો ગુણ છે અને એ ગુણ જો બરાબર પ્રગટી જાય, તો આત્મા કોઇ પણ પદાર્થના સંયોગ વિના અનન્ત સુખને અનન્ત કાલ પર્યન્ત ભોગવી શકે છે. આ વાત એની બુદ્ધિમાં ઉતરે જ નહિ. ખૂદ ભગવાન શ્રી જિનેશ્વરદેવો સમવસરણમાં વિરાજીને કહેતા હોય; ઇન્દ્રો ને નરેન્દ્રો, દેવતાઓ અને માણસો, એ તારકની સેવા કરવાને માટે દોડાદોડ કરતા હોય; જેને સંશય થાય તેનો સંશય વગર પૂછ્યે પણ ભેદાય તેવો તો એ તારકોની વાણીનો પ્રભાવ; સૌ પોતપોતાની ભાષામાં ભગવાનના ઉપદેશને સાંભળી શકે;

પશુ અને પંખીઓ ત્યાં જાતિવૈરને ભૂલી જાય; આ બધું જોવા છતાં અને ભગવાન મોક્ષસુખનું જે વર્ણન કરે તે સાંભળવા છતાં પણ, એ તો એમ જ વિચારે કે–'મોક્ષની વાત સંભવે જ કેમ?' એને એમ જરૂર થાય કે–'આ પુરૂષ બહુ પુણ્યશાલી છે; બહુ જ્ઞાની છે; આ કહે છે તે મુજબ કરીએ, તો દેવલોકનાં સુખો મળ્યા વિના રહે નહિ.' પણ, મનમાં ને મનમાં પાછો એ જ નિર્ણય કરી લે કે–'કોઈ પણ વસ્તુના સંયોગ વિના કોઇ પણ સુખ ભોગવી શકાય, એ બને જ નહિ!' સુખ જોઈએ, તો સંયોગ પણ જોઈએ જ, આ એની માન્યતા. એને એમ જ થાય કે–'અનુકૂળ અને ઉત્તમ જાતિની વસ્તુના સ્પર્શથી, એના રસથી, એની સુગંધીથી, એને જોવાથી અને એને સાંભળવાથી જ સુખ અનુભવી શકાય. અનુકૂળ ને ઉત્તમ પ્રકારનો સ્પર્શ કર્યા વિના, તે સુખ સંભવે? જીભ ઉપર મીઠા પદાર્થ મૂકયા વિના, તે સુખ સંભવે? નાકમાં સારી ગન્ધ આવ્યા વિના, તે સુખ સંભવે? આંખને સારૂં, ગમે તેવું જોવાનું મળ્યા વિના, તે સુખ સંભવે? અને જ્યાં સુધી કર્ણપ્રિય અવાજ કાને પડે નહિ ત્યાં સુધી, તે સુખ સંભવે? જેને ઇન્દ્રિયો જ નથી, તેને વળી સુખ કેવું? અને ઇન્દ્રિયો હોય, તે છતાં પણ અનુકૂળ અને ઉત્તમ સ્પર્શાદિ કર્યા વિના પણ, સુખ અનુભવાય શાનું? આત્મા શરીર વગરનો ને ઇન્દ્રિય વગરનો હોય ને એ સુખ ભોગવે, એ બધી વાતમાં કાંઈ માલ નથી. આ શરીર ન હોય, તો ય સુખ ભોગવાય નહિ. આ શરીર જરાક માંદું કે ઢીલું પડી જાય છે, તો સુખ ભોગવાતું નથી અને શરીર ન હોય ત્યારે સુખ ભોગવાય? આ બધી વાતમાં કાંઈ સાર જેવું

નથી.' એને મોક્ષ અને મોક્ષના હેતુની વાત રૂચે જ નહિ. આત્મા મોક્ષ પામે, અથવા તો મોક્ષ પામે એવો કોઈ આત્મા હોઈ શકે, એ બને જ નહિ, એવું એ માને. બાકી ઇન્દ્રાદિ દેવોને જુએ, એટલે દેવગતિ છે–એમ પણ માને અને ઇન્દ્રાદિકને ભગવાનની સેવા કરતા જુએ, એટલે એને એમ પણ થાય કે–'આ કહે છે તેમ જો ત્યાગને સેવ્યો હોય, તો જ ઇન્દ્રાદિકનું સુખ મળી શકે.'

એટલે, સંયોગજન્ય સુખને માટે એ ભગવાને કહેલા ધર્મને સેવવા પણ માંડે. ભગવાને કહેલા ધર્મને એ એટલી બધી કડકાઈથી સેવે કે–વાત પૂછો મા. કેમ? એને ખાત્રી છે કે–'આ ધર્મને આ કહે છે તેમ સેવીએ, તો જ દેવતાઈ સુખ મળે!' એની ક્રિયામાં અવિધિ ન આવી જાય, અતિચાર ન લાગી જાય, એની એને પૂરતી કાળજી હોય. બધામાં બાદ કેટલી વાત? માત્ર મોક્ષની વાત જ બાદ! મોક્ષની વાતમાં ય. તે, તે વખતે દ્વેષ કેળવે નહિ. કોણ જાણે, મોક્ષ શું છે તે? એમની મોક્ષની વાત એમની પાંસે ભલે રહી! આમ તે મોક્ષના વિષયમાં અદ્વેષ રાખે અને દેવતાઈ સુખોના, વિષયસુખોના રાગથી ભગવાને કહેલા ધર્મને એટલે ભગવાને કહેલી ધર્મક્રિયાઓને એ ખૂબ રાગથી સેવે. વિચાર કરો કે–ભગવાનના વચન ઉપર એણે કેટલો બધો વિશ્વાસ રાખ્યો? ભગવાનના વચન ઉપર વિશ્વાસ મૂકીને, એણે સંસારસુખના સંયોગોને તજી દીધા, સંસારસુખના સંયોગો આવી મળ્યા હોય તો ય તેને ગ્રહણ કર્યા નહિ અને પ્રાણાતિપાત આદિથી વિરામ પમાડનારી ક્રિયાઓ પણ કાળજીપૂર્વક કરી! તમને લાગે છે ને કે–આ કાંઈ ભગવાનના વચન ઉપર જેવો-તેવો

વિશ્વાસ રાખ્યો કહેવાય નહિ!? પણ ખરું જોતાં, એ જીવે નથી તો ભગવાનને માન્યા કે નથી તો ભગવાનના વચનને માન્યું! કારણ કે-ભગવાનને એ વીતરાગ, સર્વજ્ઞ અને મોક્ષે જનારા તરીકે સ્વીકારે જ નહિ તેમ જ ભગવાને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરી હોય, ત્યારે આ જીવ એને સંસારસુખના માર્ગ તરીકે જ ગ્રહણ કરે! ભગવાન જેનો સર્વથા નિષેધ કરે, તેનો જ એને રસ! ભગવાન વિષયવિરાગ આદિને માટે ધર્મ કરવાની જરૂર બતાવે, ત્યારે આ વિષયરાગથી જ આ કરવું જોઈએ-એમ માને! આમાં, એણે ભગવાનના વચનનો વિશ્વાસ કર્યો, એટલે કે-એને ભગવાનનું વચન રૂચ્યું, એમ કહેવાય ખરું?

અવિધિવાળી ધર્મક્રિયા પણ વિધિબહુમાનથી અને મોક્ષના આશયથી હોય તો અધ્યાત્મમાં ખપે:

તમને તો ભગવાનના વચન ઉપર વિશ્વાસ છે ને? પેલામાં ને તમારામાં ફેર શો છે? તમારી ધર્મક્રિયા ક્રિયા તરીકે તો પેલાની તુલનામાં આવી શકે તેમ છે જ નહિ, કેમ કે-તમે જે થોડી-ઘણી ક્રિયા કરો છો, તે પણ કેટલી બધી પાંગળી છે, તે તમારી જાણ બહાર તો નથી જ ને? પેલાના જેટલી ક્રિયા પણ નહિ અને ક્રિયાને એના જેટલી વિધિથી કરવાની કાળજી પણ નહિ, એ તો દેખીતી વાત છે ને? એ અપેક્ષાએ તો, તમે એના કરતાં ચઢીયાતા નહિ જ ને? ત્યારે, એના કરતાં તમે ચઢીયાતા છો, એ વાત તમારે કહેવી હોય, તો શું કહેવું પડે? અમારી ક્રિયા અધ્યાત્મમાં મૂકી શકાય તેવી છે, એમ તમારે કહેવું પડે. તમે જે ધર્મક્રિયા કરો છો, તે આત્માને ઉદ્દેશીને કરો છો, એમ કહેવું પડે. તમારે તમારા

આત્માને સંસારથી મુક્ત બનાવવો છે, એ માટે તમે આ બધી ધર્મક્રિયાઓ કરો છો, એમ તમારે કહેવું પડે. તમારે કબૂલ કરવું પડે કે–મોક્ષ છે અને જે કોઇ પણ આત્મા સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ ક્રિયાના યોગને પામે, તે પોતાના પુરૂષાર્થથી મોક્ષને પામી શકે છે. સુખ, સ્પર્શાદિક વિષયોના સંયોગમાં નથી, પણ આત્મા સર્વ સંયોગોથી પર બનીને જ અનન્ત અને અક્ષય સુખનો ભોક્તા બની શકે છે. શરીર તો આત્માનું કેદખાનું છે. શરીરથી રહિત બનીને આત્મા અશરીરાવસ્થાને પામે, એ જ આત્માનું સાચું અને સંપૂર્ણ સ્વરૂપ છે. આત્મા વીતરાગ પણ બની શકે છે, સર્વજ્ઞ પણ બની શકે છે અને અશરીરી પણ બની શકે છે. જ્યાં સુધી આત્મા વિષયસુખને જ સાચું સુખ માની બેઠો છે, ત્યાં સુધી આત્માનો નિસ્તાર જ નથી. તમારે કહેવું જોઈએ કે–અમે આ બધું માનીએ છીએ અને મોક્ષને પામવાને માટે જ ધર્મ કરવો જોઈએ–એ વાતમાં અમને જરા ય શંકા નથી. અમે જે ધર્મ કરીએ છીએ, તે સંસારના સુખને માટે નહિ, પણ અમારૂં ધ્યેય તો મોક્ષસુખને જ મેળવવાનું છે. જેના હૈયામાં આટલું પરિવર્તન થઈ જવા પામ્યું હોય, તેના ઉપર મોહનો અધિકાર રહ્યો નથી અને વિવેકનો અધિકાર શરૂ થયો છે. મોહનો અધિકાર ગયા વિના મોક્ષ રૂચે નહિ અને એ વિના, મોક્ષના હેતુથી ક્રિયા થઈ શકે નહિ. તમે મોહના અધિકાર નીચે જ છો કે હવે આત્માના અધિકારમાં આવી ગયેલા છો, એનો નિર્ણય તમારે કરી લેવો જોઈએ. તમે ખાત્રીથી કહો કે–'અમે આ ધર્મક્રિયા મોક્ષને માટે કરીએ છીએ' એટલે એ ક્રિયા અધ્યાત્મમાં જાય, કેમ કે–જ્ઞાન અને ક્રિયા

બન્ને થયાં. ક્રિયામાં અવિધિ આદિ દોષો લાગી જાય છે, પણ ઇચ્છા તો વિધિપૂર્વક જ કરવાની છે ને ? એટલું હોય તો ય એ ક્રિયાને અધ્યાત્મમાં ગણી શકાય. સારું કરવાની ઇચ્છા છતાં બીજા દોષો અવિધિ આદિ કરાવી દે, પણ આપણું લક્ષ્ય અવિધિ આદિને કાઢવાનું તો બરું ને ? જેના હૈયામાં અવિધિ પ્રત્યે અભાવ હોય અને વિધિ પ્રત્યે બહુમાન હોય, તેની અવિધિ પણ કદાચ વિધિને લાવનારી હુતી બને. ક્રિયા કરનારના હૈયામાં, આ ક્રિયા મારે ભગવાને કહેલા વિધિપૂર્વક જ કરવી છે, એવું લક્ષ્ય તો હોવું જ ઘટે.

અભવ્યાદિ આ ધર્મને સેવે તે સંસારસુખને માટે જ :

મોહથી મૂકાવાનું જેને મન થાય, મોહ જ મને સંસારસુખમાં મુંઝવી રહ્યો છે–એમ જેને લાગે, મને મુંઝવનારા આ મોહથી મારે મૂકાવું જોઇએ–એવું જેને થાય, તેના ઉપર મોહનો અધિકાર રહે નહિ. એને મોહ હોય, પણ એના ઉપર મોહનો અધિકાર ન હોય. આપણી કેવીક સ્થિતિ છે ? હમણાં જે વાત કરી કે–ભગવાને કહેલા ધર્મને સંસારસુખના કારણ તરીકે માને પણ મોક્ષના કારણ તરીકે માને નહિ, કેમ કે–મોક્ષને જ માને નહિ, એમાંના તો તમે નથી ને ? એવી રીતિએ આ ધર્મક્રિયાઓને બહુ જ કાળજી પૂર્વક સેવનારા કોણ કોણ હોય છે, તે જાણો છો ? સઘળા ય અભવ્યો જ્યારે જ્યારે ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ મોક્ષને માટે બતાવેલ ધર્મક્રિયાઓને સેવે, ત્યારે ત્યારે તે સંસારના સુખના હેતુથી જ સેવે. સઘળા ય દુર્ભવ્યો પણ આ ધર્મક્રિયાને કરે, તો તે સંસારસુખના હેતુથી જ કરે. ભારેકર્મી ભવ્યો પણ, આ ધર્મક્રિયા-

એને સેવે તો સંસારસુખના હેતુથી જ સેવે. ખૂદ શ્રી તીર્થંકર ભગવાન મળે અને કહે, પણ એમને મોક્ષ રૂચે જ નહિ; મોક્ષ રૂચે નહિ, એટલે મોક્ષના અસ્તિત્વમાં વિશ્વાસ ઉપજે નહિ. સંયોગ વગરનું સુખ હોઈ શકે જ નહિ, એવો એમનો મત. ખૂદ શ્રી તીર્થંકર ભગવાન ન મળ્યા હોય અને બીજી કોઈ રીતિએ આ સામગ્રીનો યોગ થઈ ગયો હોય, પણ સઘળા અભવ્યો, સઘળા દુર્ભવ્યો અને ભારેકર્મી એવા સઘળા ભવ્યો પણ મોક્ષના હેતુથી આ ધર્મક્રિયાઓને સેવનારા બને જ નહિ; અને જ્યાં સુધી સંસારથી છૂટવાને માટે એટલે કે મોક્ષને પામવાને માટે આ ધર્મક્રિયાઓને સેવાય નહિ, ત્યાં સુધી મોક્ષસાધક જ્ઞાન-ક્રિયાનો યોગ થયો એમ કહેવાય નહિ. એ બધા દેખીતી રીતિએ કરે ધર્મ, પણ હોય સંસારના, કેમ કે–એમના ઉપર અધિકાર મોહનો જ છે.

મન મોહને આધીન છે કે જિનને ?

તમને તમારી ખરી મનોદશાનો ખ્યાલ આવે, એ માટે જ આપણે આ વાતો કરીએ છીએ. શ્રી સિદ્ધક્ષેત્ર સુધી આપણે આવી પહોંચ્યા છીએ. શ્રી સિદ્ધગિરિજીના દર્શને ભક્તિભાવથી આવ્યા છીએ. એ પણ સૂચવે છે કે–આપણે ચરમાવર્ત્ત કાલને તો જરૂર પામ્યા છીએ. આપણામાં મોક્ષનો આશય પ્રગટ્યો છે અથવા તો જેના કાંકરે કાંકરે અનંતા આત્માઓ સિદ્ધિગતિને પામ્યા છે–એની છાયાને પામીને આપણે એ આશયને પ્રગટાવવો છે, એમ તો બરૂં ને ? આ બધી ધર્મક્રિયા, આપણે એ માટે જ કરીએ છીએ ને ? આપણે કોની કહેલી ધર્મક્રિયાઓ કરીએ છીએ ? શ્રી જિનની કહેલી ! શ્રી જિને

આ ક્રિયાઓ શા માટે કરવાની કહી છે ? આત્માને સંસાર-થી મુક્ત બનાવવાને માટે ! આપણે સંસારપર્યાયવાળા મટીને, મોક્ષપર્યાવાળા બનીએ, એ માટે !

સ૦ હજુ તો મોહ મુંઝવી રહ્યો છે.

મોહની મુંઝવણ બરાબ છે, એમ લાગે છે કે નહિ ? મોહ ઉપર ગુસ્સો આવે છે કે નહિ ? ' આ મોહથી ક્યારે હું મૂકાઉં '–એમ થાય છે કે નહિ ? મોહ તમને હેરાન તો કરે જ છે, પણ એમ લાગે છે ને કે–' મોહ જ મારી હેરાનગતિનું મૂળ છે, માટે હવે હું શ્રી જિનની કહેલી ક્રિયાઓમાં રક્ત બનીને મોહને મારી પાસે રહેવા દઉં નહિ ?' આપણા ઉપર મોહનો અધિકાર ન હોય, તો ય તે કાંઇ ઓછું નથી. આપણું મન મોહને આધીન છે કે જિનને ? મોહ મનને બીજે ઘસડી જાય, સંસારના સુખ તરફ ઘસડી જાય, સંસારના સુખમાં આનન્દ ય ઉપજાવી દે, છતાં ' આ બધું મારી બરાબી કરનારું છે અને આ હેરાનગતિમાંથી છૂટવાને માટે, શ્રી જિનની સેવા કરવી, એ જ સાચો ઉપાય છે '–એમ લાગે છે કે નહિ ? સુખ વિષયસેવામાં કે શ્રી જિનની સેવામાં ? વિષયસેવામાં સાચું સુખ નહિ અને શ્રી જિનની સેવામાં જ સુખ, આટલું હૈયે બેઠું છે ? મોહના યોગે વિષયાદિની સેવા થાય–એ બને, એમાં આનન્દ આવી જાય એમ પણ બને, એને માટે અનેકવિધ નહિ કરવા યોગ્ય કરણીઓ થાય–એવું પણ બને, પરન્તુ એ બધું ય છતાં, એક વાત જો હૈયે હોય કે–' આ બધું મને સંસારમાં રૂલાવનાર છે અને શ્રી જિનવચનની સેવા જ મને સંસારથી તારનાર છે '–તો પણ, તમે પ્રાયઃ મોક્ષથી બહુ દૂર નથી, એમ માની શકાય.

મોહના વેઠીયા કે ગુલામ?

આ વાત હૈયામાં જો બરાબર બેસી જાય, તો મોહને ગમતાં કાર્યો પણ તમે મોહને ભગાડી દેવાને માટે કરનારા બની શકો. મોહનું કહેલું તમે કરો છો ખરા, પણ એ કરવું એ તમને ગમતું નથી, એમ તો ખરું ને?

સ૦ એમાં આનન્દ અનુભવાય છે ને?

સંયોગાદિને વશ આનન્દ અનુભવાય છે, કે 'આનન્દનું સાચું સાધન જ એ છે'–એમ લાગે છે? માણસ જેને દુશ્મન માનતો હોય, તેની સાથે પણ રમત–ગમત કરતાં આનંદ આવી જાય, પણ જ્યાં વિચાર આવે એટલે એ ચોંકે! એને થાય કે–મને એની સાથે રમતાં કયાંથી મઝા આવી ગઈ? જો જરાક બીનસાવધ રહીશ ને એને તક મળશે, તો એ છોડશે નહિ! એટલે, એનો પ્રયત્ન તો દુશ્મન સાથે રમત–ગમતનો પ્રસંગ જ ન પડે એ દિશાનો હોય ને? જે શેઠ થવાને માટે નોકરી કરે છે, તેને નોકરી નથી ગમતી, એમ કહી શકાય. એ, નોકરી કરવી ગમે છે માટે નોકરી નથી કરતો, પણ નોકરી કર્યા વિના છૂટકો નથી અને શેઠ બનવાનું સાધન પણ એ દ્વારા મળે તેમ છે–એમ એ જાણે છે, માટે નોકરી કરે છે. મનથી ગુલામી ગમે અને ગુલામી કરે, તે ગુલામ કહેવાય. મોહના તમે વેઠીયા છો કે ગુલામ? ધર્મરાજાના તમે ગુલામ છો પણ વેઠીયા નથી અને મોહરાજાના તમે વેઠીયા છો પણ ગુલામ નથી, એમ તો ખરું ને? અહીંનું ઓછું થાય છે અને બરાબર હુકમ મુજબ થતું નથી, પણ ભાવના એ જ છે કે–બધું અહીંનું જ કરવું છે અને તે ય બરાબર હુકમ મુજબ; જ્યારે ત્યાં ઘણું થાય છે, પણ તે કમનનું, એટલે કે એનાથી

કયારે છૂટાય એવી ભાવના છે–એવો એકરાર, કરી શકાય તેમ છે કે નહિ? વેઠીયા તો સમજ્યા ને? જેને કામે જવું ગમતું ન હોય, પણ કામે ગયા વિના જેનો છૂટકો થતો ન હોય એવા. ત્યારે તમે મોહના વેઠીયા છો કે ગુલામ છો? મોહ તમને પકડી જાય છે કે પછી તમે જ મોહને વળગતા તમે જાવ છો? ભગવાનને જઈને કહો છો કે–હે ભગવન્! ગુલામી તો તારી જ કરવી ગમે છે, મોહની ગુલામી કરવી ગમતી નથી, પણ મોહની ગુલામી કર્યા વિના ચાલતું નથી–એવો હું નબળો છું; હવે તું મને મળ્યો છે, તો તારી સેવાથી મારે એવી દશા જોઇએ છે કે–મારે મોહની ગુલામી કરવી જ પડે નહિ!?

અપુનર્બન્ધક અવસ્થા :

તમને કોઈ પૂછે કે–'તમે ધર્મક્રિયા કેમ કરો છો?' તો તમારે શું કહેવું જોઇએ? 'રહીએ છીએ ત્યાં ગમતું નથી, એટલે આ ક્રિયા કરું છું, કે જેથી આ સંસારથી છૂટું!' આત્માની આવી અવસ્થા, અપુનર્બન્ધક અવસ્થાથી આવી શકે અને અપુનર્બન્ધક અવસ્થા, ચરમાવર્ત્ત કાલમાં જ આવે. અભવ્યો અને દુર્ભવ્યો, અપુનર્બન્ધક અવસ્થાને પામી શકે નહિ. ભવ્યાત્માઓ જ અપુનર્બન્ધક અવસ્થાને પામી શકે. અપુનર્બન્ધકની થોડી પણ ધર્મક્રિયા અધ્યાત્મભાવને લાવનારી છે. આત્મા અપુનર્બન્ધક અવસ્થાને પામે, એટલે એનામાં ત્રણ ગુણો પહેલા આવે. એક ગુણ તો એ કે–પાપના સેવનમાં એને તીવ્ર ભાવ આવે નહિ; બીજો ગુણ એ કે–ભયંકર ભવ એટલે ભયંકર એવા સંસાર પ્રત્યે એના હૈયામાં બહુમાન હોય

નહિ; અને ત્રીજો ગુણ એ કે–કયાંય ઉચિતપણું લંઘાવા પામે નહિ, તેની એ કાળજી રાખે. આવા ત્રણ ગુણો પ્રગટયા હોય અને એમાં શ્રી જિનવાણીનો યોગ થઈ જાય, તો એ આત્માને સમ્યગ્દર્શન પામતાં બહુ વાર લાગે નહિ. પાપનો રસ ઘટી જાય, સંસાર પ્રત્યે બહુમાન ન રહે અને સર્વત્ર ઔચિત્યને જાળવીને વર્ત્તન કરે–આ ત્રણ ગુણો, મોક્ષના સાચા માર્ગને પામવામાં, ખૂબ જ સહાયક બને છે. ભગવાને કહેલો મોક્ષ-માર્ગ રૂચ્યા પહેલાંની આ અવસ્થા છે, જ્યારે આપણે તો ભગવાને કહેલા મોક્ષમાર્ગને આચરનારા છીએ, એટલે આપણામાં તો એથી પણ વધારે ગુણસમૃદ્ધિ પ્રગટેલી હોવી જોઇએ ને ? અહીં સુધી આવીને, પાછા આપણે શ્રી જિનથી વિખુટા ન પડી જઇએ અને સદ્ગતિને પામતે પામતે મોક્ષને પામી જઈએ, એ માટે આ વગેરે વાતોને વિચારવાની ખૂબ જ જરૂર છે. તમે હવે આ વિચારવાના ને ? વિશેષ તો, જ્યારે જ્ઞાનિએ દીઠું હોય ત્યારે.

[૨]

શ્રી સિદ્ધોનું ને આપણું સ્વરૂપ એક છે, પણ એમનું પ્રગટેલું છે ને આપણું દબાએલું છે :

અનન્ત ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–કષાયો અને ઇન્દ્રિયોથી જીતાએલો એવો આ આત્મા જ સંસાર છે અને જે આત્મા સંસાર છે, તે જ આત્મા જ્યારે કષાયો તથા ઇન્દ્રિયોનો વિજેતા બને છે, ત્યારે તે મોક્ષ છે, એમ ભગવાન શ્રી અરિહંતદેવો અને ભગવાન શ્રી ગણધરદેવો આદિએ ફરમાવેલ છે. આથી, એ વાત સ્પષ્ટ થાય છે કે–'આ આત્મા જ, સંસાર પણ છે અને મોક્ષ પણ છે.' સંસારસ્વરૂપ પણ આત્મા પોતે છે અને મોક્ષસ્વરૂપ પણ આત્મા પોતે જ છે. કષાયો અને ઇન્દ્રિયોથી જીતાએલો આત્મા સંસારસ્વરૂપ છે અને એનો એ જ આત્મા જ્યારે કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવે છે, ત્યારે તે મોક્ષસ્વરૂપ બને છે. કષાયો અને ઇન્દ્રિયોથી પરાજિતપણામાં સંસાર અને કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવામાં મોક્ષ. જે આત્માઓ શ્રી સિદ્ધિગતિને પામ્યા છે, તે કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરીને જ શ્રી સિદ્ધિગતિને પામ્યા છે. કષાયોને અને ઇન્દ્રિયોને કાબૂમાં લઈને, કષાયો અને ઇન્દ્રિયોથી મુક્ત બની જનારા આત્માઓ, સિદ્ધાત્માઓ બન્યા. એ તારકોએ

પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. એવું જ સ્વરૂપ આપણું પણ છે, પણ આજે તે ઢંકાએલું છે. શ્રી સિદ્ધિગતિને પામેલા આત્માઓનું અને આપણું સ્વરૂપ, આમ તો સરખું જ છે; પણ ફેર એટલો છે કે–એમનું સ્વરૂપ પ્રગટ થએલું છે અને આપણું સ્વરૂપ દબાએલું છે. જો આ વાત આપણા ખ્યાલમાં આવી જાય; આપણને સમજાઇ જાય કે–જે અનંતા સિદ્ધો આપણે માથે છે, તેમના જેવું જ મારૂં પણ સ્વરૂપ છે; કષાયો અને ઇંદ્રિયો ઉપર વિજય મેળવીને જ એ તારકો શ્રી સિદ્ધિગતિને સાધી શકયા છે અને હું પણ જો ધારૂં અને મહેનત કરૂં તો મારા એવા સ્વરૂપને પ્રગટાવી શકું તેમ છું; તો આ પ્રકારનો ખ્યાલ આત્માને જાગૃત બનાવી દે! 'સિદ્ધનું જે સ્વરૂપ છે, એ જ મારૂં સ્વરૂપ છે; કષાયો તથા ઇન્દ્રિયોને આધીન બનવાના યોગે જ, હું આજે આ સંસારસ્વરૂપને–વિભાવ સ્વરૂપને ભોગવી રહ્યો છું અને હું જો મહેનત કરૂં, તો હું પણ કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવીને મારા સાચા સ્વરૂપને પ્રગટાવી શ્રી સિદ્ધ જેવા જ સ્વરૂપવાળો બની શકું છું.'–આવો ખ્યાલ આવે, એટલે આત્માને સહજ રીતિએ પોતાનું સ્વરૂપ પ્રગટાવવાની ઇચ્છા થાય. આ ખ્યાલને પામેલો આત્મા, એ સ્વરૂપને લક્ષ્યમાં રાખીને, એ સ્વરૂપને પ્રગટાવવાના હેતુથી જ ધર્મ કરવા માંડે.

ચરમાવર્ત્ત જ શ્રી જિનવાણીનો પ્રયોગકાળ :

જે આત્માઓને પોતાનું દબાએલું સ્વરૂપ પ્રગટાવવું હોય, તે આત્માઓને માટે જ, ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ આ માર્ગ સ્થાપ્યો છે. ભગવાન શ્રી તીર્થંકરદેવોએ, શ્રી તીર્થંકર

–નામકર્મની નિકાચના કરી, તે કયી ભાવનાથી કરી ? ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ તીર્થની સ્થાપના કરી, તેની પાછળ હેતુ કયો ? એમાં, મોક્ષ સિવાય બીજું કાંઈ પણ બોલી શકાય તેમ છે ખરૂં ? સારા ય સંસારના જીવો દુઃખ માત્રથી છૂટે અને સદાકાળને માટે સૌ માત્ર સુખમાં જ ઝીલ્યા કરે, એવી એ તારકોની ભાવના હતી. એ તારકોને લાગ્યું હતું કે– 'કોઈ પણ જીવ, જ્યાં સુધી તે મોક્ષને પામે નહિ, ત્યાં સુધી તે જીવ દુઃખ માત્રથી છૂટે અને સદાકાળને માટે માત્ર સુખમાં જ ઝીલનારો બને, એ શક્ય જ નથી.' આથી, એ તારકોએ એવી ભાવના ભાવી કે–'જો મારામાં શક્તિ આવે, તો હું સૌ કોઈ ને મોક્ષમાર્ગના જ રસિક બનાવી દઉં !' આ ભાવનાની ઉત્કટતામાં રમણ કરતે કરતે, એ તારકોએ શ્રી તીર્થંકર–નામકર્મની નિકાચના કરી; અને એ નામકર્મના પ્રતાપે જ, એ તારકોએ પોતાના અન્તિમ ભવમાં રાગ–દ્વેષનો ક્ષય કરીને અને કેવલજ્ઞાનને ઉપાજીને, ધર્મતીર્થની સ્થાપના કરી. આટલું જાણનાર, એ ન સમજે કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો આ માર્ગ, મોક્ષને માટે જ છે ? હવે જો આપણને મોક્ષની ઈચ્છા જ ન હોય, તો આપણે માટે આ માર્ગ, ઉપયોગી રહ્યો જ નહિ ને ? સામાન્યમાં સામાન્ય બુદ્ધિવાળો પણ, જો જરા સમજીને આ માર્ગને સ્વીકારે, તો એ એટલું તો સમજે જ કે–'મારે મારા મોક્ષને સાધવાને માટે જ આ માર્ગ છે.'

આ વાત, આટલી બધી સ્પષ્ટ હોવા છતાં પણ, જ્યાં સુધી ભવ્ય જીવનો ય કાળ પાકયો હોતો નથી, ત્યાં સુધી ઘણી ઘણી ધર્મક્રિયાઓ કરવા છતાં પણ, 'હું આ ધર્મની

મોક્ષના હેતુથી આરાધના કરું'–એવી ઇચ્છા તેનામાં પ્રગટી શકતી નથી. જ્યાં સુધી, એક પુદ્ગલપરાવર્ત્તથી વિશેષ કાળને માટે જીવને સંસારમાં ભટકવાનું હોય છે, ત્યાં સુધી, એ જીવને ખૂદ શ્રી તીર્થંકર ભગવાન આદિનો યોગ થઈ જાય અને એ તારકોની વાણીનું શ્રવણ કરવાનો યોગ પણ પ્રાપ્ત થઈ જાય, તો ય એ જીવને મોક્ષની ઇચ્છા થાય જ નહિ. મોક્ષને પામવામાં એક પુદ્ગલપરાવર્ત્તથી ઓછો કાળ બાકી હોય, તો જ 'મોક્ષની ઇચ્છા થવાને માટેનો એ જીવનો કાળ પાકયો છે'–એમ કહી શકાય. આથી તો, ચરમાવર્ત્ત કાળને જ શ્રી જિનવાણીના પ્રયોગનો કાળ કહ્યો છે. ચરમાવર્ત્તમાં આવેલો જીવ જ, શ્રી જિનવાણીને ઝીલી શકે છે. ચરમાવર્ત્તમાં આવેલાને, શ્રી જિનવાણીને ઝીલવામાં, કાલ અન્તરાયભૂત બને નહિ. તે પછી, સમ્યગ્દર્શન ગુણ પ્રગટવાને માટે તો, અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાલથી પણ ઓછો સંસારકાલ જોઇએ. જીવનો સંસારકાલ જો અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કાલથી પણ ઓછો બાકી હોય, તો જ સમ્યગ્દર્શન ગુણને પ્રગટાવવાને માટેનો તે યોગ્ય કાળ ગણાય. ચરમાવર્ત્તને નહિ પામેલા જીવોને માટે તો, શ્રી જિનવાણીનો પ્રયોગ નિષ્ફળ નિવડે, એ અવશ્યંભાવી છે; કેમ કે–જીવ ભવ્ય હોય તો ય, કાલ જ એવો છે કે–એના હૈયામાં શ્રી જિનવાણી પરિણામ પામી શકે જ નહિ. કોઈપણ રીતિએ, એનામાં મોક્ષનો અભિલાષ પ્રગટી શકે જ નહિ; જ્યારે ચરમાવર્ત્ત કાલ, એ એવો કાલ છે કે–એ કાલને પામેલા જીવને જો લઘુકર્મિતા આદિનો યોગ થઇ જાય અને જીવ જો પુરૂષાર્થી બને, તો એના હૈયામાં શ્રી જિનવાણી ક્રમે કરીને પરિણામ પામી શકે અને એથી એનામાં મોક્ષનો અભિલાષ પણ પ્રગટી શકે તથા મોક્ષના હેતુથી

ધર્માનુષ્ઠાનોને આચરવાની રૂચિ પણ એનામાં પ્રગટી શકે! એટલે, આ કાળ એવો છે કે–શ્રી જિનવાણીને ઝીલવાની આપણે જેટલી મહેનત કરીએ, એટલી લેખે લાગ્યા વિના રહે નહિ.

શ્રી જિનવાણીને ઝીલવાનો પ્રતાપ :

શ્રી જિનવાણીને આપણે ઝીલી શકીએ, તો, મોક્ષ તો જ્યારે મળશે ત્યારે મળશે, પણ એના પ્રતાપે સંસાર પણ સુકર બની જાય. આજે સંસારના સુખની આશામાં જ રીબાવું પડે છે ને? શ્રી જિનવાણી ઝીલાય, એટલે સંસારના સુખની તૃષ્ણા ઉપર કાપ પડે. આ સુખ તજવા જેવું લાગે અને મોક્ષસુખ મેળવવા જેવું લાગે. થોડો ઘણો પણ જે કાંઈ ધર્મ થાય, તે સંસારથી છૂટવાને માટે અને મોક્ષને મેળવવાને માટે થાય. એથી, સુખ મળે ઘણું, છતાં આત્માને એ સુખ મુંઝવે નહિ. શ્રી જિનવાણી જેના હૈયે વસી, તે દુઃખમાં પણ સુખ અનુભવી શકે અને મળેલું સુખ ભોગવે, તો ય પાપથી તે બહુ લેપાય નહિ. જેમ કહેવાય છે કે–રાજેશ્વરી નરકેશ્વરી. રાજ્યમાં નરકે લઈ જવાનો ગુણ ખરો, પણ રાજાના ય હૈયે જો શ્રી જિનવાણી વસેલી હોય, તો રાજ્યને ભોગવવા છતાં પણ, એ નરકે જાય નહિ અને સદ્ગતિને પામી શકે. નરકે લઈ જાય –એવી પણ વસ્તુને ભોગવવા છતાં, નરકે જાય નહિ અને સદ્ગતિને પામે, તે શાથી? રાજ્ય તજવા જેવું જ લાગ્યા કરે; રાજ્ય ભોગવે પણ ન છૂટકે ભોગવે; ઈચ્છા તો મોક્ષસુખની જ હોય; અને મોક્ષમાર્ગને સેવવા તરફ વલણ હોય. આ, મન ફરી ગયું ને? પાપમાં રહેવા છતાં પણ, મન પાપાસક્ત રહ્યું નહિ ને? એ પ્રતાપ કોનો? શ્રી જિનવાણીને ઝીલવાનો,

એ પ્રતાપ છે. શ્રી જિનવાણીને ઝીલીએ, એટલે આપણને એમ થાય કે–સંસારનું કોઈ પણ સુખ ઇચ્છવા જેવું નથી, માટે જે કાંઈ ક્રિયા કરવી તે મોક્ષના આશયથી કરવી. મોક્ષના આશયથી ક્રિયા કરવાના યોગે, ન માગીએ તો ય સંસારનું સુખ મળવાનું છે, તો પછી એની માગણી શું કામ કરવી? માગણી કરીને લેશું, તો રાગ વધી જશે અને તે દુર્ગતિમાં ઘસડી જશે, એમ થાય ને? સંસારનું સુખ માગીને મેળવવામાં ઓછું મળે અને આસક્તિ ઘણી થાય. સંસારના સુખને તજવા જેવું માનીને, ધર્મ જો મોક્ષના આશયથી કર્યો હોય, તો સંસારનું પણ સુખ મળે ઘણું અને તેનો રાગ મુંઝવે નહિ. ધર્મમાં મોક્ષનો હેતુ આવે, એટલે કર્મસત્તા પણ અનુકૂળ બનવા માંડે:

શ્રી સિદ્ધગિરિ એટલે? અહીં તો કાંકરે કાંકરે અનંતા આત્માઓ શ્રી સિદ્ધપદને પામેલા છે. આવા મહિમાવન્તા ગિરિવરની યાત્રાએ આવ્યા, માટે આપણે શ્રી જિનવાણીને ઝીલવાને માટે પાત્ર રૂપ કાલમાં આવેલા છીએ, એમ માનીને ચાલવું. નક્કી કરવું કે–'ભગવાનનું દર્શન આદિ જે કાંઈ હું કરું છું, તે મોક્ષને માટે કરું છું! સંસારનો મને રાગ છે, પણ એ રાગ મને ગમતો નથી, તેથી મારા એ રાગને તોડવાને માટે હું દર્શનાદિ કરું છું.' આ રીતિએ દર્શનાદિ કરો, તો એ મોક્ષ આપનાર તો થાય; પણ મોક્ષ આપનાર નહિ થાય ત્યાં સુધી ય, તે આપણને સંસારમાં સારી રીતિએ રાખવા બંધાએલ છે. જેમ રાજ્યના મહેમાનને પોલીસ સાચવે કે નહિ? એને કેમ અનુકૂલતા રહે, તેની પોલીસ જ ચિન્તા કરે ને? રાજ્યની

પોલીસ જ્યાં બીજાને પેસવા ન દે, ત્યાં રાજ્યના મહેમાનને આદરથી લઈ જાય. એ રીતિએ, આપણે મોક્ષ માટે ભગવાનનું દર્શન આદિ કરનારા થયા, એટલે ભગવાનના બની ગયા. પછી તો, કર્મસત્તા પણ આપણને સુખ આપવા અને ખરાબ સ્થિતિમાં નહિ રાખવા બંધાએલી છે. 'સંસારનું સુખ તજવા જેવું જ છે, એક મોક્ષસુખ જ મેળવવા જેવું છે અને હું જે કાંઈ કરું તે મોક્ષસુખને મેળવવાને માટે જ કરું'–આટલી પણ શ્રી જિનવાણી જો ઝીલાઈ જાય, તો ય સંસારમાં બાદશાહની માફક જીવવાનું થઈ જાય. અનાદિ કાળથી જે કર્મસત્તા ગોદા માર્યા કરે છે, તે આપણી સંભાળ રાખતી થઈ જાય.

સ૦ સમકિત પામ્યા પહેલાં આવો ભાવ કેમ આવે ?

સમકિત પામ્યા પહેલાં આવા તો ઘણા ભાવો આવી શકે છે. સમકિત તો, ઘણા પુરૂષાર્થે આવે. મોક્ષનો આશય, એટલે મોક્ષના આશથી ધર્મક્રિયા કરવાની વૃત્તિ ! એ, સમકિત પહેલાં ય આવી શકે અને એ દ્વારા પણ સમકિત માટે જરૂરી ક્ષયોપશમાદિને સાધી શકાય. શ્રી જિનશાસનની મોક્ષ માટે ઉપદેશાએલી ક્રિયાઓ કરનારમાં, વ્યવહાર સમકિત માનેલું છે. નૈગમ નામનો પણ એક નય માનેલો છે. નૈગમ નય, એ એક એવા પ્રકારનો નય છે કે–એ નય થોડી પણ શ્રી જિનશાસનને અનુસરતી ક્રિયાને દેખે, એટલે એ નય એમ કહે કે–એનામાં ય સમકિત છે.

સ૦ એવા સમકિતીનો સંસાર અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી ય ઓછો ખરો કે નહિ ?

ચોથા ગુણસ્થાનકને પામેલા જીવના જ સંસારને અર્ધ પુદ્ગલપરાવર્ત્તથી ઓછો સંસાર કહી શકાય. એ માટે તો, દર્શનમોહનીયના ક્ષયોપશમાદિની આવશ્યકતા. આપણી વાત

તો એ છે કે–આપણને એમ નિશ્ચિત થઈ જવું જોઈએ કે–'ભગવાને મોક્ષ માટે ધર્મ કહ્યો છે અને હું જે શ્રી જિનદર્શનાદિક થોડી પણ ક્રિયા કરું છું, તે મોક્ષને માટે કરું છું' પછી કોઇ પૂછે કે–'શ્રી સિદ્ધગિરિએ કેમ આવ્યા છો?' તો કહેવાય કે–'આ એવી પુણ્યભૂમિ છે કે–અહીં કાંકરે કાંકરે અનંતા સિદ્ધો થયા છે, એટલે અહીં આવવાથી મારી પણ મોક્ષની ભાવના સતેજ બને અને મોક્ષમાર્ગની આરાધના મારાથી સારી રીતિએ થાય, એ માટે હું અહીં આવ્યો છું.' આવી ઇચ્છાપૂર્વક જે જીવ ધર્મક્રિયા કરવા મંડયો, તે જીવ ધર્મક્રિયા થોડી પણ કરી શકે, છતાં કર્મસત્તા તેની સંભાળ રાખવા માંડે. કર્મસત્તા એને સુખ આપે, પણ મોક્ષનો અભિલાષ એ કામ કરે કે–એને એમાં મુંઝાવા દે નહિ. મોક્ષના હેતુથી ધર્મ કરનારને જે સુખ મળે, તે સુખ બીજાઓના કરતાં ભોગવટામાં સારું હોય, પણ મુંઝવીને ભયંકર પાપ બંધાવનારું ન હોય. મોક્ષની ઇચ્છાપૂર્વક કરેલા નાના પણ ધર્મથી જે સુખ મળે, તે બીજી ઇચ્છાથી મોટો પણ ધર્મ કરો, તો ય ના મળે. ઉપરાન્ત, એ સુખ, ધર્મને ભૂલાવી ન દે, પણ ધર્મ કરવાની અનુકૂળતા કરી આપે, એ વળી મોટો લાભ!

ચરમાવર્ત્તમાં આવવા માત્રથી શું વળે?

જેમ શ્રી તીર્થંકર ભગવાનને સંસારના સુખની કાંઇ જ પડી હોતી નથી, છતાં તેમાં જરા ય ખામી રહેતી નથી. ઋદ્ધિ–સિદ્ધિની એમને ઇચ્છા કે ચિન્તા નહિ, પણ ઋદ્ધિ–સિદ્ધિનો પાર નહિ! કુટુંબાદિ અને સેવકજનો આદિ સર્વે અનુકૂળ હોય. એમને ઇન્દ્રાદિ નમે–તે જોઈ એ છે એમ નહિ,

પણ ઇન્દ્રાદિ એમને નમ્યા વિના રહે નહિ. જગતમાં જે માણસ બહુમાનનીય બની જાય છે, તેનું વચન આદેય થઈ જાય છે. માણસને જગતમાં બહુમાનનીય બનાવનાર પુણ્યકર્મ છે. એ પુણ્યકર્મ સારૂં બાંધેલું હોય, તો એની વચનાદેયતાથી ઘણા તરે. પાપવૃત્તિ સાથે એ પુણ્યકર્મ બાંધેલું હોય, તો એ ય ડૂબે અને એ એને મળેલી શક્તિથી અનેકોને ડૂબાવે. સંસારના સુખના લોભીયાઓને સારૂં પુણ્યકર્મ બંધાય નહિ. સુંદર કોટિનું પુણ્ય તો, સંસારથી ઉદ્વિગ્ન અને મોક્ષના અર્થી માટે જ અનામત હોય છે. મોક્ષના આશયથી ધર્મ કરશો, તો સુખ જોઈશે તે મળી રહેશે, તકલીફ નડશે નહિ, પાપોદયે તકલીફ આવશે તો ય તે તકલીફમાં ય સમાધિ જશે નહિ અને સુખ ભોગવવાના કાળમાં ય રાગ મુંઝવશે નહિ. આવો ધર્મ કરવાનો આપણો અનુકૂળ કાળ આવી લાગ્યો છે, કેમ કે–આપણે અહીં આવી ગયા છીએ.

સ૦ ગમે તેમ અવિધિથી ધર્મ કરે તો ય ફળ મળે?

મોક્ષનો આશય આવ્યો અને મોક્ષના હેતુથી ધર્મ કરવાનું મન થયું, એટલે પછી ધર્મ ભગવાનની આજ્ઞા મુજબ કરવાની વૃત્તિ આવ્યા વિના નહિ રહે. પછી તો, ક્રિયામાં જે અવિધિ આદિ થતું હશે, તે એને જ દેખાવા માંડશે અને ખટકવા માંડશે, કેમ કે–ખપી થયો ખરો ને? ખપી બનેલો જીવ, 'પોતાનો આશય કેવા પ્રકારે ફળે તેમ છે'–એ શોધવાનો પ્રયત્ન કર્યા વિના રહે નહિ. વિધિબહુમાન હોય, તો અવિધિ બહુ નુકશાન કરી શકે નહિ; માટે, હમણાં અવિધિ આદિની બહુ ચિન્તાનો અવકાશ નથી. એક વાર આશયશુદ્ધિ કરી લો, પછી કામ ઘણું સહેલું બની જશે. મોક્ષનો આશય પેદા

થઈ શકે, એવો આ કાળ છે અને મોક્ષનો આશય પેદા કર્યા વિના, આમાંનું કાંઈ જ વાસ્તવિક રૂપમાં સફલ થઈ શકે તેમ નથી. મોક્ષનો આશય ચરમાવર્ત્ત સિવાય બીજે થતો નથી. અભવી ને દુર્ભવી, શ્રી તીર્થંકર ભગવાનના યોગને પામવા છતાં ય, સુધરી શકતા નથી; પણ, એમાં એ બીચારા કરે પણ શું ? મોક્ષના આશયને પામવાને માટે, તે જીવો તદ્દન અયોગ્ય છે, કારણ કે–ચરમાવર્ત્ત કાળમાં જ મોક્ષનો આશય પેદા થઈ શકે છે. આપણે ધારીએ તો, આપણે એ આશયને જરૂર પેદા કરી શકીએ. એ માટે જ, આપણે એ વિચાર કરવા માંડયો છે કે–પુણ્યે તમને સંસારની સામગ્રી પણ આપી છે અને ધર્મની સામગ્રી પણ આપી છે, પણ એ બેમાંથી તમને કયી સામગ્રી મળ્યાનો આનંદ છે ? આ બે પ્રકારની સામગ્રીમાંથી કયી સામગ્રી તરફ તમારૂં ખેંચાણ છે ? કયી સામગ્રી માટે, કયી સામગ્રીનો ઉપયોગ કરવાનું મન થાય છે ? ધર્મસામગ્રીને સફલ કરવામાં સંસારસુખની સામગ્રીને ઉપયોગી બનાવવી છે કે સંસારસુખની સામગ્રીના રક્ષણ, ભોગવટા આદિને માટે ધર્મ-સામગ્રીનો ઉપયોગ કરવાનું મન છે ? આ વગેરે પ્રશ્નો તમને વિચાર કરનારા બનાવવાને માટે મૂકયા છે. બન્ને પ્રકારની સામગ્રી તો મળી, પણ એમાં બુમારી કયી સામગ્રીની પ્રાપ્તિની ? એમ થાય છે કે–હું તે ગામનો છું, કે જ્યાં એક, બે કે વધુ શ્રી જિનમન્દિરો છે; ઉપાશ્રયો છે; સાધુ–સાધ્વીઓનું આવાગમન ચાલુ છે અને સાધર્મિકોનો સહવાસ છે ? અથવા મારો દેશ તે છે, કે જ્યાં ઘણાં તીર્થો આવેલાં છે, એમ થાય છે ? ચરમાવર્ત્ત, એ ધર્મપ્રાપ્તિનો કાળ ખરો, અધ્યાત્મની પ્રાપ્તિ ચરમાવર્ત્તમાં જ થઇ શકે, પરંપરાએ મોક્ષનું કારણ

બની શકે–એવી દ્રવ્ય ક્રિયાઓ પણ માત્ર ચરમાવર્ત્તમાં જ સંભવે, પણ ચરમાવર્ત્તમાં આવવા માત્રથી કાંઈ વળે નહિ.

નાલાયકાતનો ય સાચો ખ્યાલ જોઈએ :

એ વાત નક્કી કે–ચરમાવર્ત્તને પામ્યા પહેલાં, મોક્ષનો આશય ન આવે; તેમાં, કાળની પ્રતિકૂળતા એ મહત્ત્વનું કારણ; પણ ચરમાવર્ત્ત તો આત્માના પુરૂષાર્થનો કાળ છે. અધ્યાત્મને આશ્રયીને પુરૂષાર્થ કરવાનું મન થાય, તો તે ચરમાવર્ત્ત કાળમાં જ થાય. આવા કાળને પામવા છતાં પણ અને આવા કાળમાં ઉત્તમ સામગ્રીનો યોગ થયા છતાં પણ, આપણે જો શ્રી જિનવાણીને ઝીલી શકીએ નહિ, તો શું કહેવાય ?

સ૦ મોટી નાલાયકી.

ખરેખર, આ કાળમાં અને આવી ઉત્તમ સામગ્રીના યોગમાં પણ 'સંસાર તજવા જેવો છે'–એમ લાગે નહિ અને મોક્ષનો આશય પ્રગટે નહિ, તો આપણામાં હજુ ઘણી નાલાયકાત છે, એમ તમને લાગવું જ જોઈએ. હજુ પણ આપણી નાલાયકાત જીવતી ને જાગતી છે, એનું જો તમને ભાન થાય, તો એનો ઉપાય ઝટ થાય. જેને ''હું નાલાયક છું'–એમ લાગે, તે પોતાની નાલાયકીને કાઢવાની અને લાયકાતને મેળવવાની કોશિષ કરે કે નહિ ? પણ, તમે, તમારા અન્તઃકરણમાં તમને પોતાને નાલાયક માનો છો ખરા ? આપણે જેવા છીએ, તેવા આપણને માનતા નથી; આપણને આપણી નાલાયકીનું ખરેખરૂં ભાન નથી; એનાથી પણ ઘણી મોટી પંચાત ઉભી થઇ ગઈ છે. માણસ જ્યારે સાચા દિલથી પોતાને નાલાયક માને છે, ત્યારે એનાથી પોતાની નાલાયકી ખમી

જાતી નથી. એ નાલાયકીથીએ મુક્ત ન બની શકે–એ બને, પણ એને પોતાની નાલાયકી ખટકયા વિના–દુઃખ ઉપજાવ્યા વિના રહે નહિ. આજના કેટલાક ધર્મી ગણાતાઓમાં પણ ખુમારી હોવાનું જણાઈ આવે છે. થોડી–ઘણી ક્રિયા કરે, તેમાં ય ખાસ ભલીવાર જેવું તો હોય નહિ, છતાં મૂર્ખાઈભરી ખુમારી એવી કે–આશયશુદ્ધિ અને વિધિબહુમાનની વાતને એ લોકો પ્રેમથી સાંભળી શકે પણ નહિ. એવાને જો પૂછીએ કે–'તું જે આ ક્રિયાઓ કરે છે, તે તારા હૈયામાં એમ ઉગી ગયું છે કે–સંસાર ખોટો છે, સંસારનું સુખ તજવા જેવું છે અને સંસારથી છૂટવું છે, માટે આ ક્રિયાઓ કરું છું!?' તો પ્રાયઃ લોચા વાળવા માંડે. અનુકૂળતા ન હોય ને માત્ર એક જ સામાયિક કરતો હોય, પણ સંસારથી છૂટવાનો અને મોક્ષને સાધવાનો આશય હૈયે હોય, તો એ એક સામાયિકથી પણ ઘણો મોટો લાભ થઈ જાય. આ વાતને જો એ સમજે અને આ આશયને હૈયે રાખીને એ ક્રિયા કરવા માંડે, તો સમ્યગ્દર્શનાદિ એનાથી આઘાં રહી શકે નહિ. એ વિના તો, ક્રિયામાં અવિધિ આદિ ઘણા દોષો આવે, છતાં એને ટાળવાનું મન થાય નહિ અને વિપરીત આશય તો એવું ય પરિણામ લાવે કે–જેના યોગે સંસાર ઘટવો જોઈએ, તેના જ યોગે સંસાર વધી જાય. એવી જ રીતિએ, નાલાયકાત હોય પણ એનો જો સાચો ખ્યાલ આવી જાય, તો લાયકાતને મેળવવાનું મન થાય. એને થયા જ કરે કે–'હું કેટલો બધો નાલાયક છું, કે જેથી આવી સુન્દર સામગ્રીનો યોગ થવા છતાં પણ, મને હજુ 'સંસારનું સુખ તજવા જેવું છે'–એમ લાગતું નથી અને 'મારે મોક્ષ જ મેળવવો છે'–એવો ભાવ મારામાં પેદા થતો નથી!'

સ૦ નાલાયક છીએ એમ કહે, પણ તે ય એવડા લાયક છીએ એવું ઠસાવવાને માટે કહે.

દંભથી બોલે, એ તો વળી વધારે ડૂબે. આ, દંભથી બોલવાની વાત નથી, પણ હૈયા સાથે નિર્ણય કરવા જેવી વાત છે. એકાન્તમાં બેઠો હોય, ત્યારે ય એ એમ વિચારે કે–મારો એવો તે કેવો પાપોદય છે કે, અનન્તજ્ઞાનિઓ સંસારને ભયંકર કહે છે, છતાં પણ મને આ સંસાર ભયંકર લાગતો નથી ? બીજા આગળ તો કયારે કહે ? અચાનક ઉદ્‌ગાર નીકળી જાય અથવા તો કહેવાની ફરજ પડે ત્યારે કહે. બાકી દેવ પાસે જાય, ત્યાં ય એ દેવના સ્વરૂપને લક્ષ્યમાં રાખીને પોતાની નાલાયકાતને રડે અને ગુરૂ પાસે પણ પોતાની નાલાયકી કેવી છે–તે અવસરે ખૂલ્લી કરે. પોતાની નાલાયકાતને માટે જે દેવ–ગુરૂની પાસે કે એકાન્તમાં રડતો નથી અને ચાર પાસે રડે છે, તે તો દંભમાં જાય. આ તો આપણે આપણી પોતાની અન્તર્દશાને પિછાનતા બની જઈએ, એ માટેની વાત છે. આવા સંયોગો મળવા છતાં પણ, મોક્ષનો આશય જો પ્રગટે નહિ, તો પોતાને એમ થઇ જાય કે–' હું કેટલો બધો નાલાયક છું, કે જેથી આવા સુંદર યોગમાં પણ, મારામાં મોક્ષનો આશય પ્રગટતો નથી ! ? '

શ્રી જૈન શાસનમાં મોક્ષની વાત ન હોય તો બીજું હોય પણ શું ?

એક મોક્ષનો આશય આવી જાય, તો આ ધર્મક્રિયાઓમાં તો અજબ તાકાત છે. મોક્ષનો અભિલાષ પ્રગટ્યા પછી, સંસારની ક્રિયા પણ તીવ્ર ભાવે થઈ શકતી નથી; એટલે,

પાપ ઓછું બંધાય છે અને થોડી પણ જે ધર્મક્રિયા થાય છે, તે મોટો લાભ આપનારી થાય છે. મોક્ષનો આશય આવતાં, કર્મ અનુકૂળ બનવા માંડે છે. રાજ્યે પોલીસ બજારમાં ગોઠવી છે, તે ભયંકર કોને માટે ? બદમાશોને માટે; બાકી સજ્જનાદિને તો રસ્તો કરી આપવાને માટે ને ? આજની પોલીસ શું કરે છે, તે તરફ ન જોતા, પણ રાજ્યે પોલીસ રાખી છે શા માટે ? સારા અને સીધા માણસોની અનુકૂળતા માટે ને ? તેમ, મોક્ષનો આશય આવ્યો, એટલે આપણે માટે કર્મ સારૂં બની જાય. આવી ઉત્તમ ક્રિયાઓ તો મળી ગઈ છે અને એમાં મોક્ષનો આશય આવી જાય, પછી કમીના શી રહે ? માત્ર ભાવના જ ફેરવવાની જરૂર છે ને ? કેટલી ભાવના ફેરવવી જોઈએ ? સંસારનું સુખ જોઈતું નથી અને મોક્ષ જોઈએ છે. આપણે માટે તો, આ ઘણું સહેલું કામ છે, કેમ કે– આપણા ભગવાન કોણ ? સંસારનું સુખ ઘણું હતું, છતાં તેને તજી દેનારા, મોક્ષને સાધનારા અને મોક્ષમાર્ગને પ્રવર્તાવનારા ! ગુરૂ પણ સંસારના ત્યાગી અને મોક્ષમાર્ગની જ આરાધનામાં રત રહેનારા. જેના હૈયામાં મોક્ષનો આશય પ્રગટ્યો હોય, તે ઘરે જાય કે પેઢીએ જાય, તો પણ આ વાતને એ ભૂલી શકે નહિ. આ ધર્મ મોક્ષ માટે જ છે, આ વિચાર જેને નથી આવ્યો, તેને કયા કારણસર આ વિચાર નથી આવ્યો ? આપણે ત્યાં તો મોક્ષ શબ્દ રોજ, વારંવાર, લગભગ બધી ક્રિયાઓમાં અને બધા પરમેષ્ઠિઓના વર્ણનમાં આવે છે. છેવટ કાંઈ નહિ, તો બાર મહિને શ્રી કલ્પસૂત્ર તો સાંભળો છો ને ? તેમાં ય, સાંભળ્યું હશે ને કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ શ્રી તીર્થંકર–નામકર્મ સૌને મોક્ષમાર્ગના રસિક બનાવી દેવાની

ભાવના દ્વારા ઉપાર્જ્યું અને એ ભાવનાથી નિકાચિત કરેલા પુણ્યના વશથી જ, મોક્ષમાર્ગ રૂપ આ શાસનની એ તારકોએ સ્થાપના કરી ? આટલું સાંભળવા-જાણવા મળ્યું હોય, તે છતાં પણ જો મોક્ષની ઈચ્છા ન થઈ હોય, તો તે નવાઈની જ વાત ગણાય ને ?

સ૦ સંસ્કાર જ નથી પામ્યા.

શ્રાવકકુળના સંસ્કારો તો સારામાં સારા હોવા જોઇએ. એ સંસ્કારોને જો તમે ઝીલ્યા હોત, તો ય મોક્ષ ન ભૂલાત. આ અવસર્પિણી કાળમાં આ ક્ષેત્રમાં ચોવીસ ભગવાન થયા ને ? એ કયાં ગયા ? મોક્ષે ! શું સ્થાપીને મોક્ષે ગયા ? મોક્ષમાર્ગને સ્થાપીને ! આપણે ત્યાં તો, મોક્ષની વાત, ડગલે ને પગલે આવે. આપણે જેમને ભગવાન માનીએ છીએ, તે લીલા કરે નહિ, મોક્ષે ગયા છે ત્યાંથી પાછા આવે નહિ, એમને સંસાર હોય નહિ, હવે એ કદી પણ દેહને ધારણ કરે નહિ. એમ આપણે ત્યાં તો દેવનું પણ બધું સ્વરૂપ એટલું ચોખ્ખું છે કે-આ ભગવાનને માનનારને, મોક્ષની ઈચ્છા થયા વિના રહે નહિ. આપણે જાણીએ છીએ ને કે-આપણા ચોવીસે ય ભગવન્તોએ દીક્ષા લીધેલી ? દીક્ષા લેતાં પહેલાં, એ, બધી વાતે સુખી હતા કે કોઈ વાતે દુઃખી હતા ? દીક્ષા લીધેલી, તે સુખને તજીને લીધેલી કે દુઃખથી ભાગી છૂટવાને લીધેલી ? બધા ય શ્રી તીર્થંકરદેવો, બધી ય વાતે સુખી જ હતા. એકે ય શ્રી તીર્થંકરદેવ, એકે ય વાતે દુઃખી નહોતા. આપણે ત્યાં તો, ક્રમ જ એવો છે કે-શ્રી તીર્થંકર ભગવાન બધી ય રીતિએ ઉંચા હોય અને દાનાદિ બધા ય પ્રકારના ધર્મને આરાધીને મોક્ષે ગયેલા હોય. એ તારકો, દીક્ષા લેતાં પહેલાં, દાન કેટલું

દે ? એક વર્ષ સુધી, રોજ, નિયમિત દાન દે અને તે ય 'માગો' 'માગો'–એમ કહીને દાન દે. લક્ષ્મી રાખવી સારી નહિ, તજવી જ સારી,–એમ એ તારકોએ, દાનથી પણ લોકના હૈયામાં પેસાડી દીધું. સારા માણસોના હૈયામાં એ ભાવના પેદા કરી દીધી કે–લક્ષ્મી જો સારી હોત, રાખવા જેવી જ હોત, તો આવા મહાપુરૂષ, જેમ કાંકરા ઉડાડે તેમ લક્ષ્મીને ઉડાડત ખરા ? તમે જેમ ચોવીસે ય ભગવન્તોનાં નામો જાણો છો, તેમ એ તારકોએ કેવું દાન દીધું, તે પછી કેવી રીતિએ સંસારનો ત્યાગ કરી દીધો, તે પછી કષાયોથી સર્વથા રહિત બનીને કેવલજ્ઞાન ઉપાર્જવાને કેવાં કેવાં કષ્ટોને–ઉપસર્ગોને અને પરીષહોને પ્રસન્ન હૃદયે સહ્યા, એમ કેવલજ્ઞાનને ઉપાર્જિને એ તારકોએ મોક્ષમાર્ગની સ્થાપના કરી ને જગતના જીવોને એક માત્ર મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપવા માંડ્યો અને આયુષ્યને અન્તે એ તારકો મોક્ષને પામ્યા, એ વગેરે પણ જાણો છો કે નહિ ? આવું જાણનારને, મોક્ષની વાતમાં, નવાઈ શાની લાગે ? એને તો, એમ જ થાય કે–શ્રી જૈન શાસનમાં મોક્ષ સિવાયનું કોઈ લક્ષ્ય જ હોઈ શકે નહિ.

ભગવાનના થઇ જાવ :

આપણા સંયોગોમાં, આપણને મોક્ષની ઈચ્છા થવી, એ ઘણું જ સહેલું અને સ્વાભાવિક છે ને ? મોક્ષની ઇચ્છા થઈ જાય અને એ લક્ષ્યથી નાની પણ ધર્મક્રિયા કરવાનો અભિલાષ પ્રગટે, એટલે સંસારમાં ય બધું અનુકૂળ બનવા માંડે. આવા સંયોગો મળવા છતાં પણ, જો મોક્ષનો આશય પ્રગટે નહિ, તો અધિક કાળ બાકી છે કે પછી કર્મ બહુ ભારે છે, એ તો

જ્ઞાની કહી શકે. મારાં કર્મ બહુ ભારે છે, એટલો વિચાર આવે અને એ ખટકે, તો ય કર્મને ભેદવાનો પ્રયાસ કરવાનું મન થાય. આ આશય ન આવ્યો, તો બધી હુંશીયારી એળે જવાની. ખરાબ માણસ જેમ અધિક હુંશીયાર થાય, તેમ અધિક ખરાબ થાય. આપણે, આપણા કલ્યાણને માટે, જે કાંઇ ધર્મ ચાલે છે તે ઔદયિક ભાવનો ચાલે છે કે ક્ષયોપશમ-ભાવનો ચાલે છે, તેની શોધ કરવી જોઈએ. પૌદ્ગલિક અભિલાષાથી થતો ધર્મ, તે ઔદયિક ભાવે થતો ધર્મ છે. પૌદ્ગલિક અભિલાષાથી ધર્મ ન થાય, પણ મોક્ષની અભિલાષાથી ધર્મ થાય, એ જાણવા છતાં ય જો પૌદ્ગલિક અભિલાષાના આગ્રહથી ધર્મ થાય, તો ધર્મ કરતી વેળાએ પણ પાપનો બંધ જોરદાર થાય. એના પરિણામે, સુખ થોડું મળે અને દુઃખ ઘણું મળે. સુખના કાળમાં ય અસમાધિ રહ્યા જ કરે, એટલે તે વખતે ય પાપ ઘણું બંધાય. એને બદલે, ભગવાનના થઈ જાવ ને ? ભગવાનના થઈ જાવ, એટલે સુખમાં ય સુખી અને દુઃખમાં ય સુખી ! તમે ઈચ્છો નહિ છતાં સુખ તમારી પાછળ ભમ્યા કરે અને જે દુઃખ આવે તે ય જવાને માટે આવે. પકડનારી પોલીસ ચાકરી કરવા મંડી પડે, એ કોને ગમે નહિ ? તેમ, તમારે જો તમારા કર્મની પાસે ચાકરી કરાવવી હોય, તો એને માટે આ જ ઉપાય છે.

<u>નાલાયકને ધર્મ નહિ દેવામાં પણ ઉપકાર :</u>

ધર્મ જેને-તેને અપાય નહિ. લાયકાત જોઈને જ ધર્મ દેવાનું વિધાન. જેને ધર્મ આપવો હોય, તેને ડુંટી સુધી જઈને ઓળખવો પડે, એટલે કે જાણવું પડે કે-'આને બીજું મૂકવાનું

અને આ લેવાનું મન થયું છે, તેનું કારણ શું?' બનતી દરેક રીતિએ, ખાત્રી કરી લેવી પડે કે–આના હૈયામાં કેવો ભાવ પેદા થયો છે, કે જેથી એ સંસારથી વિમુખ બનાવીને ધર્મ-સન્મુખ બનાવનારી ક્રિયાઓને કરવા તત્પર થયો છે? ધર્મને લેવા આવેલો કોણ છે, કયાંનો છે, એ વગેરે જાણ્યા પછી, એને પૂછાય કે–'શા માટે ધર્મ જોઇએ છે?' જો એ એમ કહે કે–'મને આ સંસારમાં ભટકવું ગમતું નથી, મારે સંસારથી નિસ્તાર પામવો છે, માટે હું આ ધર્મ કરવા આવ્યો છું'–તો એ લાયક ગણાય. એ પછી, એણે કહેલી વાત સાચી છે કે નહિ, એની પણ પરીક્ષા કરાય; પણ એ જો એમ જ કહે કે–'આ ધર્મ કરવાથી ભોગસુખ, માનપાનાદિ સારાં મળે છે, માટે ધર્મ કરવા આવ્યો છું'–તો એ લાયક ગણાય નહિ. એને લાયક બનાવવાનો પ્રયત્ન થાય. એને સમજાવાય કે–'આ ધર્મ જ તેને માટે છે, કે જેને સંસારથી છૂટવું હોય.' મુગ્ધોને માર્ગે ચઢાવવાને માટે, બાળકને પતાસું આપીને ય પાઠશાળાએ જતો કરાય છે, તેમ પણ ગીતાર્થો ધર્માચરણને માર્ગે દોરે; કેમ કે–મુગ્ધોને વિપરીત હેતુનો આગ્રહ હોતો નથી. સમજના અભાવે જ તે જીવો પૌદ્ગલિક આશય રાખે છે, પણ પૌદ્ગલિક આશયનો તેમને આગ્રહ હોતો નથી. જેને પૌદ્ગલિક આશયનો આગ્રહ હોય, તે તો આ ધર્મને માટે નાલાયક જ છે. આશયની શુદ્ધિ પણ જોઈએ અને વ્રતપાલનની દૃઢતા પણ જોઈએ. આ ધર્મની આરાધનાથી જેમ અસાધારણ લાભ થાય છે, તેમ આ ધર્મની વિરાધનાથી નુકશાન પણ અસાધારણ થાય છે. ધર્મનો સ્વીકાર નહિ કરવામાં જે નુકશાન છે, તેથી કેઇ ગુણું નુકશાન, ધર્મનો સ્વીકર કરીને ધર્મની

વિરાધના કરવામાં છે. દર્દી દવા ન ખાય એમાં દર્દિને નુકશાન જરૂર છે, પણ દવા લે અને ચરી પાળે નહિ, કુપથ્યોને સેવવા માંડે, તો જે દવા દર્દોનો નાશ કરવાને સમર્થ હતી, તે જ દવા દર્દને ખૂબ ખૂબ વધારી મૂકે–એવા રૂપે પરિણમે. ધર્મના સાચા દાતાઓ દયાળુ હોય છે. કોઈ ને પણ નુકશાન થઈ જાય નહિ અને થાય તો લાભ જ થાય, એવી એ તારકોની મનોવૃત્તિ હોય છે. આથી, લાયકને ધર્મ દે–એમાં જેમ સ્વ –પરનો ઉપકાર છે, તેમ નાલાયકને ધર્મ નહિ દેતાં લાયકાત કેળવવાનું કહે, એમાં પણ સ્વ–પરનો ઉપકાર જ છે. 'ચરી નહિ પાળે તો એ મરશે, એમાં મારે શું ?, હું તો દવા સારી આપું અને પથ્યાપથ્ય કહી છૂટું'–આવું દયાળુ વૈદ્ય ન કહે. દયાળુ વૈદ્ય કુપથ્યનો અણગમો ન જુએ અને દર્દી કુપથ્ય જ સેવવાનો છે–એમ લાગે, તો દવા ન આપે; કેમ કે–બને તો દર્દિને સાજો કરવો છે, પણ દવા આપીને એને વહેલો મારવો નથી. તેમ જેને સંસાર માટે નહિ પણ મોક્ષને માટે જ ધર્મ કરવાની ઈચ્છા હોય અને જેનામાં 'ભવિષ્યમાં પણ વિષયાભિલાષાદિથી પીડાઈને ધર્મ મૂકાય તો ય તેમાં હરકત જેવું નથી'–આવો ભાવ ન હોય, એને જ ભગવાને બતાવેલા આ ઔષધનું સેવન, મોક્ષ રૂપ આરોગ્યને આપનારૂં નિવડે છે.

બાહોશ ધર્મદાતા પણ છેતરાય એ બને :

ધર્મનો અર્થી મુગ્ધ હોય તે ચાલે, પણ ધર્મનો દાતા મુગ્ધ બને, એ ચાલે નહિ. યોગ્યાયોગ્યતા જુએ નહિ અને ઉંધું ઘાલીને ધર્મ જેને–તેને દઈ દે; પછી કહે કે–' આપણે તો ધર્મ જ દીધો છે ને ? '–આવું ધર્મદાતા તરીકેની જવા-

બદારી સમજનારથી બોલાય નહિ. માટે તો, ગીતાર્થને જ ધર્મદાનનો અધિકાર છે. ધર્મદાતા ચાલે ત્યાં સુધી નાલાયકને ધર્મ દે નહિ, બનતી પરીક્ષા કરીને લાયક જણાય તો જ ધર્મ દે અને મુગ્ધને દે તો ય વિચારે કે–' આનામાં સમજ નથી, બાકી વિપરીત ભાવનો આને આગ્રહ નથી ' અને એને ય સમજુ બનાવીને આશયશુદ્ધિ પમાડવાનું લક્ષ્ય રાખે. ધર્મદાતાને માથે, ધર્મને લેવા આવેલાની લાયકાત તપાસવાની જવાબદારી ન હોત, તો પેલા વિનયરત્નને દીક્ષિત બનાવનાર આચાર્યભગવાને, ' એવા દુષ્ટને મેં કયાં દીક્ષા દઈ દીધી ? મેં જ ભૂલ કરી '–એવો જે પશ્ચાત્તાપ કર્યો, તે કરત નહિ. વિનયરત્નના આચરણથી, એ મહાપુરૂષ, એની નાલાયકાતને જાણી શકયા નથી. વિનયરત્ન જે રીતિએ દીક્ષિત બનવા આવ્યો હતો, તેમાં ગમે તેવા પરીક્ષકની પણ ભૂલ થઈ જાય એવું હતું. કેવળ છેતરપીંડી કરીને પોતાનું ધાર્યું કામ કાઢવાને માટે જે આવ્યો હોય, તે બાહોશ હોય તો ભલભલા બાહોશ ધર્મદાતાને પણ છેતરી જાય, એમાં નવાઇ નથી. વાતચીત ને વર્તાવ વગેરે એવું હોય કે–છદ્મસ્થ ધર્મદાતા માત્ર છેતરાઇ જ જાય એમ નહિ, પણ એવા છેતરાઇ જાય કે–બીજા સારા મુનિઓ કરતાં પણ એ દુષ્ટ હૃદયનો મુનિ વધારે સારો લાગે. આવાઓની બનતી પરીક્ષા કરી હોય, છતાં છેતરાઈ જવાયું હોય–એ બને અને જ્યારે એનું ભયંકર પરિણામ આવે, ત્યારે ગુરૂને ખ્યાલ આવે અને પશ્ચાત્તાપ થાય. પરીક્ષા કરવા છતાં ય દુઃખ થાય, કેમ કે–પરીક્ષા કરવાનો જે હેતુ હતો, તે સર્યો નહિ ને ? અજ્ઞાનવશ પણ એટલી ભૂલ થઈ ને ? મહાપુરૂષોને પોતાની એવી ભૂલ માટે પણ, ખૂબ ખૂબ લાગી આવ્યા વિના

રહે નહિ. વિનયરત્ન જ્યારે રાજાનું ખૂન કરીને ભાગી ગયો, તે પછી એ વાતનો ખ્યાલ આવતાંની સાથે જ, વિનયરત્નને દીક્ષિત બનાવનાર આચાર્યભગવાનને, એવું જ લાગી આવ્યું છે કે–'આવા ક્રૂર સ્વભાવના નાલાયક આત્માને મેં કયાં દીક્ષિત બનાવી દીધો ?' એ આચાર્યભગવાને, પોતે બેદરકારીથી કે જાણી જોઈને એને દીક્ષિત બનાવ્યો નહિ હતો, તે છતાં પણ એ મહાપુરૂષને બહુ લાગી આવ્યું.

વિનયરત્નનો પ્રસંગ :

વિનયરત્નના પ્રસંગમાં બન્યું છે એવું કે–પ્રસંગવશાત્ રાજા ઉદાયી પ્રત્યે, એના હૈયામાં તીવ્ર પ્રકારનો દ્વેષભાવ પ્રગટવા પામ્યો હતો. એ મૂળ તો રાજકુમાર હતો. એનું રાજ્ય યુદ્ધમાં રાજા ઉદાયીના કબજામાં આવ્યું હતું. આથી, તે પોતાની રાજ્યભૂમિને તજીને, અન્ય કોઈ રાજાની સેવામાં જઈ રહ્યો હતો. જે રાજાની સેવામાં જઈને એ રાજકુમાર રહ્યો હતો, તે રાજાને પણ રાજા ઉદાયીની સાથે અણબનાવ હતો. આ તકનો લાભ લઈને, એ રાજકુમારે, અવસરે પોતાના સ્વામિને કહ્યું કે–આપના શત્રુ ઉદાયી રાજાનો નાશ હું કરી આપું. પેલા રાજાએ પણ, એ કામના બદલામાં, એની માગણી મુજબ રાજ્યનો ભાગ આપવાનું કબૂલ કર્યું.

રાજકુમારને રાજ્ય તો જોઈતું જ હતું, પણ રાજા ઉદાયીની સાથે લડીને એ રાજ્ય મેળવી શકે, એવું એનામાં સામર્થ્ય નહોતું. રાજા ઉદાયી મહા પ્રતાપી હતા અને એ જીવતા હોય ત્યાં સુધી શત્રુ રાજાઓનું કાંઈ વળે તેમ નહોતું.

એ રાજકુમાર, જરૂરી વેષપલટો કરીને, રાજા ઉદાયીની

રાજધાનીમાં આવ્યો. એને તો માત્ર રાજા ઉદાયીનું ખૂન કરવું હતું, એટલે એ માટેની તક એ શોધવા લાગ્યો. એણે જોયું કે–રાજમહેલની બહાર તો, રાજાનું ખૂન કરી શકાય તેમ છે જ નહિ અને જાપ્તો એવો છે કે–રાજમહેલમાં તે પ્રવેશ કરી શકે તેમ નથી. આથી, એ રાજકુમારે શોધવા માંડ્યું કે–આ રાજમહેલમાં નિઃશંક પ્રવેશ કોનો છે ? રાજા ઉદાયીના રાજમહેલમાં, કોઈ પણ પ્રકારની રોક–ટોક સિવાય, માત્ર જૈન સાધુઓ જઈ શકતા. એ સિવાયના તો તે જ જઈ શકતા, કે જેમને પરવાનગી હોય. આથી, એ રાજકુમારે જૈન સાધુ બનવાનો નિર્ણય કર્યો, કારણ કે–એણે એ બાતમી પણ મેળવી હતી કે–જૈન મુનિઓનું જ, રાજાની પાસે એકાન્તમાં અસ્ખલિત ગમનાગમન, થઈ શકે છે.

આવો માણસ, જ્યારે રાજાનું ખૂન કરવાના ઇરાદાથી જૈન મુનિપણાને સ્વીકારવાને તૈયાર થઇ જાય, ત્યારે એ કેટલી પૂર્વ–તૈયારી કરી લે ? પોતાના હૈયામાં ભારે ભવવિરાગ ઉત્પન્ન થયો છે, એવું સામાને જણાવવામાં એ કચાશ રાખે ખરો ? સંસારથી અત્યન્ત ઉદ્વિગ્ન બન્યો હોય અને મોક્ષ સિવાય પોતાને કશાનો ખપ જ ન હોય, એવા ભાવને પ્રદર્શિત કરતો તે રાજકુમાર, સૂરિમહારાજાની પાસે આવ્યો. સૂરિમહારાજાને જેમ બનાવટી ભાવ દર્શાવ્યો, તેમ નામ–ઠામ પણ બનાવટી દર્શાવ્યાં; પણ એ બધું એટલી બધી હોંશીયારીથી કર્યું કે–મહા ગીતાર્થ એવા સૂરિમહારાજા પણ, એની બનાવટ વિષે કલ્પના સરખી ય કરી શકયા નહિ અને એથી સૂરિમહારાજાએ એને બહુ લાયક સમજીને, એને દીક્ષા દઈ દીધી.

આ રાજકુમારને દીક્ષા દેનારા સૂરિમહારાજા પ્રભુશાસનના

મર્મના જ્ઞાતા હતા અને પ્રભુશાસનને હાનિ થતી અટકાવવાને માટે અવસરે જાન પણ દઈ દે એવા હતા, એમ આપણે તેઓશ્રીએ છેલ્લે કરેલી વિચારણા અને આચરણા ઉપરથી પણ કલ્પી શકીએ એવું છે. આવા સૂરિમહારાજા વગર પરીક્ષાએ દીક્ષા દઇ દે જ નહિ, પણ કપટકુશળ આત્માઓ એવા પણ મહાત્માઓને છેતરી જાય, એ શકય છે. મંત્રીશ્વર શ્રી અભયકુમાર મહા બુદ્ધિનિધાન હતા, પણ વેશ્યાથી છેતરાઈ ગયા ને ? વેશ્યા વેશ્યાના વેષમાં હોત, તો શ્રી અભયકુમાર છેતરાત નહિ, પણ એણે પરમ શ્રાવિકાનો પાઠ ભજવીને શ્રી અભયકુમારને છેતર્યા. વેશ્યાનું વર્તન પરમ શ્રાવિકા જેવું જોઈને, પોતાના હૈયામાં રહેલા ધર્મભાવના યોગે જ, શ્રી અભયકુમાર એની જાળમાં ફસાઈ ગયા અને એક અબળા શ્રી અભયકુમારને બંધાવીને શત્રુ રાજાની પાસે લઇ જઇ શકી. ધર્મના ભાવમાં આવું બને, એ આશ્ચર્યજનક નથી. ધર્મી ગમે તેટલો ચકોર હોય, પણ ધર્મના ઓઠે એ છેતરાઈ જાય, એ બનવાજોગ છે. અને, એમાં ધર્મીની નાનમ નથી, પણ એમાં તો ધર્મીની મહત્તા છે. આવી રીતિએ છેતરાઈ જવાય, એમાં ધર્મીની કાળજીની ઉણપ ગણાય નહિ. એમ સૂરિમહારાજા પણ પેલા રાજકુમારની ધર્મના અર્થિપણાની બનાવટમાં આવી ગયા.

એ રાજકુમારે દીક્ષા તો લીધી, પણ એણે, એણે લીધેલ વ્રતોનું પાલન કરવાની કેટલી કાળજી રાખી છે, તે જાણો છો ? સર્વ ક્રિયાઓમાં અપ્રમાદ અને સર્વત્ર વિનયભાવ તો જાણે એના બાપનો જ. વ્રતપાલનમાં એને આટલો ચોક્કસ બનાવવામાં, અન્ય મુનિઓની આચારપરાયણતાનો પણ ફાળો તો ખરો જ. આ મુનિમંડળમાં આવતાં, એના ઉપર એવી છાપ

પડેલી જ કે–'અહીં આ રીતિએ જ વર્તાય અને આમ વર્તીએ તો જ સૌના પ્રતિપાત્ર બનાય તેમ જ કોઈ કદી પણ આપણા તરફ શંકાની નજરથી જુએ નહિ!' મુનિઓએ અને શ્રાવકોએ આ વાત વિચારવા જેવી છે. તમારા મંડળમાં નવો કોઈ આવી જાય, તો તેના ઉપર તમારા આચાર-વિચારની આવી છાપ પડે ને? આવનારને એમ લાગે ને કે–અહીં સૌ પોતપોતાના લીધેલા વ્રતના પાલનની કાળજીવાળા છે અને અહીં તેઓનો જ વધુ ને વધુ આદર થાય છે, કે જેઓ પોતાના લીધેલા વ્રતનું પાલન કરવાને માટે ઉત્સાહિત રહેતા હોય છે! તમે તમારા આચાર-વિચારથી, સામાના વ્રતપાલનનો ઉત્સાહ વધારનારા જ બનો છો ને? પેલો રાજકુમાર તો દીક્ષિત બનીને, પોતાનાં વ્રતોનું સારી રીતિએ નિરતિચાર પાલન કરવામાં, જાણે એકતાન બની ગયો. બીજી તરફ, તેણે ગુરૂમહારાજ અને અન્ય મુનિઓની પણ એવા પ્રકારે આરાધના કરવા માંડી કે–મુનિઓ આ રાજકુમારને માટે –બનાવટી શ્રમણને માટે, 'આ જ સાધુશ્રેષ્ઠ છે'–એમ માનવા લાગ્યા. એના વિનયાચારથી એ 'વિનયરત્ન' તરીકે ઓળખાવા લાગ્યો. સૌ એના વિનયાદિની પ્રશંસા કરવા લાગ્યા.

આ ઉપરથી, જરા કલ્પના તો કરો કે–એ કેવાક પ્રકારે વ્રતપાલન અને વિનયાચરણ કરતો હશે? એનું આ બધું આચરણ, કેવળ ઉદયભાવનું નાટક હતું, કોરો દંભ હતો, પણ આવું વિનયાચરણ અને વ્રતપાલન જો ક્ષયોપશમ ભાવના યોગે જ હોય, તો આનું કેવું સુન્દર પરિણામ આવે? આવા વ્રતપાલન અને વિનયાચરણથી, કર્મો તો ભાગાભાગ કરી મૂકે; પરન્તુ એના કમનસીબે, આ વ્રતપાલનાદિ ઉદય-

ભાવનું નાટક હતું, એટલે કર્મો ભાગાભાગ કરવાને બદલે, ખૂબ ખૂબ બંધાતાં હતાં. વ્રતપાલનાદિથી, કર્મોથી અળગો થવાને બદલે, એ બંધાતો જતો હતો. ક્રિયા કેટલી ઉત્તમ છે? જો આશયશુદ્ધિનો યોગ હોય, તો ક્રિયા એવી છે કે–અતિ કઠિન કર્મોની પણ તાકાત નથી કે–ટકી શકે. આવી ઉત્તમ ક્રિયા પણ, એક પાપમય આશયના કારણે જ, ફલવતી બની શકી નહિ અને ભારે પાપકર્મોથી લેપાવનારી નિવડી! આથી, આપણે પ્રભુશાસનની નાનામાં નાની ક્રિયા પણ, વિપરીત ભાવથી રહિતપણે અને કેવળ ભવનિસ્તારના હેતુથી જ કરવી જોઈએ, એમ લાગે છે ને?

પેલા રાજકુમારને ભવનિસ્તારનો ખપ નહોતો, પણ આપણને તો ભવનિસ્તારનો જ ખપ છે ને? ખરાબ આશયથી, કષાયના યોગમાં પડેલો પણ એ રાજકુમાર, જો આ લોકના એક હેતુને સિદ્ધ કરવાને માટે આટલી બધી કાળજી રાખે, તો આપણે તો ભવપરંપરાને ટાળવી છે, અનેક ભવોમાં સંચિત કરેલાં કર્મોની નિર્જરા કરવી છે અને મોક્ષને મેળવવો છે, માટે આપણે વ્રતપાલનાદિમાં કેટલી બધી કાળજી રાખવી જોઈએ? આપણા આશયમાં ખામી છે કે આપણી ક્રિયા કરવામાં ખામી છે કે પછી બેયમાં ઠેકાણું નથી? પેલા રાજકુમારને જેવું કષાયના ઉદયનું જોર હતું, તેવું જો આપણે ક્ષયોપશમ ભાવનું જોર પ્રગટાવીએ, તો કામ થઈ જાય ને?

બનાવટી શ્રમણ એવા એ રાજકુમારે, આ પ્રમાણેનું આચરણ બાર બાર વર્ષો સુધી કર્યુ. એમાં એકે ય દિવસ બોલવા-ચાલવામાં પણ એણે આ શ્રમણપણાના પાલન પાછળ મોક્ષનો આશય નથી અને અન્ય કોઈ આશય છે, એવું જણાવા

દીધું નહિ. દરેક વાતમાં અને દરેક વર્તનમાં, એણે એટલો બધો શાન્તભાવ રાખ્યો કે–ખૂદ આચાર્યમહારાજને પણ લાગ્યું કે–'આ આત્મામાં શમ પરિણમ્યો છે.' આવી અસર થયેલી હોવાથી જ, આચાર્યમહારાજ દ્વારા, સહસાત્કારે ભૂલ થઈ જવા પામી.

રાજા ઉદાયી, અષ્ટમી અને ચતુર્દશીના દિવસોએ, રાત્રિપૌષધ કરતા હતા. રાજા પૌષધ પણ પોતાના મહેલમાં જ કરતા હતા અને એથી સ્વ–પરનો ઉપકાર સાધવાના માર્ગને જાણનારા તથા સ્વ–પરનો ઉપકાર સાધવામાં પરાયણ આચાર્યમહારાજ પણ, ધર્મકથાના હેતુથી, એ દિવસોએ રાજમહેલમાં જઈ ને, ત્યાં જ રાજાની સાથે રાત્રિ પસાર કરતા હતા. એ મુજબ, એક પર્વતિથિના દિને, સાંજના સમયે સૂરિમહારાજ રાજમહેલમાં જવાને માટે તૈયાર થયા અને સંભ્રમથી તેઓએ પેલા માયાવી શ્રમણને આજ્ઞા કરી કે–'હે ક્ષુલ્લક ! ઉપકરણ લે. આપણે રાજકુળમાં જઇએ !'

માયાવી શ્રમણ રૂપે રહેલા રાજકુમારને તક મળી ગઈ. આટલી બધી મહેનત આજે લેખે લાગશે, એમ એને લાગ્યું. રાત્રિ માટે આવશ્યક ઉપકરણો એણે લઈ લીધાં; બાર બાર વર્ષોથી ઓઘામાં છૂપાવીને સાચવી રાખેલી છૂરી પણ સંભાળી લીધી; અને ભક્તિ રૂપ નાટકને કરતો તે રાજકુમાર મુનિ, આચાર્યમહારાજની સાથે ચાલ્યો.

રાજમહેલમાં ગયા બાદ, લાંબા સમય સુધી ધર્મક્રિયાઓ અને ધર્મકથાઓ ચાલી. ધર્મકથા કરીને આચાર્યમહારાજ તથા પૌષધમાં રહેલ રાજા ઉદાયી પણ સંથારા ઉપર સુઈ ગયા. શાસનના એ બન્ને મહાપુરૂષો સુઈ ગયા અને નિદ્રાધીન

બની ગયા. માયાવી શ્રમણ રાજકુમાર, સંથારામાં સુતો સુતો, ઉંઘી ગયાનો ઢોંગ કરતો હતો, પણ ઉંઘ્યો નહોતો. જ્યારે એને બરાબર ખાત્રી થઈ ગઇ કે–આચાર્યમહારાજ અને રાજા, બન્ને ય નિદ્રાધીન થઈ ગયા છે, એટલે એ ઉઠ્યો; પોતાના ઓઘામાં વર્ષો થયાં સાચવી રાખેલી છૂરી એણે કાઢી; અને જરા પણ અરેરાટ વિના, જરા પણ ખમચાયા વિના, પૂરતી ઝડપથી એણે રાજાનું ગળું કાપી નાખ્યું !

રાજાના ગળાને કાપી નાખ્યા બાદ, પેલો માયાવી શ્રમણ રાજકુમાર, ત્યાં જરા વાર પણ થોભ્યો નહિ. સ્થંડિલ જવાના બહાને તે બહાર નીકળ્યો અને ભાગી છૂટ્યો.

અહીં બન્યું એવું કે–રાજાના શરીરમાંથી લોહી વહેતું વહેતું સૂરિમહારાજાના સંથારા નીચે આવ્યું. લોહીથી સૂરિ-મહારાજાનો સંથારો ભીંજાઈ ગયો અને એની અસરથી સૂરિમહારાજા જાગી ગયા. સૂરિજી મહારાજે તપાસ કરી, તો રાજાનું ગળું કપાએલું જોયું, પાસે છૂરી પડેલી જોઇ અને પેલા માયાવી શ્રમણનો સંથારો ખાલી જોયો. એ બધું જોઇને, શું બનવા પામ્યું છે–તેની કલ્પના તેઓએ કરી લીધી. એમના હૈયાએ કારમો આંચકો અનુભવ્યો. એમને લાગ્યું કે–' મારી જ ભૂલથી અકલ્પનીય એવું આ અતિ ભયંકર કૃત્ય બની ગયું ! ' ઘણો પશ્ચાત્તાપ થયો કે–' આવા પાપિને દીક્ષિત કરવાની અને અહીં લાવવાની ભૂલ, મારાથી કેમ થઈ ગઈ ? ' પછી પોતે પરિણામનો વિચાર કરવા લાગ્યા. બની ગયું, તે બની ગયું; એ અન્યથા થવાનું નહોતું; પણ હવે વધુ નુકશાન ન થાય, એ તો જોવું જોઇએ ને ? સૂરિજી મહારાજાએ નિર્ણય કર્યો કે–'ભગવાનના શાસન ઉપર આવવી

સુસંભવિત એવી મહા આફતનું જો નિવરણ કરવું હોય, તો મારે મારા હાથે જ મારૂં ખૂન પણ કરી નાખવું જોઇએ. એમ થાય, તો જ એવી વાયકા ફેલાય કે-કોઈ દુષ્ટે જૈન ધર્મ પ્રત્યેના દ્વેષથી રાજાનું અને સૂરિમહારાજનું ખૂન કરી નાખ્યું !' આવો નિર્ણય કરી લઇને, એ મહાપુરૂષે તરત જ પાસે પડેલી છૂરીથી પોતાના ગળાને પણ છેદી નાખ્યું !

ઠોઠ નિશાળીયા જેવા તો નથી ને ?

આપણી વાત તો એ હતી કે-ધર્મ જેને-તેને અપાય નહિ. ધર્મનો અર્થી બનીને આવેલો, ભવનિસ્તારનો અર્થી બનીને ધર્મનો અર્થી બન્યો છે કે નહિ, તે જોવું જોઈએ. પરીક્ષા કરવા છતાં ય, છદ્મસ્થપણા આદિને કારણે ભૂલ થઈ જાય એ બને, પણ ધર્મ એ એવી કિંમતી દવા છે કે-એ ગમે તેને દઈ દેવાય નહિ. શ્રી જૈન શાસનની સ્થાપના જ મોક્ષને માટે છે. શ્રી જૈન શાસનનો જેને થોડો પણ પરિચય થાય, તેને એમ જ લાગે કે-અહીં બધું મોક્ષના હેતુથી જ વર્ણવાએલું છે. સૌ સંસારથી મૂકાય અને મોક્ષને પામે, એ ભાવના આ શાસનના મૂળમાં છે. જે કુળમાં આ શાસનની છાયા હોય, એવા કુળમાં આવેલાને, મોક્ષની વાતમાં નવાઈ લાગે જ નહિ. આપણને શું લાગે છે ? સંસાર તજવા જેવો છે અને મોક્ષ જ મેળવવા જેવો છે, એ વાતમાં શંકા ખરી ? મોક્ષનો આશય આવી જાય, તો ફાયદો કેટલો ? મોક્ષના આશયથી કરેલી ધર્મક્રિયાઓથી નિર્જરા સધાય અને પુણ્યબંધ થાય તો તે ઉચ્ચ પ્રકારનો થાય. એ પુણ્યના ઉદયથી સુખ મળે ઘણું, ભોગવાય ઘણી સારી રીતિએ અને તેમ છતાં ય એ

તમારામાં ખરાબ ભાવને પેદા કરે નહિ. 'અમે નાલાયક છીએ'–એમ કહીને તમે છૂટી જાઓ, એનો કાંઈ અર્થ નથી. અન્તઃકરણમાં નાલાયકાતનો ખ્યાલ પેદા થવો જોઇએ. સાચો ખ્યાલ આવે, એટલે ખટકારો પેદા થયા વિના રહે નહિ. આપણને સાચે જ આપણી નાલાયકીનો ખ્યાલ આવી જાય, તો આપણે એને કાઢવાનો બનતો પ્રયત્ન કર્યા વિના રહીએ નહિ. જેમ વિદ્યાનો અર્થી હોય પણ બુદ્ધિ ઓછી હોય, તો એવો વિદ્યાર્થી દરેક વસ્તુને સમજવાને માટે, વધારે ને વધારે પરિશ્રમ કરે છે; અને નઠોર વિદ્યાર્થી માસ્તર ભણાવે ત્યારે ધ્યાન આપે નહિ, માસ્તર જે કહે તેને સમજવાનો પ્રયત્ન કરે નહિ, ઘેર લેશન કરે નહિ અને તેમ છતાં પણ માસ્તરને અયોગ્ય કહી દે. માસ્તર એને શિખામણ આપે કે શિક્ષા કરે, તો એ માસ્તરની ખબર લઈ નાખવાની ધમકી પણ આપે. તમે તમારી નાલાયકાતને સમજીને, લાયકાતને મેળવવાનો પ્રયત્ન કરો એવા છો કે ઠોઠ નિશાળીયા જેવા છો ? ઠોઠ નિશાળીયા કાંઈ બધે ઠોઠ હોતા નથી. રમત–ગમતમાં, તોફાનમાં, ઝાડો ઉપર ચઢવા વગેરેમાં, એવાઓનો નંબર પ્રાયઃ પહેલો હોય છે અને ભણવામાં મીંડું હોય છે; તેમ, તમે પણ બીજે બધે હુંશીયાર અને અહીં જ મીંડું, એવું તો નથી ને ? તમે ખાત્રી રાખો કે–મોક્ષના હેતુથી મોક્ષસાધક ધર્મને યથાવિધિ સેવવાનો પ્રયત્ન કરનારને, સંસારનું સુખ નહિ મળે એમ નહિ; મોક્ષ નહિ થાય ત્યાં સુધી એને સુખ મળવાનું જ; પણ વાત એ છે કે–એ સુખ પ્રત્યે એવો અણગમો પેદા થવો જોઈ એ કે–સંસારનું સુખ જોઇએ જ નહિ, એમ થયા કરે અને મોક્ષનું સુખ જ જોઈ એ,

એમ થયા કરે. એટલે, સંસારના સુખને માટે ધર્મ કરવાની વૃત્તિને કાઢવી જોઇએ.

મહેરબાની જ મગાય :

મોટા માણસને સલામ ભરીને, એની સેવા કરીને 'મારે અમુક જોઈ એ'–એમ ન કહેવાય; પણ એ પૂછે ત્યારે ય એની મહેરબાની મગાય. મહેરબાનીમાં બધું આવી જાય અને માગણી કરવામાં તો અમુક ચોક્કસ વસ્તુ જ આવે ને ? મોટો માણસ ખૂશ થઇ જાય અને તમે માગણી કરવા માંડો, તો પરિણામ શું આવે ?

સ૦ કાંઇ આપે નહિ.

કદાચ આપી તો દે; સજ્જન માણસ એકદમ ના ન પાડે; પણ માગણી કરનાર મહેરબાની ગુમાવી બેસે. જ્યારે પૂછે ત્યારે મહેરબાની માગનારની તો, અવસરે એ ખબર લેવા જાય અને માગનારો ફરીથી સામે પગલે માગવા આવે, તો ય આ કહેશે કે–માગણ આવ્યો. બારણાં બંધ કરી દે ! તેમ ધર્મની પાસે પણ તમે કાંઇ માગો જ નહિ અને ધર્મ કર્યા કરો, તો ધર્મ તમારી ખબર લીધા વિના નહિ રહે અને ધર્મ તમારાથી આઘો પણ જશે નહિ. જ્ઞાનિઓએ મોક્ષના હેતુથી ધર્મ કરનારને, આશ્વાસન બહુ આપ્યું છે. જ્ઞાનિઓ કહે છે કે–ભવનિસ્તારને લક્ષ્યમાં રાખીને નિરાશંસભાવે જે ધર્મ કરે, તેને સુખ ઘણું મળે અને જ્યારે એ સુખ મળે ત્યારે, એને એ સુખની મમતા એવી હોય નહિ કે–દુષ્કર્મ બંધાય. સુખ મળે ને મુંઝવે નહિ. તમે એમ સમજો છો કે–તમારી પાસે બહુ સુખ છે ? શાસ્ત્રોમાં સુખી માણસોનાં

વર્ણનો આવે છે. એ વાંચો અગર સાંભળો, તો તમને લાગે કે–તમારૂં ઘણું પણ સુખ હોય, તો ય એમના હિસાબે તુચ્છ છે! આજે તો પ્રાયઃ નામનું સુખ છે, છતાં એની ખુમારી કેટલી છે? જરા સુખ મળ્યું, એટલે ઘમંડમાંથી હાથ કાઢે નહિ. આજે, મોટે ભાગે લોકો, મોટાનું ઔચિત્ય ભૂલી ગયા છે અને નાનાની દયા ભૂલી ગયા છે. મહિને બસો જ કમાતો હોય, તેમાં તો બોલ બોલ કરે કે–આપણે કોઈની પડી નથી! હું શા માટે કોઇને સલામ ભરૂં? કોઇને જગ્યા હું કેમ આપું? આવું આજે ઘણાએ ધર્મસ્થાનોમાં બોલે છે. આ વૃત્તિ કયાંથી આવી? ભગવાનના સમવસરણમાં ઇન્દ્રાદિક દેવો પણ ઔચિત્ય જાળવીને બેસે છે. નવમા–દશમા ઇન્દ્ર, અગી-આરમા–બારમા ઇન્દ્રની જગ્યા રાખ્યા વિના બેસે નહિ. ધર્મ વિપરીત ભાવે ન કર્યો હોય, તો એના યોગે સુખ મળે ત્યારે નાના પ્રત્યે આંખ મીઠી હોય અને મોટા પ્રત્યે આંખ હસતી હોય. આજે તો જરાક ઠીક સ્થિતિ હોય, તો બોલી નાખે કે–શેઠ એના ઘરનો; પણ એવું ન બોલે તો ન ચાલે? નહિ, આવકનો ઠસ્સો છે. મોક્ષની ઇચ્છાથી થયેલ ધર્મના પ્રતાપે શું હોય? ઔચિત્ય ને દયા, બેઉ હોય.

આ કાળમાં જો સાધનસંપન્નોને ય મુશ્કેલી છે, તો સાધન-હીનોનું શું થતું હશે?

તમને કેવો માણસ ગમે? મોટા પ્રત્યે ઉદ્ધત હોય અને નાના પ્રત્યે નિર્દય હોય, એવો માણસ તમને ગમે ખરો? તમે કોના પ્રત્યે કેવા છો, એ વાત બાજુએ રાખો; પણ તમે મોટા હો તો તમારા તરફ કોઈ ઉદ્ધતાઈ બતાવે, તો તે તમને

ગમતું નથી અને તમે નાના હો તો તમારા તરફ કોઈ નિર્દયપણું બતાવે, તો તે તમને ગમતું નથી, એ તો ખરું ને ? ત્યારે, જેનામાં મોટાઓ પ્રત્યે ઔચિત્ય અને નાનાઓ પ્રત્યે દયા હોય, તે કેવો લાગે ? સારો; છતાં આપણે સારા બનીએ એવી તકેદારી ખરી ? હજુ મોટા પ્રત્યે ઔચિત્ય જાળવનારા મળશે, કેમ કે–સમજે છે કે વખતે બચ આવશે; જો કે–વસ્તુતઃ એ ઔચિત્ય નથી, પણ સ્વાર્થનો જ એક અંશ છે; છતાં, દેખીતી રીતિએ મોટાઓ પ્રત્યે ઔચિત્ય જાળવનારા હજુ મળશે, પણ નાનાઓ પ્રત્યે દયા દાખવનારા દુર્લભ બનતા જાય છે. પોતાનાથી નીચી સ્થિતિવાળાઓ પ્રત્યે મીઠી નજર હોય, એવા સુખી માણસો દુર્લભ બનતા જાય છે અને એથી પણ બેકારી, ભૂખમરો, જીવવાની હાડમારી વગેરે વધતું જાય છે. સુખી માણસો જો નીચેના વર્ગ તરફ દયાવૃત્તિવાળા હોય, તો આજના જેવી વિષમ દશા, કોઈ પણ સમાજની ન જ હોય. દુઃખી માણસોનાં અનાચરણોની સુખી માણસો ટીકા કર્યા કરે, એ વ્યાજબી નથી. દુઃખી માણસમાં શું હોય, તે કહેવાય નહિ. એ અનીતિ, છેતરપીંડી આદિ ન કરે તો સારું, પણ દુઃખી માણસ દુઃખનો માર્યો અનીતિ આદિને આચરે, ત્યારે સુખી માણસને તો એમ થવું જોઈએ કે–'આની અનીતિમાં મારો પણ હિસ્સો છે, કારણ કે–મેં એની ખબર લીધી નહિ.' તેમાં ય, આ કાળમાં તો, સુખી માણસોએ વધારે ઉદાર બનવાની જરૂર છે.

સ૦ વખત એવો આવી લાગ્યો છે કે સુખી કહેવાતા માણસોના હૈયામાં પણ શાન્તિ નથી, એટલે એ કરે શું ?

આ એમ કહે છે કે–આજે જેઓ સુખે ખાતા–પીતા

છે અને તદ્દન ગરીબ ભાઈઓને ખવડાવી–પીવડાવીને ઉભા રાખી શકે તેવા છે, તેમના હૈયામાં પણ અત્યારે હોળી સળગે છે. એમના હૃદયને ય શાંતિ નથી. પોતે સુખમાં હોય, તો બીજાના દુઃખની પરવા કરે ને ? પોતે જ દુઃખમાં ડૂબેલા હોય, ત્યાં શું થાય ? પણ મનનું દુઃખ, એ જુદી વસ્તુ છે અને પેટમાં નાખવાના સાધનનું દુઃખ, એ જુદી વસ્તુ છે. ખાતા–પીતા અને ખવડાવી–પીવડાવી શકે એવા માણસોએ તો વિચાર કરવો જોઈએ કે–જો આ કાળમાં અમારા જેવાની પણ આ દશા છે, તો સાધનહીન અને અલ્પ સાધનવાળા માણસો, શી રીતિએ આ કાળમાં પોતાનો ગુજારો કરી શકતા હશે ? આમ વિચારોને, પણ તેવાઓ પ્રત્યે અનુકંપાશીલ જ બનવું જોઈએ.

સુખી માણસોએ પોતપોતાનાં ક્ષેત્રોને સંભાળી લેવાં જોઇએ :

આજે સમાજમાં મધ્યમ વર્ગ રીબાય છે, એ ફરિયાદો ફેંકી દેવા જેવી નથી. આ કાળમાં સમાજના મધ્યમ વર્ગની આન્તરિક મુશ્કેલીઓ ઘણી વધી જવા પામી છે. મળેલી માહિતીઓ મુજબ, ધંધા–નોકરી વગેરે નિમિત્તે બહારગામ ગયેલાઓના કરતાં પણ, સ્થાનિક સમાજની સ્થિતિ વધારે ભયંકર બનવા પામી છે. દરેક સ્થલે, મધ્યમ વર્ગ પ્રાયઃ મુશ્કેલીમાં છે અને જૈન સમાજના બધા આગેવાનો એટલે સુખી માણસો જો આ વાત લક્ષ્યમાં લે, તો સમાજની ગુજરાનની મુશ્કેલી, કાંઈ ન ટળે એવી નથી. માત્ર સુખી માણસો જરા ડાહ્યા થઈ જાય, ઉદાર બની જાય અને ડહાપણથી કામ કરે તો, આજની ભયંકર ગણાતી મુશ્કેલીઓને પણ, સમાજ સુખે

વટાવી જાય, એવી સ્થિતિ હજુ પણ છે. જેમ કેટલાકોમાં જાત્યભિમાન હોય છે કે-હું જે જાતિનો છું, તે જાતિના લોકો કમથી કમ રોટલે દુઃખી તો નહિ જ હોવા જોઈએ; તેમ આપણામાં જાત્યભિમાન નહિ પણ ધર્માભિમાન અવશ્ય હોવું જોઈએ. દરેક સુખી જૈનને એમ થવું જોઈએ કે-મારો એક પણ જૈન ભાઈ, રોટલે દુઃખી તો નહિ જ હોવો જોઈએ. આમાં દરેક સુખી માણસે હજારો ને લાખ્ખો ખર્ચી નાખવાના છે, એમ પણ નથી. આખા સમાજમાં થઈને લાખ્ખો ખર્ચાય, પણ વહેંચણી એવી થાય કે-કોઈને લાગે નહિ. આ કામ માટે, મોટાં ફંડો કરવા કરતાં અને વ્યવસ્થાની મોટી કમીટીઓ નીમવાનો પ્રયત્ન કરવા કરતાં, સ્થળે સ્થળના સુખી માણસોએ આ કામ સંભાળી લેવા જેવું છે. કમીટીઓ અને ફંડોનું તોફાન તો, એવું છે કે-વહીવટ,* વ્યવસ્થા, ઉધરાણું વગેરે વગેરે કામોમાં મોટો ખર્ચ થઈ જાય તેમ જ કુળવાન ઉઘાડા પડી જાય અથવા તો ખરી જરૂરવાળાઓ સીદાતા રહી જાય. સાધર્મિક જનો પ્રત્યેની ભક્તિથી આ કામ કરવાનું છે. દરેકને આવા માટે પાટલે બેસે ને એમ થવું જોઈએ કે-અત્યારે મારાં કેટલાં સાધર્મિક ભાઈ-બેનોને રોટલાની મુશ્કેલી હશે? દરેક જૈન નક્કી કરે કે-'મારે મારા થોડામાંથી પણ થોડું, મારાં સાધાર્મિક ભાઈ-બેનને આપવું છે' તો કામ થઈ જાય. સ્થલે સ્થલે જૈનોમાં સુખી માણસો તો છે જ. તેઓ જો ડાહ્યા થઈ જાય, તો સુંદર પ્રકારે સાધર્મિક-ભક્તિ કરી શકે. પોતપોતાના ક્ષેત્રમાં દરેક સુખી માણસ તપાસી લે કે-કોને ત્યાં શું મુશ્કેલી છે અને કોઈ જાણે નહિ તેમ તેને ઘેર પહોંચતું થઈ જાય. અમે આટલાં ફંડ કર્યાં અને આટલાં શ્રાવક-શ્રાવિકાને મદદ

કરી, એવાં ઢિંઢિમ પીટવાનાં હોય નહિ. સ્થલે સ્થલે જે સુખી માણસો આ કામ કરતા હોય, તેમને ત્યાં જેની જે ઇચ્છા હોય તે આપી જાય અને સાધર્મિકોની ભક્તિનું કાર્ય, કોઈ ન જાણે એવી રીતિએ થઈ જાય. એ જ, જૈન સમાજને શોભતું ગણાય.

મોંઘા કાળમાં જ માણસની અને પૈસાની કિંમત છે ને?

તમારાં સાધર્મિક ભાઈ-બેનો જીવવાની મુશ્કેલીમાં આવી પડ્યાં હોય, તેવા વખતે તમે કેવળ તમારૂં, તમારાં નિકટનાં સગાંઓનું જ સુખ શોધ્યા કરો, એ કોઈ પણ રીતિએ વ્યાજબી નથી. તમારા કોઈ પણ સાધર્મિક ભાઇ-બેનને જીવવાની મુશ્કેલી હોય, એમાં તમારે જ શરમાવા જેવું છે. જેમ આગળ કહેતા કે-'આ તો મારો સાત પેઢીનો પિતરાઈ છે; અથવા આ મારો સાત પેઢીનો સંબંધી છે.' દરેક સારા અવસરે એને યાદ કરે જ. કોઈ રળીને આવે, તો એનો સાત પેઢીનો સંબંધી પણ દુઃખી નહિ રહેવો જોઇએ, એવી માન્યતા રહેતી. એવી કલ્પના રહેતી કે-હું કમાયો અને જો મારો સાત પેઢીનો સંબંધી પણ દુઃખી રહે, તો લોક મારી પાછળ વાત કરે! લોક પણ કહે કે-ધૂળ પડી એના પૈસામાં; એનો અમુક સગો તો દુઃખી છે! પેલાને લેવાની ઇચ્છા નહિ, પણ આને આપ્યા વિના ચેન પડે નહિ. તેમ, આમાં પણ તમારે એ જ જોવાનું કે-આ જૈન તો કહેવાય છે ને? કોઈ કહેશે કે-અમુક ભૂખથી રીબાઇને મરી ગયો; એ કોણ હતો? જૈન. એ કલંક નહિ જોઇએ. જો આ બુદ્ધિ આવી જાય, તો હજુ પણ જૈન સમાજ જીવતો છે.

સ૦ આજની રાજનીતિને અંગે પણ જૈનોને ઘણી મુશ્કેલીઓમાં મૂકાવું પડ્યું છે.

એ ગમે તેમ હોય, પણ આજના સંયોગોમાં ય તમારે જીવી જાવું છે ને? તમારે જેમ જીવી જાવું છે, તેમ તમારાં જૈન ભાઈ-બેનોને પણ તમારે જીવાડી લેવાં છે ને? તમે તમારાં દુઃખી સાધર્મિક ભાઈ-બેનોને, એ વાત જરૂર કહી શકો છો કે-તમારી બધી જરૂરીયાતો પૂરી પાડવાની શક્તિ અમારામાં નથી, પણ આવા કપરા કાળમાં તમે જીવી જાવ એ માટે, અમે અમારાથી બની શકે તેટલું બધું જ કરવાને માટે તૈયાર છીએ. તમે સારી રીતિએ જીવન ગુજારી શકો, એવું કરવાની અમારી શક્તિ નથી; તેમ, તમે બરાબ રીતિએ મરો-એ પણ અમે સાંભળી શકીએ તેમ નથી; આથી, જીવ-નનિર્વાહ અંગે જરૂરી હોય તેટલું જ લો અને તમારા જેવાં બીજાં ભાઇ-બેનોને પણ ફાળો મળે, એ તરફ નજર રાખો! આટલું તો આવા કાળમાં ય, આગેવાન અને સુખી ગૃહસ્થો ધારે તો, કરી શકે તેમ છે. મોંઘા કાળમાં જ માણસની કિંમત છે. માણસની કે પૈસાની કિંમત જ, મોંઘા કાળમાં અંકાય છે ને?

સાધર્મિક-વાત્સલ્યનાં જમણો :

એક કાળમાં સાધર્મિક-વાત્સલ્યનાં જમણો લોકને બહુ બહુ કિંમતી નહોતાં લાગતાં; આજે ઘણાઓને એમ લાગે છે કે-એ ચાલુ હોત, તો ય ઘણું સારૂં થાત. આજે એ પણ એક ફરિયાદ છે કે-જેઓ રોટલા ખાઈ શકે છે, તેઓને ય જીવવાને માટે જરૂરી પોષણ નથી મળતું, કેમ કે-પોષણ

આપે એવા પદાર્થો બહુ જ મોંઘા થઈ ગયા છે. જો સાધર્મિક-વાત્સલ્યનાં જમણોનો પ્રવાહ ચાલુ હોત, તો એ પોષણ બે મહિના મળત, તો ય બાકીના દશ મહિના નીકળી જાત !

સ૦ આજે પણ બીજા રસ્તે ઘણો ખર્ચ થાય છે અને આ માર્ગે કરતા નથી.

એવું ન બોલાય. ધર્મક્ષેત્રમાં બીજા માર્ગોએ ખર્ચ કરનારાઓ પણ કાંઈ ખોટા માર્ગે ખર્ચ કરતા નથી. તેમણે આ દિશાએ પણ લક્ષ્ય આપવાની જરૂર છે–એમ કહેવાય. જે લોકો ધર્મ કરનારા છે, શ્રી જિનમન્દિરાદિમાં ખર્ચ કરનારા છે, તેઓ જ અવસર પામીને ખ્યાલ આવતાં, આ માર્ગે બીજા બધા કરતાં સારી રીતિએ ખર્ચ કરે છે.

ખંભાતનો એક પ્રસંગ :

મારી યાદ મુજબનો ખંભાતનો એક પ્રસંગ કહું. એક વાર, દુષ્કાળ અગર તો એવી કોઈ આફતને અંગે, જનતાને રાહત આપવાનું કાર્ય હાથ ધરાયું અને ત્યાંના અધિકારિઓ વગેરે, ઉપાશ્રયમાં વ્યાખ્યાન વખતે એ અંગે ફંડ કરવાને માટે આવ્યા.

તેમણે ઉભા થઇને પોતે લઇ આવેલ કાર્યનું મહત્ત્વ વર્ણવ્યું અને તે અંગે ' દયાનું એ કાર્ય શ્રાવકોએ કરવા યોગ્ય છે '–એવું સૂચન મેં પણ કર્યું.

પછી ટીપ શરૂ થઈ. ટીપમાં જે રકમ ભરાઈ, તેથી ટીપ કરાવવાને આવેલ અધિકારિને સંતોષ થયો નહિ. આથી, તેમના એક આગેવાને ઉભા થઇને જૈનો ' ધાર્મિક ઉત્સવો, ઉજમણાં, જમણવારો, વરઘોડા અને મન્દિરો આદિ પાછળ

અઢળક ખર્ચ કરે છે'–એ વગેરે કહીને, એ કાર્યોની જરા ટીકા લાગે તેવું કહ્યું અને થયેલી ટીપ ઘણી ઓછી છે, તેમ જણાવ્યું.

એ અધિકારી બોલી રહ્યા પછીથી, મેં કહ્યું કે–" અમારા જૈનો જેમ ઉત્સવાદિ સુંદર પ્રકારે કરી શકે છે, તેમ જીવદયા આદિનાં કાર્યો પણ સુંદર પ્રકારે કરી શકે છે. ગરીબ માણસોની અને જીવોની દયાનાં કાર્યોમાં પણ, મોટે ભાગે જૈનોનો જ મોટો હિસ્સો હોય છે; કારણ કે–જૈનો જે દેવ–ગુરૂના ઉત્સવો આદિ કરે છે, તે દેવ–ગુરૂ એમને દયા કરવાનું પણ કહે છે જ. આ કાર્યમાં તમને સંતોષ થાય એવી ટીપ ન થઈ, તેમાં કારણ એ પણ હોઈ શકે કે–આ કાર્યનું તમે જેટલું મહત્ત્વ આંકો છો, તેટલું મહત્ત્વ તમે આમના ખ્યાલમાં લાવી શકયા ન હો; અથવા તો, આમને આ કાર્ય કરનારાઓને અંગે કાંઈ કહેવાપણું હોય. આમ છતાં પણ, તમે એમ કહો કે–આ કાર્યને અંગે અમારે આમની પાસેથી અમુક રકમની જરૂર છે, તો આ જૈનો તમને એ પૂરી કરી આપશે, એ વિષે મને જરા પણ શંકા નથી. બાકી, તમને જો આ કાર્ય માટે આટલું બધું લાગી આવે છે, તો એમ કરો કે–એક મહિનાનો પગાર તમે અને તમારા બધા અધિકારિઓ આ કાર્યમાં આપી દો અને જો તમે એમ કરો, તો અહીં બેઠેલા જૈનો, પોતપોતાની એક એક મહિનાની કમાણી આ કાર્યમાં આપી દેવાને અચકાશે નહિ, એમ હું માનું છું. 'જૈનો પોતાના દેવ–ગુરૂ આદિના ઉત્સવાદિમાં અઢળક ધન ખર્ચે છે.'–આ કાંઈ ઘેલાપણું નથી, પણ જૈનો માને છે કે–' લક્ષ્મીનો સારામાં સારો ઉપયોગ જ આ છે.' એની ટીકા કરીને,

જૈનો પાસેથી પૈસા કઢાવવાની રીત અજમાવવી, એ વ્યાજબી નથી. એથી તો, જૈનોને દુઃખ થાય. બાકી, જૈનો, સંકટગ્રસ્ત જીવોના રક્ષણમાં પણ માને જ છે અને આ કાર્ય અંગેનું તમે ધારો છો તેવું મહત્ત્વ જો તેમના ખ્યાલમાં આવી જાય, તો એ છૂટે હાથે દાન દીધા વિના રહે જ નહિ.”

આ પછી તો, એ અધિકારિએ ઉભા થઈ ને, પોતે જે કાંઈ બોલ્યા હતા તે બદલ, શ્રીસંઘની માફી માગી.

પછી મેં પૂછ્યું કે–‘ તમારે આ બધાની એક મહિનાની કમાણી જોઇતી હોય, તો તેમ કહો.’ એટલે એ અધિકારી કહે કે–‘ મારા બધા અધિકારિઓ એક એક મહિનાનો પગાર આમાં આપી દે, એ હું કહી શકું તેમ નથી.’

પછી મેં પૂછ્યું કે–‘ તો તમને આમની પાસેથી કેટલી રકમ જોઇએ છે, એ કહો ! ’ એ અધિકારિએ જે રકમ કહી, તે રકમ ટીપની થયેલી રકમ કરતાં દોઢી લગભગ હતી; આથી, સહેજ સૂચના કરતાં, સૌએ ટીપમાં જે રકમ મંડાવી હતી, તે બેવડી કરી આપી !

કહેવાનું તાત્પર્ય એ છે કે–ધાર્મિક ઉત્સવો અને શ્રી જિનમન્દિરાદિમાં ખર્ચ કરનારાઓ, સાધર્મિક–વાત્સલ્યો અને જીવદયા આદિનાં કાર્યોમાં જેવી ઉદારતાથી ખર્ચ કરી શકે છે, તેવી ઉદારતાથી બીજાઓ તે કાર્યોમાં ખર્ચ કરી શકતા જ નથી. આથી, ધાર્મિક ઉત્સવો તથા શ્રી જિનમન્દિરાદિમાં ખર્ચ કરનારાઓની ટીકા કરનારાઓ તો અજ્ઞાન જ છે. કોઈ વખતે કોઈ ક્ષેત્ર સીદાતું હોય અને જૈનોનું લક્ષ્ય એ તરફ દોરવું હોય, તો બીજાં ક્ષેત્રો તરફ અપાતા લક્ષ્યની ટીકા કર્યા વિના જ, સીદાતા ક્ષેત્ર તરફ જૈનોનું લક્ષ્ય દોરવું જોઇએ.

સીદાતા ક્ષેત્ર તરફ પહેલું લક્ષ્ય :

આપણે ત્યાં શ્રી જિનમૂર્તિ, શ્રી જિનમન્દિર અને શ્રી જિનાગમ તથા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા–એમ સાત ક્ષેત્રો ગણાય છે અને એ સાતે ય ક્ષેત્રોને શ્રી જિનશાસનમાં પવિત્ર ક્ષેત્રો તરીકે માનવામાં આવ્યાં છે. એ સાત ક્ષેત્રોમાં, પહેલાં બે દેવ સંબંધી હોવાથી, સામાન્ય રીતિએ સમાન ગણાય. ત્રીજું ક્ષેત્ર, સમ્યગ્ જ્ઞાન સંબંધી છે; ચોથું-પાંચમું સાધુ અને સાધ્વી ક્ષેત્ર પણ સામાન્ય રીતિએ સમાન ગણાય તથા છટ્ઠું-સાતમું શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્ર પણ સામાન્ય રીતિએ સમાન ગણાય. આમ છતાં ય, એમ પણ કહી શકાય કે–'એ સાત ક્ષેત્રોમાં પહેલેથી ગણીએ તો એક એકથી નીચું અને છેલ્લેથી ગણીએ તો એક એકથી ઉંચું, એવી એ સાત ક્ષેત્રોની મર્યાદા છે.' વાત તો એ કહેવી છે કે–શ્રી જિનમૂર્તિ આદિ આ સાત ક્ષેત્રોની, એક એકથી ચઢીયાતી સ્થિતિને જણાવનારાં શાસ્ત્રોએ, એવી પણ એક ટાંક મારેલી છે કે–'જે ક્ષેત્ર સીદાતું હોય, તે ક્ષેત્ર તરફ પહેલું ધ્યાન આપવું.' આ વાતને કેટલાકો ભૂલી ગયા છે, તે ધ્યાન પર લાવવાની જરૂર છે. જો આજે બધા સુખી જૈનોને આટલું ધ્યાન ઉપર આવી જાય ને હૈયું ખૂલી જાય, તો જૈન ભાઈઓને કોઈ દુઃખી ન કહી જાય. આજે કેટલાક જૈનો રોટલે દુઃખી છે, એ વાતને સાંભળતાં, અમને શું થાય છે, તે હું નહિ કહી શકું; પણ અમારાથી એ સહાતું નથી. જેમ આજે કેટલાકો શ્રાવક-શ્રાવિકાઓના દુઃખના નામે શ્રી જિનમન્દિરાદિ ક્ષેત્રોમાં વ્યય કરનારા પુણ્યવાનોની નિન્દા કરે છે, તેમ આજે કેટલાકો

સાધુઓમાં દયા નથી–એમ પણ કહે છે. જેના હૈયામાં શ્રી જિનમન્દિરાદિ પ્રત્યે ભક્તિ નથી, તેના હૈયામાં શ્રાવક–શ્રાવિકા પ્રત્યે, શ્રાવક–શ્રાવિકા તરીકેની ભક્તિ હોય જ નહિ. એ લોકો તો, આ નિમિત્તે ય, પોતાના હૈયામાં રહેલા ધર્મ પ્રત્યેના દ્વેષને જ વ્યક્ત કરે છે. એવાઓ ગમે તેમ બોલે, પણ તમે તમારા કર્ત્તવ્યને ચૂકી શકો નહિ. સાધુઓ ઉપદેશ આપી શકે અને સાધુઓ અવસરોચિત રીતિએ શાસ્ત્રાનુસારી ઉપદેશ આપે પણ ખરા, પરન્તુ સાધુઓના અવસરોચિત અને શાસ્ત્રાનુસારી ઉપદેશના યોગે પણ, જો બીજાઓને જોઈતું પરિણામ ન આવે, તો તેઓ અજ્ઞાનપણે સાધુઓમાં દયા નથી–એમે ય કહી દે. આવા કપરા કાળમાં, આવી કોઈ પણ બાબતને લક્ષ્યમાં લીધા વિના, જૈનો જીવી જાય–એવું તો કરી છૂટવું જ જોઇએ. આ કામને હાથ ધરનારાઓએ, પહેલાં કદી પણ એમ પૂછવું નહિ કે–'પૂજા કરે છે?' પણ 'જૈન છે કે નહિ'–એટલું જ જોવું અને જૈન હોય તો એ જીવી જાય એવી સહાય કરવી. સહાય કર્યા પછીથી આઠ–દશ દિવસ બાદ અવસરે પૂજાનું પૂછશો, તો એ જો પૂજા નહિ કરતો હોય તો નીચું જોશે અને પ્રાયઃ પૂજા કરતો થઈ જશે.

તમને તો માત્ર સંપત્તિ ઘટવાનો ભય છે, પણ ભૂખ્યાને તો ભૂખે મરી જવાનો ભય છે:

મને તો ખાત્રી છે કે–આવા નબળા કાળમાં પણ જૈનોને સાચવી શકે–એવા નબીરાઓ, હજુ પણ આ જૈન સમાજમાં જીવે છે; પણ એમનામાં ઉદ્ધારતા આવે અને પોતાનાં સાધર્મિક ભાઈ–બેનોને માટે લાગણી જન્મે, તો કામ થાય ને?

જૈન ભાઈ–બેનો દુઃખી હોય, છતાં પૈસા તીજોરીમાં જ પડયા રહે તો સારૂં, એવું કોને લાગે ? તમારા પૈસા તમારાં છોકરાં જ ખાય, નહિ તો મરતાં તમારી પથારીમાં નાખે તો સારૂં, એમ લાગ્યું છે ? આજે સુખી જૈનોના મનમાંથી એ નીકળી ગયું છે કે–'આખા જૈન સમાજનાં છોકરાં, એ પણ અમારાં છોકરાં છે.' સાધર્મિક તો સગા છોકરા કરતાં ય વધારે લાગવા જોઈએ, જ્યારે ઘણે ભાગે હું ને મારાં છોકરાં સિવાય પ્રાયઃ લાંબો વિચાર નથી. આજે તો વ્યવહારમાં પણ જરા આઘેના સંબંધી માટે ય ઘસાવાની તૈયારી બહુ ઓછાની છે. આવાં કામોમાં, સુખી સામે જ આંખ જાય ને ? કેમ કે–એ મનમાં લે, તો કામ થાય. આજે આ વિષેનો ઘોંઘાટ એટલો બધો વધી ગયો છે કે–અમારી પાસે આવી વાતો વારંવાર આવે છે. દરેક ધર્મકાર્ય પ્રસંગે, આ વાત હોય જ છે. આ વસ્તુ એવી છે કે–અવસર ચોગ્ય અને શક્તિ અનુસાર કર્યા વિના, ધર્મ દીપે નહિ. જ્યાં સુખી માણસો ધર્મ કરવાને એકઠા થયા હોય, ત્યાં સાધર્મિકો દુઃખી છે–એ વાત, અમારા કાને આવે જ શાની ? અસલ તો, આખા શહેરમાં કોઈ રોટલા માટે દુઃખી નહિ જોઈએ. ધર્મ કરવાને એકઠા થયેલા સુખી માણસો, દુઃખી માણસોને સુખી કર્યા વિના રહે નહિ. આજે સુખી ગણાતાનું એટલું ગજું નથી. સુખી માણસો પણ, બહાર જેટલા સુખી ગણાય છે, તેટલા અંદરખાને સુખી નથી. કહે છે કે–સરકારની પ્રથા વગેરે એવું છે કે–આજે સુખી ગણાતાઓ પણ બહુ માલદાર રહ્યા નથી. આવક ઉપર મોટા અંકુશો આવી ગયા છે, આવકનાં વહેતાં વહેણ અટકી ગયાં છે કે છીછરાં થઇ ગયાં છે અને એથી, જે સુખી છે, તેમના મનમાં

પણ ભય પેસી ગયો છે. આવકનું વહેણ ચાલુ હોય તો વધારે ઉદારતાથી કામ થાય, પરન્તુ આજે એ વિચાર કરવા જેવો છે કે–ભૂખનો ભય, એ બધા કરતાં મોટો ભય છે. તમને તો માત્ર સંપત્તિ ઘટવાનો ભય છે, જ્યારે ભૂખ્યાને તો ભૂખે મરી જવાનો ભય છે. એ ભય પાસે, તમારા ભયની કાંઈ કિંમત નથી. આથી નક્કી કરો કે–તમારાથી શકય હોય ત્યાં સુધી, તમે જે ક્ષેત્રમાં હો, તે ક્ષેત્રમાં તો, કોઈ જ ભૂખ્યો નહિ રહેવો જોઇએ. તેમાં ય, તમારે મન, તમારાં સાધર્મિક ભાઈ–બેનો તો પહેલાં જ હોય ને ? એટલે, કાંઈક યોજનાપૂર્વક જો આ વિચાર થઈ જાય, તો આપણો ધર્મ એવા સુન્દર પ્રકારે થઈ જાય કે–આ ધર્મની આરાધના જીવનભર યાદ રહી જાય. કદાચ આ કામ કરવામાં મુંડીને ઘસારો લાગશે, પણ તેમાં ચિન્તા કરવા જેવું શું છે ? ‘ ઘસારો લાગીને પણ ભાઇને માટે લાગતો હોય, તો તે ભોગવી લેવાની સાધર્મિક તરીકે મારી ફરજ છે ’–એમ તમારે સમજવું જોઇએ. ઉપદેશથી આગળ વધવું, એ મને વ્યાજબી લાગતું નથી. સોનાની જાળ પાણીમાં નાખવાની ભૂલ કોણ કરે ? પણ તમે આટલી વાતમાં ઘણું સમજી જાવ, એવા છો ને ? દરેકે દરેક જૈનના હૈયામાં, શ્રી જિનને માનનાર જૈન, કમથી કમ રોટલે દુઃખી તો નહિ જ હોવો જોઈએ, એવું અભિમાન અવશ્ય હોવું જોઈએ “આપણે સુખી હોઇએ અને આપણને કોઈ એમ કહે કે–જૈનોને ભૂખે મરવાનો વખત આવ્યો છે; ત્યારે આપણું હૈયું ચીરાઈ જતું હોય–એવું આપણે જૈન હોઇએ તો આપણને લાગ્યા વિના રહે નહિ.”–આવી મનોદશા જૈનોમાં હોય, તો તે સ્વાભાવિક ગણાય.

[૩]

મનુષ્યભવ આદિ જે સામગ્રી મળી છે, તે મળ્યાનો આનંદ કેવા પ્રકારનો છે ?

પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–ભગવાન શ્રી અરિહન્તદેવોએ અને ગણધરદેવો આદિ મહાપુરૂષોએ, કષાયોથી અને ઈન્દ્રિયોથી જીતાએલા આત્માને જ સંસાર કહ્યો છે અને એનો એ જ આત્મા જ્યારે કષાયોનો અને ઇન્દ્રિયોનો વિજેતા બને, ત્યારે એનું નામ મોક્ષ છે, એમ પણ એ તારકોએ ફરમાવ્યું છે. અત્યાર સુધીમાં અનન્તા આત્માઓ પોતાના કષાયો ઉપર અને પોતાની ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણપણે વિજય મેળવીને, કષાયોથી અને ઈન્દ્રિયોથી સર્વથા મુક્ત બન્યા થકા શ્રી સિદ્ધિપદને પામ્યા છે, કે જે તારકોને આપણે રોજ 'નમો સિદ્ધાણં' બોલીને નમસ્કાર કરીએ છીએ. આથી, આપણે માટે એ વાત નવી નથી કે–આત્માનો સંસાર કોને કહેવાય અને આત્માનો મોક્ષ કોને કહેવાય. આ વાતનો આપણે વિચાર કરીએ, તો આપણને લાગે કે–અનન્તા આત્માઓ શ્રી સિદ્ધિપદને પામ્યા અને આપણે હજુ સંસારમાં રખડીએ છીએ, કેમ કે–આપણે હજુ કષાયો ઉપર અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવી શકયા નથી. જે દિવસે આપણે આપણા કષાયો અને આપણી ઇન્દ્રિયો ઉપર બરાબર વિજય મેળવી

શકીએ, તે દિ' મોક્ષ આપણાથી દૂર નથી, કેમ કે–આપણે જ મોક્ષ છીએ. આપણને આવી સમજ છે, એટલે જ આપણને આ મનુષ્યભવ આદિ જે સામગ્રી મળી છે, તેથી આનંદ થાય છે. મનુષ્યભવ, તે ય આર્ય દેશમાં મળ્યો અને જૈન કુળ જેવું ઉત્તમ કુળ મળ્યું, આ વગેરે સામગ્રી આપણને મળી, તેનો આપણને જે આનંદ થાય છે, તે એટલા જ માટે થાય છે ને કે–અહીં આપણને, ઈન્દ્રિયોને તથા કષાયોને જીતવાથી મોક્ષ મળે છે–એ વાત સાંભળવાને મળે છે; એટલું જ નહિ, પણ આ ભવમાં આપણે જો ધારીએ, તો કષાયો ઉપર તથા ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવાનો સારામાં સારી રીતિએ પ્રયત્ન કરી શકીએ તેમ છીએ ? કષાયો ઉપર તથા ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવાથી મોક્ષ મળે છે–એવું સાંભળવાનું તો, દેવાદિકને પણ મળી શકે છે; પણ સાંભળેલાને આચરવાની જે જોગવાઇ જોઈએ, તે તેમને મળી નથી; જ્યારે આપણને તો જેમ સાંભળવાની સામગ્રી મળી છે, તેમ મન થાય તો એ સાંભળેલાને સારી રીતિએ આચરવાની સામગ્રી પણ મળી છે; તેથી જ, આપણને આ મનુષ્યભવ આદિ સામગ્રી મળી છે, તેનો આનંદ થાય છે ને ? ઈન્દ્રિયોની અને કષાયોની આધીનતાને જે રાખે, તે સંસારમાં રૂલે અને જે એનો સામનો કરે, તે એના ઉપર વિજયી બનીને, ખૂદ મોક્ષ બને. ઈન્દ્રિયો તથા કષાયોની આધીનતાનો સામનો કરીને, એના ઉપર વિજય મેળવવાને માટે જે કાંઈ આચરવાની જરૂર છે, તે આચરવામાં સર્વથી વધારે અનુકૂળ બને–એવી, આ મનુષ્યભવાદિ સામગ્રી છે ને ? અને, એ પ્રકારના આચરણમાં આ સામગ્રી સર્વથી વધુ ઉપયોગી છે, એ માટે જ આપણને આ મનુષ્ય-

ભવાદિ સામગ્રી મળ્યાનો આનંદ છે ને ? આપણે આપણા પૂર્વકૃત પુણ્યના વશથી એવી જગ્યાએ જન્મી ગયા છીએ કે–આ મનુષ્યભવાદિ સામગ્રી શા માટે પ્રશંસાપાત્ર છે, એ આપણને સાંભળવાને મળ્યું છે અને આપણે જો આ મનુષ્યભવાદિની પ્રાપ્તિની સફલતાને સાધવાને ઇચ્છીએ, તો આપણે આપણને મળેલી મનુષ્યભવાદિ સામગ્રીની સફલતાને સારી રીતિએ સાધી શકીએ તેવી સામગ્રી પણ આપણને મળી છે, એ માટે જ આપણને આ બધી સામગ્રી મળી, તેનો આનંદ છે ને ? આપણે એવા પુણ્યશાલી છીએ કે–મનુષ્યભવને પામવા છતાં ય, જે વાત ઘણાઓને સાંભળવાને મળતી નથી, તે મોક્ષની અને મોક્ષને સાધવાના ઉપાયની વાત, આપણને વગર પ્રયત્ને સાંભળવાને મળી ગઈ છે; અનાર્ય દેશમાં મનુષ્યભવ મળ્યો હોત, તો આ વાત સાંભળવાને મળત નહિ; આર્ય દેશમાં પણ એવા ઘણા મનુષ્યો છે કે–એમને આ વાત સાંભળવાની સામગ્રી મળી નથી; જ્યારે આપણને તો આ વાત સાંભળવાને પણ મળી છે અને મન થઇ જાય તો આપણે મોક્ષમાર્ગની સારી રીતિએ આરાધના કરી શકીએ, એવી સામગ્રી પણ આપણને મળી છે. આ વાત સાંભળવાને મળે–એવું પુણ્ય હોય, મનુષ્યભવાદિ સામગ્રી પણ હોય, પણ કાણા, બહેરા, બોબડા, લંગડા વગેરે હોઈએ, તો એ પણ આરાધનાને માટે જરૂરી સામગ્રીની ખામી ગણાય. આપણે તો, બધી રીતિએ પુણ્યશાલી છીએ કે–આ સાંભળવાની સામગ્રી પણ મળી છે અને મન થઈ જાય તો આરાધવાની સામગ્રી પણ મળી છે. આનો જ, આપણા હૈયામાં આનન્દ છે ને ?

સ૦ આ બધું મળ્યું છે એનો આનંદ તો છે, પણ તે આ પ્રકારનો નથી.

જો આ પ્રકારનો હૈયામાં આનન્દ નથી અને આથી ઊલટા પ્રકારનો જ હૈયામાં જો આનન્દ છે, તો એનો અર્થ એ થાય છે કે–આ બધી સામગ્રી આપણને આપણા પુણ્યથી મળી છે–એમ સાંભળતાં આપણને જે આનન્દ થાય છે, તે આપણો આનન્દ ઉદય–ભાવના ઘરનો છે, પણ ક્ષયોપશમ–ભાવનો નથી; કર્મના ઘરનો એ આનન્દ છે, પણ એ આનન્દ આત્માના ઘરનો નથી. કર્મના ઘરનો આનન્દ તો, કર્મબન્ધ જ કરાવે ને ?

મનુષ્યભવમાં જન્મીને ઈચ્છા મુજબ જીવવાને માટે તમે કેટકેટલાં પાપો કર્યાં છે ?

જો જન્મ તરીકે જ વિચાર કરીએ, તો મનુષ્યજન્મ એ પણ દુઃખનું જ નિમિત્ત છે. મનુષ્યજન્મ પણ જન્મ તરીકે દુઃખનું જ નિમિત્ત હોવા છતાં પણ, જ્ઞાનિઓએ મનુષ્યપણાને માટે 'સુલબ્ધં' એમ કેમ કહ્યું ? મનુષ્યજન્મ મળ્યો, એટલા માત્રથી જ ' સુલબ્ધં ' એમ નહિ. મનુષ્યપણાને ' સુલબ્ધં ' કહેવા પાછળ, જ્ઞાનિઓનો વિશિષ્ટ હેતુ છે. બાકી, જન્મમાં સુખ શું છે ? જન્મની પીડા કાંઇ જેવી–તેવી હોતી નથી અને જન્મ્યા એટલે જીવવાની કેટલી મોટી ઉપાધિ ? જન્મ્યા પછી જીવવાને માટે જરૂરીયાતો કેટલી બધી ? એ માટે પાપ કેટલાં થાય છે ? સઘળાં પાપોનું મૂળ તો, જન્મ છે ને ? જન્મ ન હોય, તો પાપ શાનું હોય ? ત્યારે શાસ્ત્ર જન્મને વખાણે કે અજન્માને વખાણે ? જે જન્મમાં અજન્મા થવાની અથવા તો એ દિશામાં સારી રીતિએ આચરણ કરવાની સામગ્રી મળે, એ જન્મનાં, એ હેતુથી જ જ્ઞાનિઓ વખાણ કરે ને ? બાકી

તો આપણે અત્યાર સુધીમાં કેટલીક વાર જન્મ્યા ? અનંતી વાર. બીજા ભવોની વાત બાજૂએ રાખીએ, પણ આ મનુષ્યભવમાં ય આપણે કદાચ અનંતી વાર જન્મ્યા હશું ને ? એ બધા જન્મો, વખાણને પાત્ર કેમ બન્યા નહિ ? જ્ઞાનિઓએ બધા જન્મોને કેમ વખાણ્યા નહિ ? જે જન્મ મુક્તિ આપનાર બને અથવા મુક્તિની સાધનામાં આવશ્યક આચરણ સારી રીતિએ કરાવે, એ જ જન્મ વખાણવાને યોગ્ય છે. કોઈ પણ જન્મ, જન્મ તરીકે વખાણને પાત્ર નથી. મુક્તિના હેતુથી જ જન્મ વખાણને પાત્ર બને છે. આપણા કાળમાં પણ, કેટલા ય આ જન્મને પામ્યા છે ને ? તો શું એ બધાનો જન્મ પ્રશંસાને પાત્ર છે ? ના. તો આપણો જન્મ પ્રશંસાને પાત્ર કેમ ? શું હોય, તો આપણો જન્મ પ્રશંસાને પાત્ર બન્યો કહેવાય ? આ મનુષ્ય-ભવમાં જન્મ્યા પછી, તમે શું શું કર્યું છે ? જન્મીને જીવવાને માટે અને તે ય અનુકૂળતાથી જીવવાને માટે, તમે કેટકેટલાં પાપો કર્યાં છે ? આપણે કરેલાં પાપો, જ્ઞાનિઓ સિવાય ભલે બીજા કોઈ ન પણ જાણતા હોય, પરન્તુ આપણે કેટલાં કેટલાં અને કેવાં કેવાં પાપો કર્યાં છે, તે આપણે પોતે તો જાણીએ છીએ ને ? જીવવા માટે આ જન્મમાં પાપો તો કરવાં પડ્યાં, પણ પાપો કરવાં પડ્યાં અને પાપો કરવાં પડે છે, તેનું તમારે હૈયે દુઃખ તો છે ને ? એમ તો થાય છે ને કે-'જો મારે જન્મવાનું જ ન હોત, તો મારે આ બધાં પાપો કરવાં પડત નહિ ? કયારે એવો વખત આવી લાગે, કે જયારે હું જન્મથી જ મુક્ત બની જાઉં ?' શાસ્ત્ર કહે છે કે-'જન્મ એ દુઃખનું કારણ છે, એમ જેને ન લાગે, તેને મુક્તિનો ખપ ન હોય.' એવાને માત્ર જીવવાનો અને તે પણ પોતે માનેલી રીતિએ

સુખમાં જીવવાનો ખપ હોય, એટલે પછી જીવવાને માટે એ જે કાંઇ જરૂરી લાગે તે કરતો હોય. અવસર આવી લાગે તો, એ મહાપાપે ય કરે. આ માટે, આપણે એવો વિચાર કરવાનો છે કે–આપણે આ મનુષ્યભવમાં જન્મી ગયા છીએ એ નક્કી છે અને અત્યાર સુધી જીવ્યા છીએ એટલે જીવવાને માટે આપણે અત્યાર સુધીમાં શું શું કર્યું છે, તે આપણે તો જાણીએ જ છીએ; અણસમજુ મટયા અને કાંઈક સમજુ થયા, ત્યારથી આપણે આપણી ઇચ્છાનુસાર જીવવાને માટે શું શું કર્યું છે, તે આપણી જાણ બહાર તો નથી ને ? તેમાં, આપણા હાથે જે કાંઈ ખોટું થઈ ગયું હોય અને હજુ પણ થતું હોય, તેનું આપણને દુઃખ ખરૂં કે નહિ ? એનું દુઃખ પણ ન હોય, તો સુધરવાનો ઉપાય નથી. એનું દુઃખ હૈયે હોય, તો જ સુધરવાનો ઉપાય છે. આપણે જન્મ્યા ને આટલાં વર્ષો જીવ્યા, એ જીવવાને માટે જે પાપો કર્યાં અને જે પાપો કરવાં પડતાં હોય, તેનું દુઃખ થતું હોય અગર તો સમજાવવામાં આવે તો હૈયે દુઃખ પેદા થવાની યોગ્યતા હોય, તો જ આપણને ઉપકારિઓ બચાવી શકે તેમ છે.

જન્મ તરીકે મનુષ્યજન્મનાં વખાણ થયાં નથી :

જ્ઞાનિઓએ જન્મને દુઃખ રૂપ કહ્યો છે, છતાં પણ મનુષ્યજન્મનાં વખાણ કર્યાં છે; તો જન્મને દુઃખ રૂપ કહેનારા જ્ઞાનિઓએ, મનુષ્યજન્મનાં વખાણ કેમ કર્યાં ? જ્ઞાનિઓએ મનુષ્યજન્મનાં જે વખાણ કર્યાં છે, તેના હેતુને સમજીએ નહિ, તો સારી વસ્તુ પામવા છતાં પણ, એના યોગે મળવો જોઇતો લાભ, આપણે મેળવી શકીએ નહિ અને આવી સામગ્રી

ન મળી હોત, તો જે નુકશાન થવાની સંભાવના નહોતી, તે નુકશાન આપણને કદાચ આવી સારી સામગ્રીના યોગમાં પણ થઈ જાય. જેમ દુર્ભાગિને પેઢી એટલા માટે મળે કે–એ માર્ગે એની પાયમાલી થવાની હોય. બાપનું નામ ડૂબાવવાને માટે, હોય તે પૈસા ખોવાને માટે અને ચિન્તામાં સળગ્યા કરવાને માટે દુર્ભાગિને પેઢી મળે, એમ પણ બને ને ? સુખે નોકરી કરનારા અને સારી રીતિએ પોતાનો તથા પોતાના કુટુંબનો નિર્વાહ કરનારા, કષાયને વશ બનીને શેઠ થવા ગયા, તો આજે પોતે પણ રીબાય છે અને એના કુટુંબની રીબામણનો ય પાર નથી. પેઢી એટલે કેટલી ચિન્તા ? પેઢી કમાણીનું ઉત્તમ સાધન ખરું, પણ તે કોને માટે ?

સ૦ આશા સૌને સરખી ને ?

આશાથી બધા પેઢી ખોલે, તો શું થાય ? જે નિર્ભાગી હોય, તે દુઃખમાં જ ડૂબી જાય ને ? બેવકૂફની જેમ પેઢી ખોલનારનાં, આજે આંતરડાં પણ ખવાઇ જાય છે. જેમની સહાય લઇને પેઢી ખોલી અને પેઢીને ચલાવવાને માટે જેમની સહાય લીધી, તે લેણદારો જીવ ખાઈ જાય છે. હોય તે માલની ખપત નથી, બીજો માલ લાવી શકાતો નથી, વકરામાંથી ઘરનું ખર્ચે ય નીકળતું નથી, માલમાં એવા ભરાઈ જાય છે કે–લેવાના દેવા થાય અને માગનારા હેરાન હેરાન કરી મૂકે. એવાઓ આજે કહે છે કે–'આજે અમે જીવવા જોગા પણ નથી રહ્યા અને મરવા જોગા પણ નથી રહ્યા. અમે બરબાદ થઈ ગયા અને કુટુંબે ય પાયમાલ થઇ ગયું. નોકરી સાચવી રાખી હોત અને પેઢી ખોલવાની બેવકૂફી ન કરી હોત, તો અમારી આ હાલત થાત નહિ !' તેમ, મનુષ્યજન્મ બહુ

સારો છે, પણ તે જન્મ તરીકે સારો છે એમ નથી. મનુષ્ય-જન્મનાં વખાણ, એ જન્મ તરીકે વખાણ નથી, પણ એની પાછળ જ્ઞાનિઓનો મોટો આશય છે. મનુષ્ય તરીકે જન્મ્યા તેમાં દુઃખ વેઠવું પડયું અને પછી અત્યાર સુધી જીવ્યા કેવી રીતિએ ? તમે તમારી ઇચ્છાનુસાર જીવવાને માટે પાપ કેટકેટલાં કર્યાં, તે તો જાણો છો ને ? જન્મમાં દુઃખ અને જીવવાને માટે પાપનું આચરણ, છતાં આ મનુષ્યજન્મ સારો શી રીતિએ ? તમે વિચારો કે–આપણે જો જન્મ્યા જ ન હોત તો પાપથી જીવવાની ઉપાધિ હોત નહિ ને ?

સ૦ જન્મી તો ગયા, એટલે જીવવાને માટે પાપ તો કરવાં પડે ને ?

પાપ કર્યા વિના પણ જીવી શકાય એવો રસ્તો છે. જીવો, પણ પાપ ન થાય એવી રીતિએ જીવો, એમ આ શાસન કહે છે. પાપ વગર પણ કેમ જીવી શકાય–એવો માર્ગ આપીને જ, આ શાસને 'આ જીવન પાપ કરીને જીવવાને માટે નથી' –એવી વાત કરી છે. જીવવાને માટે ઘણું પાપ કરવું પડે છે, તે ખરાબ છે,–એ વાત જેને હૈયે બેઠી હોય અથવા જેને આ વાત સાંભળતાં સાંભળતાં પણ, જીવવાને માટે જે પાપો કરવાં પડે છે તે ડંખે અને પાપથી છૂટવાનું મન થઇ જાય, તેને જ આ માર્ગ જચે.

જીવવાને માટે ય કરવાં પડતાં પાપો જેને ડંખે નહિ, તેનો ચાંલ્લો શોભે નહિ :

જીવવાને માટે તમે કેટકેટલાં પાપ કરો છો ? જીવવાને માટે, જીવાય ત્યાં સુધી તમે માની લીધેલું સુખ ભોગવવાને માટે,

અને પાછળ પણ સુખ મૂકી જવાની ઈચ્છાથી, તમે કેટકેટલાં પાપ આચરો છો? ઘણાં જ. એનું દુઃખ થાય છે કે નહિ? જીવવા માટે પાપ ન કરવું પડે તો સારૂં, એમ તો થાય છે ને? માની લઈએ કે–જીવવાને માટે પાપ કર્યા વિના છૂટકો નથી–એમ લાગ્યું છે, માટે અત્યાર સુધી પાપ કર્યાં, પરંતુ 'મનુષ્યજન્મ એ પાપથી જીવવાને માટે નથી, પણ પાપનો ત્યાગ કરવાને માટે જ મનુષ્યજન્મ છે'–એવું સાંભળ્યા અને સમજ્યા પછીથી ય, જીવવાને માટે જે પાપ કરવાં પડ્યાં અને હજી જે પાપ કરવાં પડે છે, તેનું દુઃખ થાય છે કે નહિ? તમે જૈન છો, એટલે તમને કરવાં પડતાં પાપ ડંખે નહિ, એમ તો બને જ નહિ ને? તમારો ચાંલ્લો પણ કહે છે કે–'આને જીવવાને માટે ય કરવાં પડતાં પાપ ડંખે છે.' જેને પાપ ડંખતાં ન હોય, તેનો આ ચાંલ્લો શોભે નહિ. દુનિયામાં જે કોઇ ચોરી, અદમાશી વગેરે કરે છે, તે જીવવાને માટે જ કરે છે ને? જીવવાને માટે જેઓ ચોરી વગેરે કરતા હોય, તેઓને તમે સારી દૃષ્ટિએ જુઓ છો ને? ના, તો કેમ નહિ? પોતાની ઈચ્છાનુસાર જીવવાને માટે, એને પૈસાની જરૂર હતી; મહેનત કરવા છતાં પણ એને જે જોઈતું હતું તે મળ્યું નહિ; જરૂરી પૈસા વગેરે મેળવવાની બીજી કોઇ ખાસ આવડત, એનામાં હતી નહિ; શરીરે સશક્ત હતો અને ચોરી કરવાની આવડત હતી; એને થયું કે–'મારે જે જોઈએ છે, તે ચોરી કર્યા વિના મળે તેમ નથી.' માટે એને તક મળી, તો એણે કોઇનું ઘર ફાડ્યું. આવું કોઈ કરે, તો તેમાં વાંધો નહિ ને? તમે કહો છો કે–જીવવાને માટે પાપ કર્યા વિના ચાલે નહિ; જીવવાને માટે પાપ કરવામાં વાંધો નહિ; તો ચોર, લૂંટારા વગેરે જીવવાને

માટે તેમને જેવું સૂઝે અને જેવું આવડે તેવું પાપ કરે, તો તેમાં વાંધો નહિ ને ? તમારે સારા નસીબે રહેવાને ઘર છે, આવકનું સાધન છે, મોટી ચોરીઓ વગેરે કર્યા વિના પણ તમને જોઇતું મળી રહે છે, માટે તમે તેવાં કામો નથી કર્યાં; પણ પેલાને ઘરબાર કે તમારા જેવું સાધન નથી, એટલે એ જીવવાને માટે ચોરી વગેરે કરે છે, તો વાંધો શો ? પેલાને મા-બાપ વગેરે એવાં મળ્યાં કે-એને બીજું કોઇ સારૂં શિક્ષણ મળ્યું નહિ અને ચોરી વગેરે કરવાનું શિક્ષણ મળ્યું, એટલે જીવવાને માટે એણે ચોરી વગેરે કરવા માંડ્યું, તો તમારા મતે તો જીવવાને માટે એ પણ થાય ને ?

સ૦ એ ન થાય.

કેમ ન થાય ? જરા વિચાર કરો. 'પાપ કરવું જરૂરી' લાગે અને 'પાપ કરવા જેવું નથી' એમ લાગે, તેમાં ભેદ છે. જીવવાને માટે, પાપ તો પાપ, પણ તે કરવું જ જોઈએ, આવું માનનારો, કયું પાપ ન કરે ? જેને માટે તક ન હોય, તે જ પાપ એ કરે નહિ ને ? પાપ કરવા છતાં પણ, જેને પાપ ડંખે છે, તે તો પાપથી બચવાનો પ્રયત્ન કર્યા વિના રહે નહિ અને પાપથી બચવાનો પ્રયત્ન કરવા છતાં પણ જે પાપોથી એ બચી શકે નહિ, તે પાપોને માટે એ એમ પણ કહી શકે કે-'પાપને આચર્યા વિના જીવાય તેમ નથી, પણ જીવવાને માટે અનીતિ આદિ મોટાં પાપો તો નહિ જ કરવાં જોઈએ!' બાકી, આ જીવનમાં જીવવાને માટે પાપ કરવામાં જેને વાંધો નથી લાગતો, તેને ચોરી વગેરે કરનારને માટે પણ, વાંધો લેવાનો શો હક્ક છે ?

સ૦ પેલાનાં પાપ પ્રગટ થાય છે, એટલે એને ધિક્કારવામાં આવે છે.

એટલે, જેનાં પાપને જે જાણે, તે તેને ધિક્કારે તો એમાં વાંધો નહિ ને? તમારાં જે પાપોને બીજાઓ પ્રગટપણે જાણે, તે બધા તમને ધિક્કારવા માંડે, તો તમે શું કહો? તમારાં પાપ અમારી જાણમાં આવી જાય, તો અમે પણ તમને ધિક્કારીએ જ ને? અમે એવી ભૂલ કરીએ નહિ, પણ એવું કોઈ સાધુ કરી બેસે, તો તમને એમાં ખોટું તો લાગે નહિ ને? એવા વખતે તમે શું કરો, એ તો કહો! તમારું ચાલે તો તમે મહારાજને બોલતા બંધ કરી દેવાને મથો અને તેમ બને એવું ન હોય, તો તમે અહીં આવતા બંધ થઈ જાવ અને બહાર પ્રચાર કર્યા કરો કે-'મહારાજને કશી ગમ જ નથી કે શું બોલાય અને કેમ બોલાય?' જે કૃત્યોને માટે તમને બીજાને ધિક્કારવા ગમે છે, એવાં જ તમારાં કૃત્યોને માટે કે એથી પણ ભયંકર એવાં તમારાં કૃત્યોને માટે પણ જો કોઈ તમને ધિક્કારે, તો એ તમને ગમતું નથી! માટે, ધિક્કારવું, એ સારું તો નહિ જ ને? જેને આ જન્મની મહત્તા શાથી છે, તે બરાબર સમજાઈ જાય, તેને તો પાપ કરનારની દયા આવે. પાપ કરનારને પાપથી છોડાવવાનું મન થાય, પણ પાપ માટે પાપ કરનારને નિર્વિવેકપણે ધિક્કારવાનું મન થાય નહિ. એને, એ વાતનું પણ ભાન હોય કે-પાપથી બચીને જીવવું, એ કેટલું બધું મુશ્કેલ છે?

પાપ વગર જીવી શકાય એવો આ ભવ છે:

અનન્તાનન્ત જ્ઞાનિઓએ જોયું કે-'આ મનુષ્યજન્મ એ એક જ જન્મ એવો છે, કે જેને પામીને યોગ્ય સામગ્રી મળતાં જીવ, સર્વથા પાપરહિત જીવનને પણ જીવી શકે છે.

સર્વથા પાપરહિત જીવનને જીવવું, એ શકય છે તે એક મનુષ્યજન્મમાં જ શકય છે. બીજા કોઈ પણ જન્મમાં સર્વથા પાપરહિતપણે જીવવું, એ શકય જ નથી.' ચાર ગતિઓ–દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી–એમાં ઉંચાં સ્થાન બે ગણાય; દેવનું અને મનુષ્યનું; પરન્તુ, દેવભવને પામેલા આત્માઓ, ધારે તો ય એમનાથી સર્વથા પાપ વગર જીવી શકાય એવી સામગ્રી જ એ ભવમાં નથી; જ્યારે આ એક મનુષ્યભવ એવો છે કે–આ ભવમાં પાપ વગર પણ જીવી શકાય. અહીં સામગ્રી એવી કે–જો માણસ ધારે અને ભવિતવ્યતાદિનો સુયોગ હોય, તો માણસ બહુ ખૂશીથી પાપ વગર જીવી શકે. રસોઈનું પાપ કરતાં ય તમારી સ્ત્રીઓને થાય કે–'રસોઇનું પાપ કરવાને માટે આ જીવન નથી. આ જીવન તો સંયમની સાધનાને માટે છે અને સંયમની સાધનાને માટે આ જીવનનો નિર્દોષ ભિક્ષાથી નિર્વાહ કરવો, એ જ વ્યાજબી છે.' એ બાઈ રસોઈ કરે નહિ–એમ નહિ, પણ રસોઈ કરતે કરતે પણ જેટલાં પાપોથી બચી શકાય તેમ હોય, તેટલાં પાપોથી બચવાની એ કાળજી રાખે. કોઇ પણ ચીજ લે–મૂકે તો તે પૂંજીને લે અને પૂંજીને મૂકે. ચૂલો–સઘડી સળગાવતાં પહેલાં, તેના ઉપર કે તેની આજુબાજુ કયાંય જીવ–જંતુ છે કે નહિ, તે પણ જોઈ લે અને પછી પૂંજે પણ ખરી. લાકડું કે કોલસો પણ એમ ને એમ ન મૂકે. વાસી, દ્વિદલ આદિ ન થઈ જાય, તેની કાળજી પણ રાખે. આમ પાપથી બચવાના અનતા ઉપાયો કરે અને મનમાં એ જ ચિન્તવે કે–'હું ભગવાને કહેલા ધર્મમાર્ગની એકાન્તે આરાધના કરનારી બની નથી, તેથી જ મારે આ પાપો કરવાં પડે છે.' આવી બાઇઓના

ખોળે ઉછરતાં છોકરાં પણ, કેવાં સંસ્કારી બને ?

સ૦ આજે તો આવું ભાગ્યે જ બને.

દશા ઘણી બગડી ગઈ છે, એ ચોક્કસ વાત છે; પણ હવે ય સુધારો કરવો છે કે નહિ ? આ સુધારો કયારે થાય ? એ વિચાર આવે કે–'જન્મને કદી પણ નહિ વખાણનારા અને અજન્મા બનવાનો જ સદાને માટે ઉપદેશ દેનારા જ્ઞાનિઓએ, આ મનુષ્યજન્મને કેમ વખાણી નાખ્યો ? તો કે–પાપ-રહિતપણે જીવવું હોય, તો આ એક જ મનુષ્યજન્મમાં પાપ-રહિતપણે જીવી શકાય તેમ છે, માટે જ આ જ્ઞાનિઓએ, આ મનુષ્યજન્મનાં વખાણ કર્યાં છે!' આવા મનુષ્યજન્મને પામીને, જીવવાને માટે ય પાપ ન કરાય તો સારૂં અને પાપ-રહિતપણે જીવવાનો જ પ્રયત્ન કરાય, એમ તો માનો છો ને ? પછી પાપ કરવું પડે અને કરો, પણ પાપ કરતાં છાતી ધવાય ને ? 'જે જન્મમાં પાપરહિતપણે જીવી શકાય તેમ છે અને એ માટે જ જે જન્મની મહત્તા છે, તેવા જન્મમાં પણ મારે પાપ કરીને જીવવું પડે છે!'–એ વિચારથી, જીવવાને માટે પાપ કરતાં અને પાપ કર્યા પછી પણ છાતી ધવાય ને ?

સૌથી પહેલાં તો સર્વત્યાગનો સર્વોત્તમ માર્ગ જ બતાવાય :

પોષાતી વગેરેએ આ વાતનો બરાબર જવાબ દેવો પડશે. સામાન્ય રીતિએ, બીજાઓ કરતાં એમની લાયકાત વધારે ગણાય. બીજાઓ કરતાં પોષાતી કાંઇક સારૂં સમજ્યા છે અથવા તો જે સમજ્યા છે તેને આચરણમાં ઉતારવાનો તેમનો પ્રયત્ન છે, એટલે એમની લાયકાત વધારે ગણાય.

સ૦ લાયકાત વધારે ?

તેમણે આજે જે વેષ પહેર્યો છે, તે યોગ્ય સમજીને પહેર્યો છે, એમ સમજીને વાત થાય છે ને? ગૃહસ્થવેષમાં પાપ લાગ્યું, માટે આજ પૂરતા પણ અહીં આવ્યા ને? એ તજવા યોગ્ય છે અને કરવા યોગ્ય આ જ છે; હંમેશને માટે એનો ત્યાગ નથી થઈ શકતો, પણ મનમાં તો એમ જ છે કે–કયારે એનો હંમેશને માટે ત્યાગ થઈ શકે; એ માટે પર્વદિવસોએ ત્યાગ કરવાનો પ્રયત્ન કરો છો, એમ માની લઉં ને? જે વેષ પાપ કરાવનાર હોય, તે વેષ તરફ કેટલો બધો તિરસ્કાર હોય, માનવજન્મના ધણીને? એ વેષમાં રહેવું પડે, એથી એનું હૈયું સળગતું હોય ને? વિવેકી એનું ચાલે ત્યાં સુધી તો પાપ કરે નહિ અને પાપ કરવું પડે તો આઘાત થાય, એનું હૈયું કંપે, એને જ હૈયું સળગતું કહેવાય. આ જન્મ એવો છે કે–માણસ ધારે તો પાપ કર્યા વિના જીવી શકે અને પાપ કર્યા વિના જીવીને પાપનો ક્ષય સાધવાથી જ મોક્ષ મળે છે. જે આ સમજે, તેને એમ જરૂર લાગે કે–માનવજન્મ પાપ કરીને જીવવાને માટે નથી. આ વાત જેના હૈયે બેઠી હોય, તે કદાચ પાપનો પૂરો ત્યાગી ન પણ બની શકે, તો પણ એના જીવનનો ઢાળ કયી દિશાએ હોય? સામાયિક, પોષધ, પ્રતિક્રમણાદિ જે કાંઈ એ કરે, તે પાપનો સર્વથા ત્યાગ કરીને જીવાય, એવું જીવન મેળવવાને માટે જ એ કરે ને?

સ૦ વાત બહુ ઉંચી.

શ્રી જૈન શાસનમાં આ જ સામાન્ય વાત છે.

સ૦ કહેશે કે–મહારાજ દીક્ષાની જ વાત કરે છે.

એ વાત કરું, તો તેમાં નવાઈ પણ શી છે? જેની પાસે જે

સારૂં હોય, તે તે જ બતાવે ને ? સારા ઝવેરીને સારો ઘરાક મળે, તો ઝવેરી એને કેવોક માલ બતાવે ? પોતાની પાસે એક એકથી ભારે હીરા-મોતી વગેરે હોય, પણ ગ્રાહકને સૌથી ભારે હીરો ખરીદવાનું મન કરાવવાનો પ્રયત્ન તો એ કરે ને ? પછી, ઘરાક ભારેની ખરીદ કરી શકે તેમ ન હોય, તો એક એકથી ઉતરતા વળ બતાવવા માંડે, પણ ઝવેરી બતાવે તો ઝવેરાત જ ને ? તેમ, અમે પણ, સૌથી પહેલાં તો સર્વત્યાગનો સર્વોત્તમ માર્ગ જ બતાવીએ ને ? અમે ત્યાગ ન બતાવીએ, તો શું ભોગ બતાવીએ ? ભોગમાં સુખ હોત, તો અમે એને છોડત શું કરવાને ? અમારૂં લિંગ પણ ત્યાગનું સૂચક જ છે ને ? સાધુને જોઈને જ, જોનારે સમજી જવું જોઈએ કે-આ આપે તો ત્યાગ જ આપે. તમને ત્યાગના માર્ગે દોરવાને માટે જ, આ વાત છે કે-જીવવાને માટે તમારે પાપ તો કરવું જ પડે છે, પણ જે પાપ કરવું પડે છે, તેનું તમને દુઃખ થાય છે કે નહિ ? અને હજુ સુધીમાં એવું દુઃખ ન થયું હોય, તો ય આ સાંભળતાં સાંભળતાં પણ એવું દુઃખ પેદા થવા જોગી તમારા હૈયામાં લાયકાત છે કે નહિ ? આ સિવાય, તરવાનો શાસ્ત્રમાં કોઈ ઉપાય બતાવેલો નથી. પાપ તરફ અણગમો પેદા થયા વિના તરી શકાય, એ બનવાજોગ વસ્તુ જ નથી.

ઘરમાં રહેવા છતાં પણ ખેંચાણ સાધુપણા તરફ જ થયા કરવું જોઇએ :

તમે તમારી બુદ્ધિને જરા કસીને વિચાર કરો કે-મનુષ્ય-જન્મ, એનાં વખાણ, જન્મને દુઃખનું કારણ માનનાર શાસ્ત્ર,

શું કામ કરે ? જે જન્મ્યા તે મરવાના, એમાં શંકા નથી. શ્રી તીર્થંકરદેવ થનારાઓ પણ, જ્યાં સુધી જન્મ્યા ત્યાં સુધી અવશ્ય મર્યા. એવું મરણ જરૂર છે, કે જે મરણ પછીથી જન્મ ન હોય; પણ એવો જન્મ એકેય નથી, કે જે જન્મ પછીથી મરણ ન હોય. જે કોઈ જન્મ્યા, તે મરવાના, મરવાના ને મરવાના જ. આથી, આપણને મરણનો ડર ન હોય; ભય માત્ર જન્મવાનો જ છે ને ? જન્મ્યા ન હોત, તો કશી ઉપાધિ હતી ? જેઓ એવું મરે છે કે-મર્યા પછી જન્મે જ નહિ, તેઓ સદાને માટે પોતાના સ્વરૂપમાં રમણ કરવા રૂપ અનંત સુખમાં લહેર કર્યા કરે છે. 'નમો સિદ્ધાણં' પદ દ્વારા આપણે રોજ એ તારકોને નમસ્કાર કરીએ છીએ. એ તારકોની અવિનાશી અને સુખમય અવસ્થા, એ આપણો આદર્શ છે. જૈનને તો, જો કોઇ જ્ઞાની કહે કે-'હવે તારો જન્મ થવાનો નથી'-તો એ વાતને સાંભળીને, એને ઉત્સવ ઉજવવાનું મન થાય. જે શાસનમાં આવી વાતો હોય, તે શાસનમાં મનુષ્ય-જન્મનાં વખાણ કરેલાં છે, તો આપણને એવો વિચાર ન થાય કે-'આ શાસને આ જન્મને વખાણ્યો કેમ ?' કોઈ પણ જન્મમાં, જન્મરહિત બનવાની જીવની ઇચ્છા પૂરી થઈ શકે તેમ હોય, તો તે ઇચ્છા આ મનુષ્યજન્મમાં જ પૂરી થઇ શકે એમ છે. એ માટે જ, આ મનુષ્યજન્મનાં, શાસ્ત્રોએ વખાણ કર્યાં છે. જન્મરહિત અવસ્થાની પ્રાપ્તિ, એ આ જન્મ સિવાયના કોઇ પણ જન્મ દ્વારા થઈ શકતી નથી; એટલે જ, જન્મરહિત અવસ્થાને મેળવવાનો માર્ગ દર્શાવનારાં શાસ્ત્રોએ, આ જન્મનાં વખાણ કર્યાં છે. જન્મરહિત અવસ્થાને પામવાને અંગે જ, આ જન્મનું મહત્ત્વ છે. આ વાત જેના હૈયે જચી

જાય, તેને જીવવાને માટે કદાચ પાપ કરવાં પણ પડે, તો ય એનું એને દુઃખ થયા વિના રહે નહિ. એક યા બીજી રીતિએ બંધાએલાં પાપોના નિવારણને માટે, પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. સામાયિક શા માટે ? પાપ ઓછાં થાય, પાપને તજવાની વૃત્તિ સતેજ બને અને સમભાવના સાચા સુખનો અનુભવ કરી શકાય, એ માટે સામાયિક છે. પૌષધ કરનારમાં પણ એ ભાવ હોવો જોઈએ કે–આમ તો આપણે પાપમાં જ જીવીએ છીએ, પણ બે–પાંચ તિથિ પાપથી બચીએ, એ માટે પૌષધ છે. આવું સમજીને કરો, તો આ પૌષધ, સામાયિકાદિ ખરેખરાં કિંમતી બને. ‘ સંસારમાં રહેવું એ પાપ છે ’–એમ જેને ન લાગતું હોય, તે પૌષધ કરવાને આવ્યો છે શા માટે ? કાં તો રૂઢિથી અને કાં તો વિપરીત ઇરાદાથી ને ? જૈનને તો માનવજીવનને પાપરહિતપણે જ જીવવાના મનોરથ હોય. એ પૌષધ કરે, તો ય એને યાદ આવે કે–‘ આ પૌષધમાં પણ હજુ હું બધાં પાપોથી સર્વથા છૂટતો નથી.’ તમે કાંઈ આજની તારીખનું વ્યાજ છોડી દેવાના છો ? શ્રાવક સારામાં સારી રીતિએ પૌષધ કરે, તો ય એને પચ્ચક્ખાણ ‘ દુવિહં તિવિહેણું ’નું અપાય, પણ ‘ તિવિહં તિવિહેણું ’નું પચ્ચક્ખાણ એને અપાય નહિ. કેમ ? તમે આજે મૂકીને આવ્યા ખરા, પણ ત્યાંની વ્યવસ્થા કરીને આવેલા ને ? તમે સાધુની જેમ બધું મૂકીને તો નહિ આવેલા ને ? આજે તમે અહીં છો, પણ ત્યાં તમારી પેઢી ચાલુ છે ને ? એમાં, આજે જે નફો થયો હોય કે નુકશાન થયું હોય, તેને જાણીને, એથી તમને આનંદ કે શોક થવાનો કે નહિ ? ત્યાં થાય તો નફો થાય, પણ નુકશાન થાય નહિ, એવી યોજના કરીને તમે અહીં બેઠા

છો, માટે આનંદ છે ને ? ત્યાંની વ્યવસ્થા બગડે, તો મારે ને એને કશો સંબંધ નથી–એમ મનમાં રહે કે એની અસર થાય ? આ ખ્યાલ આવે, એટલે પોષાતીને સાધુપણું મહત્ત્વનું લાગ્યા વિના રહે નહિ. પોસહ પાળીને એ ઘેર જાય ખરો, પણ ઘેર જવાનું એને ગમે નહિ. સાચા સુખનો ખરો અનુભવ તો સાધુપણામાં જ થાય, એ પ્રકારના અનુભવની વૃત્તિને લઈને એ ઘેર જાય, એટલે એ ઘરમાં રહે તો ય એનું ખેંચાણ સાધુપણા તરફ થયા કરે.

'આ મનુષ્યજન્મની કિંમત પાપના ત્યાગને આભારી છે' એટલું ય સમજાઈ જાય તો–

'આ જન્મનો ઉપયોગ, જન્મ ન થાય એવી ક્રિયા કરવાને માટે છે અને એ માટે જ જ્ઞાનિઓએ આ જન્મને કિંમતી કહ્યો છે'–એ વાત ખ્યાલમાં હોય, એટલે પાપ કરતાં હૈયું કંપ્યા વિના રહે નહિ. એને એમ થાય કે–'વેપાર કરવા, પેઢી ચલાવવા, ભોગ ભોગવવા વગેરેને માટે આ જન્મ નથી. આપણે જે કાંઈ સંસારનાં કાર્યો કરીએ છીએ, તે કાર્યો કરવાને માટે જ્ઞાનિઓએ આ જન્મની મહત્તા ગાઈ નથી.' જેનામાં આ સમજ આવે, તે ઘરનાં–સંસારનાં કામો ન જ કરે એમ નહિ, પણ આ સમજ હોય, તો જૈનના ઘરમાં બધાંને ઘરનાં કામો કરતાં એમ થાય કે–'શું કરું ? સંસારને તજવાની શક્તિ નથી, માટે સંસારમાં રહેવું પડે છે અને સંસારમાં રહેવું પડે છે, માટે આ પાપ કરવાં પડે છે !'

સ૦ આ વાત સમજાય છે, પણ આપ કહો છો તેવું થતું નથી.

હૈયાની સમજ વગરની સમજની કશી કિંમત નથી.

અણસમજુ સમજે અને એને અસર થાય, પણ જેની સમજ સાથે હૈયાને મેળ નથી, એને કશી અસર થાય નહિ. એને જે વાત કહીએ, તેમાં એ કહે કે–એ હું જાણું છું, સમજું છું; પણ એ વાત એના હૈયાને અડે નહિ અને એથી એને અસર થાય નહિ. આજે કેટલાક જાણકારો એવા પણ છે કે–વાત વાતમાં કહે કે–'એ મારી જાણમાં છે; તમે કહેતા હો તો તમે કહો તેને હું આ વાત સમજાવી શકું તેમ છું; આનું જેવું વિવેચન કરવું હોય તેવું વિવેચન હું કરી શકું તેમ છું.' પણ એવાઓને એની કશી જ અસર નહિ ! શાસ્ત્ર આમ કહે છે–એમ એ કહે, પણ 'એ શાસ્ત્રની વાતે તારા હૈયાને શી અસર કરી ?'–એમ પૂછીએ, તો પોલ નીકળે. આવી સમજ લાભ ન કરે; કદાચ નુકશાન કરે; ભારે નુકશાન પણ કરે. બાકી જ્ઞાનિઓએ આ મનુષ્યજન્મની આટલી મોટી કિંમત કયા હેતુથી આંકી છે, એ વાત જો બરાબર સમજાઈ જાય, તો બાઈઓ રસોઈ કરતાં કરતાં અને તમે ધંધો કરતાં કરતાં પણ કર્મ ખપાવી શકો, એ પણ અશકય નથી. બાઈઓ રસોઈ આદિ કરતાં કરતાં અને તમે ધંધો આદિ કરતાં કરતાં, 'કયારે આ બધાં પાપોથી છૂટીએ અને પાપરહિત અવસ્થાને પામીને આ જીવનને સફલ કરીએ'–એવી ભાવનામાં રમતા હો, તો એના યોગે, પાપનો કેટલો બધો અલ્પ બંધ થાય અને કેટલી બધી કર્મનિર્જરા સધાય ? એ ભાવનાના પ્રતાપે, ઓઘો ઝટ મળે. એ ભાવનામાં રમતાં, ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થાય અને વિરતિના પરિણામો આવે, એ પણ શકય છે. ચારિત્રમોહનીય કર્મ કઠિન હોય અને એથી કદાચ આ ભવમાં વિરતિના પરિણામો ન પણ આવે, તો પણ ભવાન્તરમાં આઠ વર્ષે ઓઘો મળે, એ શકય છે. માત્ર મનને

એવું કેળવવું જોઈએ કે-'મારે પાપથી સર્વથા વિરામ પામવું છે; મારે તો સાધુજીવન જ જીવવું છે.' સંસારમાં બાઈઓને અને ભાઈઓને, મોટે ભાગે તો, આરંભ-સમારંભાદિનાં જ કાર્યો કરવાં પડે ને? પરંતુ, એ માટે તો આ જન્મ નહિ ને? શ્રાવક -શ્રાવિકા તો, આ વાતને સમજે જ ને? આવી સમજણને પામેલી બાઈ ઓ જીવવિચાર, નવ તત્ત્વાદિને ભણ્યા વિના રહે ખરી? અને ભણેલી સમજુ બાઈ ઓ, રસોડામાં પણ બાળકોને જીવવિચારાદિ શીખવી શકે ને? પેઢી ઉપર બેઠાં બેઠાં પણ, તમે, છોકરાઓને ત્યાગી જીવનની પ્રેરણા આપી શકો ને? જો એટલું જ હૈયે જચી જાય કે-આ મનુષ્યજન્મ પાપનો સર્વથા ત્યાગ કરવાને માટે જ છે; આ મનુષ્યજન્મની કિંમત પાપના ત્યાગને જ આભારી છે, એમ જો લાગી જાય; તો બહુ ઓછી મહેનતે ઘણું કામ થઈ જાય. જેમ પેઢી બોલે તે બહુ સાવચેત બની જાય છે, કારણ કે-એને ખ્યાલ હોય છે કે-'કાળજી નહિ રાખીએ, તો પેઢીને ડૂલ થઈ જતાં વાર નહિ લાગે.' એથી પેઢી બોલ્યા બાદ, આળસુઓ પણ ઉદ્યમી બની જાય છે અને રખડનારાઓ પણ ઠેકાણે બેસતા થઈ જાય છે; તેમ 'આ જન્મ પાપ કરવાને માટે નથી, પણ અજન્મા બનવાનો પ્રયત્ન કરવાને માટે આ જન્મ છે અને એ માટે પાપરહિતપણે જીવાય અને સંયમ સધાય એવી અવસ્થાને પામવાનું જ લક્ષ્ય રાખવું જોઈએ'-એવું જેને લાગે, તે સંસારને છોડી શકે નહિ તો ય, સંસારને તે રસપૂર્વક સેવે નહિ. સમજુ દર્દી જેમ ન છૂટકે અપથ્યને સેવે, તેમ એ સંસારને સેવે. એની નજર, સાધુપણા તરફ જ હોય. સાધુને જોતાં જ, એને યાદ આવે કે-'આ મહાત્મા જીવે છે, પણ

પાપ કરતા નથી. આવા મહાત્માનાં આપણે દર્શન કરીએ, તો ય આપણાથી પાપથી છૂટાય. આ મહાત્માનું દર્શન પણ પાપથી છૂટવાની યાદ આપનારૂં છે.' સાધુનાં દર્શનાદિ કરતાં એને ખૂબ આનંદ આવે, કેમ કે–એને એમ થાય કે–આ સંસારમાં આવા સાધુઓ સિવાય કોઈ એવો જીવ નથી, કે જે જીવ જીવે અને પાપ કરે નહિ! 'શ્રી વીતરાગના સાધુ સિવાય, બીજો કોઇ જ એવો જીવ નથી, કે જે જીવે પણ પાપને અડવા દે નહિ અને માત્ર અજન્મા બનવાનો જ પ્રયત્ન કર્યા કરે, માટે આવા મહાત્માઓ જ ખૂબ ખૂબ વન્દનીય છે'–એમ માનીને જ, તમે 'નમો આયરિયાણં' આદિ પાદોથી આચાર્યોને, ઉપાધ્યાયો અને સાધુઓને વન્દનાદિ કરો છો ને?

પોતે સમજુ હોવાનો દાવો કરનારાઓ પણ બીજાની વાતમાં કેવી મૂર્ખાઈ આચરે છે?

જો આ સમજ નહિ આવે, તો તમને તમારી પોતાની એટલે આત્માની ય ભાવદયા નહિ આવે ને બીજા આત્માઓની ય ભાવદયા નહિ આવે. એ વિના, જગતના જીવો પર જેવો ભાવ રહેવો જોઈએ, તેવો ભાવ પણ નહિ રહે. એ વિના, પ્રશસ્યની પ્રશંસા અને નિન્દ્યની નિન્દા કરતાં આવડશે નહિ. અરે, એ વિના બોલતાં ય આવડશે નહિ. બોલે ખરો, પણ તે પ્રાયઃ એવું કે–વિવેક મળે નહિ! દુનિયામાં કહેવાય છે ને કે–મૂર્ખ માણસ વિવાહની વરસી કરી આવે, તેમ આનું બોલવું પણ પ્રાયઃ એવું હોય. બાકી, જેને આ સમજ આવી જાય, તે તો સમજે કે–'આ જગતમાં પાપ કોણ નથી કરતું? અજ્ઞાન અને પરાધીન જગત્ પાપ ન કરે, તો બીજું કરે

પણ શું? અજ્ઞાન અને પરાધીન જગત્ પાપ કરે, એટલા માત્રથી, કેમ જ એને તિરસ્કારને પાત્ર ગણાય? અભણ માણસ ગણવામાં ભૂલ કરે, તેમાં નવાઈ પામવા જેવું શું છે? અજ્ઞાનને અજ્ઞાનથી થતા નુકશાનને અને પરાધીનને પરાધીનતાના દુઃખને સમજાવીને, તેનાથી મુક્ત બનાવવાનો પ્રયત્ન થાય. એની દયા ખવાય કે એને હડસેલો દેવાય? નાનું બાળક અગ્નિમાં હાથ નાખે, તો જોનાર શું કરે? એને મારવા માંડે? સૌ કહે કે–એને બીચારાને 'આ અગ્નિ છે અને અગ્નિમાં હાથ નાખવાથી બળાય'–એની ગમ નથી, માટે એને મરાય નહિ. એટલા માટે તો, મા બાળકનું ધ્યાન રાખ્યા કરે છે. એ ગબડી ન પડે, દાઝી ન જાય, એની મા કાળજી રાખે. ગરમાગરમ ચહાની તપેલીમાં અચાનક બાળક હાથ નાખી દે, તો મા એને ધોલ ન મારે, પણ એના હાથને પંપાળે; ઝટ એને ઠંડક વળે, એવા ઉપચાર કરે. બાળકને રોતું જોઈને, માને રડવું આવે. માને, બાળકે તપેલીમાં હાથ નાખ્યો, તેમાં પણ પોતાની ભૂલ લાગે. 'મેં કાળજી રાખી નહિ'–એમ થાય. કેમ? મા સમજે છે કે–એને શું ગમ બીચારાને? તેમ, જગતના જીવો પાપ કરે છે, ત્યાં તમને બહુ ગુસ્સો આવે છે અને તમે પાપ કરો છો, ત્યાં તમને તમારા ઉપર ગુસ્સો કેમ આવતો નથી? તમે એટલે સમજુ જાત; છતાં, પાપી! અને પેલા અણસમજુ!! તો ય, તમને તમારા ઉપર ગુસ્સો ન આવે અને પેલાઓ ઉપર ગુસ્સો આવે, ત્યારે વિચારનારને તો થાય ને કે–આ તે કેવા અણઘડ માણસો છે? તમે કોઈના પાપની વાત કરો, બીજાઓની તેમના પાપને નામે તમે નિન્દાદિ કરો, ત્યારે એ સાંભળીને વિવેકિઓને તમારી ય દયા આવે,

પણ સાથે દુઃખે ય થાય કે–સમજ્યા હોવાનો દાવો કરનારા, આ કેવી મૂર્ખાઈ આચરે છે? પોતાની દયા જન્મી નથી અને બીજાની વાત કરવાને નીકળ્યા છે! પાપિને બાળકની કક્ષામાં ગોઠવતાં શીખો. દાઝ્યું છોકરું, છતાં રડે મા, એનું કારણ? એને ખ્યાલ છે કે–મેં ભૂલ કરી! મા રડે છે તેમાં મોહ છે માટે એની પ્રશંસા નહિ, બાકી માત્ર ભૂલ સમજીને રડે, તો તે અઠીક નથી. જેનામાં વિવેક પ્રગટે, તેને તો લાગે કે–આખું જગત્ પાપ તરફ ધસી રહ્યું છે; માટે તેને સૌની દયા આવે. દયા આવે, એટલે જગતને પાપથી પરાઙ્મુખ બનાવવાના, એ, યથાશક્ય પણ યોગ્ય ઉપાયો કરે. ઉપાયો કરવા છતાં પણ ન સુધરે તો એની ઉપેક્ષા કરે, પણ કોઇનું ય અહિત ચિન્તવે નહિ. એવા કોઇ પ્રસંગે, સામાનું અહિત થતું દેખાય–એવું ય કરે; અનેકોના અને તારક માર્ગના રક્ષણનો સવાલ હોય, ત્યાં યથાવસર એમે ય કરે; પણ એના અહિતની ભાવના તો આવે જ નહિ. ધોલ મારે તો ય સુધારવાને માટે મારે, પણ પાછું પંપાળતાં ય આવડે, કેમ કે–મહીં દયા બેઠી છે. આમ જૈનની શાન્તિ કોઈથી ખંડિત થાય નહિ. આ વાતની જેને ગમ નથી, જેને આ વાત જાણવામાં આવી છે છતાં પણ હૈયે ઉતરી નથી, તેવાના મનુષ્યજન્મની શી કિંમત છે? જંગલમાં ગુલાબ ખીલે અને તે ખરી પડીને ખવાઇ જાય, તેમ એવાનો મનુષ્યજન્મ પણ એળે જ જાય ને? ત્યારે, મનુષ્યજન્મ કિંમતી હોવા છતાં પણ મનુષ્યજન્મને પામેલા સઘળાઓનો મનુષ્યજન્મ કિંમતી જ નિવડે છે, એવું તો બોલાય જ નહિ ને? આટલી પણ વાત, જો બધા ઘેર લઈને જાય, તો પણ ઘણું કામ થઈ જાય.

દેવોને ભોગો એવા ગળે વળગેલા છે કે-છૂટે જ નહિ :

એકની એક વાત ફરી ફરીને કેમ કહેવાય છે? બાળકોને સમજાવી પટાવીને દવા પાવી હોય, તો એકની એક વાત પણ અનેક વાર કહેવી પડે ને? અહીં કાંઇ પંડિતાઈ બતાવવાને માટે બોલવાનું નથી. પંડિતોની સભા હોય, તો આમ વાત ન થાય; જુદી પદ્ધતિ અખત્યાર કરાય; પણ પંડિતોને ય અપરિચિત એવી વાત જો સમજાવવી હોય, તો તે વાત વારંવાર કહેવી પડે. આપણે જાણીએ છીએ કે-ભવમાં બે ભવ સારા ગણાય છે; એક દેવનો ને બીજો મનુષ્યનો; છતાં પણ, જ્ઞાનિઓએ દેવભવને ભવ તરીકે વખાણ્યો નથી, કેમ કે-દેવભવમાં પાપરહિતપણે જીવવાની શક્યતા જ નથી. એને ભોગ એવા ગળે વળગેલા હોય છે કે-દેવભવમાં તો એ એનાથી છૂટી શકે જ નહિ. દેવો અને દેવેન્દ્રો, ભગવાન શ્રી જિનેશ્વર-દેવોના સમવસરણમાં ગયા હોય અને ભગવાનની દેશનાને સાંભળતા હોય, તે વખતે ય મૂળ રૂપે તો તેઓ, દેવલોકમાં દેવીઓ અને ઇન્દ્રાણીઓ સાથે બેઠેલા જ હોય!

સ૦ એ વખતે એ ભગવાનની દેશનાને સાંભળે કે ક્રીડા કરે?

સમયે સમયે ઉપયોગ બદલાયા કરે. જે સમયે અહીં ઉપયોગ, તે સમયે ત્યાં ઉપયોગ નહિ અને જે સમયે ત્યાં ઉપયોગ, તે સમયે અહીં ઉપયોગ નહિ! એક સમયે એક જ ઉપયોગ હોઇ શકે, પરન્તુ એ હેર-ફેરી એવી થાય છે કે-જ્ઞાનિઓ જ સમજી શકે. અજ્ઞાનિઓને તો એમ જ લાગે કે-'આ એકથી વધારે બાબતોમાં એકી સાથે ધ્યાન આપે છે' પણ તેમ હોતું નથી. જે સમયે એક બાબતમાં ધ્યાન હોય, તે સમયે બીજી બાબતમાં ધ્યાન હોતું જ નથી.

સ૦ ઇન્દ્રાદિ બહાર જ્યારે જ્યારે જાય, ત્યારે ત્યારે મૂળ રૂપે જાય જ નહિ ને?

જ્યાં જાય ત્યાં ઉત્તર વૈક્રિય રૂપે જ જાય; મૂળ રૂપે તો સ્થળે જ રહે; એટલે જ, પાપથી છૂટી શકે નહિ. બાકી ઇન્દ્રાદિક દેવો ભગવાનની જે ભક્તિ કરે છે, તે હિસાબે માણસ તો શું ભક્તિ કરી શકવાનો હતો? માટે તો, દ્રવ્ય-પૂજામાં દેવોના અનુકરણનું કહ્યું. દ્રવ્યપૂજામાં દેવની સામગ્રી કેટલી અને માણસની સામગ્રી કેટલી? વળી, દેવજીવન તો અવધિજ્ઞાનવાળું જીવન છે. આ બધું છતાં પણ, મોટી પંચાત એ છે કે–પાપથી, દેશથી કે સર્વથી, વિરામ પામવાનું એમનાથી બની શકે જ નહિ. દેવભવની એ ઉણપના કારણે તો, રાજા દશાર્ણભદ્રે જ્યાં મુકૂટને ઉતારીને પ્રભુની પાસે દીક્ષિત બનવાની તૈયારી બતાવી, ત્યાં ઇન્દ્રને પણ નમવું પડ્યું.

શ્રી દશાર્ણભદ્ર :

ભગવાન પધાર્યા છે, એવું સાંભળીને રાજા દશાર્ણભદ્રના મનમાં એવો મનોરથ પ્રગટ્યો કે–'આ વખતે તો હું ભગવાનનાં દર્શન એવી ઋદ્ધિથી કરું, કે જેવી ઋદ્ધિથી કોઇએ પણ ભગવાનનાં દર્શન કર્યાં ન હોય!' પુણ્યયોગે પોતાને મળેલી ઋદ્ધિને સફલ કરવાનો આ સર્વોત્તમ અવસર છે, એમ રાજા દશાર્ણભદ્રને લાગ્યું અને એથી, એને પોતાની સર્વ ઋદ્ધિથી ભગવાનના દર્શને જવાનું મન થયું. એમાં, નહિ આવવા જેવી એ એક વાત આવી ગઇ કે–'કોઈ એ પણ જેવી ઋદ્ધિથી ભગવાનનાં દર્શન ન કર્યાં હોય, તેવી ઋદ્ધિથી હું ભગવાનનાં દર્શન કરું!' રાજાએ, તરત જ, મંત્રી વગેરેને બધી તૈયારી

કરવાનો હુકમ આપી દીધો. નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે–'આવતી કાલે, રાજા, મોટી ઋદ્ધિ સહિત ભગવાનના દર્શને જવાના છે, માટે સઘળા ય નગરજનોએ, પોતપોતાની ઋદ્ધિ મુજબ નગરને શણગારવું.' રાતમાં તો આખું ય નગર ભવ્ય રીતિએ શણગારાઇ ગયું. કદી ન મંડાયો હોય તેવો, ભગવદ્-દર્શનનો મહોત્સવ મંડાયો. શણગારેલા હાથી ઉપર બેસીને, સઘળા ય પરિવારની સાથે, ચતુરંગી સેનાને પણ સાથે લઈને, રાજા દશાર્ણભદ્ર ભગવાનના દર્શને નીકળ્યા. નગરને શણગારેલું જોઈને અને બીજી બધી સજાવટોને જોઈને, એ ખૂબ જ આનંદિત થયા. એમને એમ થઈ ગયું કે–'આજ મારી ઋદ્ધિ સફળ થઈ. મારો મનોરથ ફળ્યો.' રાજા દશાર્ણભદ્રના ભગ-વદ્દર્શનના આ મહોત્સવની ઇન્દ્રને ખબર પડી. ઇન્દ્ર, રાજા દશાર્ણભદ્રની પ્રભુ પ્રત્યેની ભક્તિની ભાવનાને જાણીને ખૂશ થયા; પરન્તુ, ઇન્દ્ર અવધિજ્ઞાની છે, એટલે એમને ખબર પડી ગઈ કે–કોઈએ પણ જેવી ઋદ્ધિથી ભગવાનનું દર્શન કર્યું હોય નહિ, તેવી ઋદ્ધિથી હું ભગવાનના દર્શને જાઉં છું, એવો ખ્યાલ આના હૈયામાં છે. ઇન્દ્રને થયું કે–આ ખ્યાલ, એના મગજમાંથી કાઢી નાખવો જોઇએ. આવી સુન્દર ભક્તિમાં, આ ભાવ, એ તો સોનાની થાળીમાં લોઢાની મેખ જેવો છે. એને એમ થવું જોઇએ કે–આ ભગવાનની આનાથી ય કેઈ ગુણી ઋદ્ધિથી ભક્તિ કરનારા વિદ્યમાન છે. આ ભગવાન જ એવા છે કે–જે આમને ઓળખે, તેને પોતાની સઘળી ય ઋદ્ધિથી આમની ભક્તિ કરવાનું મન થયા વિના રહે નહિ. રાજા દશાર્ણભદ્રના હૈયામાંથી પેલા ભાવને કાઢી નાખવાને માટે, ઇન્દ્રે એવો ઋદ્ધિયુક્ત હાથી વિકુર્વ્યો, કે

જેની પાસે શ્રી દશાર્ણભદ્રની સઘળી ય ઋદ્ધિઓ તુચ્છ ભાસે. એ હાથી ઉપર બેસીને, ઈન્દ્ર, ભગવાનના દર્શને આવ્યા અને રાજા દશાર્ણભદ્ર જ્યાં પોતાની સ્વારી સાથે આવતા હતા, ત્યાં જ ઉતર્યા. રાજા દશાર્ણભદ્ર, ઈન્દ્રે વિકુર્વેલા હાથીની ઋદ્ધિને જોઈને સ્હેજ ખંચકાયા; અચંબો પામ્યા; થઈ ગયું કે–'મેં ધાર્યું હતું તે સફલ થયું નહિ!' પણ એથી, એમને દ્વેષ આવ્યો નહિ. હૈયે ક્ષાત્રવટ હતી. નક્કી કરી લીધું કે–'આવી ઋદ્ધિ જ મારે નહિ જોઈએ.' ઈન્દ્ર અને રાજા દશાર્ણભદ્ર, સાથે જ ભગવાનના સમવસરણમાં પહોંચ્યા. ત્યાં જઈને, રાજા દશાર્ણભદ્રે મુકૂટ આદિને ઉતારીને, ભગવાનની પાસે દીક્ષાની માગણી કરી. ઈન્દ્ર તરત જ નમી પડયા. કેમ? બાહ્ય ઋદ્ધિની સરસાઈ કરવાની શક્તિ ઈન્દ્રમાં હતી, પણ આમાં સરસાઈ કરવાની શક્તિ ઈન્દ્રમાં નહોતી. દ્રવ્યભક્તિમાં દેવો. માણસ કરતાં વધી જાય એ બને, પણ ભાવભક્તિમાં તો માણસો જ ફાવી જાય.

દેવભવ કરતાં ય મનુષ્યભવની કિંમત વધારે અંકાણી છે–તેનું કારણ શું?

દેવભવ વિરતિના પરિણામનો પ્રતિબંધક છે. વિરતિ ગમે, વિરતિવાનને નમસ્કારાદિ કરવાનું મન થાય, 'સંસારમાં સાધવા યોગ્ય આ જ છે અને ભક્તિપાત્ર પણ આવા જ પુણ્યાત્માઓ છે'–એમ લાગે, દેવ–ગુરૂની બાહ્ય પ્રતિપત્તિ રૂપ શકય ભક્તિ પણ ઘણી કરે, પણ એમને વિરતિનો પરિણામ આવે જ નહિ. સમ્યગ્દષ્ટિ દેવતાઓને તો, કેટલીક વાર, ત્યાંની સુખમય અવસ્થાવાળાં પણ લાંબાં આયુષ્યો

ભોગવવાં, એ ભારે લાગે છે. ઇન્દ્રો ભગવાનને કહે છે કે–'હે નાથ! તારા ચરણમાં જે સુખ લાગે છે, તે બીજે લાગતું નથી!' છતાં એ એવા પરાધીન છે કે–ત્યાગ કરી શકે જ નહિ! અને મનુષ્ય જો ધારે, તો ગમે તેટલી ઋદ્ધિને પણ ક્ષણ વારમાં તજી દે! દેવભવમાં તો જન્મનું દુઃખ પણ નથી હોતું. માતાના ગર્ભમાં રહેવું પડતું નથી. દેવોને શય્યામાં ઉત્પન્ન થવાનું હોય છે. ઉત્તમ જાતિના દેવોને તો ભોગસુખની સામગ્રી પણ ઘણા જ ઉત્તમ પ્રકારની હોય છે; પરન્તુ ભોગ-સુખની સામગ્રી જેવી સામાન્ય કોટિના દેવોને હોય છે, તેવી ય માણસોને હોતી નથી; છતાં સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ મનુષ્યપણાને ઝંખ્યા કરે છે. વિવેકી દેવતાઓ પણ જેને ઝંખે, એવું મનુષ્યપણું તમને મળી ગયું છે; પણ, એની તમને કેટલી કિંમત છે? તમારામાં એ તાકાત છે કે–દેવતાઓ પણ તમને ભક્તિથી નમે. વિરતિમાં જતાને જોઈને ઇન્દ્રાદિ દેવો તેમને પ્રણામ કરે છે. ત્યારે, તમારી કિંમત વિરતિ માટે અંકાણી કે? સુખસામગ્રી આદિની અપેક્ષાએ જુઓ, તો દેવભવ ઘણો સારો; પણ જ્ઞાનિઓ કહે છે કે–એ વખાણવા જેવો નહિ. મનુષ્યભવ આમ ઘણો ગંદો, છતાં પણ જ્ઞાનિઓ કહે છે કે–વખાણવા લાયક આ ભવ! આ શરીર મળ–મૂત્રાદિથી ભરેલું અને ઉપર પણ પરસેવો વળે, મેલ જામે અને દુર્ગંધ વછૂટે. અપવિત્ર મલાદિ અનેક દ્વારોથી નીકળ્યા જ કરે. દેવના શરીરમાં એવું કાંઇ નહિ. સુકોમલતા ય એવી અને સુગંધ-મયતા પણ એવી! શરીરે પરસેવો થાય નહિ ને મેલ લાગે નહિ. દેવના શરીરમાં, મલ-મૂત્રાદિનો અંશ પણ નહિ. મનુષ્યલોકની દુર્ગંધ તો, જીરવવી ભારે પડે એવી છે. એ તો

આપણે ટેવાઈ ગયા, એટલે ન લાગે. મનુષ્યશરીર તો જાણે મોટી ગંદી ગટર જેવું છે. સારામાં સારી વસ્તુ પણ અંદર જઈને મલ-મૂત્રાદિ રૂપે પરિણમે. આ બધી અપેક્ષાએ જોઈએ તો દેવભવ ઘણો સારો લાગે, પણ વિવેકી કહેશે કે-એ બધું છતાં પણ, એ ભવ વખાણવા જેવો નહિ ! કેમ એ ભવને વખાણી શકાય નહિ ? એ જ માટે કે-ભાવના ગમે તેટલી સારી હોય, તો ય એ ભવમાં પાપથી પાછા હઠી શકાય જ નહિ. ત્યાં, પાપ રૂપ કરણીથી અલગ થઈ શકાય જ નહિ ! દેવભવની કિંમત નહિ અને આપણા જન્મની કિંમત, પણ તે કયારે ? જેના યોગે જ્ઞાનિઓએ આ મનુષ્યપણાની કિંમત આંકી છે, તેના તરફ વળીએ ત્યારે ! પાપરહિત થવાનું લક્ષ્ય આવે, જેમ બને તેમ પાપોનો ત્યાગ કરાય અને ન છૂટકે જે કાંઈ પણ પાપ કરવું પડતું હોય, તેનું હૈયે દુઃખ હોય, ત્યારે જ આપણે માટે આપણો આ જન્મ કિંમતી ગણાય ને ?

સાધુવેષને બાળીને પણ શાસનની અપભ્રાજના થતી અટકાવનાર મુનિરાજ :

તમે કોઇ દિ' તમારા ઘરમાં આવી વાત કરો છો ખરા ? ઘરમાં આ વાત હોય અને આ વાતના સંસ્કારો હોય, તો રાંધીને કે રંધાવીને ખાવામાં મજા આવે કે નિર્દોષપણે જીવનનિર્વાહ કરવાનો વખત કયારે આવે, એમ થાય ? શ્રાવક-શ્રાવિકા ઘરમાં શું રાગની જ વાતો કર્યા કરે ? રાગની વાતો ન જ કરે એમ નહિ, પણ શ્રાવક-શ્રાવિકા રાગની વાતોમાં ય ત્યાગની વાતને વિસરે નહિ. શ્રાવક-શ્રાવિકામાં ત્યાગની ભાવના હોય જ. ત્યાગની ભાવના, રાગની કરણીમાંથી પણ

રાગના ઝેરને નિચોવી નાખે ! કદાચ બે ય સમજુ ન હોય, પણ એકે ય જો સમજુ હોય, તો તે બીજાને ધર્મ પમાડવાનો પ્રયત્ન કર્યા વિના કેમ જ રહે ? ધર્મને પમાડવાનો પ્રયત્ન કરતાં ય, તમને આવડે છે ? ધર્મને પમાડવાને માટે કેટલા અનુકૂળ બનવું પડે અને અનુકૂળતાઓ કરી આપવી પડે, એ જાણો છો ? ગુસ્સો કર્યો, ધમપછાડ કર્યો, ઠપકો જ દીધા કર્યો, સામો ધર્મ પામી જાય ? ધર્મ પમાડવો હોય, તો અવસરજોગ મીઠાશ બતાવતાં પણ આવડવું જોઈએ. શ્રી વીતરાગનું શાસન, એટલે કયે વખતે, કયાં, શું કરવું–એ ય શીખવ્યું હોય. જગત એટલે પ્રપંચનો અખાડો, પાપની રણભૂમિ. એમાં રહેવું અને જીવતાં આવડે નહિ, તો શું થાય ? આ રજોહરણ પવિત્ર છે ને ? ઘણો જ પવિત્ર, કેમ કે–કેવળ જીવોની રક્ષાને માટે જ આનો ઉપયોગ કરવાનો અને શ્રી વીતરાગના શાસનના સાધુ આનાથી જણાઇ આવે. આ સાધુવેષને, રજોહરણ સહિત, એક મુનિરાજે બાળી મૂકીને એની રાખ શરીરે ચોળી, તેમ છતાં પણ એ મહાત્મા શાસનના પ્રભાવક ગણાયા, કેમ કે–એ અવસરે એમ કરવું એ જ ઉચિત હતું.

શાસ્ત્રમાં એવો એક પ્રસંગ પણ વર્ણવાએલો છે કે–એક મિથ્યાદૃષ્ટિ રાજા કોઇ તેવા પ્રસંગને પામીને, જૈન સાધુઓનો દ્વેષી બની ગયો હતો. માત્ર રાજા જ જૈન સાધુઓનો દ્વેષી બની ગયો હતો, એટલું જ નહોતું; પણ એના પ્રજાજનો પણ જૈન સાધુઓના એવા જ દ્વેષી બની ગયા હતા. સૌ કોઈ, જૈન સાધુઓની નિન્દા જ કર્યા કરતું. એ નગરમાં, જૈન સાધુ-ઓને આહાર પણ કોઇ આપતું નહિ.

એ રાજાની રાણી જૈન હતી. રાજા જેમ ચુસ્ત મિથ્યા-દૃષ્ટિ હતો, તેમ રાણી ચુસ્ત જૈન હતી. નગરમાં જ્યાં ને ત્યાં જૈન સાધુઓની નિન્દા થતી, એ એનાથી સહાતું નહિ; પણ કરે શું ? રાજાને સમજાવવાનો એ પ્રયત્ન કરતી, ત્યારે રાજા તેણીને જૈન સાધુઓ પ્રત્યેના ભક્તિભાવથી મુક્ત બનાવવાનો પ્રયત્ન કરતો.

આમ, રાજા–રાણી વચ્ચે બીજો બધો જ સંબંધ સારો હોવા છતાં પણ, ધર્મની વાતમાં જરા ય મેળ નહોતો. પરસ્પર એ કેવી રીતિએ વર્તતાં હશે, એ વિચારી જુઓ. આમ કેટલોક સમય વીત્યા બાદ, રાજાને અને નગરલોકને ભ્રમિત કરનારી તાપસીના સંબંધમાં એવો એક પ્રસંગ બની ગયો, કે જેથી પહેલાં જે લોકો એના ગુણોની પ્રશંસા કરતા હતા, તે જ લોકો એ તાપસીના દોષોની નિન્દા કરવા લાગ્યા.

એવો પ્રસંગ ઉપસ્થિત થવામાં રાણીએ ભાગ લીધેલો, પણ એની કોઈને ય ખબર પડેલી નહિ. એ પ્રસંગ બન્યો, એટલે એ તકનો લાભ લઈને, રાણીએ રાજાને મોંઢે જૈન સાધુઓની પ્રશંસા કરી.

રાજાને પેલો પ્રસંગ બની ગયો, એનું ભારે દુઃખ હતું; અને રાણીએ આવી વાત કરી, એટલે એ વખતે તો રાજા કાંઇ બોલ્યો નહિ; પરન્તુ પાછળથી બહુ ચોકસાઈપૂર્વક રાજાએ જૈન સાધુઓની પણ હલકાઈ થવા પામે, એવો પ્રસંગ યોજ્યો.

પ્રસંગ જોતાં લાગે છે કે–રાજાની એવી જ ભવિતવ્યતા હતી કે–એ નિમિત્ત દ્વારા જ એ ધર્મને પામે; બાકી, રાજાએ જે કાર્ય કર્યું, તે કાર્ય જેવું–તેવું ભયંકર કાર્ય નહોતું. એ અવસરે, સાધુ જો અવસરને ઓળખીને અવસરજોગ વર્તી

શકયા ન હોત, તો એ નિમિત્તે જૈન સાધુઓની બેઇજ્જતી થવામાં, કોઇ કમીના રહેવા પામત નહિ.

'જૈન સાધુઓમાં પણ કાંઈ માલ નથી અને એમના ગુણોમાં ય કાંઇ મોહાવા જેવું નથી'–એવું રાણીને દેખાડી આપવું, એવી જ રાજાની ઇચ્છા હતી; એટલે, રાજાએ તે મુજબની પાકી ગોઠવણ, પોતાના એક વિશ્વાસુ સેવક દ્વારા કરી હતી. રૂપ અને લાવણ્યથી યુક્ત તેમ જ વિષયવિકારને જગવવાની કળામાં નિપુણ એવી એક વેશ્યાનો એ માટે ઉપયોગ કરાયો હતો. રાજાએ પોતાના સેવકને કહેલું કે–'એ વેશ્યાને તારે કામદેવના મન્દિરમાં રાખવી. એ મંદિરમાં અગાઉથી પલંગ તથા વિષયભોગની સામગ્રી વગેરે તારે મૂકાવી દેવું. પછી, જે જૈન મુનિ આપણા નગરમાં છે, તેમને કોઇ ધર્મનું બહાનું કાઢીને, તે મંદિરમાં લઇ જવા. પછી મંદિરનાં બારણાં બંધ કરીને મજબૂત તાળું મારી દેવું અને મારા હુકમ વગર તારે પણ એ તાળું ખોલવું નહિ!'

કેવી ભયંકર યોજના છે? મમતને વશ માણસ શું નથી કરતો? રાજાના તે સેવકે, રાજાની આજ્ઞા મુજબ બધું કર્યું.

મુનિરાજને તે ધર્મકાર્યના બહાને એ ઠેકાણે લઇ આવેલા, પણ મુનિરાજે જ્યાં બારણાં બંધ થયાં, એટલે અંદર વેશ્યા, પલંગ, વિષયભોગની સામગ્રી આદિને જોયું અને 'હવે બહાર નીકળવાનો કોઈ ઉપાય જ નથી'–એમ પણ જોઈ લીધું. મુનિરાજને લાગ્યું કે–'હું અહીં ફસાઈ ગયો. અનાભોગથી હું છેતરાઈ ગયો.' મુનિરાજ ઝટ સમજી ગયા કે–'આ કોઇ પ્રપંચજાળ છે. આ કામ આ સ્ત્રીનું નથી, પણ કોઈ બીજાનું જ છે; એટલે, આ પ્રયાસ કાંઇ મારું વ્રત લૂંટવાનો જ નથી,

પણ શ્રી જૈન શાસનની વગોવણી કરવાના હેતુથી જ આવો પ્રપંચ કરાયો છે!'

મુનિરાજને, વેશ્યા પાસે હોવા છતાં પણ, શીલ કેમ સાચવવું–તેની ચિન્તા નથી થતી; પોતાના શીલવ્રતનું રક્ષણ કરવાને માટે તો, એ મુનિરાજ પૂરેપૂરા સમર્થ હતા; પણ એમને એમ થાય છે કે–'સવારે આ સ્ત્રી સાથે હું એકલો જૈન સાધુ તરીકે બહાર નીકળું, તો પ્રભુશાસનની અપભ્રાજના કેટલી થાય?'

મુનિરાજ આવો વિચાર કરે છે, ત્યાં તો પેલી વેશ્યા એના હાવ–ભાવ શરૂ કરી દે છે; મુનિરાજને મુંઝવવાના એ જાતજાતના પ્રયાસો કરે છે; પણ મુનિરાજને તો એની કશી જ અસર થતી નથી.

આવા પ્રસંગમાં ટકવું, એ સહેલું છે? પણ જેને પોતાનું ગ્રહણ કરેલું વ્રત વહાલું છે, તે જો સત્ત્વશીલ રહે, તો સામે બરાબરમાં બરાબ દેખાવો કરનાર જ થાકે ને? મુનિરાજે વેશ્યાના હાવ–ભાવ આદિ તરફ કશું જ લક્ષ્ય આપ્યું નહિ અને 'પ્રભુશાસનની અપભ્રાજના થવા પામે નહિ, એ માટે હવે શું કરવું'–એનો જ વિચાર કરવા માંડ્યો.

મુનિરાજે ઝટ નિર્ણય કરી લીધો.

રાજાએ ત્યાં દીવો તો મૂકાવેલો જ હતો, એટલે મુનિરાજે એનો ઉપયોગ કર્યો. પોતાનાં બધાં વસ્ત્રો, રજોહરણ અને મુહપત્તિ પણ, એ બધાંને એ મુનિરાજે સળગાવી દીધાં. પછી, એની રાખ પોતાના આખા ય શરીરે ચોળી દીધી અને અવધૂતનો વેષ ધારણ કર્યો.

આટલું કર્યા બાદ, ધ્યાનમાં તત્પર બનીને, એ મુનિરાજે

આખી ય રાત્રિ પસાર કરી. બીજી તરફ વેશ્યા, એનાથી થાય તેટલા પ્રયત્નો કરીને આખર થાકી, એટલે ઉંઘી ગઈ.

રાજા તો 'કયારે સવાર થાય અને કયારે હું મારી રાણીને તથા મારા નગરજનોને, જૈન સાધુઓ કેવા વિષટલંપટ હોય છે એ બતાવું'–એની જ ચિન્તામાં છે; એટલે, પ્રાતઃકાળ થતાંની સાથે જ, રાજા, પોતાની બધી રાણીઓ તથા સંખ્યાબંધ નગરજનો અને રાજસેવકો સહિત, એ મંદિરે આવી પહોંચ્યો.

ત્યાં આવીને રાજાએ પોતાની રૂબરૂમાં જ મંદિરનું દ્વાર ઉઘડાવ્યું. મંદિરનું દ્વાર ઉઘડતાંની સાથે જ 'જય અલખ નિરંજન, જગન્નાથાય નમઃ' બોલતો અવધૂત યોગી બહાર નીકળ્યો. તેની સાથે વેશ્યા પણ બહાર નીકળી.

શરીરે નગ્ન, યોગધારી, નિર્વિકારી અને અલમસ્ત યોગિને બહાર નીકળતો જોઈને, રાજાના ખેદનો પાર રહ્યો નહિ. પેલી રાણીએ તરત જ રાજાને કહ્યું કે–'આપ તો કહેતા હતા કે જૈન સાધુ છે; અને આ તો બીજો જ નીકળ્યો!'

રાજા શરમશરમી ઉઠયો, પણ કરે શું? ધાર્યું હતું કાંઈ અને બન્યું કાંઇ! નિન્દા જૈન સાધુની કરાવવી હતી અને પરિણામ એવું આવ્યું કે–રાજાને ગમતા અવધૂતોની લોકમાં નિન્દા થવા લાગી.

પછી, રાજાએ પોતાના સ્થાને જઇને તે સેવકને બોલાવ્યો, કે જેને આ કપટકાર્ય સોંપાયું હતું. તેને પૂછયું કે–'તેં આવું અવળું કેમ કર્યું?'

પેલો સેવક રાજાને કહે છે કે–'સ્વામિન્! મેં તો બધું ય આપની આજ્ઞા મુજબ જ કર્યું હતું, પણ પાછળથી શું થયું તે હું જાણતો નથી!'

સેવકની પાસેથી આવો ખુલાસો મળ્યો, એટલે રાજાએ પેલી વેશ્યાને બોલાવી અને પૂછ્યું કે–'રાત્રે શું બન્યું ?'

વેશ્યા કહે છે કે-'સ્વામિન્ ! શું કહું ? એને ભોગ માટે લલચાવવાનો જે કાંઇ પ્રયત્ન થઈ શકે, તે કરવામાં મેં કમીના રાખી નથી. મેં બધું કરી જોયું, પણ એ તો અંશ માત્રે ય પીગળ્યો નહિ. મને તો, એનામાં એવી અદ્‌ભૂત મહા યોગશક્તિ જણાઈ કે–હું તો શું, પણ ઈન્દ્રની અપ્સરાઓ પણ એના ચિત્તને ક્ષોભ પમાડી શકે નહિ. આવો મુનિ તો મેં કયાં ય જોયો નથી !' આમ કહીને તેણીએ, એ મુનિરાજ, જૈન સાધુને બદલે અવધૂત યોગી કેવી રીતિએ બન્યા, એ વગેરે હકીકત વર્ણવી.

વેશ્યાના મુખેથી મુનિરાજની મક્કમતાની આ વાતને સાંભળીને, રાજાના હૈયાએ પલટો ખાધો. રાજા પ્રતિબોધ પામ્યો અને જૈનધર્મી બન્યો. પછી તો એણે, પોતાના ચિત્તને અને વિત્તને શ્રી જિનશાસનમાં યોજીને, પુરજનોને પણ જૈન ધર્મ પ્રત્યે ભક્તિવાળા બનાવી દીધા. જે નગરમાં સર્વત્ર જૈન સાધુઓના અવર્ણવાદ બોલાતા હતા, તે જ નગરમાં લોકો જૈન સાધુઓની પ્રશંસા કરવા લાગ્યા.

કહો, કયે વખતે કેમ વર્તવું જોઇએ, એનું આ શાસનને પામેલાને, કેવું જ્ઞાન હોય છે ? મુનિરાજ વિદ્યાસિદ્ધ પ્રભાવક હતા, ગીતાર્થ હતા, એટલે જ અવસરે એ આ પવિત્ર (સાધુ) વેષને બાળવા દ્વારા પણ શાસનની અપભ્રાજના થતી અટકાવી શકયા અને પોતાના શીલાદિ ગુણોમાં નિશ્ચલ રહેવા દ્વારા પ્રભુશાસનની પ્રભાવના પણ કરી શકયા. અગીતાર્થોનું ટોળું હોય તો ય, એ માર્ગને લજવે, અને ગીતાર્થ એકલા

ય હોય, તો ય એ માર્ગને આરાધે અને ઉજ્વલ કરે.

સંસારમાં છૂટા પડવાની નવાઈ નથી :

આપણી ચાલુ વાત તો એ હતી કે–ઘરમાં ય પરસ્પર ધર્મની વાત ચાલવી જોઈએ. રાજા અને રાણી વચ્ચે ધર્મની ચર્ચા ચાલતી હતી, માટે આ પ્રસંગ આવ્યો ને ? ઘરમાં પોતપોતાના સ્થાનને ઉચિત વ્યવહાર બરાબર જાળવે, પણ પોતાને સારી ચીજ મળી છે–એમ લાગે, તો પોતાના સ્નેહી આદિને તે આપવાનું મન ન થાય, એ બને જ કેમ ? 'પાપથી રહિતપણે જીવવાની જેવી સામગ્રી આ મનુષ્યભવમાં છે, તેવી બીજા કોઈ પણ ભવમાં નથી.'–આ વાત જેના હૈયામાં જચી હોય, તેના ઘરમાં બીજી વાત શી હોય ? ગૃહસંસાર છે એટલે વાતો તો ઘણી હોય, પણ આ વાત લગભગ દરેક વાતમાં વણાએલી હોય. તમારા ઘરમાં આ વાત થાય છે ?

સ૦ બીજી બધી વાતો થાય છે.

એક આ જ વાત થતી નથી, એમ ને ? તમે બધાના હિતસ્વી ખરા ને ? તમારા સંબંધને પામેલા મરીને ક્યાં જશે, એની ય ચિન્તા નહિ ? ઘરમાં ભાઈઓ વગેરેને કહ્યું છે કે– 'તમે ને અમે અહીં પંખીમેળાની જેમ મળ્યાં છીએ; ૫-૨૫ વર્ષનો આ સોદો છે; આમાં રાચવા જેવું કાંઈ નથી; આ જીંદગીમાં ખરું કામ તો પાપરહિત બનીને ભગવાનનો ધર્મ આરાધવાનું જ કરવા જેવું છે; જ્યાં સુધી એવી સ્થિતિ ન આવે, ત્યાં સુધી ઘરમાં પણ રહેવું પડે, પણ ઘરમાં રહીને ય કયારે ઘરબાર છૂટે, એવો પ્રયત્ન કર્યા કરવો જોઈએ !'

સ૦ જે અમારા હૈયે ન હોય, તે વાતમાં આવે ક્યાંથી ?

પછી, તમારા ઘરમાં વૈરાગ્ય પણ ક્યાંથી હોય ? તમે

બધા કાંઈ એક-બીજાને પસંદ કરીને જ ભેગા થયા છો ? તમને જે મા-બાપ મળ્યાં, તે મા-બાપ જ તમારે જોઇતાં હતાં, માટે તમે અહીં જન્મ્યા છો ? નહિ; કર્મના વશથી સંબંધો સંધાય છે અને સંબંધો તૂટે છે તે પણ કર્મના વશથી જ તૂટે છે. જે સંબંધોમાં તમે આવી પડ્યા છો, તે સંબંધો ય ટકવાના કયાં સુધી ? બધાના બધા સંબંધો મરતાં સુધી ટકે છે ? જીવતાં નોખા ન પડે તો સારું, એમ કહેવું પડે ને ? બાપ-દીકરા ય જીવતાં જીવતાં નોખા પડી જાય છે ને ? ભાઈ-ભાઈ અને ધણી-ધણીયાણી પણ ? મા-દીકરો ય છૂટા પડે ? છૂટા પડવાની સંસારમાં નવાઈ નથી, પણ માત્ર ભગવાનની આજ્ઞાના પાલન માટે છૂટા નહિ પડવું જોઇએ, એમ ને ? દીકરો માની સામે ન જુએ, લાત મારીને ચાલતો થઈ જાય, તો મા શું કરે છે ? રોતી રહે છે ને ? પણ એ જ મા, દીકરાને ભગવાનની આજ્ઞાની આરાધના કરવાને માટે છૂટા પડવું હોય, તો છૂટો પડવા દે ખરી ? ઘરમાં જરા એક બીજા વિવેકથી બેસીને આવી વાતો કરો ! પાપના યોગે દીકરા, માતાના ને બાપના નથી રહ્યા, એવો આ સંસાર છે. છોકરો કાણો, બહેરો, બોબડો, મુંગો જન્મ્યો હોત, તો શું કરત ? પુણ્યના યોગે એ સારો પાક્યો, તો એને પાપરહિત બનતાં અટકાવવો શા માટે ? શી ખબર કે-એ વહેલો જશે કે આપણે વહેલા જશું ? અસલ તો, માતા-પિતાએ પોતે બાળકને પાપરહિત જીવન તરફ વાળવો જોઈએ; તેને બદલે, બાળક તૈયાર થાય તો ય વિઘ્ન કરવાની વાત, એ કયી દશા ? આ મનુષ્યજન્મની મહત્તા શા માટે છે, એ વાત સમજાઈ નથી-એનું જ આ પરિણામ છે, એમ લાગે છે ને ? 'આ મનુષ્યજન્મ શા માટે

વખાણવા લાયક છે?'–એમ કોઈ પૂછે, તો તમે શું કહો? શાસ્ત્રમાં લખેલું છે, એમ? અથવા તો, અમારા મહારાજ જાણે કે પછી ભગવાન જાણે, એમ ને? પણ શાસ્ત્રમાં લખેલું છે અને મહારાજ જાણે છે, એમાં તમારું શું વળ્યું? તમને ફાયદો કયારે થાય? તમને ફાયદો તો, તમે કાંઇક પણ જાણતા હો, તો થાય ને? તમે જાણતા હો, તો તમે વિચારી પણ શકો અને સંબંધિઓ આદિને અવસરે કહી પણ શકો. આ મનુષ્યજન્મને પામીને આપણે શું કરવું જોઇએ, એની વાતો તમારા ઘરમાં થાય છે કે નહિ? જૈનના ઘરમાં તો આવી વાતો રોજ થાય, કેમ કે–જૈન, ઘરમાં રહેતો હોય તો ય, તે સંસારથી છૂટવાને માટે રહેતો હોય.

જગત્પૂજ્ય બનવાનું નસીબ માનવીનું જ છે:

તમારા ઘરમાં જો આવી વાતો ચાલતી હોય, તો ધર્મગુરૂઓ વૈરાગ્ય અને ત્યાગની વાત કરે, એટલે એ ઝટ રૂચે ને? આમ તો, આ જન્મ દેવ કરતાં ઘણો ખરાબ છે; જન્મ તો એ, કે જ્યાં ભોગમય સુખી જીવન; પણ વિવેકી કહેશે કે–એને કરવાનું શું? પાપથી પાછા હઠવાને માટે દેવો રાંકડા છે. ઇન્દ્ર જેવો ઇન્દ્ર પણ, જ્યાં વિરતિની વાત આવે ત્યાં, સામાન્ય માનવી આગળે ય હારી જાય છે. ત્યાં જે મળ્યું તે મળ્યું. વિકાસની તક જ નહિ. અહીં તો રંક હોય તે નસીબ હોય તો રાજા ય બની શકે અને સંસારને તજી દેવો હોય તો તજી ય શકે. દેવો ને દેવેન્દ્રો પોતપોતાની સ્થિતિમાં ફેરફારે ય કરી શકે નહિ અને ભોગના યોગનો ત્યાગ પણ કરી શકે નહિ. માનવી લોકમાં તો, એક વારના ભયંકર

પાપાત્માઓ પણ, પાપને તજીને અને સંયમના ઉપાસક બનીને, જગત્પૂજ્ય બની શકે. એ નસીબ માનવીનું જ હોઈ શકે, દેવનું નહિ; કેમ કે–અહીં પાપત્યાગ શકય છે અને ત્યાં પાપત્યાગ અશકય છે. આવો જન્મ આપણે પામ્યા, તે છતાં પણ જો પાપથી વિરમવાની ભાવના ન આવે, તો કરવાનું શું? ઘર એટલે પાપનું સ્થાન, એટલે આ જન્મમાં મરતાં સુધી ઘરમાં રહેવું પડે, તો વિવેકી શું માને? પાપના સંસર્ગમાં જીવન પૂરૂં થાય, એ તમને ગમે? મરતાં પહેલાં તો અવશ્ય ત્યાગ કરવો છે, આવો મનોરથ ખરો? તમારૂં કુટુંબ આ વાતને સમજે નહિ, તો તમને એની દયા ન આવે? કુટુંબ ઉપર જો પ્રેમ હોય, તો એ પ્રેમને આ દયાના માર્ગે વાળવો. આ વિચાર હૈયામાં પેદા થાય, તો સાધુપણું પમાય; સાધુપણાની શક્તિ ન હોય તો દેશવિરતિપણું પમાય; અને કદાચ અવિરતિનો કોઈ તેવો ઉદય હોય, તો તેથી ન સાધુપણું પમાય કે ન દેશવિરતિપણું પમાય તો પણ, આગામી જન્મને માટે ઘણી સારી સામગ્રી ઉભી થઈ જવા પામે.

પાપ અટક્યા વિના તો પરમાત્મા ય તારી શકે નહિ :

આ વાત હૈયે બરાબર જચી જવી જોઈએ કે–જન્મ તો બરાબ જ છે, એટલે આ જન્મનાં કાંઈ જન્મ તરીકે વખાણ કરાયાં નથી; પણ આ જન્મનાં જે વખાણ કરાયાં છે, તે એ માટે કરાયાં છે કે–જીવનને પાપમુક્ત બનાવવાની આ જન્મમાં જ સારામાં સારી સામગ્રી છે. જ્યાં સુધી પાપ અટકે નહિ, ત્યાં સુધી આ વિચાર હૈયે જચે નહિ. પાપ અટક્યા વિના તો, ભગવાન શ્રી જિનેશ્વરદેવો પણ બચાવી

શકવાના નથી. તમને પાપ ખટકે, તો જ તમારા ઉપર દેવ–ગુરૂ ઉપકાર કરી શકે.

સ૦ પાપ ખટકે, એ માટે તો ગુરૂ પ્રયત્ન કરે ને ?

એ માટે પ્રયત્ન ચાલુ જ છે, પણ પ્રયત્ને ય યોગ્ય ઉપર ફળે છે. શિક્ષક ગમે તેટલો સારો હોય, પણ ઠોઠ નિશાળીયાને કરે શું ? વિદ્યાના અર્થી હોય તેને વિદ્યા અપાય, પણ ઠોઠને શું થાય ? એને જો બહુ સતાવાય, તો શિક્ષકને ય એ કહી દે કે–'શેરીમાં મળજો; માથું ન ફોડું તો મારૂં નામ નહિ !' દેવ વીતરાગ છે અને ગુરૂ નિર્ગ્રન્થ છે; નિર્ગ્રન્થપણું અને વીતરાગપણું તમને ગમે, તો જ એ ફળે ને ? આ દેવ–ગુરૂ હૈયામાં કયારે પેસે ? તમને પાપ ખટકે ત્યારે ! જેને પાપ ન ખટકે, તેના હૈયામાં દેવ માટે જગ્યા ન હોય અને જ્યાં દેવની જગ્યા ન હોય, ત્યાં અમારી જગ્યા તો હોય જ શાની ? તમારા હૈયામાં જો દેવ અને ગુરૂ માટે જગ્યા ન હોય, તો પછી દેવનું કહેલું વચન ગુરૂ કહે, તો ય તે તમને રૂચે શી રીતિએ ? કોઇક વાર વચનના યોગે પણ પુરૂષ ઉપર વિશ્વાસ થાય, પણ મોટે ભાગે તો પુરૂષ ઉપર વિશ્વાસ હોય તો જ વચન ઉપર વિશ્વાસ થાય. વિશ્વાસ પુરૂષ ઉપર હોય, તો એના વચન માત્રથી કામ કરે. એમ થાય કે–'આ જે બતાવે છે તે ખોટું બતાવે જ નહિ, માટે મન્દ બુદ્ધિ આદિના યોગે મને ન સમજાય, તો ય મારે આ જેમ કહે તેમ કરવું જોઇએ.' આવો વિશ્વાસ હોય, તો ધર્માચાર્ય ગુસ્સે થાય અને કોઈ કહે કે–'ધર્માચાર્યથી આવું તે થતું હશે ?' તો પણ, પેલો એમ જ કહે કે–'એમણે ગુસ્સો કર્યો છે, માટે એ પણ ભલાને માટે જ કર્યો

હશે.' સગી મા છોકરાને મારતી હોય, તો પાડોશી ઝટ મૂકાવવાને ન જાય. કેમ ? સમજે છે કે–મા છે; તે છોકરાના ભલાને માટે મારે ય ખરી ! એ જગ્યાએ ઓરમાન મા હોય તો, ઓરમાન મા કદાચ ભલાને માટે જ મારતી હોય, તો પણ બે જણીઓ આવે અને કહે કે–' મારે, કયાં મા છે ?' વ્યક્તિનો વિશ્વાસ થયો કે ? ડાહ્યાઓ કહે છે કે–' જેને આપણા ઉપર વિશ્વાસ નહિ, તેને બહુ સલાહ દેવા જેવું નહિ. આપણે કેવળ એના જ હિતને માટે કહીએ, તો ય તે ઉંધું ધારે !' જેને આપણામાં વિશ્વાસ હોય નહિ, તેનો બોજો આપણાથી લેવાય નહિ. અમે ગમે તેને નિશ્રામાં લઇએ નહિ. જેને અમારી નિશ્રામાં તરવાનું લાગે, તેને જ નિશ્રા અપાય ને ? કોઈ વાર કડકે ય આજ્ઞા કરવી પડે. એ કોને ગમે ? આજ્ઞા યોગ્યને જ થાય. ઉપદેશ આપવો, એ જુદ્દી વાત છે અને આજ્ઞા કરવી એ જુદ્દી વાત છે. આજ્ઞા પાળે એવાને જ આજ્ઞા થાય. ત્યારે તમને તારક પણ દેવ–ગુરૂ તારે શી રીતિએ ? તમને પાપ ખટકે અને પાપથી છૂટવાને માટે તમે દેવ–ગુરૂના શરણુને સ્વીકારો તો ને ?

કુટુંબ સાથે કરવાની વાતો :

જ્ઞાનિઓએ માનવજન્મને કેમ વખાણ્યો છે, એ હવે તો તમે સમજ્યા ને ? અજન્મા થવા માટેનો જે ઉદ્યમ અહીં થઈ શકે છે, તેવો ઉદ્યમ બીજા કોઈ પણ જન્મમાં થઈ શકતો નથી અને એથી જ જન્મના નાશની પ્રેરણા આપનારા જ્ઞાનિઓએ મનુષ્યજન્મને વખાણ્યો છે. હવે કહો, અજન્મા બનવા માટેનો જે ઉદ્યમ, તેમાં સૌથી સારો ઉદ્યમ કયો

છે ? પાપરહિતપણે જીવનારા બનવું, એ જ ને ? જીવે ને પાપ લાગે નહિ, એવું કયારે બને ? જીવન જો ભગવાનની આજ્ઞાને જ આધીન બની જાય તો ! યતનામય સાધુજીવન જીવવું, એ જ સાચું પાપરહિત જીવન છે ને ? તો, આ વાત, હવે તો તમારા કુટુંબને તમે સમજાવશો ને ? કહેજો કે–" આ મનુષ્યજન્મને જ્ઞાનિઓએ દશ દશ દૃષ્ટાન્તે દુર્લભ કહ્યો છે; આર્ય દેશાદિ સામગ્રીએ સહિત મનુષ્યજન્મ મળવો, એ અતિશય દુર્લભ છે; આપણે પૂર્વે એવું વિપુલ પુણ્ય કરેલું, કે જેથી આપણને આવો મનુષ્યજન્મ મળી ગયો છે; પણ આ જન્મ મળ્યો, તેને આપણે સફળ કરીએ તો કામનું; અત્યારે આપણે જે રીતિએ જીવીએ છીએ, તે રીતિએ જીવવાને માટે, આ મનુષ્યજન્મ નથી. આ મનુષ્યજન્મ મળ્યો, એ તેનો જ સફલ છે, કે જે પોતાના જીવનને પાપરહિત બનાવે ! માટે, આપણે પણ આપણા જીવનને પાપરહિત બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ ! " તમે આવી વાત કરો, એટલે કદાચ કોઇ એમ પણ પૂછે કે–' આ સંસારમાં પાપરહિત જીવન કોણ જીવે છે ?' ત્યારે તમારે કહેવું કે–'આપણાં સાધુ અને સાધ્વી પાપરહિત જીવન જીવે છે. સાધુપણા વિના, સર્વથા પાપરહિત જીવન જીવાય, એ બને નહિ.' આ બધી વાતો તમે કરો, એટલે કોઇને સાધુ કે સાધ્વી બનવાનું મન થઈ જાય, એમ પણ બને; કેમ કે–પાપ તો ખટકતું જ હોય અને પાપથી રહિતપણે જીવી શકાય એવો જન્મ મળ્યો હોય, એટલે જે સમજે તેને સાધુ કે સાધ્વી બનવાનું મન થઈ જાય, એમાં નવાઈ નથી. શ્રાવક–શ્રાવિકાને તો આઠ વર્ષની ઉંમરે સાધુ–સાધ્વી ન બનાયું હોય, તેનું હૈયે દુઃખ હોય. એને એમ થાય કે–

'આવી ઉત્તમ સામગ્રીવાળા મનુષ્યજન્મને પામવા છતાં પણ, મેં આટલાં વર્ષો પાપમાં ગુજાર્યા!' જેના મનને આવું દુઃખ હોય, તે જ સાચા ભાવે એમ કહી શકે ને કે–'ધન્ય છે તે પુણ્યાત્માઓને, કે જેઓ આઠ વર્ષની વયે પાપરહિત જીવનને જીવનારા બન્યા!' તમે અત્યાર સુધીમાં દીક્ષિત બન્યા નથી અને પાપકર્મના ઉદયે તમને દીક્ષિત બનવાના પરિણામ હજુ જાગતા નથી, પણ તમારા કુટુંબમાં જે કોઈના અન્તઃકરણમાં દીક્ષિત બનવાની ભાવના પ્રગટે, એને તમે શું કહો? બહુ બહુ તો તમે એને સાધુજીવનની કઠિનતા બતાવો ને? તમે એટલું જ કરો કે કાંઈ વધારે કરો? તમને તમારો મોહ એ વખતે મુંઝવે, તો એ મોહને દબાવી દેવાને માટે, તમે તમારા વિવેકનો ઉપયોગ કરો ને? ત્યાં હૈયામાં ધર્મ કેટલો વસ્યો છે, એની કસોટી થઈ જાય છે.

<u>સંઘનાં એટલે કોઈનાં નહિ કે સૌનાં?</u>

આવી વાતો તમારા ઘરમાં થવા માંડે, તો પરિણામ કેટલું સુન્દર આવે?

સ૦ આવી વાતો ઘેર થાય શી રીતિએ?

શો વાંધો આવે? ત્યાગી ગમે છે અને ઘરમાં વૈરાગ્યની વાતો થાય તો એ ગમે નહિ? ભૂલે-ચૂકે આ વાત ઘર સુધી ન જાય, એની કાળજી રાખો છો? ઘરમાં આ વાત હોય, પેઢીમાં આ વાત હોય, એટલે સમજી લેવું કે–એ ઘર ને એ પેઢી પર, આજના જેવું મમત્વ નહિ રહે. એ ઘર તમારું નહિ રહે, પણ ભગવાનનું બની જશે. જૈનનાં ઘરબાર વગેરે, બધું શ્રી જિનશાસનનું જ ગણાય. કેમ એમ? ત્યાં માન્યતા ભગવાન

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની જ હોય. સૌના મનને એમ હોય કે–આ બધું સૌથી પહેલાં શાસનને માટે. આમ ઘર ને પેઢી તજી શકે નહિ, પણ શાસનને જો જરૂર પડી જાય, તો એનો તો શું ?, પણ જાતનો ય ભોગ દેવાની તૈયારી જૈનમાં હોય. સૌ માને કે–પહેલા આપણે શાસનના અને પછી કુટુંબ આદિના ! પુણ્યવશે જે કાંઇ મને મળ્યું છે, તે શાસનના ઉપયોગમાં આવી જાય તો સારૂં–એ ભાવના જૈનના હૈયામાં હોય. આજે મોટે ભાગે તમે બધું તમારૂં જ છે–એમ માની બેઠા છો અને એથી તમારે માટે દેવ, ગુરૂ, ધર્મ જાણે પારકા હોય એવું થઇ ગયું છે.

સ૦ મન્દિર, ઉપાશ્રય આદિ તો સંઘનાં ને ?

સંઘનાં એટલે કોઇનાં નહિ કે સૌનાં ? દરેક જૈનને એનું મમત્વ હોય કે કોઇનેય એનું મમત્વ ન હોય ? શ્રી જિનમન્દિરાદિ સંઘનાં, એનો અર્થ એ છે કે–સંઘની દરેકે દરેક વ્યક્તિ એમાં પોતાની શક્તિ–સામગ્રીનો ખર્ચ કરવાને ઇચ્છે. એક જૈનનું ઘર પણ જાહોજલાલીવાળું હોય, તો સંઘનાં મન્દિરાદિ કેવી જાહોજલાલીવાળાં હોય ? ઘર વગેરેની ચિન્તા કરનારા તો એકાદ–બે હોય અને શ્રી જિનમન્દિર આદિની ચિન્તા કરનારા તો સૌ હોય; એટલે, જે કાળમાં ઘર આદિમાં ઊણપો આવે, તેવા કાળમાં પણ શ્રી જિનમન્દિરાદિમાં ઉણપો આવે નહિ ! આજે મોટે ભાગે લગભગ એથી ઊલટી જ પરિસ્થિતિ દેખાય છે ને ? ઘર વગેરેને માથે ધણી છે અને શ્રી જિનમન્દિરાદિ અંગે જાણે ધણીધોરી કોઇ નહિ ! પોતાની સગવડનો અને પોતાની સત્તા આદિનો હક્ક કરતા સૌ આવે અને કયાં કેટલી જરૂર છે–એની ચિન્તા તો ભાગ્યે જ કોઇ કરે. આજે

દેવની પૂજા કોણ કરે, તેની ય ચિન્તા અને દેવની પૂજા શામાંથી કરવી, તેની ય ચિન્તા, ઉભી થવા માંડી છે ને ? મન્દિરની ચિન્તા અમારે કયારે કરવી પડે ? ગૃહસ્થો કરી શકે ત્યાં સુધી અમારે એમાં પડવાનું નથી. તમે ન કરો, તો અમારે પણ એમાં પડવું પડે. તમારાં ઘર ભગવાનના શાસનનાં મટી જવા માંડયાં, માટે આજે વાંધો પડયો છે. છોકરો ત્રણ શેર દૂધ પીતો હોય, તો ચાર શેર દૂધ પીતો કેમ થાય–એની ચિન્તા કરે, પણ પાડોશમાં સાધર્મિક ભાઈ સીદાતો હોય, તો ય એની ચિન્તા કરે નહિ ! છોકરાને કોઈ દિ' એમ કહ્યું કે–' તું પીએ છે એમાંથી થોડું રહેવા દે અને બીજાને આપ ! ? ' અરે, છોકરો કદાચ પોતાનામાંથી બીજાને આપવાનું કહે, તો ય આ કહે–' ના, તું પી ! ' છોકરો પીએ તો મન ઠરે અને સાધર્મિક દુઃખી થતો હોય તો રૂંવાડું ય ફરકે નહિ ! ઘર, છોકરા આદિ પ્રત્યે મારાપણું છે, એટલે મન ઠરે છે અને સાધર્મિક પ્રત્યે મારાપણું નથી, માટે એના દુઃખે દુઃખી થવાતું નથી અને એથી જ જૈનત્વ ઝાંખું પડે છે.

જૈનત્વ ઝળહળે કયારે ?

જૈનત્વ ઝળહળે કયારે ? હૈયામાં દેવ ગુરૂ–ધર્મને જે સ્થાન હોય, તે બીજા કોઈને પણ ન હોય ત્યારે ને ? તમારે તો એમ કહેવું જોઈએ કે–અમને ઘર જેટલું ગમતું નથી, તેટલું મન્દિર ગમે છે; પેઢી આદિ ધંધાનાં સ્થાનો જેટલાં ગમતાં નથી, તેટલાં ઉપાશ્રય આદિ ધર્મસ્થાનો ગમે છે; માતા–પિતાદિ વડિલો જેટલા ગમતા નથી, તેટલાં સાધુ ને સાધ્વી ગમે છે; કુટુંબાદિ પરિવાર જેટલો ગમતો નથી, એટલા

સાધર્મિકો ગમે છે અને ધન જેટલું ગમતું નથી, એટલો અમને ધર્મ ગમે છે.

સ૦ એવું બોલીએ, તો તે તદ્દન ખોટું બોલીએ છીએ, એમ કહેવું પડે એમ છે.

કારણ કે–હૈયે એ વાત નથી. જૈનત્વનો સાચો આસ્વાદ પમાયો ન હોય, એટલે એવું હૈયામાં ઉગે નહિ અને હૈયામાં એવું ઉગ્યા વિના જ એવું બોલો, તો તો તે ખોટું જ ગણાય ને ? હૈયાને એવું કેળવવું જોઈએ. જૈનત્વને પામેલો આત્મા સાધુ જ બની જાય, ગૃહસ્થપણે રહે જ નહિ અને ગૃહસ્થપણે રહે તો એનું જૈનત્વ જાય, એવો નિયમ નથી. જૈનત્વને પામેલો આત્મા પણ, સંસારને તજીને સાધુ ન બની શકે–એ શક્ય છે; અથવા તો, એ દેશથી વિરતિને પણ ન પામી શકે, એ પણ શક્ય છે; પરન્તુ, એના હૈયામાં અવિરતિ પ્રત્યે અનાદર અને વિરતિ પ્રત્યે આદર અવશ્ય હોય. 'અવિરતિ એ પાપ રૂપ જ છે, હું અવિરતિમાં બેઠો છું એટલે પાપમાં જ બેઠો છું, વિરતિને પામ્યા વિના કોઈ કાળે મારો ઉદ્ધાર થવાનો નથી'–આ વગેરે માન્યતાઓ, એના હૈયામાં સુદૃઢ હોય. આથી, એને એમ લાગે જ કે–" હું સંસારને તજી શકતો નથી અને એથી મારે ગૃહસ્થપણે રહેવું પડે છે, એટલે મારે ઘર વગેરેની જરૂર પડે છે; બાકી, ચિન્તા કરવા લાયક તો શ્રી જિનમન્દિરાદિ જ છે. ઘર બાંધવું એ પાપનું કારણ અને શ્રી જિનમન્દિરાદિ બાંધવાં એ ધર્મનું કારણ. ઘરમાં પાપની પ્રવૃત્તિઓ થવાની અને શ્રી જિનમન્દિરાદિમાં પ્રભુભક્તિની પ્રવૃત્તિઓ થવાની. હું ઘરમાં રહું ને ઉદરનિર્વાહ ભીખ માગીને કરું તો તે અનુચિત છે, મારા ધર્મને લજવનાર છે, માટે મારે

પેઢી આદિ ધંધાદારી સ્થાનોને સેવવાં પડે, બાકી સેવવા લાયક તો ધર્મસ્થાનો જ છે. માતા-પિતા કર્મે આપ્યાં છે, છતાં એમનો મારા ઉપર મોટો ઉપકાર છે, એટલે એમની મારે ચાકરી તો કરવી જ જોઈએ, પણ ખરેખર ચાકરી કરવા લાયક તો ગુરૂઓ જ છે. કુટુંબીજનો સાથેનો સંબંધ કર્મે જોડેલો છે, છતાં હું એ સંબંધમાં છું એટલે એ સંબંધને પણ મારે નિભાવવો તો પડે છે, કેમ કે-ભગવાને ઉચિતનું ઉલ્લંઘન કરવાની ના પાડી છે અને સંબંધને નિભાવવો પડે છે, માટે એમના સુખ-દુઃખની મારે ચિન્તા ય કરવી પડે; પણ મારા ખરા સંબંધિઓ, મારા કલ્યાણકારી કુટુંબીજનો તો મારા સાધર્મિકો જ છે, કેમ કે-એ સંબંધ તો ધર્મે જોડેલો છે. હું એવા સ્થાને છું કે-ધન મેળવ્યા સિવાય, રાખ્યા સિવાય અને ગૃહકાર્યાદિમાં ખર્ચ્યા સિવાય ચાલે તેમ નથી; બાકી મેળવવા લાયક, સાચવવા લાયક, વિનિમય કરવા લાયક તો એક ધર્મ જ છે. ધર્મ તારે અને ધન ડૂબાવે." જૈનના હૈયામાં આવી આવી જ લાગણીઓ હોય. એ કરતો બધું દેખાય; જોનારને કદાચ એમ પણ લાગી જાય કે-આ ઘર, પેઢી, માતા-પિતા, કુટુંબિઓ અને ધન પાછળ જ પોતાની બધી શક્તિ અને બધી સામગ્રી ખર્ચી રહ્યો છે; પણ એના અન્તઃકરણમાં શ્રી જિનમન્દિરને જે સ્થાન હોય, તે સ્થાન ઘરને હોય નહિ; ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોને જે સ્થાન હોય, તે સ્થાન પેઢી આદિને હોય નહિ; ગુર્વાદિકને જે સ્થાન હોય, તે સ્થાન માતા-પિતાદિને હોય નહિ; સાધર્મિકોને જે સ્થાન હોય, તે સ્થાન કુટુંબીજનોને હોય નહિ; અને ધર્મને જે સ્થાન હોય, તે સ્થાન ધનને હોય નહિ. એને શ્રી જિનમન્દિરાદિ તરફ રાગ હોય અને એ રાગમાં એને કલ્યાણ લાગતું હોય,

જ્યારે ઘર આદિ તરફ રાગ હોય તો ખરો, પણ 'એ રાગ મને ડૂબાવનારો છે'–એમ એને લાગતું હોય !

જૈનપણું આવે તો મનોવૃત્તિ ફર્યા વિના રહે નહિ :

આ કરણીની વાત નથી, પણ મનોવૃત્તિની વાત છે. આવી મનોવૃત્તિવાળો, અવસરે, શાસનને, ધર્મસ્થાનોને, સાધર્મિકાદિને અને ગુર્વાદિકને એવો ઉપયોગમાં આવી જાય, કે જેવો, આવી મનોવૃત્તિ વિના, સંસારના સુખના લોભથી કે ગાડરીઆ પ્રવાહની જેમ રોજ શ્રી જિનમન્દિરે પૂજાદિમાં અને ઉપાશ્રયે ધર્મક્રિયાદિમાં દેખાનારો ઉપયોગમાં આવે નહિ. આ મનોવૃત્તિ હોય અને સાધનની મુશ્કેલીના કારણે રોજ પૂજનાદિ ન કરી શકતો હોય; અથવા તો, તેવા પ્રકારના કર્મોદયથી બહુ ધર્મક્રિયાઓ ન કરી શકતો હોય, તો પણ જો કોઈ વખત શ્રી જિનમન્દિરાદિ ઉપર આફત આવી હોય અને એ એના જાણવામાં આવી જાય, તો એ અવસરે એ આફતના નિવારણને માટે, એ શું કરે અને કેટલું કરે, એ કહેવાય નહિ; કદાચ જાતને હોમી દેતાં પણ એ અચકાય નહિ. એવા કોઇ અવસરે, જણાઈ આવે કે–ઘર વગેરે આને જેટલું ગમતું નથી, તેટલું શ્રી જિનમન્દિરાદિ ગમે છે. જેના હૈયામાં જૈનત્વ પ્રગટયું હોય, તેના હૈયામાં આવી મનોવૃત્તિ ન હોય, તો કયી મનોવૃત્તિ હોય ? જૈન કુળમાં જન્મેલા હોય, શ્રી જિનમન્દિરાદિમાં જનારા હોય, ભગવાનની ભક્તિ કરનારા હોય અને ગુરૂઓના મુખે સાંભળીને 'આ મનુષ્યજન્મ બહુ દુર્લભ છે'–વગેરે વગેરે બોલનારા પણ હોય; પણ જો આ મનોવૃત્તિ ન હોય અને આ મનોવૃત્તિને કેળવવાનો

પ્રયાસ પણ ન હોય, તો એ જૈનત્વને સમજેલા છે, એમ કહેવાય નહિ. શ્રી જિનમન્દિરાદિ તરવાનાં સ્થાન અને ઘર આદિ ડૂબવાનાં સ્થાન, એટલો નિર્ણય, જો જૈનને ન હોય, તો એ જૈન કહેવાતો હોવા છતાં ય, જૈનત્વને એ પામેલો છે –એમ કહેવાય નહિ. જૈનપણું આવે, એટલે મનોવૃત્તિ ફરી ગયા વિના રહે નહિ. તમારા હૈયામાં પહેલું સ્થાન કોને ? ઘરને કે શ્રી જિનમન્દિરને ? પેઢીને કે ઉપાશ્રયને ? માતા–પિતાને કે ગુરૂવર્યોને ? કુટુંબીજનોને કે સાધર્મિકોને ? ધનને કે ધર્મને ? તમે ઘર આદિને સંભાળો છો ખરા, પણ એ તમારા મનને ગમતી વાત તો નહિ ને ? એનાથી કયારે છૂટાય, એમ મનમાં તો ખરૂં ને ? એનો રાગ ખટકે ખરો ને ? અને સામગ્રીનો વ્યય કરવા લાયક તથા સેવવા લાયક સ્થાનો–શ્રી જિનમન્દિરાદિ છે, એમ તમારા હૈયામાં તો છે જ ને ? જૈન, પહેલો તો, જિનનો જ હોય ને ? આ મનોવૃત્તિ ન હોય તો લાવો. આવી મનોવૃત્તિ જેના જેના હૈયામાં હોય, તે બધાનાં ઘર, એ શ્રી જિનશાસનનાં ઘર છે. તમારૂં ઘર શ્રી જિનશાસનનું ઘર બની જાય, એવી મારી ઈચ્છા છે. તમારામાં પણ, એવી ઇચ્છા તો ખરી જ ને ?

દેવદ્રવ્યમાંથી શ્રાવકો પાસે પૂજા કરાવવાની વાતો :

આજે, આટલા બધા જૈનો જીવતા હોવા છતાં પણ અને એમાં સમૃદ્ધિશાલી જૈનો હોવા છતાં પણ, એક બૂમરાણ એવી પણ ઉપડી છે કે–‘ આ મંદિરોને સાચવશે કોણ ? સંભાળશે કોણ ? ભગવાનની પૂજા માટે કેસર વગેરે જોઇએ, તે કયાંથી લાવવું ? પોતાની કહેવાતી ભગવાનની પૂજામાં પણ

દ્રવ્યનો ઉપયોગ શા માટે ન થાય ?' એથી આજે પ્રચાર ચાલી રહ્યો છે કે–'ભગવાનની પૂજામાં દ્રવ્યનો ઉપયોગ કરવા માંડો.' કોઈ કોઇ ઠેકાણે તો એવાં રીતસરનાં લખાણો થવા લાગ્યાં છે કે–મંદિરની આવકમાંથી પૂજની વ્યવસ્થા કરવી ! આવું વાંચીએ કે સાંભળીએ ત્યારે, એમ થઈ જાય છે કે–શું જૈનો ખૂટી પડયા ? દ્રવ્ય ઉપર સરકારની દાનત બગડી છે–એમ કહેવાય છે, પણ આજે વાતો એવી ચાલી રહી છે કે–દ્રવ્ય ઉપર જૈનોની દાનત બગડી છે–એમ લાગે. નહિ તો, ભક્તિ પોતાને કરવી છે અને તે માટે દ્રવ્ય વાપરવું છે, એ બને જ શી રીતિએ ? આપત્તિકાળમાં દ્રવ્યમાંથી ભગવાનની પૂજા કરાવાય–એ વાત જુદી છે અને શ્રાવકોને પૂજા કરવાની સગવડ દ્રવ્યમાંથી દેવાય–એ વાત જુદી છે. જૈનો શું એવા ગરીબડા થઈ ગયા છે કે–પોતાના દ્રવ્યથી ભગવાનની દ્રવ્યપૂજા કરી શકે તેમ નથી ? અને એ માટે, દ્રવ્યમાંથી તેમની પાસે ભગવાનની પૂજા કરાવવી છે ? જૈનોના હૈયામાં તો, એ જ વાત હોવી જોઈએ કે–'મારે મારા દ્રવ્યથી જ ભગવાનની દ્રવ્યપૂજા કરવી છે !' દ્રવ્યની વાત તો દૂર રહી, પણ અન્ય શ્રાવકના દ્રવ્યથી પણ પૂજા કરવાનું કહેવામાં આવે, તો જૈનો કહેતા કે–'એના દ્રવ્યથી અમે પૂજા કરીએ, તેમાં અમને શો લાભ ? અમારે તો, અમારી સામગ્રીથી ભક્તિ કરવી છે !' શ્રાવકે દ્રવ્યપૂજા શા માટે કરવાની છે ? આરંભ અને પરિગ્રહમાં ગ્રસ્ત, જો છતી શક્તિએ દ્રવ્યપૂજા કર્યા વિના જ ભાવપૂજા કરે, તો તે પૂજા વાંઝણી ગણાય. શ્રાવક પરિગ્રહના વિષને ઉતારવાને માટે, ભગવાનની દ્રવ્યપૂજા કરે. પરિગ્રહનું ઝેર ઘણું ને ? એ ઝેરને ઉતારવાને માટે

દ્રવ્યપૂજા છે. મંદિરમાં જાય ને કોઇ કેસરની વાટકી આપે તો એનાથી પૂજા કરે, તો એમાં એના પરિગ્રહનું ઝેર ઉતરે ખરૂં ? પોતાનું દ્રવ્ય વપરાયું હોય, તો એમેય થાય કે– 'મારૂં ધન શરીરાદિને માટે તો ઘણું વપરાય છે, એમાં ધન જાય છે ને પાપ વધે છે, જ્યારે ત્રણ લોકના નાથની ભક્તિમાં મારૂં જે કાંઈ ધન વપરાય, તે સાર્થક છે.' પોતાના દ્રવ્યથી પૂજા કરવામાં, ભાવવૃદ્ધિનો જે પ્રસંગ છે, તે પારકા દ્રવ્યથી પૂજા કરવામાં નથી. ભાવને પેદા થવાનું કારણ જ ન હોય, તો ભાવ પેદા થાય શી રીતિએ ?

ધનહીન શ્રાવક સામાયિક લઈને શ્રી જિનમન્દિરે જાય :

સ૦ સગવડના અભાવે જેઓ જિનપૂજા કર્યા વિના રહી જતા હોય, તેમને સગવડ આપવામાં આવે તો લાભ થાય ને ?

શ્રી જિનપૂજા કરવાની સગવડ કરી આપવાનું મન થાય એ સારૂં છે; તમને એમ થાય કે–'અમે તો અમારા દ્રવ્યથી રોજ શ્રી જિનપૂજા કરીએ છીએ, પણ ઘણાઓ એવા છે, કે જેમની પાસે એવી સગવડ નથી. તેવાઓ પણ શ્રી જિન-પૂજાના લાભથી વંચિત ન રહી જાય, તો સારૂં.' તો એ તમને શોભતું જ ગણાય; પણ એમ થવાની સાથે જ, એમ પણ થવું જોઈએ કે–'પોતાના દ્રવ્યથી શ્રી જિનપૂજા કરવાની જેઓ પાસે સગવડ નથી, તેઓને અમારે અમારા દ્રવ્યથી સગવડ કરી આપવી જોઈએ.' આવું મનમાં આવતાં, 'જેઓની પાસે પૂજા કરવાની સગવડ નથી, તેઓ પણ પૂજા કરનારા બને એ માટે પણ અમારે અમારા દ્રવ્યનો વ્યય કરવો'– આવો નિર્ણય જો તમે કરો, તો તે તમારે માટે લાભનું કારણ

છે, પણ શ્રી જિનપૂજા કરનારનો પોતાનો મનોભાવ કેવો હોય, એની આ વાત છે.

સ૦ બીજાના દ્રવ્યથી પૂજા કરનારને સારો ભાવ આવે જ નહિ ?

બીજાના દ્રવ્યથી શ્રી જિનપૂજા કરનારને માટે સારો ભાવ આવવાનું કારણ કયું ? પોતાની પાસે શ્રી જિનપૂજાને માટે ખર્ચી શકાય–એ પ્રમાણેનું દ્રવ્ય નથી અને શ્રી જિનપૂજાથી વંચિત રહેવું–એ ગમતું નથી, એ માટે જો એ પારકા દ્રવ્યથી શ્રી જિનપૂજા કરતો હોય, તો એને 'પૂજામાં પારકું દ્રવ્ય વાપરવું પડે છે અને પોતાનું દ્રવ્ય વાપરી શકતો નથી'–એ ખટકે છે, એમ નક્કી થાય છે; એટલે, એની ઇચ્છા તો પોતાના દ્રવ્યથી જ પૂજા કરવાની થઇ ને ? શકિત નથી, એ પૂરતો જ એ પારકા દ્રવ્યથી પૂજા કરે છે ને ? તક મળે, તો પોતાના દ્રવ્યથી પૂજા કરવાને, એ ચૂકે નહિ ને ? આવી મનોવૃત્તિ હોય તો સારો ભાવ આવી શકે, કારણ કે–જેણે પરિગ્રહની મૂર્ચ્છા ઉતારીને પૂજાનું સાધન આપ્યું, તેની એ અનુમોદના કરતો જ હોય. પણ વિચારવા જેવી વાત તો એ છે કે–આજે જે લોકો, પોતાના દ્રવ્યનો વ્યય કર્યા વિના જ પૂજા કરે છે, તેઓ શું એવા ગરીબડા છે કે–પૂજાને માટે કાંઈ ખર્ચ કરી શકે જ નહિ ? જે શ્રાવકો ધનહીન હોય, તેઓને માટે તો શાસ્ત્રે કહ્યું છે કે–એવા શ્રાવકોએ ઘેર સામાયિક લેવું. પછી જો કોઈનું એવું દેવું ન હોય, કે જે દેવાને કારણે ધર્મની લઘુતા થવાનો પ્રસંગ ઉપસ્થિત થવા પામે તેમ હોય, તો એ શ્રાવક સામાયિકમાં રહ્યો થકો અને ઇર્યાસમિતિ આદિના ઉપયોગવાળો બન્યો થકો, શ્રી જિનમંદિરે જાય. શ્રી જિન-

મંદિરમાં જઈને, એ શ્રાવક જુએ કે–'અહીં મારી કાયાથી બની શકે એવું, કોઈ ગૃહસ્થનું દેવપૂજાની સામગ્રીનું કાર્ય છે ખરૂં ?' જેમ કે–કોઈ ધનવાન શ્રાવકે પ્રભુપૂજા માટે પુષ્પો મેળવ્યાં હોય અને તે પુષ્પોની ગુંથણી કરવાની હોય. આવું કોઈ કાર્ય હોય, તો એ શ્રાવક સામાયિકને પારીને, એ કાર્ય કરવા દ્વારા, દ્રવ્યપૂજાનો પણ લાભ લઈ લે. શાસ્ત્રે અહીં સ્પષ્ટ કર્યું છે કે–દ્રવ્યપૂજાની સામગ્રી પોતાની પાસે છે નહિ અને દ્રવ્યપૂજા માટે જરૂરી સામગ્રીનો ખર્ચ નિર્ધનપણાને કારણે પોતે કરી શકે તેમ નથી, એટલે સામાયિક પારીને પારકી સામગ્રી દ્વારા, એ, એ પ્રમાણેનો લાભ લે, તે યોગ્ય જ છે. વળી, શાસ્ત્રે એમ પણ કહ્યું છે કે–રોજ જે અષ્ટપ્રકારી આદિ પૂજા કરી શકે તેમ ન હોય, તેણે છેવટ રોજ અક્ષતપૂજા કરવા દ્વારા પણ પૂજાનું આચરણ કરવું.

સંઘની સામગ્રીથી પૂજા કરનારાઓ :

શાસ્ત્રોમાં આવી આવી સ્પષ્ટ વાતો કહેલી હોવા છતાં પણ, શ્રાવકો પાસે દેવદ્રવ્યના કેસર આદિથી પૂજા કરાવવાની વાતો, આજે શાસ્ત્રપાઠોના નામે પણ કરવામાં આવે છે; અને તેમાં, દહાડે દહાડે સમ્મતિ આપનારાઓ વધતા જાય છે. શ્રી જિનપૂજા અંગે આજે કેટલેક સ્થળે ન્હાવા આદિની વ્યવસ્થા થએલી છે, પણ ત્યાં શું બને છે એ તો જુઓ ! ન્હાનારા ૧૫૦૦ ને પૂજા કરનારા ૫૦૦ જેવી દશા આવવા લાગી છે. પૂજા કરનારાઓ પણ પૂજા કરે છે, તે જાણે ઉપકાર કરતા હોય –એવું વર્તન મોટે ભાગે રાખે છે. પૂજા કરીને વાડકી ને થાળી ગમે તેમ રખડતી મૂકી દે છે ને ? પૂજાનાં કપડાં કાઢીને

જેમ-તેમ ફેંકી દે છે ને ? પૂજાનાં કપડાં માટે ય શાસ્ત્રે તો એ વિધિ કહ્યો છે કે-અને ત્યાં સુધી બીજાનાં કપડાં પહેરવાં નહિ; અને પોતાનાં કપડાં પણ બહુ જ ચોખ્ખાં રાખવાં, નહિ તો આશાતનાનું પાપ લાગે. કેટલાક પૂજા કરનારાઓ ભગવાનને તિલક કરે છે, તે ય એવા અવિવેકથી કરે છે કે-જાણે પૂજાની કોઈ કાળજી જ ન હોય. ભગવાન પ્રત્યે, એને કેટલું બહુમાન હશે, એવો વિચાર, એને પૂજા કરતો જોઈને આવી જાય. જો ભગવાન પ્રત્યે સાચો ભક્તિભાવ હોત, 'ભગવાનની પૂજા મારે મારા દ્રવ્યથી જ કરવી જોઈએ'-એવો ખ્યાલ હોત અને 'હું કમનસીબ છું કે મારા દ્રવ્યથી હું શ્રી જિનપૂજા કરવાને સમર્થ નથી'-એમ લાગતું હોત, તો એ કદાચ સંઘે કરેલી વ્યવસ્થાનો લાભ લઈ ને પૂજા કરત, તો પણ તે એવી રીતિએ કરત કે-એની પ્રભુભક્તિ અને ભક્તિ કરવાની મનોજાગૃતિ જણાઈ આવત. પોતાના દ્રવ્યથી પૂજા કરનારાઓને એ હાથ જોડતો હોત અને પોતાની કાયાથી શ્રી જિનમંદિરની તથા શ્રી જિનમંદિરની સામગ્રીની જેટલી સારસંભાલ થઈ શકે તેમ હોય, તે કરવાને, એ ચૂકતો ન હોત. આજે તો, આવી સામાન્ય પણ વાતો, જો સાધુઓ કહે તો ય, કેટલાકોને તે ભારે લાગે છે.

પોતાના દ્રવ્યથી જ ધર્મકૃત્ય કરવાના આગ્રહવાળા બે નોકરોનું મનનીય ઉદાહરણ :

ભગવાનની પૂજા કરવાનો સાચો ભાવ જેના હૈયામાં પ્રગટે, તેને પોતાના ખર્ચે પૂજાની સામગ્રી મેળવવાનું મન થયા વિના રહે જ નહિ. એને એમ જ થાય કે-'મારે પૂજા

કરવી હોય અને મારી પૂજાનું ફલ જો મારે મેળવવું હોય, તો મારે મારી શક્તિ મુજબ પણ, મારા ખર્ચે જ મેળવેલી સામગ્રીથી, ભગવાનની પૂજા કરવી જોઈએ.'

શાસ્ત્રમાં અભયંકર નામના શેઠના બે નોકરોની કથા આવે છે. એ કથા તો બહુ લાંબી છે, પણ એની શરૂઆતનો ભાગ આ વિચારણામાં બહુ ઉપયોગી છે.

અભયંકર શેઠ જેવા સુખી હતા, તેવા જ ધર્મનિષ્ઠ હતા. એમને ત્યાં બે નોકરો હતા. એક નોકર ઘરના કામકાજને માટે રાખેલો હતો અને એક નોકર ગાયોને ચરવાને લઈ જવાને માટે રાખેલો હતો.

એ બન્ને નોકરો જોતા કે–'આપણો શેઠ સુખી છે અને રોજ પૂજા–દાન આદિ ધર્મને પણ આચરે છે.' બન્ને નોકરો ભદ્રક પ્રકૃતિના હોવાથી, એ બન્નેયના હૈયા ઉપર, શેઠની ધર્મ-કરણીની સારી છાપ પડ્યે જતી હતી.

બીજાની ધર્મકરણીની પણ સારી છાપ તેના જ હૈયામાં પડે છે, કે જેનામાં કાંઇક પણ યોગ્યતા હોય. લાયક આત્માઓ જ, સારી ચીજને પણ સારી નજરે જોઈ શકે છે. નાલાયકો તો સારાં કામ કરે નહિ અને સારાં કામ કરનારની નિન્દાદિ કરવા દ્વારા પાપ બાંધે. જેનું મિથ્યાત્વ જોરદાર હોય, તે સારાની સારી કરણીને પણ, સારી કરણી તરીકે જોઈ શકે નહિ. અનુમોદનામાં પણ ધર્મ કહ્યો છે, તે અમથો નથી કહ્યો. અનુમોદના કરવાને માટે ય, હૈયાની લાયકાત જોઇએ છે. જે ચીજ ગમે નહિ, તેની અનુમોદના સાચા ભાવે થાય શી રીતિએ? અને સાચા ભાવે અનુમોદના કરનારો, તક મળે તો, એ ચીજ પોતે કર્યા અને કરાવ્યા વિના પણ રહે શાનો?

એક વાર, એ બન્ને નોકરો એકલા બેઠા બેઠા વાતો કરતા હતા. તેમાં પોતાના શેઠની વાત નીકળી. બન્ને જણા વિચારવા લાગ્યા કે–' આપણા શેઠ બહુ ભાગ્યશાલી ! આપણા શેઠના ત્રણે ય કાલ સારા ! કેમ કે–પૂર્વ ભવમાં આપણા શેઠે સારાં કાર્યો કરેલાં, એટલે આ ભવમાં આપણા શેઠ પુણ્યનો ભોગવટો કરી રહ્યા છે અને આ ભવમાં શેઠ એવાં કાર્યો કરે છે, કે જેથી તે આવતા ભવમાં પણ સુગતિને પામીને સુખને જ ભોગવનારા બનવાના !' પોતાના શેઠને અંગે, આવો વિચાર કરવાની સાથે, એ બન્નેએ પોતાનો વિચાર પણ કર્યો અને તે એવા પ્રકારનો વિચાર કર્યો કે–'આપણે પૂર્વે કાંઈ સારૂં કરેલું નહિ, એટલે આ ભવમાં આપણી આવી સ્થિતિ છે અને આ ભવમાં પણ આપણે કાંઇ સારૂં કરી શકતા નથી, એટલે આપણો આવતો ભવ પણ નકામો જ નિવડવાનો છે !'

પોતાના બન્ને નોકરો અંદર અંદર આ વાત કરતા હતા, તે ભાગ્યવશાત્ શેઠના કાને પડી ગઈ. પોતાના નોકરોની આ વાતને સાંભળીને, શેઠને થયું કે–' જીવો લાયક છે. આવા જીવોને જો યોગ્ય સામગ્રીનો યોગ કરી આપ્યો હોય, તો જરૂર આ જીવો ધર્મને પામી જાય !'

શેઠે આ વાત ધ્યાનમાં રાખી લીધી અને ચોમાસીનો દિવસ આવ્યો, એટલે શ્રી જિનમંદિરે પૂજા કરવા જતાં, શેઠે પોતાના એ બન્ને નોકરોને સાથે લીધા. નોકરોને શ્રી જિનમન્દિરે લઇ જવા હતા, એટલે એમને પણ શેઠે ઠીક ઠીક વસ્ત્રાદિ પહેરાવ્યાં અને પછી કહ્યું કે–' ભગવાન શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરવાને માટે, તમે આ પુષ્પોને ગ્રહણ કરો !'

એ વખતે, પેલા બન્ને જણા કહે છે કે–'એ તો જેનાં

પુષ્પો હોય, તેને ફલ મળે. અમારે તો મજુરી માત્ર થઈ કહેવાય.' આમ કહીને, એમણે પોતાના વતીની પૂજા માટે, શેઠનાં પુષ્પોને ગ્રહણ કરવાની ના પાડી દીધી!

શું ભણેલા છે? શા સંસ્કાર છે? કેટલીક સમજણ છે? કાંઈ નહિ, પણ આ તો સામાન્ય અક્કલનો સવાલ છે ને? 'શેઠનાં ફુલ અમે ભગવાનને ચઢાવીએ, તેમાં અમને શું ફલ મળે?'–એટલું, એ અજ્ઞાન અને અસંસ્કારી નોકરોને પણ સમજાયું અને શ્રાવકના કુળમાં ઉત્પન્ન થયેલા, ગુરૂઓના પરિચયમાં આવેલા, વ્યવહારમાં કુશલ બનેલા તમને આવો વિચાર ન આવે, તો સમજવું શું? તમને એમ ન સૂઝે કે– 'પૂજા કરવી છે મારે, પૂજાનું ફલ મેળવવું છે મારે અને કોઇની વાટકી, કોઈનું કેસર અને કોઈનાં ફુલ લઈને જો હું પૂજા કરું, તો એમાં મારૂં વળે શું?'

શેઠે, પોતાના એ બન્ને ય નોકરોને, ભગવાનની પુષ્પપૂજા કરવાને માટે બહુ બહુ સમજાવ્યા, પણ તે એકના બે થયા નહિ! એક જ વાત કે–'કરીએ તો અમારાં પુષ્પોથી જ પૂજા કરીએ, બાકી નહિ!' નોકરોના આવા વલણથી, શેઠ ગુસ્સે થતા નથી, કારણ કે–શેઠ સમજુ છે.

પછી, શેઠ એ બન્ને નોકરોને, ગુરૂ મહારાજની પાસે લઈ જાય છે અને ગુરૂ મહારાજને વાત કરે છે. ગુરૂ મહારાજ નોકરોના મનોભાવને સમજી જાય છે. ગુરૂ મહારાજને પણ લાગે છે કે–'જીવો લાયક છે.' ગુરૂ મહારાજ એ બન્નેને કહે છે કે–'પુષ્પથી પણ ભગવાનની પૂજા જો ભાવપૂર્વક કરી હોય, તો તે ઘણા મોટા ફલને દેનારી થાય છે; તમારી પાસે થોડું પણ દ્રવ્ય છે કે નહિ?'

ગુરૂ મહારાજે આ પ્રમાણે પૂછ્યું, પણ શેઠનાં પુષ્પોથી પૂજા કરવાનો ઉપદેશ આપ્યો નહિ.

ગુરૂ મહારાજે એ પ્રમાણે પૂછવાથી, શેઠના એ બે નોકરોમાંનો એક નોકર, કે જે ગાયોને ચરાવવાનું કામ કરનારો હતો, તે બોલ્યો કે–'ગુરૂદેવ ! મારી પાસે દ્રવ્ય તો છે, પણ તે ઘણું થોડું છે. મારી પાસે આખી પચીસ કોડી જ છે !'

એટલે, ગુરૂ મહારાજે કહ્યું કે–'થોડું પણ તપ અને દાન આદિ, જો પોતાની શક્તિને ગોપવ્યા વિના જ, શુદ્ધ ભાવથી કરવામાં આવે, તો તેથી વિપુલ ફલની પ્રાપ્તિ થાય છે !'

ગુરૂ મહારાજના મુખેથી આવો જવાબ સાંભળતાં, એ ગોપાલક નોકરને બહુ જ આનંદ થયો. એને લાગ્યું કે–'આટલામાં પણ હું ભગવાનની ભક્તિ કરી શકું છું, એટલે બસ છે !' તરત જ તે ત્યાંથી ઉઠ્યો. શેઠ પણ સાથે ગયા. પોતાની પાસે જે દ્રવ્ય હતું, તે સર્વ દ્રવ્યનાં એ નોકરે પુષ્પો ખરીદ્યાં અને એ પુષ્પો દ્વારા એણે બહુ ઉલ્લાસપૂર્વક ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા કરી !

આ રીતિએ ગુરૂ મહારાજ પાસેથી ઉઠીને ગોપાલક નોકર પૂજા કરવા ગયો, પણ શેઠનો બીજો નોકર તો ત્યાંનો ત્યાં જ બેસી રહ્યો. પેલો ગયો, પણ આ ઉઠ્યો નહિ. એનું મન તત્કાલ ઉદ્વિગ્ન બની ગયું. એને થયું કે–'એની પાસે એટલું થોડું પણ દ્રવ્ય હતું અને મારી પાસે તો કાંઈ નથી ! હું શું કરું ?'

ઉદ્વિગ્નપણે તે આવો વિચાર કરતો હતો, ત્યાં જ એક માણસને તેણે ગુરૂ મહારાજની પાસેથી પ્રત્યાખ્યાનને ગ્રહણ કરતો જોયો. ગુરૂ મહારાજ પચ્ચખ્ખાણ આપી રહ્યા, એટલે શેઠનું ઘરકામ કરનાર આ નોકરે, ગુરૂ મહારાજને પૂછ્યું કે–

'હે ભગવન્! આ માણસે આ શું કર્યું?' ગુરૂ મહારાજ કહે છે કે–'ભદ્ર! આ માણસે આજે તપ કર્યો.' આમ કહીને, ગુરૂ મહારાજે, તેને તપના અંગીકારનો વિધિ સમજાવ્યો; અને તપ કરવાથી કેવું ફળ મળે છે, તે પણ તેને કહ્યું.

આ સાંભળીને, એ નોકરે તરત જ તપ કરવાનો નિર્ણય કરી લીધો. એને લાગ્યું કે–'પૈસા નથી, તો પૈસા વિના પણ થઇ શકે એવું આ ઉત્તમ કાર્ય છે!' એની પાસે જો પૈસા હોત, તો એ પોતાના ધનનો વ્યય કરીને પૂજા કર્યા વિના રહેત નહિ; પણ એની પાસે પૈસા નહોતા, એટલે એનું મન લાચાર બની ગયું હતું. આમ છતાં ય, પૈસા વિના પણ થઇ શકે તેમ હોય તો, જે ધર્મકૃત્ય થઈ શકે તે ધર્મકૃત્ય કરવાની એની મનોવૃત્તિ તો હતી જ; એટલે, એણે ઝટ ગુરૂ મહારાજની પાસે ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લીધું.

છતે પૈસે, પૈસા વગર થતા ધર્મને જ શોધે, એમાં તો પૈસાની મૂર્ચ્છાનો અતિરેક ગણાય. પૈસાવાળો તો, પૈસાથી થતો ધર્મ પણ કરે અને સાથે સાથે કાયાદિકથી થઈ શકે તેવો ધર્મ પણ કરે. જેની પાસે જે હોય, તે તેનો શકિત અને ભાવના મુજબ ધર્મ કરવામાં ઉપયોગ કરે. તમને આ વાત તો સમજાય છે ને? આણે, પૈસા બચાવવાને માટે, પૈસા વગર થઇ શકે એવો ધર્મ નહોતો શોધ્યો, એ વાત તમારા ખ્યાલમાં આવી ગઇ છે?

સારો શેઠ મળવાથી, આ રીતિએ બન્ને નોકરો ધર્મકાર્ય કરી શકયા. તમારા નોકરમાં લાયકાત ભાળો, તો એને ધર્મ પમાડવાનું મન, તમને થાય ને? તમારા ઘરનું કોઈ ધર્મથી વંચિત ન રહી જાય, એવી ઇચ્છા તો ખરી ને? તમે તમારાથી

બનતી મહેનત કરો, છતાં કોઈ ધર્મને ન પામી શકે, તો વાત જુદી છે; પણ તમારા મનમાં તો એમ બરૂં ને કે–આ બધાને ધર્મ પમાડવો છે!? તમારા નોકરોને, તમારી કરણી જોઈને, તમારે માટે કેવો વિચાર આવે? નોકરમાં યોગ્યતા હોય, તો તમારી બધી રીતભાત તો એવી ને કે–એને, તમારી પુણ્યાઈની પ્રશંસા કરવાનું મન થાય જ?

આવાં ઉદાહરણો જ્યારે જ્યારે સાંભળો, ત્યારે ત્યારે, જાતનો પણ વિચાર કરનારા બનો! વિચાર કરવો કે–'અભયંકર શેઠની છાપ, જેવી તેમના નોકરોના હૈયા ઉપર પડી; તેવી છાપ, મારા નોકરોના હૈયા ઉપર, મારે માટે પડી છે બરી? નથી પડી, તો એમાં દોષ મારો છે કે નોકરોનો જ છે? મારી નાલાયકાતથી, મારા નોકરોના હૈયામાં મારે વિષે સારી છાપ પડી નથી કે નોકરો એવા નાલાયક છે કે–હું સારો હોવા છતાં પણ તેમના હૈયા ઉપર મારે વિષે સારી છાપ પડી નથી?' આવો વિચાર કરો, તો એમ થવામાં જો તમારો દોષ હોય, તો તે તમારા ખ્યાલમાં આવે અને એ દોષને કાઢવાનું મન થાય! 'અભયંકર શેઠ બહુ સારા'–એમ કહીને વાતને માંડી વાળો નહિ. ઝટ વિચાર કરવો કે–'એ શેઠ સારા હતા, તો હું શા માટે સારો બની શકું નહિ?'

એક પૂજા કરીને અને બીજો ઉપવાસનું પચ્ચખ્ખાણ કરીને–બન્ને નોકરો હૈયામાં ખૂબ ખૂબ હર્ષને પામતા થકા શેઠની સાથે શેઠને ઘેર આવ્યા. ભોજનવેળા થઈ હતી, એટલે બન્નેને તેમને માટેનાં ભાણાં મળી ગયાં.

શેઠનું ઘરકામ કરનાર નોકરે ઉપવાસ કર્યો હતો, છતાં પણ તેણે પોતાનું ભાણું પીરસાવ્યું. એણે વિચાર કર્યો કે–

'મને આ ભોજન મારા કામના બદલામાં મળે છે, એટલે આ ભોજન મારા હક્કનું છે. આ ભોજન મારું રળતર છે, એટલે મારા પુણ્યે જો કોઈ મુનિરાજ અત્યારે અહીં આવી જાય, તો હું તેમને મારું આ ભોજન વહોરાવી દઉં!'

ઘરકામ કરનારો નોકર જેવો નોકર પણ કેવો વિચાર કરે છે, તો એ તો જુઓ! શ્રી જિનપૂજામાં પણ પોતાના દ્રવ્યથી જ શ્રી જિનપૂજા કરવાનો આગ્રહ અને ગુરૂને વહોરાવવામાં પણ પોતાનું હક્કનું જ ભોજન વહોરાવવાનો આગ્રહ! ભક્તિનો ભાવ જ્યારે સાચા રૂપમાં પ્રગટે છે, ત્યારે હૈયામાં કેવી સ્ફુરણાઓ પ્રગટે છે, એ જાણવાને માટે આ ઘણું જ સુન્દર ઉદાહરણ છે. પારકા દ્રવ્યથી જ અને હવે તો છેવટ દેવદ્રવ્યના ખર્ચે પણ શ્રી જિનપૂજા કરવા-કરાવવાની વાતો કરનારાઓ, જો પોતાના હૈયાને ખોલીને આવી વાતોને વિચારે, તો એમને ખ્યાલ આવે કે-એમના વિચારો, કેટલા બધા ઉન્માર્ગ તરફ ઘસડાઈ રહ્યા છે.

પેલો નોકર, પોતાના રળતરનું ભોજન, જો કોઈ પણ મુનિરાજ મળી જાય તો તેમને તે વહોરાવી દેવાનો નિર્ણય કરીને, ઘરના બારણા પાસે આવીને ઉભો રહ્યો. એવામાં, ત્યાં એક મુનિરાજ ભિક્ષાને માટે આવી ચઢ્યા. ગ્લાનાદિકના કાર્યને અંગે એ દિવસે એ મહાત્મા ઉપવાસ કરી શકેલા નહિ, એટલે ભોજનવેળાએ ગોચરી વહોરવાને માટે એ નીકળેલા; અને પેલા નોકરનું ભાગ્ય એવું સારું કે-એ મુનિરાજ ત્યાં જ આવી પહોંચ્યા.

મુનિરાજને જોતાં તો, આના હર્ષે ઉછાળો માર્યો! એને તરત જ વિચાર આવ્યો કે-'રંક એવો હું ક્યાં અને આવા

મુનિરાજ કયાં ? તેમાં વળી, મારૂં રળેલું દ્રવ્ય કયાંથી ?' મારા જેવા રંકને આવા મુનિરાજનો યોગ કયાંથી થાય અને કદાચ આવા મુનિરાજનો યોગ મને થઈ જાય, પણ તે વખતે આવા મુનિરાજને આપી શકાય એવું દ્રવ્ય, મારી પાસે મારા રળતરનું હોય કયાંથી ? એ વખતે, એને એમ પણ થાય છે કે–'આ બધો યોગ સૂચવે છે કે–આવતા ભવમાં ચોક્કસ મને કોઈ અદ્‌ભુત સંપત્તિ પ્રાપ્ત થવાની છે! આવી સામગ્રી કદી પણ અન્યથા થાય નહિ!' આ વિચારમાં, ખૂબ આનંદ-પૂર્વક અને સંતોષપૂર્વક, એ નોકરે પોતાનું સઘળું ય ભોજન મુનિરાજને વહોરાવી દીધું.

શેઠ આ બધું જોતા હતા અને જોઈને પ્રસન્ન થતા હતા! પોતાના નોકરને, આ પ્રમાણે સઘળું ય મુનિરાજને વહોરાવી દેતો જોઈને, શેઠ પણ ખૂબ પ્રમોદ પામ્યા.

શેઠે પોતાના નોકરોને પણ કેવું ભોજન પીરસાવ્યું હશે? તમારે ત્યાં તો, મોટે ભાગે શેઠનું ખાણું જુદું અને નોકરનું ખાણું જુદું, એવું જ હોય છે ને? કહે છે કે–નોકર ઉપર સારી છાપ પડતી નથી, પણ નોકર ઉપર સારી છાપ પડે એવો તમારો વ્યવહાર જ કયાં છે?

શેઠે જોયું કે–આણે તો કાંઈ પણ રાખ્યા સિવાય પોતાનું બધું જ ભોજન વહોરાવી દીધું છે, એટલે શેઠે તેના ભાણામાં બીજું ભોજન પીરસાવવા માંડયું, કેમ કે–એમને ખબર નહોતી કે–આણે આજે ઉપવાસ કર્યો છે.

ગોપાલક નોકરની સાથે શેઠ જ્યારે શ્રી જિનમન્દિરમાં ગયેલા, તે વખતે આણે ઉપવાસનું પચ્ચખ્ખાણ કરી લીધેલું અને પછી કોઈને ય એણે એ વિષે કહેલું નહિ. ઉપવાસ

કર્યાનો એને હર્ષ ઘણો હતો, પણ પોતાના હર્ષને પોતાના હૈયામાં સમાવવાની લાયકાત એનામાં હતી. એ નોકરે જે સંયોગોમાં ઉપવાસનું પચ્ચક્ખાણ ક હતું, તે સંયોગોમાં તમે કોઈ ધર્મકૃત્ય કર્યું હોય, તો એ બીજાઓને કહ્યા વિના તમે રહી શકો ખરા ? પોતાની પાસે કાંઈ પણ ધન નહિ હોવાથી જ, એ પૂજા કર્યા વિના રહી ગયો હતો; એટલે, એને તો એમ કહેવાનું સ્હેજે મન થઈ જાય કે-' મારા મિત્રે પૂજા કરી, તો મેં વગર પૈસે ય અપૂર્વ કર્યું છે !' પણ જીવ બહુ લાયક છે, એટલે એને એવું બોલવાનો વિચાર સરખો ય આવ્યો નથી.

શેઠે જ્યારે ફરીથી ભોજન પીરસવાનું કહ્યું, ત્યારે આણે ના પાડી અને કહ્યું કે-' આજે મારે ઉપવાસ છે.' શેઠ કહે છે કે-' તો પછી તેં પહેલાં શા માટે ભોજન લીધું હતું ?' શેઠના મનને એમ કે-આ, મુનિરાજને વહેરાવી દીધું, એટલા માટે તો ઉપવાસ કરવાને ઇચ્છતો નથી ને ?

પેલો નોકર કહે છે કે-' એ ભોજન મારું હતું, એટલે મારા ભોજનનો હું શા માટે ત્યાગ કરું ?' એટલે કે-મારા હક્કના ભોજનનો મને ગમતો ઉપયોગ કરવાને બદલે, એનો ત્યાગ હું શું કામ કરું ? આવા જવાબથી શેઠ અધિક પ્રસન્ન થયા; અને આ બનાવ બન્યો તે દિવસથી તો, તે બન્ને નોકરો ઉપર શેઠે અધિક વાત્સલ્ય કરવા માંડ્યું; કેમ કે-હવે તો એ નોકરો હોવા છતાં પણ સાધર્મિક થઈ ગયા ને ?

શ્રાવકોને ડૂબાવી દેવાનો ધંધો :

અભયંકર શેઠના એ બે નોકરો, નહોતા પૂજાના વિધિને

જાણતા કે નહોતા ભગવાન શ્રી જિનેશ્વરદેવોના ગુણસમૂહને પિછાનતા; પણ પોતાના શેઠને લીધે એમને પૂજા કરવાનું મન થયું હતું અને 'દેવપૂજા એ પુણ્યકરણી છે અને આ ભગવાન એ દેવ છે'–એવી ઓઘ સમજ હતી. એના યોગે, એમના હૈયામાં પોતાના દ્રવ્યથી પૂજા કરવાનો શુભ પરિણામ જન્મ્યો ને? એ બન્ને નોકરોને, તે પછી જે ભાવોલ્લાસ જન્મ્યો, તે ભાવોલ્લાસ જો તેમણે શેઠનાં પુષ્પોથી પૂજા કરી હોત, તો જન્મત ખરો? 'અમારે પૂજા કરવી હોય, તો તે અમારે અમારા દ્રવ્યથી જ કરવી જોઇએ'–એ પ્રકારની એમની મનોદશાએ, એમને કેવા સુન્દર ભાવોલ્લાસની તક પમાડી દીધી? તમે, તમારી પાસે દ્રવ્ય હોવા છતાં પણ, પારકાં દ્રવ્યોથી પૂજા કરો, તો તેમાં 'આજ મારું દ્રવ્યવાનપણું સાર્થક થયું'–એવો ભાવ પ્રગટવાને કાંઈ અવકાશ છે ખરો? ખરેખર, ભક્તિના ભાવમાં ખામી આવી છે, એટલે જ આજે આડા–અવળા વિચારો સુઝે છે. શ્રી જિનમંદિરમાં રાખેલી સામગ્રીથી જ પૂજાદિ કરનારાઓ વિવેકહીનપણે વર્તે છે, તેનું કારણ શું? પોતાની સામાન્ય કિંમતની ચીજને પણ તેઓ જેટલી સાચવે છે, તેટલી દેરાસરની ભારે કિંમતની ચીજને પણ તેઓ સાચવતા નથી; જ્યારે ખરી રીતિએ તો, શ્રી જિનમન્દિરની કે સંઘની નાનામાં નાની, સાધારણમાં સાધારણ કિંમતની ચીજને પણ, સારામાં સારી રીતિએ સૌ કોઇએ સાચવવી જોઇએ. આજે 'મારે મારા દ્રવ્યથી જ શ્રી જિનપૂજા કરવી જોઇએ'–એ વાત વિસરાતી જાય છે અને એથી જે સ્થલે જૈનોનાં સંખ્યાબંધ ઘરો હોય, તેમાં પણ સુખી સ્થિતિવાળાં ઘરો હોય, ત્યાં પણ કેસર–સુખડ આદિના

ખર્ચને માટે બૂમો પડવા લાગી છે. આના ઉપાય તરીકે, દેવદ્રવ્યથી શ્રી જિનપૂજન કરવાનું કહેવાને બદલે, સામગ્રીસંપન્ન જૈનોને પોતપોતાની સામગ્રીથી શક્તિ મુજબ પૂજા કરવાનો ઉપદેશ આપવો જોઈએ. દેવદ્રવ્યના રક્ષણને માટે પણ, આ દેવદ્રવ્યમાંથી શ્રાવકોને પૂજા કરવાની સગવડ કરી દેવાનો ઉપાય, વ્યાજબી નથી. દેવદ્રવ્યનો દુરૂપયોગ થતો અટકાવવો હોય અને સદુપયોગ કરી લેવો હોય, તો આજે જિર્ણ મન્દિરો ઓછાં નથી. બધાં જિર્ણ મન્દિરોનો ઉદ્ધાર કરવાનો નિર્ણય કરો, તો તેને પહોંચી વળે એટલું દેવદ્રવ્ય પણ નથી. પરન્તુ, દેવદ્રવ્યમાંથી શ્રાવકોને માટે પૂજા કરવાની વ્યવસ્થા કરવી અને શ્રાવકોને દેવદ્રવ્યથી આવેલી સામગ્રી દ્વારા પૂજા કરતા બનાવી દીધા, એ તો તેમને તારવાનો નહિ પણ ડૂબાવી દેવાનો ધંધો છે.

પૂજા ગાંઠના દ્રવ્યથી જ કરવી જોઇએ :

શ્રી જિનપૂજા કાયિક, વાચિક અને માનસિક,–એમ ત્રણ પ્રકારે પણ કહી છે. શ્રી જિનપૂજા માટે જરૂરી સામગ્રી પોતે એકઠી કરવી–તે કાયિક, દેશાન્તરાદિથી તે સામગ્રી મંગાવવી –તે વાચિક અને નંદનવનનાં પુષ્પો આદિ જે સામગ્રી મેળવી શકાય તેમ નથી, તેની કલ્પના કરવા દ્વારા તેનાથી પૂજા કરવી– તે માનસિક ! પારકી સામગ્રીથી પૂજા કરનારાઓ, આ ત્રણમાંથી કયા પ્રકારની પૂજા કરી શકવાના હતા ? શાસ્ત્રોએ તો ગૃહમંદિરમાં ઉત્પન્ન થયેલ દેવદ્રવ્યથી ગૃહમન્દિરમાં પૂજા કરવાની પણ મનાઈ કરી છે. ગૃહમન્દિરમાં ઉપજેલ દેવદ્રવ્ય દ્વારા સંઘના શ્રી જિનમન્દિરમાં પૂજા કરવામાં પણ દોષ કહ્યો છે

અને ગાંઠના દ્રવ્યથી જ શ્રી જિનપૂજા કરવી જોઈએ, એવું વિધાન કર્યું છે. તીર્થયાત્રાએ જતાં કોઈએ ધર્મકૃત્યમાં વાપરવાને માટે કાંઈ દ્રવ્ય આપ્યું હોય, તો તે દ્રવ્યને પોતાના દ્રવ્યની સાથે ભેળવી દઈને, પૂજાદિ કરવાની પણ શાસ્ત્રે મના કરી છે અને કહ્યું છે કે–'પહેલાં દેવપૂજાદિ ધર્મકૃત્યો ગાંઠના દ્રવ્યથી જ કરવાં અને તે પછી બીજાએ જે દ્રવ્ય આપ્યું હોય, તેનો સર્વની સાક્ષીએ, એટલે એમ કે–'આ અમુકના દ્રવ્યથી કરું છું'–એમ કહીને, ધર્મકૃત્યો કરવાં. સામુદાયિક ધર્મકાર્ય કરવાનું હોય, તેમાં જેનો જેટલો ભાગ હોય, તે સર્વ સમક્ષ જાહેર ન કરે, તો પણ પુણ્યનો નાશ થાય અને ચોરી આદિનો દોષ લાગે, એમ શાસ્ત્રે કહ્યું છે. જો શાસ્ત્રોમાં કહેવાએલી આ બધી વાતોને વિચારવામાં આવે, તો સૌને આ બધી વાતો બરાબર સમજાવી શકાય અને એથી શ્રી જિનભક્ત એવા સર્વ શ્રાવકોને લાગે કે–આપણે આપણી શક્તિ મુજબ પણ આપણી ગાંઠના દ્રવ્યથી જ શ્રી જિનપૂજા કરવી જોઈએ.

નહિ કરનાર છતાં મનોભાવ સારો અને કરનાર છતાં મનોભાવ ખરાબ–એ વિષે એક ઉદાહરણ :

સ૦ ગમે તેમ પણ શ્રી જિનપૂજા કરે, તો તેથી થોડો ઘણો પણ લાભ થાય ને?

શ્રી જિનપૂજા ગમે તેમ કરે અને તો પણ તેથી લાભ જ થાય, આવું વળી કયાંથી લઈ આવ્યા? કરે પૂજા, પણ આશાતના થાય એવી રીતિએ કરે, તો ય લાભ થાય? મનોભાવ ઉપર તો ફલનો મોટો આધાર છે. મનોભાવની તરતમતાના કારણે, ફલમાં પણ તરતમતા રહે છે. મનોભાવ વિપરીત

પ્રકારનો થઈ જાય, તો લાભને બદલે હાનિ પણ થઇ જાય.

શાસ્ત્રમાં બે વણિકોનું એક ઉદાહરણ આવે છે. એ બે વણિકોમાં એકનું નામ નન્દક હતું અને બીજાનું નામ ભદ્રક હતું. એ બન્નેની દુકાનો પાસે પાસે હતી.

નન્દક નામના વણિકે રોજ દેવપૂજા કરવાનો નિયમ ગ્રહણ કર્યો હતો. રોજ સવારે તે પહેલાં પૂજા કરવા જતો અને પૂજા કરીને આવ્યા પછી તે પોતાની દુકાન ખોલતો, જ્યારે ભદ્રક રોજ સવારે ઉઠીને સીધો પોતાની દુકાને જતો.

નન્દકને પૂજા કરવાને માટે જતો જોઈને, ભદ્રક રોજ વિચાર કરતો કે–'ધન્ય છે આ નન્દકને, કારણ કે–અન્ય સર્વ કૃત્યોને તજી દઈને, આ, રોજ સવારે ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા કરે છે! હું કેવો નિર્ધન, પાપી અને ધન કમાવાની લાલસામાં પડેલો છું, કે જેથી સવારે દિવસ ઉગ્યે અહીં આવું છું અને પામરોનાં મોંઢાં જોઉં છું! ધિક્કાર છે મારા જીવિતને અને મારા ગોત્રને પણ!' આવા વિચારો, એને રોજ આવતા હતા; અને એથી શાસ્ત્ર કહે છે કે–'આવા પ્રકારના ધ્યાન રૂપ જલ વડે કરીને, એ, પોતાના પાપમલને ધોતો હતો તથા પોતાના પુણ્યબીજને સીંચતો હતો.'

એક તરફ પૂજા નહિ કરનારા ભદ્રકની જ્યારે આવી મનોદશા વર્તતી હતી, ત્યારે બીજી તરફ રોજ પૂજા કરનારા નન્દકની એથી ઊલટી જ મનોદશા વર્તતી હતી. નન્દક વિચારતો હતો કે–'હું જે વખતે દેવપૂજા કરવાને જાઉં છું, તે વખતે આ ભદ્રક એકલો જ વેપાર કરે છે; એટલે, એ ઘણું ધન કમાઈ જશે! મેં અભિગ્રહ લઈ લીધો છે, એટલે બીજું કરું પણ શું? બાકી પૂજાનું ફલ તો બહુ દૂર છે અને અત્યારે

તો મને ધનની જ હાનિ રૂપ ફલ મળી રહ્યું છે!' આવા આવા કુવિકલ્પોથી, શાસ્ત્ર કહે છે કે–એ પોતાની પૂજાના ફલને હારી ગયો!

પૂજા નહિ કરવા છતાં પણ, ભદ્રકને સારા મનોભાવના યોગે લાભ થઇ ગયો; અને પૂજા કરવા છતાં પણ, નન્દકને ખરાબ મનોભાવના યોગે લાભ થવાને બદલે હાનિ પ્રાપ્ત થઈ! આથી, શ્રી જિનપૂજામાં પણ મનોભાવ જેમ અને તેમ સારો જ રાખવો જોઈએ અને પરિણામ સારા રાખ્યા વિના ધાર્યું પરિણામ આવે નહિ.

આવા કાળમાં ય શાસનની સુંદર પ્રભાવના થઈ શકે:

આ ઉદાહરણ ઉપરથી, ધનહીન શ્રાવકો પણ કેવા પ્રકારે લાભ લઇ શકે, એ વસ્તુ સૂચિત થાય છે. પોતે ધનહીન હોય તો, પોતે પૂજાદિ ન કરી શકતા હોય; પણ જે ધનસંપન્નો પૂજાદિ કરતા હોય, તેમની અનુમોદના તો એ કરી શકે ને? પૂજા કરનારાઓની અનુમોદના કરવા સાથે, શાસ્ત્રના વિધિ મુજબ શ્રી જિનમંદિરે જઈ ને, પોતાની કાયાથી બની શકે તેવાં શ્રી જિનમંદિરનાં અને શ્રી જિનભક્તિનાં કાર્યો તો એ કરી શકે ને? પણ પૂજા માટે કશો જ ખર્ચ કરી ન શકે–તેવી સ્થિતિ હોય, એવા જૈનો, આજના વિષમ કાળમાં ય થોડા છે. પૂજા માટે થોડું પણ ખર્ચ કરી શકે, એવા જૈનો તો, આજની સ્થિતિમાં ય, મોટી સંખ્યામાં છે. જો આ બધાને આ વસ્તુ બરાબર સમજાઈ જાય, તો આ કાળમાં પણ ભાગ્યે જ કોઈ મંદિરને કેસર, સુખડ આદિ માટે ચિંતા કરવાની જરૂર પડે! કદાચ કોઈ ઠેકાણે ખૂટતું હોય, તો આજે સુખી જૈનો પણ એટલા

છે કે–એને પહોંચી શકે. ખરી ખામી તો, ભગવાન પ્રત્યેની ભક્તિના ભાવમાં જ આવતી જાય છે; અને એ ખામીથી, અનેકવિધ અનર્થો જન્મ્યા કરે છે. જેના હૈયામાં ભક્તિનો ભાવ જાગે, તે તો વિધિ આદિને ન જાણતો હોય, તે છતાં ય પોતાનાથી જે કાંઈ લાવી શકાય તે લાવીને, ભગવાનના ચરણે ધર્યા વિના રહે નહિ. તમને ઘર આદિ કરતાં, શ્રી જિનમંદિરાદિ વધારે ગમતાં બની જાય; અને 'આ મનુષ્યજન્મમાં આવીને મારે જેમ બને તેમ પાપથી નિવૃત્ત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ'–એમ લાગી જાય; તો, આ કાળમાં પણ શાસનની સુન્દર પ્રભાવના થઈ શકે. બહારની બરાબીઓ કરતાં પણ અન્તઃકરણની બરાબીઓ બહુ જ નુકશાનકારક નિવડે છે. જેનું અન્તઃકરણ સ્વચ્છ બની જાય છે, પાપથી રહિત બનવાની ચિન્તામાં ચોજાઇ જાય છે, તેને માટે મુશ્કેલીમાં પણ ધર્મારાધન સહેલું બની જાય છે અને મન મલિન હોય, તો ઘણી સારી સામગ્રીનો યોગ પણ ધર્મારાધનને સુલભ બનાવતો નથી. આ મનુષ્યજન્મનાં જ્ઞાનિઓએ કયા વિશિષ્ટ હેતુથી વખાણ કર્યાં છે, એ વાત જો તમારા ખ્યાલમાં બરાબર આવી જાય, તો તમારા સઘળા પ્રયત્નની દિશા જ ફરી જાય. પછી, તમે સાધુ ન બની શકો તો પણ, ગૃહસ્થપણે ય ઉત્તમ જીવનને જીવનારા બની શકો અને દુર્ગતિઓ તો તમારાથી દૂર જ ભાગતી ફરે. હવે તો, તમે, એ માટે પ્રયત્ન કરવાના જ ને? 'જોઈએ છે એક મોક્ષ અને જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી ધર્મસામગ્રી તથા ધર્મસાધનની અનુકૂળતા જોઈએ છે.'–આ સિવાયની કોઈ ઇચ્છા ન રહે, તો પણ આ જીવન ઘણે અંશે સાર્થક થઇ જાય.

દુર્ગતિનો ડર પેદા કરવો સહેલો છે, પણ દુર્ગતિનાં કારણોનો ડર પેદા કરવો મુશ્કેલ છે :

અનન્ત ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે–કષાયોથી અને ઇન્દ્રિયોથી જીતાએલો આત્મા, એ સંસાર છે અને કષાયોને તથા ઇન્દ્રિયોને જે આત્મા જીતી ચૂકયો છે, તે મોક્ષ છે– એમ ભગવાન શ્રી અરિહંતદેવો આદિએ ફરમાવ્યું છે. કષાયો ઉપર અને ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણપણે વિજય મેળવીને, અત્યાર સુધીમાં, અનન્તા આત્માઓએ પોતાના મોક્ષપર્યાયને પ્રગટ કર્યો છે અને એવા અનન્તા આત્માઓ શ્રી સિદ્ધિપદે વિરાજે છે, કે જેઓને આપણે 'નમો સિદ્ધાણં' એમ કહીને, નમસ્કાર કરીએ છીએ. જે જીવોએ હજુ પણ પોતાના મોક્ષપર્યાયને પ્રગટ કર્યો નથી, અથવા તો, જે જીવો પોતાના મોક્ષપર્યાયને પ્રગટ કરી શકયા નથી, તેઓ સંસારમાં રૂલે છે. આપણે પણ એમાંના જ છીએ, કારણ કે–આપણો મોક્ષપર્યાય હજુ પ્રગટ થયો નથી. જે જીવોનો મોક્ષપર્યાય પ્રગટ થયો નથી અને એથી જે જીવો સંસારમાં રૂલે છે, તે જીવો પૈકીના જે જીવો અવ્યવહાર રાશિમાંથી નીકળીને વ્યવહાર–રાશિમાં આવ્યા છે, તેઓ ચાર ગતિઓ દ્વારા સંસારમાં પરિભ્રમણ કરે છે. સંસારમાં રૂલનારા એવા જીવોને માટે, સંસારમાં પરિ-

ભ્રમણ કરવાનાં સ્થાનો ચાર છે. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ,–આ ચાર ગતિઓ સિવાય, વ્યવહારરાશિમાં આવેલા સંસારી જીવોને માટે, કોઈ સ્થાન નથી. આ ચાર ગતિઓ પૈકી બે ગતિઓ–નરકગતિ અને તિર્યંચગતિ –આપણને પસંદ નથી. શાથી એ બે ગતિઓ પસંદ નથી ? ત્યાં દુઃખ બહુ છે, માટે ને ? નરકગતિમાં અને તિર્યંચગતિમાં નથી જવું, એમાં તો મતભેદ નથી; પણ શા માટે નરકગતિમાં અગર તિર્યંચગતિમાં નથી જવું ? ત્યાં ધર્મસામગ્રીનો અભાવ છે, એ માટે ? જેને ધર્મ સિવાય કોઈ ચીજનો ખપ નથી, તેને તો દેવગતિમાં જવાનું પણ ગમે નહિ. એને તો એમ જ થાય કે–' મને તો મનુષ્યગતિ મળે તો સારૂં, કે જેથી ધર્મની સુન્દર પ્રકારે આરાધના કરી શકાય.' એને દુઃખનો ડર હોય, તો ય તે એ પૂરતો હોય કે–' દુઃખમાં ધર્મ સાધવાજોગું સત્ત્વ મારામાં નથી, માટે દુઃખના યોગે મારી ધર્મસાધનામાં વિઘ્ન આવવાનો સંભવ છે. આથી, દુઃખ ન મળે અને મારી ધર્મસાધનામાં વિઘ્ન આવે નહિ, તો સારૂં !' આવી મનોવૃત્તિ જેની હોય, તેને પણ નરકગતિ અને તિર્યંચગતિ પસંદ પડે નહિ, કેમ કે–નરકમાં પણ ધર્મસામગ્રી નથી અને તિર્યંચગતિમાં પણ ધર્મ પામવો અને ધર્મ પાળવો –એ અતિશય મુશ્કેલ છે. તમે આવી ઇચ્છાથી જ અને આવી સમજથી જ, નરકગતિને અને તિર્યંચગતિને નાપસંદ કરો છો ને ? કે કેવળ દુઃખના ડરથી જ, એ ગતિઓ, તમને પસંદ નથી એમ કહો છો ?

સ૦ ધર્મસામગ્રી ન મળે એથી પણ ન ગમે.

તો અહીં જે ધર્મસામગ્રી મળી ગઈ છે, તેનો તમે

કેટલો સદુપયોગ કરો છો ? અહીં જે ધર્મસામગ્રી મળી છે, તેની તમને કેટલી કિંમત છે, એના ઉપરથી માપ નીકળી શકે. બાકી, દુર્ગતિનો ડર, નાસ્તિક સિવાય કોને નથી ? નરકમાં આટલાં આટલાં દુઃખો છે અને તિર્યંચગતિમાં પણ અમુક અમુક દુઃખો છે–એ વગેરે સાંભળતાં, નરકગતિનો અને તિર્યંચગતિનો ડર તો પેદા થઈ જાય, પણ ડરવા માત્રથી શું વળે ? દુર્ગતિનો ડર પેદા કરવો સહેલો છે, પણ દુર્ગતિનાં કારણોનો ડર પેદા કરવો મુશ્કેલ છે. જ્ઞાનિઓ તો દુર્ગતિનાં કારણોનો ડર પેદા કરવા માગે છે. દુઃખથી ડરતા હોય, એટલે દુર્ગતિનો ડર હોય, પણ સંસારસુખના રસિક હોય એટલે દુર્ગતિનાં કારણોનો તો રસ હોય, એવા તો ઘણા જીવો છે. આપણે તો દુર્ગતિનાં કારણોથી બચવું જોઇએ; દુર્ગતિનાં કારણોથી મૂકાવાનો આપણે પ્રયાસ જોઇએ. દુર્ગતિનાં કારણોથી બચી કોણ શકે ? જીવમાં જ્યારે અમુક યોગ્યતા પ્રગટે છે, ત્યારે જ તેનામાં દુર્ગતિનાં કારણોથી બચવાની વૃત્તિ પણ પ્રગટે છે.

આયુષ્યબંધ માટેની સાવચેતી :

જ્ઞાનિઓએ ચારે ય ગતિના આયુષ્યના બંધનાં કારણોનું પણ વર્ણન કરેલું છે. નરકગતિના આયુષ્યના બંધનાં કારણો કયાં કયાં છે, તિર્યંચગતિના આયુષ્યના બંધનાં કારણો કયાં કયાં છે, મનુષ્યગતિના આયુષ્યના બંધનાં કારણો કયાં કયાં છે અને દેવગતિના આયુષ્યના બંધનાં કારણો કયાં કયાં છે, એનું જ્ઞાનિઓએ વર્ણન કર્યું છે. જેને દુર્ગતિ ન જોઇતી હોય, તેણે દુર્ગતિના આયુષ્યના બંધનાં કારણોથી દૂર રહેવું

જોઈએ ને ? એ કારણો સમજાય અને સમજીને યાદ રખાય, તો જ તેનાથી દૂર રહી શકાય ને ? એ કારણોને એકદમ તજી દેવાં–એ સહેલું નથી, પણ 'એ કારણોનો મારે ત્યાગ કરવો જોઈએ'–એમ તો થવું જોઇએ ને ? 'એ કારણો સેવવા જેવાં નથી'–એમ જો લાગે, તો એ કારણોને સેવવાં પડે તો ય, એ કારણોને સેવતાં સેવતાં હૈયું કંપ્યા કરે ને ? એ કારણોને તજવાની વૃત્તિ હોય અને સંયોગાદિને વશ થઈને એ કારણોને સેવવાં પણ પડતાં હોય, તો પણ એ કારણોને સેવતી વખતે પણ 'આ નહિ સેવવા લાયક સેવાય છે'–એમ મનમાં થાય અને પછી પણ એને માટે પશ્ચાત્તાપાદિ થાય; એટલે, એ કારણોને રસપૂર્વક સેવાય પણ નહિ તથા પાછળથી તેની અનુમોદનાદિ પણ થાય નહિ; અને એથી, એ કારણોનું સેવન પણ દુર્ગતિના આયુષ્યના બંધનું કારણ બને નહિ. જીંદગીમાં આયુષ્યનો બંધ એક જ વાર પડે છે અને તે પણ અંતર્મુહૂર્ત્ત કાળ જેટલા સમયમાં જ આયુષ્યનો બંધ પડે છે, ત્યારે આયુષ્યના બંધ માટે કેટલી બધી સાવધગીરી રાખવી જોઇએ ? જે બાઈને વીજળીના પ્રકાશમાં સોયમાં દોરો પરોવી લેવો હોય, તે બાઈ કેટલી બધી સાવધ રહે ? વીજળી ઝબુકે ત્યારે સોય–દોરો લેવા જાય કે પહેલેથીજ સોય–દોરો લઇ રાખે ? સોય–દોરો લઇને પણ નીચે મૂકી રાખે કે હાથમાં ને હાથમાં રાખી મૂકે ? એ એટલી સાવધ રહે છે કે–આમ જેવી વીજળી ઝબુકે છે, તેવી જ તે સોયમાં દોરો પરોવી દે છે. આયુષ્યના બંધને માટે પણ, એવી સાવચેતી રાખવી પડે : કારણ કે–કયારે આયુષ્યનો બંધ પડશે, તેની નિશ્ચિત ખબર નથી અને જો બીનસાવચેતીમાં આયુષ્યનો બંધ પડી ગયો, તો પછી

તેમાં ગતિનો ફેરફાર થઈ શકતો નથી. આયુષ્યકર્મ બંધાઇ ગયું, એટલે ખલાસ. એ ગતિમાં ગયે જ છૂટકો. આમ નિયમ કે– સમ્યગ્દૃષ્ટિ માનવી નિયમા વૈમાનિક દેવ થાય, પણ સમ્યગ્દર્શન પામતાં પૂર્વે જો આયુષ્યનો બંધ પડી ગયો હોય, તો સમ્યક્ત્વ એમાં ગતિ સંબંધી કોઈ ફેરફાર કરી શકે નહિ; અથવા તો, સમ્યગ્દર્શન આવ્યા પછી પણ જો તે ચાલ્યું ગયું હોય, તો તે પછી પડનારા આયુષ્યના બંધમાં પણ, તેની તેવી અસર રહે નહિ. જે વખતે આયુષ્યનો બંધ પડે, તે વખતે જો માનવીમાં સમ્યગ્દર્શન ગુણ વિદ્યમાન હોય, તો જ તે માનવીને નિયમા વૈમાનિક દેવનું આયુષ્ય બંધાય.

'દુર્ગતિનાં કારણો સેવવા લાયક જ નથી'–એમ લાગ્યા કરે એવું મન કેળવવું જોઈએ :

આત્મા કયારે ધર્મ તરફ વળી શકશે અને ધર્મને કેમ પામી શકશે, એ ચાલુ વાત એટલી બધી મહત્ત્વની છે કે–એ વાતને વિચાર્યા વિના ચાલી શકે તેમ નથી; પરન્તુ હાલ તો તમારી માગણીથી ચાર ગતિઓનાં કારણોનો વિચાર કરવાનો રાખ્યો છે; આટલી સામગ્રીને પામીને, હવે દુર્ગતિથી તો અવશ્ય બચી જવું છે, એમ તમને થાય ને ? આજે જે લોકો ધર્મક્રિયાઓને આચરે છે, તેઓના મનમાં વિશેષ કાંઈ નહિ, તો ય એટલું તો ખરું જ ને કે–' આ ધર્મક્રિયાઓના યોગે, મારાં દુર્ગતિનાં દ્વાર બંધ થઈ જાય અને મને સદ્ગતિ મળે ? ' જો દુર્ગતિથી બચવાનો ઈરાદો હોય, તો પણ તમને એવો વિચાર આવે કે–' અત્યાર સુધીમાં હું બહુ રખડ્યો છું અને મેં ઘણાં ઘણાં દુઃખોને વેઠયાં છે, કેમ

કે–મને દુર્ગતિનાં કારણો કયાં અને સદ્ગતિનાં કારણો કયાં, એનું ભાન નહોતું. હવે તો, મને મારા કોઈ મહાપુણ્યના ઉદયે, એવી સામગ્રી મળી ગઈ છે, કે જેથી કેમ વર્તવાથી દુર્ગતિમાં જવું પડે અને કેમ વર્તવાથી સદ્ગતિમાં જઈ શકાય, એનું મને ભાન થયું છે. દુર્ગતિનાં કારણોથી બચવાનો તથા સદ્ગતિનાં કારણોને સેવવાનો, મને સુન્દર યોગ મળી ગયો છે. આટલું જાણવા છતાં પણ અને આટલો સુન્દર સુયોગ મળવા છતાં પણ, અહીં જો હું ભૂલ્યો, તો પાછું મારે ઘણું રખડવું પડશે અને તેમ થશે તો, આ બધી આળપંપાળ નકામી જવાની !' જેણે દુર્ગતિનાં કારણોને જાણ્યાં હોય, તેને તો એમ થાય ને કે–'જો આ કારણોને સેવ્યાં ને ચૂક્યા, તો ત્યાં જવું જ પડશે !' તમે કહો કે–અમારે દુઃખ નથી જોઇતું અને અમારે દુર્ગતિ નથી જોઇતી, પણ એમ કહેવા માત્રથી કાંઈ ચાલે ? તેનાં કારણોને સેવીએ અને એમાં બેફામ બનીએ, તો દુર્ગતિ થયા વિના રહે નહિ. ભગવાન શ્રી તીર્થંકરદેવના આત્માઓએ પણ જો ભૂલ કરી, તો એ તારકોના આત્માઓને પણ એ અવસ્થા ભોગવવી જ પડી, ત્યાં આપણી તો ગણત્રી જ શી છે ? એટલે, જો દુર્ગતિથી બચવું જ હોય, તો દુર્ગતિનાં કારણોને જાણીને, એ કારણોને તજવાનો પ્રયાસ કરવો જોઈએ.

સ૦ સદ્ગતિનાં કારણોને પણ સેવવાનાં ને ?

દુઃખથી ડરવાના યોગે અને માત્ર સંસારના સુખને જ કારણે જેઓ સદ્ગતિનાં કારણોને સેવે, તેને સદ્ગતિ મળી જાય, થોડો કાળ સુખસામગ્રી મળી જાય, પણ તે સુખ-સામગ્રીના કાળમાં એ ભૂલ કરે ને ? રાગમાં રગદોળાય ને ?

એ વચ્ચે આંતરો નાખીને દુર્ગતિમાં ભટકવા જાય, એમ બને ને ? સુખસામગ્રી મળી ગઇ અને સુખસામગ્રીના તાનમાં દુર્ગતિનાં કારણોને રસપૂર્વક સેવ્યાં, તો પરિણામ શું આવે? એને બદલે, મન જ એવું કેળવવું જોઇએ કે–દુર્ગતિનાં આ કારણો સેવવા લાયક જ નથી. આ કારણોને સેવવાના યોગે, જે કોઈ સુખ મળતું હોય, તે સુખ મારે જોઈતું નથી; અને આ કારણોને નહિ સેવવાને માટે મારે જે કોઇ દુઃખ વેઠવું પડે તેમ હોય, તે દુઃખને વેઠવાની મારી તૈયારી છે.' સ્વભાવ એવો બની જવો જોઈએ કે–દુઃખના ડરથી કે સુખના લોભથી, દુર્ગતિનાં કારણોને સેવવાનું મન થાય નહિ.

પર્વતિથિઓ અને આયુષ્યબંધ :

સ૦ દુર્ગતિનું આયુષ્ય બંધાવા પામે નહિ અને સદ્‌ગતિનું આયુષ્ય બંધાય, એ માટે પર્વતિથિઓનું આરાધન કરાય છે ને ?

પર્વતિથિઓ પૈકી બીજ, પાંચમ, આઠમ, અગીઆરશ અને ચૌદશ–એ પર્વતિથિઓએ પ્રાયે કરીને પરભવ માટેના આયુષ્યકર્મનું ઉપાર્જન જીવ કરે છે, પણ એનો અર્થ એવો નથી જ થતો કે–એ સિવાયની કોઈ તિથિએ કોઈને ય આયુષ્યનો બંધ પડે જ નહિ ! મોટે ભાગે, બીજ આદિ પાંચ પર્વતિથિઓએ આયુષ્યકર્મનું ઉપાર્જન થાય છે; પણ કેટલાક જીવોને એ સિવાયની તિથિઓએ પણ આયુષ્યનો બંધ થાય એ શકય છે; માટે, આત્માએ સાવધ તો સર્વકાળને માટે રહેવું જોઈએ. બીજ આદિ પાંચ પર્વતિથિઓએ જીવ પ્રાયઃ પરભવના આયુષ્યનું ઉપાર્જન કરે છે, એ હેતુને લક્ષ્યમાં

રાખીને પર્વતિથિઓનું આરાધન કરનારાઓ, તે તે તિથિઓના દિવસે પણ બહુ સાવધ રહે છે ? તમે એ દિવસોએ આરંભાદિને બરાબર તજો છો ? ઉપવાસાદિ કરો છો, પણ આરંભાદિને કેટલા તજો છો ? ઊલટું, ઉપવાસ હોય એટલે ખાવા વગેરેમાં વખત જતો બચે, તો પેઢી આદિનું કામ વધારે કરે, એવા પણ ખરા ને ? તે દિવસે આરંભાદિમાં વધારે રક્ત બને, તેનું શું થાય ? એમ થાય, તો હેતુ કેટલો સરે ? બચવાને માટે જે કર્યું હતું, તે પણ ફસાવવામાં વધારે મદદ રૂપ થાય, એમ પણ બને ને ? એટલે, સાવચેતી હંમેશાં રાખવી જોઈએ અને બીજ, પાંચમ, આઠમ, અગીઆરશ અને ચૌદશે તો વિશેષ પ્રકારે સાવચેતી રાખવી જોઈએ. એ દિવસોએ આરંભાદિને તજવાનો વિશેષ પ્રયત્ન કરવો જોઇએ. બાકી તો, જ્યારે જ્યારે દુર્ગતિના આયુષ્યના બંધનાં કારણોને સેવવાં પડે, ત્યારે ત્યારે યાદ આવવું જોઇએ કે–'નહિ કરવા લાયક મારે કરવું પડે છે; અહીં ભૂલ્યા ને રસીયા બન્યા, તો દુર્ગતિના આયુષ્યનો બંધ પડી જવાનો !' દુર્ગતિનાં કારણોને જે જે કોઈ જાણે, તે તે બધાઓ દુર્ગતિનાં કારણોને છોડી જ દે–એમ કહેવાય નહિ; કેમ કે–એ કારણોને જાણવા છતાં પણ, એ કારણોને છોડવા ન દે–એવી સામગ્રી અંદર બેઠી હોય, એ પણ શક્ય છે. તેવા પ્રકારનાં કર્મો પહેલાં બંધાઈ ગયાં હોય, તો ત્યાં શું થાય ? એ એકદમ કેમ છોડવા દે ? પણ એ કારણોને સેવતાં જો સાવચેત રહેવાય, તો ય ઘણું કામ થાય. સંયોગવશાત્ એ કારણોને સેવવા છતાં પણ, એ કારણોને હેય જ માનતા હોવાથી, એ કારણોનો રસ નહિ હોવાથી, ઘણાએ દુર્ગતિમાં નથી ગયા અને સુગતિને પામ્યા છે. આથી,

કદાચ એકદમ એ કારણોને તજી ન શકાય, તો પણ એ કારણોને તજવા જેવાં માનવાં, એ કારણોને રસથી સેવવાં નહિ, એ કારણોને સેવતાં રસ આવી જાય તો તેને કાઢી નાખવાની કાળજી રાખવી અને એ કારણોનેં સેવતાં પણ એવા સાવધ રહેવું જોઇએ, કે જેથી એ સાવધગીરી એ કારણોને દુર્ગતિનું ફલ આપવામાં નિષ્ફલ બનાવી દે. જેઓ દુર્ગતિનાં કારણોને જાણીને, એકદમ એને તજી દેવાને સમર્થ ન હોય, તેઓ પણ આટલું તો નક્કી કરી શકે છે ને ?

ભૂલ કરાય તો ફળ પણ ભોગવવું પડે !

ચાર ગતિઓમાં નરકગતિ અને તિર્યંચગતિ, એ બન્ને દુર્ગતિઓ કહેવાય છે. નરકમાં દુઃખ બહુ છે અને તિર્યંચમાં કદાચ કોઈ કોઇ જીવને સુખસામગ્રી મળે, તો ય વિવેકવિકલતા છે. તમને દુઃખ તો ગમતું જ નથી ને ? દુઃખ ન ગમતું હોય, એટલે દુર્ગતિ ન જોઇએ–એમ તો થાય, પણ ' મારે દુર્ગતિ નથી જોઈતી '–એવો વિચાર માત્ર કરાય, તો એટલા માત્રથી દુર્ગતિ ન મળે, એવું બને ખરું ? આવામાં ભૂલ કરીએ, અધિક આઇએ અગર ન પચે તેવું આઇએ, તો પેટમાં દુઃખે ને ? કેમ ? કાયદો કે–જે ભૂલ કરીએ તેનો નતીજો ભોગવવો પડે. તેમ, અહીં પણ જો દુર્ગતિમાં ઘસડી જાય તેવાં પાપોને રસથી સેવીએ, તો દુર્ગતિમાં જવું જ પડે. ચાર ગતિઓમાં જેવી સુખસામગ્રી દેવગતિમાં છે, તેવી જ દુઃખસામગ્રી નરકગતિમાં છે; તિર્યંચગતિમાં ક્વચિત્ સુખ, બાકી દુઃખ; અને મનુષ્યગતિમાં વિવેકને પામવાનો તથા વિવેકને સફલ કરવાનો ઘણો અવકાશ. આથી, આપણને દુર્ગતિઓ પસંદ

પડે નહિ, પણ એ ગતિઓમાં ન જવું હોય, તો એનાં કારણોને જાણવાં પડે અને એ કારણોથી બચવાનો પ્રયત્ન પણ કરવો પડે ! ઉપકારિઓએ, શાસ્ત્રોમાં, ચારે ય ગતિઓનાં કારણોને પણ વર્ણવેલાં છે. પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ, શ્રી યોગશાસ્ત્રમાં અને અન્યત્ર પણ, એ ચારે ય ગતિઓના આયુષ્યકર્મના આશ્રવોને વિસ્તારથી વર્ણવ્યા છે. જેને દુર્ગતિ ન જોઈતી હોય, તેણે દુર્ગતિનાં તે તે કારણોથી બચવું પડે ને ? દુઃખનાં કારણોને સેવાય અને દુઃખ ન આવે, એ કેમ બને ? હાથમાં તીક્ષ્ણ હથિયાર મારીએ, તો લોહી નીકળે ને ? તરત ઉપચાર ન કરીએ, તો કદાચ એ પાકે ને ? પાકયા પછી બેદરકારી રાખીએ અને કુપથ્યોનું સેવન કરીએ, તો વેદના વધી જાય, દર્દ અસાધ્ય બની જાય અને ચીસો માર્યા કરીએ પણ દર્દને ટાળવાનો ઉપાય જડે નહિ, એવું પણ બને ને ? એવી જ રીતિએ, 'નરકના આયુષ્યને બંધાવનારાં કારણોને સેવીએ અને તેમાં જ રસ અનુભવીએ, તો નરકગતિ ન મળે એવું બને શી રીતિએ ?'–એવું તો તમે સમજો છો ને ?

હેય તે હેય જ–એટલું બરાબર માનતા હો તો ય દુર્ગતિ તમારું નામ લઈ શકે નહિ :

ત્યારે, નરકના આયુષ્યને બંધાવનારાં કારણોને છોડવાં છે, એમ મનમાં થાય ખરું ? નરકનાં કારણોને છોડવાની ઈચ્છા થાય, તો ય મોટા ભાગના જીવો એ કારણોને સર્વથા છોડી શકવાના નથી; પણ એ કારણોને છોડવાની ઈચ્છા થાય છે કે નહિ ? 'શક્ય હોય તો મારે એ કારણોને સેવવાં

નથી અને એ કારણોને સેવવાં ન પડે–એવી સ્થિતિને પેદા કરવાનો પ્રયત્ન કર્યા કરવો છે'–એમ ઉંડે ઉંડે પણ થાય છે ? નરકમાં નથી જાવું, એવું તો મનમાં છે જ ને ? નરક હશે કે નહિ, એવો વિચાર આવે–એવા નાસ્તિક તો તમે નથી; નહિ તો, પહેલાં એ વાત કરવી પડત. 'નરક છે, નરકમાં દુઃખ બહુ છે અને જે કોઇ મહાપાપ કરે તેને નરકમાં જવું પડે'–આ વાત તમે તો સમજો છો; ત્યારે કહો કે–તમને પાપ કરતાં શું થાય છે ? બીજાને શિખામણ દેતાં તો તમે કહો છો કે–' પાપ કરે તે દુઃખી થાય ' પણ તમે પાપ કરો, ત્યારે તમને લાગે છે ખરૂં કે–'હું દુઃખને ખરીદી રહ્યો છું ?' નરકના આયુષ્યના આશ્રવનાં કારણોથી જેને બચવાની ઇચ્છા થાય, તેને તે કારણો તે સેવતો હોય તે છતાં ય, વખતે નરકના આયુષ્યનો બંધ ન યે પડે. આ કારણોને તજાય તો બહુ સારૂં, માટે પહેલો ઉપદેશ તો આ કારણોને તજવાનો જ અપાય; પણ જે એને તરતમાં તજી શકે તેમ ન હોય, તેને શું કહેવાય ? એ જ કે–સાવધ બની જા અને એને છોડવાની પેરવીમાં પડી જા ! ઉપકારિઓએ, એ માટે તો, પહેલાં સાધુધર્મનો ઉપદેશ આપવાનું કહ્યું; સાધુધર્મને સ્વીકારવાને માટે જે અશક્ત હોય, તેને દેશવિરતિધર્મનો ઉપદેશ આપવાનું કહ્યું; અને દેશવિરતિનો સ્વીકાર કરવા જોગી પણ જેનામાં શક્તિ ન હોય, તેને સમ્યક્ત્વનો ઉપદેશ આપવાનું કહ્યું. આમ, ધર્મની ચઢતી-ઉતરતી પાયરી રાખી છે. જે જીવ જ્યાં ચઢી શકે તેમ હોય, ત્યાં તેને ચઢાવવો–એમ રાખ્યું છે. પહેલાં તો અમે સૌથી સારો રસ્તો જ બતાવીએ. હાલ ને હાલ તમે સાધુ થઈ શકો તેમ છો ? ના. શ્રાવકધર્મનાં બારે ય વ્રતોને ગ્રહણ કરીને અલ્પારંભી

અને અલ્પ પરિગ્રહી આદિ બની શકો તેમ છો ? તે પણ બધા માટે મુશ્કેલ. ત્યારે દુર્ગતિનાં કારણો અવશ્ય તજવા યોગ્ય છે, એવી માન્યતામાં તો તમે બરાબર મક્કમ જ છો ને ? એ કારણોને સેવવા છતાં પણ, જેને એ માત્ર હેય જ લાગે, એને ય નરકનું આયુષ્ય બંધાય નહિ. તમે સાધુ નથી થઈ શકયા અને દેશવિરતિધર પણ ન બની શકયા હો, તો પણ હેય તે હેય જ એટલે સુધી પણ જે આવી ગયા હો, તો પણ દુર્ગતિ તમારું નામ લઈ શકે નહિ. ધારો કે–અત્યાર સુધી 'આ કારણો હેય જ છે'–એમ નહોતું લાગ્યું, પણ આજે સાંભળ્યું અને હવે જ્યારે જ્યારે એ કારણોને સેવવાં પડે, ત્યારે ત્યારે હૈયું હાલી ઉઠે, એવું ય હૈયું છે ? આ કારણોને જે સર્વથા તજી શકે તેમ હોય, તેણે તો આ કારણોને હમણાં ને હમણાં જ સર્વથા તજી જ દેવાં; સર્વથા ત્યાગ શકય ન હોય, તો ય એના સેવનમાં મર્યાદિત બની જવું; અને એ ય ન બને, તો પણ હેયબુદ્ધિને તો જીવન્તની જીવન્ત જ રાખ્યા કરવી. છેવટનો ઉપાય એ કે–જો હાલ આ કારણોના સેવનથી બચી શકાય એવા સંયોગો ન જ હોય, તો પણ જ્યારે જ્યારે આ કારણોને સેવવાં પડે, ત્યારે ત્યારે તો જરૂર એટલી સાવધગીરી રાખવી કે–મન એના સેવનમાં રસ અનુભવે નહિ.

નિરપરાધી ત્રસ જીવની હિંસાનો ત્યાગ પણ શું સૂચવે છે ?

નરકના આયુષ્યના આશ્રવનાં કારણોમાં, પહેલું કારણ–પંચેન્દ્રિય પ્રાણિવધ. કોઈ પણ પંચેન્દ્રિય પ્રાણિનો વધ કરવાની વાતમાં તો, તમારું દિલ નારાજ જ ને ? દુશ્મનનું પણ મરણ

મારાથી મારા સ્વાર્થને ખાતર ન ઇચ્છાય, એટલો તો મનમાં નિર્ણય ખરો ને ? દુશ્મન પણ મરી જાય ને મનમાં જો માત્ર એટલું પણ આવી જાય કે–' ઠીક જ થયું '–તો પણ એના વધનું પાપ લાગે.

સ૦ કોઈ કસાઇ મરી જાય, તો ઠીક થયું એમ ન થાય ? એના હાથે ઘણા જીવોનો જે સંહાર થતો હતો, તે તો અટક્યો ને ?

કસાઈનું પણ ભૂંડું ઇચ્છાય નહિ. એ હિંસાથી બચે, એમ ઇચ્છાય; પણ એના ય મરણને ઇચ્છાય નહિ. ઘણા જીવોનો સંહાર થતો અટક્યો તે સારૂં થયું, પણ બીચારો ઘણું ભયંકર પાપ ઉપાર્જીને ગયો, એમ થવું જોઈએ. કોઈએ કોઈના પણ મરણને ઇચ્છવું જોઈએ નહિ–એટલું જ નહિ, પણ કોઈના ય મરણની અનુમોદના સરખી પણ કરવી જોઇએ નહિ. સારૂં ય જગત્ અહિંસક બનો–એવી ભાવના જરૂર કરીએ, જગતના જીવોને હિંસાથી બચાવવાને માટેની યોજના પણ શક્તિ અને સામગ્રીના પ્રમાણમાં જરૂર કરવી જોઈએ, પણ આપણા હાથમાં સત્તા આવી જાય તો આપણે હિંસકોને મારવા નીકળી પડીએ, એ કેમ જ બને ? હિંસકોને મારવાને માટે, આપણે પણ હિંસક જ બનવું પડે ને ? એમ જો વિચાર કરો, તો, જગતમાં તમે કેટલાને હાનિ કરીને જીવો છો ? તો, એ જીવો તમારે માટે શું ચિન્તવે ? શાસનના પ્રત્યનિકોને સજા કર્યાના પ્રસંગો આવે છે, પણ તેમાં ય હૈયે એકલું શાસન બેઠેલું હોય છે. કૃત્ય ક્રૂર લાગે, પણ હૈયે ક્રૂરતા ન હોય. હૈયે તો, એના પ્રત્યે પણ દયાભાવ જ હોય. નરકના આયુષ્યકર્મના આશ્રવના આ પહેલા કારણમાં, તમારે એમ

કહેવું જોઇએ કે–' હું મારા સ્વાર્થને માટે પણ કોઈ પંચેન્દ્રિય પ્રાણિનો વધ કરવાને ઈચ્છતો નથી, એનો વધ કરવાની કોઈ પણ યોજનામાં હું સામેલ થવાની વૃત્તિવાળો નથી અને કોઇનો વધ થઈ જાય તો ય તેનું અનુમોદન થઈ જાય નહિ, તેની કાળજી રાખું છું.' ગૃહસ્થને, પહેલા અણુવ્રતમાં, ત્યાગ નિરપરાધી ત્રસ જીવની હિંસાનો છે; સ્થાવર જીવોની અને અપરાધી ત્રસ જીવોની હિંસા નહિ કરવાનો, એને નિયમ નથી; પણ એની વૃત્તિ, સ્થાવર જીવોને માટે અથવા તો અપરાધી ત્રસ જીવોને માટે પણ, હિંસક હોય કે અહિંસક હોય ? એને સ્થાવર અને અપરાધી ત્રસ જીવોની હિંસા કરવી પડે, એ બને; પણ શ્રાવકને સ્થાવર અને અપરાધી ત્રસ જીવોની હિંસા કરવી પડે, એ ગમે ખરું ? નહિ જ. નિરપરાધી ત્રસ જીવોની હિંસા નહિ કરવાનો તો નિયમ જ, પણ એથી એવું તો નહિ જ ને કે–સ્થાવર અને અપરાધી ત્રસ જીવોની હિંસા કરવામાં વાંધો નહિ ? શ્રાવકને અમુક હિંસાનો ત્યાગ અને બીજી હિંસાનો ત્યાગ નહિ, એનું કારણ શું ? એનાથી શકય નથી, માટે ને ? એનો અર્થ એવો તો નહિ ને કે–સ્થાવર જીવોની હિંસાથી બચવાની એને કાળજી હોય નહિ અને અપરાધી ત્રસ જીવને તો એ હણી જ નાખે ? હિંસા થઇ જાય નહિ એની અને હિંસા કરવી પણ પડે તો ય આત્મામાં હિંસક ભાવ આવી જાય નહિ, તેની કાળજી રાખવી જોઈએ. હિંસા પ્રત્યે અણગમો પ્રગટ્યો, માટે તો પહેલું અણુવ્રત લીધું અને તેમાં નિરપરાધી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કર્યો ! આમ, નિરપરાધી ત્રસ જીવોની હિંસા સિવાયની હિંસાનો ત્યાગ કર્યો નહિ : કારણ કે–પોતાને

જે સ્થિતિમાં રહેવું પડે તેમ છે, તે સ્થિતિમાં એ ત્યાગ કરી શકાય તેમ નથી ! એટલે, હૈયામાં અહિંસકભાવ તો પ્રગટ્યો જ છે, પણ સંપૂર્ણપણે હિંસાથી વિરામ પામવા જોગી સ્થિતિ નથી, માટે 'નિરપરાધી ત્રણ જીવોની હિંસા તો હું કરું પણ નહિ અને કરાવું પણ નહિ'–એવો નિયમ ગ્રહણ કરે છે.

હિંસાનો રસ ન હોય છતાં સંયોગવશ કરવી પડે છે ને ?

રાજા વગેરેને પંચેન્દ્રિય પ્રાણિના વધની ઈચ્છા ન હોય, તો પણ તેઓ જે સ્થાને હોય છે, તે સ્થાનના ઔચિત્યને અંગે પણ તેમને યુદ્ધમાં ઊતરવું પડે–એ શક્ય છે. પોતે રાજા છે, એટલે રાજ્યનું રક્ષણ કરવું, એ એની ફરજ છે. રાજ્ય ઉપરના બીજાઓના આક્રમણને ખાળવું, એ એની ફરજ છે. એ વખતે, એને, યુદ્ધ કરીને સેંકડો પ્રાણિઓના સંહારની સ્થિતિમાં મૂકાવું પડે ને ? છતાં, એ નરકે જ જાય, એવો નિયમ નહિ. એને એ હિંસાનો રસ ન હોય અને માત્ર કર્ત્તવ્યને અંગે જ એને એ હિંસા કરવી પડી હોય, તો પણ એ પાપનો બંધ એને નરકે લઈ જ જાય–એમ કહેવાય નહિ. અનેક રાજાઓ, યુદ્ધ ખેલનારા રાજાઓ પણ, સ્વર્ગે ગયા છે. જેમ, કુટુંબનો વડો, કુટુંબના પાલન આદિને અંગે હિંસાદિ કરે, એમ પણ બને ને ? ? કુટુંબના વડાના હૈયામાં મોહ કરતાં ફરજ વધારે કામ કરતી હોય, એમ પણ બને અને ફરજના ખ્યાલ કરતાં મોહ વધારે કામ કરતો હોય, એમ પણ બને. એકલો મોહ કામ કરતો હોય, તો પાપનો બંધ બહુ વધી જાય. જોખમદારી સમજીને કરે અને મોહના ઉછાળા આવે ને કરે, તેમાં બહુ ભેદ છે. બને

ત્યાં સુધી, કોઇના ય વધમાં રાજીપો કેળવો નહિ. કોઈના ય વધમાં રાજીપો આવી જાય, તો તરત મનને વાળી લેવાનો પ્રયત્ન કરો. આપણા સ્વાર્થને અંગે, કોઈ પણ જીવનો વધ, મરણ કે ત્રાસ ન ઈચ્છાઈ જાય, એવા પ્રકારે મનને કેળવવું, એ તો સહેલું છે ને? સ્વાર્થમાં અને અપરાધમાં ફેર છે. સ્વાર્થને અંગે તો, નિરપરાધી જીવની હિંસા પણ ઈચ્છાઈ જાય, એવું ય બને છે ને? અપરાધી જીવની હિંસામાં પણ હિંસકભાવ ન આવે તેની કાળજી રાખવી જોઈએ, ત્યાં સ્વાર્થને અંગે તો કોઈના ય વધ આદિને ઈચ્છાય જ કેમ ?

શરીર નાનું, જીવે થોડું, છતાં જાય સાતમીએ !

પંચેન્દ્રિય પ્રાણિનો વધ કરવાનો પ્રસંગ તો તમારે ઓછો આવે, પણ પંચેન્દ્રિય પ્રાણિનો વધ કરાવવાનો અને પંચેન્દ્રિય પ્રાણિના વધમાં અનુમોદન આવવાનો પ્રસંગ, ઘણે ભાગે આવી જાય ને? માત્ર કોરો હિંસાનો ભાવ પણ જીવને નરકમાં ઘસડી જવાને સમર્થ બની શકે છે. તંદુલીઓ મચ્છ હિંસા કાંઈ કરી શકતો નથી, પણ હિંસકભાવમાં રમણ કરનારો હોય છે અને એથી જ એ નરકના આયુષ્યકર્મને ઉપાર્જે છે. સ્વયંભૂરમણ નામના સમુદ્રમાં એક હજાર યોજનની કાયાવાળો મોટો મત્સ્ય પણ હોય છે. એની પાંપણના ભાગમાં તંદુલીયો મચ્છ ઉત્પન્ન થાય છે. પાંપણમાં બેઠો બેઠો એ મચ્છ જોયા કરે છે કે–'આ મોટા મત્સ્યના મોંઢામાં સંખ્યાબંધ મત્સ્યાદિ જીવો પેસે છે ને સહીસલામત પાછા નીકળે છે.' એથી, એને એમ થાય છે કે–'આ મોટો મત્સ્ય કેવો મૂર્ખો છે કે–આ બધાને મોંઢામાં આવેલા પાછા જવા દે

છે ? જો મારે આવી કાયા હોત, તો આમાંના એકને પણ હું છોડત નહિ !' અને એ હિંસકભાવમાં રમણ કરતો કરતો, એ તંદુલીયો મત્સ્ય ત્યાંથી મરીને સીધો સાતમી નરકમાં જાય છે. એ તંદુલીયા મત્સ્યનું આયુષ્ય કેટલું ? અંતર્મુહૂર્ત્તનું ! એનું શરીર કેવડું ? ચોખા જેવડું ! આયુષ્ય ટૂંકું અને શરીર નાનું, છતાં એ જીવ સાતમી નરકે જાય છે ! શાથી ? માત્ર હિંસા કરવાની વિચારણાથી જ, હિંસાના પરિણામમાં રહેવાથી ! જગતમાં જેટલાં પાપ મનથી થાય છે, તેટલાં પાપ વચનથી અને કાયાથી થતાં નથી. વચનથી અને કાયાથી પાપ બાંધનારાઓના કરતાં, મનથી પાપ બાંધનારાઓ ઘણા ! એટલે, માત્ર મન પણ જો સુધરી જાય, તો પણ ઘણાં પાપોથી બચી જવાય !

સ૦ મન સુધરે શી રીતિએ ?

ટેવ પાડો. સારા વિચારો કરો. કોઇના ય મરણનો ભાવ આવે, એટલે ઝટ વિચારવું કે-'આપણા મરણને કોઈ ઇચ્છે તો આપણને કેવું થાય ? દુઃખ થાય ને ? તો, જેવી મારી સ્થિતિ થાય, તેવી સ્થિતિ બીજાના મરણને હું ઇચ્છું, તો તેની પણ થાય ને? માટે, મારે કોઈના ય મરણને ઇચ્છવું નહિ !' વળી વિચાર કરવો કે-'એનું મરણ મેં ઇચ્છ્યું એટલે કાંઈ એ મરી ગયો નહિ અને મને તો એના મરણનું પાપ લાગ્યું જ !' આટલો વિચાર આવે, તો ડાહ્યાનું મન ફર્યા વિના રહે નહિ. બીજું-' હું ઇચ્છું તે હું કરી જ શકવાનો છું, એમ પણ નથી ! મારાથી કરી શકાવાનું કાંઈ નથી અને પાપ જરૂર બંધાવાનું છે. સામો બળવાન આદિ હોય, તો આપણને તેના તરફ ગમે તેટલો ગુસ્સો આવે, તો પણ તેને

ગાળ દઈ શકાય નહિ, તેના ઉપર હાથ ઉપાડી શકાય નહિ, પણ મનમાં શું થયા કરે ? નબળા માણસો કરી કાંઈ શકે નહિ, પણ મનથી પાપ બાંધ્યા કરે ને ? ત્યારે મનથી પાપ ન બાંધ્યું હોય તો વાંધો શો આવે ?' આવી આવી વિચારણાઓ કરો, તો મન ફરી જાય; અને મન ફરે, તો પાપ ઘણું ઘટી ગયા વિના પણ રહે નહિ.

આરંભનો દોષ તો લાગે જ છે, પણ અયતનાનો દોષ કેમ વહોરો છો ?

એટલું જ નક્કી કરી લો કે-'મારે પંચેન્દ્રિય પ્રાણિના વધથી અળગા જ રહેવાનો પ્રયત્ન કર્યા કરવો છે' તો પણ ઘણો ફેર પડી જાય. ધારો કે-સંસારમાં છો અને સુખી છો એટલે સ્થિતિને અનુકૂળ બંગલો બંધાવવાની ઇચ્છા થઈ. બંગલો બંધાવતાં આરંભનું પાપ તો છે જ, પણ એમાં અયતનાનું પાપ ન પેસી જાય, તેની કાળજી ખરી ? બંગલો બંધાવો ખરા, પણ બધું કામ યતનાપૂર્વક થાય, તેની કાળજી રાખો ખરા ? હિંસાથી બચવાનો ભાવ હોય, તો યતનાની ઉપેક્ષા ન હોય. તમે સાધુ થતા હો, અલ્પ પરિગ્રહી થતા હો, તો અમે રાજી; પણ ધારો કે-અત્યારે તમે એ બધું કરી શકો તેમ નથી, છતાં પણ તમે નરકે ન ચાલ્યા જાવ, આટલે સુધી આવીને, એ માટે આ વાત છે. બાઈ ચુલો સળગાવે અને તેમાં લાકડાં મૂકે-તે પાપ તો છે જ, પણ લાકડાંને જોયા વગર મૂકે તો ? આરંભ સાથે અયતનાનો દોષ પણ લાગે ને ? જીવ મરે તો જ હિંસાનું પાપ લાગે, એવો નિયમ નથી. રાખવા જોગી કાળજી ન રાખીએ અને હિંસાની ઉપેક્ષા સેવીએ, તો ય

હિંસાનો દોષ લાગે. તમે કોઇને મારવાને માટે પથરો માર્યો અને એને એ પથરો કદાચ ન પણ વાગ્યો, તો ય તમને તો પથરો મારવાનું પાપ લાગે જ.

સ૦ કોઈ વખતે ડરાવવાને ઉગામીએ તો ?

ડરાવવા પૂરતો હાથ ઉગામે અને મારવાનો ઇરાદો ન હોય, તો હિંસાનું તેવું પાપ ન ય લાગે. શ્રી જૈન શાસન પરિણામ ઉપર તો ખૂબ ભાર મૂકે છે. કોઈને ય મારવાની ઇચ્છા નથી અને કોઇ અમારી ભૂલે ન મરી જાય–એની કાળજી છે, એટલું જો તમે કહી શકો, તો એ તમારે માટે ઘણું સારૂં કહેવાય. આપણે ત્યાં, જયણાએ ધર્મ કહ્યો છે. મંદિર, ઘર આદિ બંધાવનાર જૈન હોય, તો દેખાઇ આવે કે–જૈન બંધાવે છે, કેમ કે–યતના ચાલુ જ હોય. સંસારમાં રહ્યા છો, એટલે મકાન બનાવવાનો પ્રસંગ આવે, પણ યતના જાળવી શકાય કે નહિ ? કદાચ થોડો ખર્ચ વધી જાય, એટલું જ ને ? પણ, તેમાં કેટલા જીવોની હિંસાથી બચી જવાય અને યતના અંગે હૈયામાં જે હિંસાથી બચવાનો પરિણામ આવતો હોય, તેનાથી કેટલો બધો લાભ થઈ જાય ? એવા પણ જૈનો છે, કે જેમને મકાન બાંધવાનું કામ કોઈ સગા સોંપે અને સંસારમાં રહ્યો હોય એટલે ના પડાય તેમ હોય નહિ, તો કહે કે–' ૫૦ હજાર મકાન બાંધવાના ગણુતા હો, તો ભેગા ૧૦ હજાર વધારે મારી યતનાના ગણી લેજો ! યતના પાળતાં જે ખર્ચ વધશે, તે ભોગવવાની તૈયારી હોય, તો મને આ કામ સોંપો !' જયણામાં ૧૦ હજાર વધારે ખર્ચે, તે તમારી દૃષ્ટિએ તો ગાંડો ગણાય ને ? આજે તો કહે કે–બંગલો લાખને બદલે સવા લાખનો કરો, પણ યતનાનો ખર્ચ કરવાની વાતમાં મુશ્કેલી !

જમણવાર મોટો કરે અને પાણીનું પીપ કે કોઠી ભરી મૂકે, એટલે બધા એમાં એંઠા લોટા-પ્યાલા ડબોળે ને જીવહિંસા થાય ! થોડો ખર્ચ વધારે કરે, તો સૌ સુખે જમી શકે અને કેટલી ય હિંસાથી બચી શકાય; પણ કહેશે કે-એ વાત નહિ ! તમે કહો તો જમણ માટે બે ચીજ વધારે બનાવે, કેમ કે-એ સમજે છે કે બે ચીજ વધારે બનાવીએ, એમાં આબરૂ છે; પણ વ્યવસ્થાને માટે ખર્ચ વધારે કરવાની વાત પ્રાયઃ કાને ધરે નહિ. કહે કે-એ તો એમ જ ચાલે. એ શું સૂચવે છે ? કોઇ જીવની હિંસા ન થઇ જાય તેની કાળજી નથી, એમ જ ને ? આવી સ્થિતિ નહિ જોઇએ. મનનું વલણ જેમ બને તેમ હિંસાથી બચવા તરફનું હોવું જોઇએ. ત્યારે, હવે તો તમારો નિર્ણય ને કે-હું મારા સ્વાર્થને માટે કે બેદરકારીથી પણ મારૂં ચાલે ત્યાં સુધી તો પંચેન્દ્રિય જીવનો વધ કરૂં નહિ, પંચેન્દ્રિય જીવનો વધ કરાવવામાં ભાગ લઉં નહિ અને કોઇ પંચેન્દ્રિય જીવનો વધ કરે, અગર પંચેન્દ્રિય જીવનો વધ કરાવે, અથવા તો કોઈ પંચેન્દ્રિય જીવનો વધ થઈ જાય, તો તેને સારૂં થયું-એમ પણ હું માનું નહિ !?

મહા આરંભના હિસ્સેદારો : શ્રી જિનમન્દિરોના વહીવટો અને વીજળીના દીવાઓ :

નરકના આયુષ્યના આશ્રવનું પહેલું કારણ ' પંચેન્દ્રિય-પ્રાણિ-વધ ' છે અને બીજું કારણ ' મહા આરંભ ' છે. મહા આરંભ, આજે તો, તમને મોટું સ્થાન અપાવનાર છે ને ? જ્યાં એમ લાગે કે-આના યોગે જ દુનિયામાં મોટું સ્થાન મળે તેમ છે અથવા મારી નામના મહા આરંભને લીધે છે,

એટલે મહા આરંભ ખરાબ લાગે કે સારો લાગે ? એનાથી મળતી નામના ગમે, તો એ મહા આરંભ ખરાબ ન લાગે પણ સારો લાગે. 'મારે આટલી પેઢીઓ છે અને મારે પેઢીઓ છે માટે લોક મને પૂછે છે; બાકી, પેઢીઓ ન હોય તો પૂછે કોણ ?' –એમ થાય, એટલે એ ગમે છે–એમ નક્કી થાય. આ એકદમ છૂટે ? આજે તમે ભલે મહા આરંભને મૂકી દઈ શકો નહિ, પરન્તુ મહા આરંભ નરકે લઇ જનાર છે–એ વાત હૈયે રહેવી જોઈએ. મહા આરંભ નરકે લઈ જઈ શકે તેમ છે, એ વાતનો ખ્યાલ આવે, તો ' કયારે હું આનાથી છૂટી જાઉં ? કયારે હું આને ઓછો કરી નાખું ? '–એવી એવી ઇચ્છાઓ જાગે. મહા આરંભ તજવા જેવો છે–એમ લાગે અને ' મહા આરંભમાં હું પડયો છું તે ઠીક નથી '–એમ લાગે, તો ઘણા માનસિક પાપથી બચી શકાય. જે આરંભમાં ઘણા જીવોની હત્યા થતી હોય, તેવા આરંભને મહા આરંભ કહેવાય છે. ૧૫ કર્માદાન વગેરે મહારંભમાં ગણાય. જેમાં ઘણાં કઠોર કર્મો કરવાં પડતાં હોય, જેમાં ઘણા જીવોને ત્રાસ ઉપજતો હોય, જેમાં ત્રસ જીવોની ભારે હિંસા થતી હોય–એ વગેરે ધંધાઓ, મહારંભમાં ગણાય. કારખાનાં વગેરે મહારંભમાં ગણાય. મહારંભ નહિ કરવા છતાં પણ, મહારંભમાં હિસ્સો હોય, એવાઓ આજે તો ઘણા છે ને ? શૅર હોલ્ડરો, એ મહારંભના હિસ્સેદારો છે. જે કારખાનાનો શૅર હોય, તે કારખાનાની કમાણીમાં રાજી થાય અને એ કારખાનું ખૂએ તેમાં નારાજ થાય. કારખાનું વધારે કમાણી કયારે કરી શકે ? વધારે વખત ચાલે તો ને ? જેમ જેમ ઉત્પાદન વધે, તેમ તેમ આ રાજી થાય અને જેમ જેમ રાજી થાય, તેમ

તેમ એ મહારંભના પાપથી બંધાય.

સ૦ શૅર તો વ્યાજ ઉપજાવવાને માટે રાખીએ છીએ; તેમાં કારખાનાનું પાપ કેમ લાગે ?

કારખાનું સારૂં ચાલે છે, એવા સમાચારથી રાજી થાવ કે નહિ ? કારખાનું ખોટ ન કરે, એવી ઇચ્છા થાય ખરી કે નહિ ? કારખાનું બંધ થઈ જાય નહિ, એવું મનમાં ખરૂં ને ? ત્યારે વ્યાજ માટે મનને કેવા ભયંકર પાપોમાં ચોજી દીધું છે ?

સ૦ એમ તો દેરાસરના પૈસાનું વ્યાજ ઉપજાવવાને માટે પણ શૅરો લેવાય છે.

એવી રીતિએ દેરાસરનો વહીવટ કરવાનું કહ્યું કોણે ? દેરાસરનો અને દેવદ્રવ્યનો વહીવટ કેમ કરવો, એ માટે શાસ્ત્રમાં તો ઘણું કહ્યું છે, પણ ન સાંભળે ત્યાં કરવું શું ? એક તો, વ્યાજ વધારે ઉપજાવવાનો ખોટો મોહ વધ્યો અને સાથે સાથે ' મારા વહીવટમાં દેરાસરની મુડી આટલી વધી '–એમ કહેવાય, તેનો મોહ વધ્યો; એટલે, બીજું જોયું નહિ અને મુડી વધારવાનું જ લક્ષ્ય રાખ્યું. દેરાસરમાં શું કરવું જોઈએ અથવા બીજાં દેરાસરોને કેવા પ્રકારે સંભાળવાં જોઈએ, એનો વિચાર કેટલાએ કર્યો ? જો દેવદ્રવ્યનો બરાબર ઉપયોગ કરવામાં આવે, તો આજે કેટલેક ઠેકાણે દેરાસરોમાં મુડી દેખાય છે, તે મુડી દેખાય શાની ? પણ, દેરાસરોનો વહીવટ, મોટે ભાગે સ્વચ્છન્દપણે જ થવા લાગ્યો છે.

શ્રી જિનમન્દિર આદિ ધર્મસ્થાનોમાં કાયમી આરંભ નહિ કરવો જોઈએ–એમ વારંવાર કહેવાય છે, પણ એ તરફ લક્ષ્ય અપાતું નથી અને વીજળીના દીવા રાખવાની પ્રવૃત્તિ વધતી જ જાય છે. એ સ્થિતિ આવવા માંડી છે કે–સગવડ

ન હોય, તો જ વીજળીના દીવા ન હોય. આ તો પ્રાસંગિક વાત થઈ. આપણે તો, સાંસારિક મહારમ્ભનો વિચાર કરી રહ્યા છીએ. મહારમ્ભો ખૂબ જ વધી રહ્યા છે, એમ તો આજે કોઈ ને ય કબૂલ કરવું પડે તેમ છે. આમ શાથી બને છે? મહારમ્ભનો ડર ગયો, માટે ને?

ગૃહસ્થને આરંભાદિ કરવા પડે, તો પણ એમાં એની હેયબુદ્ધિ જીવતી હોય, તો મહારંભ તરફ મન વળે નહિ ને? કદાચ મહારંભ કરવો પડે, તો ય હૈયે એનું કેટલું દુઃખ હોય? મહારમ્ભ, એ પણ નરકના આયુષ્યના આશ્રવનું એક કારણ છે, એમ જાણીને આજે તમે મહારંભને મૂકી દેશો? મહારંભ નહિ કરનારાઓનો પણ, મહારંભમાં ભાગ તો છે ને? હવે તમે બધા શૅરો કાઢી નાખવાના ને? મહારંભનો કોઈ શૅર ખરીદવાના નહિ ને? ઘરમાં કે મંદિરમાં વીજળીની બત્તી આવી, એટલે અહીંની બત્તી માટે કારખાનું ચાલુ રહેવું જોઇએ, એમ થાય ને? બટન દબાવ્યું ને બત્તી થઈ નહિ, તો મનમાં શી અસર થાય? 'કારખાનું કેમ બંધ થયું?, શું બગડી ગયું?, ઝટ ચાલુ થાય તો સારૂં!'–એમ થાય ને? જ્યાં બત્તી ચાલુ થાય, એટલે 'ઠીક થયું' એમ થાય ને? ત્યારે એ કારખાનાનું પાપ તમને પણ લાગે કે નહિ?

એ તો કહો કે–તમે આટલા બધા આઝાદીના પ્રેમી, ને આટલી બધી ગુલામી ક્યાંથી ખરીદી લીધી? દીવામાં પરાધીન! પવનમાં પરાધીન! પાણીમાં ય પરાધીન! આજે ઠામ ઠામ ચકલીઓ થઇ ગઇ, પણ જે દિ' પાણી ખૂટશે તે દિ' મારી નાખશે ને? કોઈ વાર વીજળીના કારખાના ઉપર તવાઈ આવે, તો વગર મોતે મરવાનો વખત આવે ને?

કુવા હોત તો આટલી પંચાત હોત? પહેલાં કુવા પૂરવાની એવકૂફી કરી અને હવે ઉઘાડવા માંડયા છે. કુવા, નદી વગેરેનું પાણી વપરાતું, ત્યારે પાણીનો આરંભ આજના આરંભ કરતાં સોમા ભાગે પણ નહિ હોય ને? આજે તો, નળ નીચે માથું અને ઉપર નળ ખૂલ્લો! ૦૧ શેર પાણીની જગ્યાએ ૫ શેર પાણી વપરાય ને? એ પાણીના નીકાલ માટેનું પાપ પણ કેટલું? કુવા વગેરેમાંથી પાણી લાવવાનું હોત, તો બાઈઓ પણ ઓછું પાણી વાપરવાનું કહેત, કેમ કે–મજુરી કરવી પડે અને માથે લાવવું પડે!

ઘરમાં તો મહારંભનો કાયમી સંબંધ જોડી દીધો, પણ શ્રી જિનમન્દિરાદિમાં ય એ પાપ ઘાલી દીધું. વીજળીના દીવા પણ આવ્યા અને નળ પણ આવ્યા ને? દેરાસરમાં વીજળીના ગોળા પણ કેવા રાખવા માંડ્યા છે? બરાબર ભગવાનની સામે જ રાખે અને તે પણ ભારે પ્રકાશના રાખે. પ્રકાશ એટલો બધો હોય છે કે–મૂર્તિનું લાવણ્ય અને આંગીની મનોહરતા મારી જાય. તમારી સામે કોઈએ એટલા દીવા ધર્યા હોય, તો તમે ભાગી જ જાવ. પહેલાં દીપક રહેતા તે હાલતા–ચાલતા અને પ્રકાશ સૌમ્ય એટલે મૂર્તિનું લાવણ્ય ખીલી ઉઠતું અને આંગીના ચળકાટનાં સ્થાનો બદલાયા કરે, એટલે બધું ઝગમગ થયા કરે. વીજળીના દીવાઓમાં આંખો ઠરવી મુશ્કેલ બને, ગરમી પણ વધે અને પછી ભાવવૃદ્ધિમાં ઉણપ આવે, તેમાં નવાઈ પણ શી છે? ઉપરાન્ત, જોખમ ઘણું અને મહારંભ સાથે હંમેશનું જોડાણ!

સ૦ આ બાબતમાં ઉપયોગ અપાય તો ફેર પડે.

ઉપયોગ નથી અપાયો અગર નથી અપાતો એવું નથી,

પણ કેટલાક વહીવટદારોને જાણી જોઈને આ કરવું છે. આ અંગે એક વાર હીલચાલ ઉપડી હતી. કેટલાક જૈનો એવા નીકળેલા કે–દેરાસરમાં જઈને તાર કાપી આવે. હથિયાર સાથે લઈને જાય અને વીજળીના સંબંધ તોડી નાખે. બે ત્રણ વાર એવું થયું, એટલે એમના માટે ચોકીઓ મૂકાઈ. તે વખતે આચાર્યોના અભિપ્રાયો પણ મંગાવાએલા અને બધાએ વીજળીના દીવાઓ શ્રી જિનમન્દિરાદિમાં નહિ જોઈએ, એવા અભિપ્રાયો આપેલા. એ અભિપ્રાયો પ્રગટ પણ થઈ ગયા છે. એટલે, આ સંબંધમાં પ્રયત્નો નથી થયા એમ નહિ, પણ આ તો વધતું જ ચાલ્યું.

સ૦ પણ વીજળીના દીવામાં ખર્ચ ઓછું આવે ને ? ઘી ૧૩૫ રૂપીયે મણ થઈ ગયું !

ન થાય એવું કરીને ખર્ચ ઘટાડવાનું કહ્યું કોણે ? પહેલાં દેરાસરમાં જ્યારે ઘીના દીપકોની રોશની થતી, ત્યારે સાક્ષાત્ દેવલોકના જેવું દેરાસર લાગતું. પંચરંગી ઝુમ્મર, હાંડીઓ વગેરેમાંથી ઘીના દીપકોની મીઠી, ઠંડી રોશની પ્રગટતી અને વાતાવરણ આહ્લાદમય બની જતું. જે દર્શન કરવા જાય, તેને બેસી જવાનું મન થતું. આજે દર્શન કર્યાં કે ઝટ નીકળ્યા, એવું મોટે ભાગે થઈ ગયું છે. ૧૩૦–૩૫ રૂપીએ મણ ઘી થયું, તેમાં ઘરમાં જેટલું ઘટાડયું હોય તેટલું અહીં ઘટાડયું હોત, તો વાત જુદી હતી; પણ ૧૩૦–૩૫ રૂપીએ મણ ઘી થયું એટલે ઘર માટે ઘી લાવવું હોય તો, બહુ ચોકસાઈથી લાવે છે અને દેરાસર માટે 'ગમે તેવું પણ ઘી છે ને ?' –એમ કરીને, ઉઠાવી લાવે છે. હમણાં હમણાં તો, ધર્મસ્થાનોને અંગેની ભાવના જ કોઈ વિચિત્ર થતી જાય છે.

આપણી વાત તો, મહારંભ એ નરકનું કારણ છે એ હતી. મહારંભ છૂટે તો ઘણું સારૂં, પણ મહારંભથી મૂકાઇ શકાય તેમ ન હોય, તો ય તેનો રસ તો રાખવો જ નહિ. મહારંભનો રસ જાય, એ માટે વિચાર કરવો કે–' જીવવું થોડું ને આ બધું શું કરવા ? મારા મનના તોષને માટે, કેટલા જીવોની હિંસામાં મારો સંબંધ ? કયારે આનાથી છૂટાય ?'

ધન સંબંધી શ્રાવકની ઇચ્છા :

મહારંભ જેમ નરકના આયુષ્યનો આશ્રવ કરાવનાર છે, તેમ મહા પરિગ્રહ પણ નરકના આયુષ્યનો આશ્રવ કરાવનાર છે. તમે પરિગ્રહી તો છો જ, કેમ કે–ધન અને ધાન્યાદિ પરિગ્રહના તમે સ્વામી થઇને બેઠા છો. ધન–ધાન્યાદિ નવ પ્રકારના પરિગ્રહ સાથે, તમારો સ્વામી તરીકેનો સંબંધ છે ને ? એને મેળવવાની, રાખવાની, સાચવવાની ઇચ્છા અને મહેનત ચાલુ છે; એટલે, તમે પરિગ્રહી તો છો, પણ તમારો પરિગ્રહ કેટલો છે ? અલ્પ કે મહા ? અલ્પ પરિગ્રહવાળાને પણ મહા પરિગ્રહની ઇચ્છા છે અને જે મહા પરિગ્રહવાળા છે, તેને હજુ તેમનો પરિગ્રહ અલ્પ લાગે છે. પરિગ્રહ એ પાપ છે, એમ લાગે છે ? હિંસા, અસત્ય, ચોરી–એ વગેરેને પાપ માનનારા તો હજુ ઘણા છે, પણ પરિગ્રહને પાપ માનનારા કેટલા ? શ્રાવક સંસારમાં બેઠો છે, એટલે એને પરિગ્રહ વિના ચાલે નહિ, પણ શ્રાવકની ધન સંબંધી ઇચ્છાની શાસ્ત્રકાર મહાત્માઓએ મર્યાદા બાંધી આપી છે. અતિ ઉના ઘીથી ચોપડેલું અનાજ અને સાંધ્યા વિનાનું વસ્ત્ર–આટલું સુખપૂર્વક ખાઈ અને પહેરી શકાય, તેથી અધિક ધનની ઇચ્છા શ્રાવકે કરવી

જોઇએ નહિ.

સ૦ ઘર વગેરે ન જોઇએ?

આમાં, રહેવા માટે જોઇતા ઘર આદિનો સમાવેશ પણ થઈ જ જાય છે. શ્રાવકને ઘર તો હોય જ, એમ સમજીને ચાલવાનું છે. સંસારમાં રહેલાને રહેવાને માટે ઘર તો જોઇએ ને? ઘર સ્થિતિ મુજબનું સમજી લેવાનુ. એટલે, શ્રાવકે ઘર નહિ રાખવું–એ વાત આમાં નથી, પણ અહીં તો વાત એ છે કે–શ્રાવકની ધન સંબંધી જે ઇચ્છા, તેનું પરિમાણ કર્યું? ધનની ઇચ્છાનું આ પરિમાણ છે. ઘરમાં ધન કેટલું રાખવાનું? ખાવાને માટે અતિ ઉના ઘીથી ચોપડેલું અનાજ અને પહેરવાને માટે સાંધ્યા વિનાનું વસ્ત્ર મળી રહે, એથી અધિકની જેટલી ઇચ્છા, તે કેવળ લોભનું જ નાટક કહેવાય. એથી અધિક ધન રાખે, તે શ્રાવક કહેવાય જ નહિ–એમ પણ નથી; અને જે શ્રાવક હોય, તેને એથી અધિક ધનની ઇચ્છા થાય જ નહિ અગર તો એથી અધિક ધનની ઇચ્છા થાય એટલે શ્રાવકપણું જાય જ–એવો નિયમે ય નથી; પણ એથી અધિક ધનની ઇચ્છા જો શ્રાવક કરે, તો તેને માટે તે ગેરવ્યાજબી જરૂર ગણાય. અધિકની ઇચ્છામાં અને જરૂર પૂરતી ઇચ્છામાં ફેર છે. જરૂર પૂરતી ઇચ્છા રહે, તેમાં પતનનો એટલે પરિગ્રહમાં ઉપાદેયબુદ્ધિ આવવાનો સંભવ ઓછો અને અધિકની ઇચ્છામાં પરિગ્રહમાં ઉપાદેયબુદ્ધિ ઉત્પન્ન થઇ જવાનો સંભવ ઘણો. શ્રાવક, એટલા થોડા પણ ધનની જે ઇચ્છા કરે, તે એવી રીતિએ કરે કે–'પરિગ્રહ એ પાપ છે, હાલ હું સાધુ થઇ શકું તેમ નથી અને શ્રાવક તરીકે રહીને મારાથી ભીખ માગીને જીવાય નહિ; માટે, મારે આટલું ધન મેળવ્યા અને રાખ્યા

વિના છૂટકો નથી. કયારે એવો અવસર આવે કે–હું સાધુ થઈ જાઉં, કે જેથી ન છૂટકે કરવાં પડતાં આવાં પાપો પણ મારે કરવાં પડે નહિ!'

પરિગ્રહ પાછળ મન કેટલું બધું ઘેલું બનેલું છે?

અલ્પ પરિગ્રહવાળાએ પણ જો આ વૃત્તિ રાખવી જોઈએ, તો ઘણા પરિગ્રહવાળાએ કેવી વૃત્તિ રાખવી જોઈએ? કેટલાકોને તો જન્મથી જ મહા પરિગ્રહ મળેલો હોય છે; પુણ્ય એવું કે–મોટી સમૃદ્ધિવાળાને ઘરે જન્મી ગયા. આવી રીતિએ પણ જેઓ મહારંભ અને મહા પરિગ્રહવાળી સ્થિતિમાં મૂકાઈ ગયા હોય, તેઓએ સાવધ બની જવું જોઈએ. એમાં ઉપાદેયભાવ ન આવી જાય, એના યોગે મળતા સુખથી ને માનથી આનંદમય બની જવાય નહિ, એની કાળજી રાખવી જોઈએ. ધન–ધાન્યાદિ બાહ્ય પરિગ્રહ મોટો હોય, પણ હૈયું મોટા પરિગ્રહવાળું ન હોય, તો બચી જવાય. થોડા પરિગ્રહમાં પણ જો અંતરનો પરિગ્રહ મહા હોય, તો ડૂબી જવાય; અને મહા પરિગ્રહ હોય, પણ અંતરનો પરિગ્રહ ઘટી જાય, તો બચી જવાય. પરિગ્રહમાં રહેવું પડે, તો ય મૂર્ચ્છામાં રમવું નહિ. મહા પરિગ્રહ મહા મૂર્ચ્છાનું કારણ છે; પણ, વિવેકી બનો તો મહા મૂર્ચ્છા ટકી શકે નહિ. મહા પરિગ્રહ મહા મૂર્ચ્છા દ્વારા નરકે ધકેલી શકે છે, એટલે મહા પરિગ્રહ હોય, તો પરિગ્રહને ઘટાડવાનો પ્રયત્ન કર્યા કરવો અને તે પણ મૂર્ચ્છા ઘટે,–એ માટે જ પરિગ્રહને ઘટાડવાની વૃત્તિ રાખવી. પરિગ્રહ જેને પાપ રૂપ લાગે, તેને મહા પરિગ્રહ જરૂર ખટકે અને જેને મહા પરિગ્રહ ખટકે, તેને મમતા ઓછી થાય. એને

એમ થયા જ કરે કે-'મારે જરૂર નથી, છતાં આટલું બધું મારી પાસે છે, તો મારે આ બધું શું કામ રાખવું ? હું ખાવાનો કેટલું ? પહેરવાનો કેટલું ? વાપરવાનો કેટલું ? ભોગવવાનો કેટલું ? છતાં, આટલું બધું હું શું કામ રાખી બેઠો છું ?' મમતા ઘટે, એટલે સદુપયોગ કરવાનું મન થાય. તમારે રહેવાને મકાન કેટલાંક જોઈએ ? તમે રહો તો એકમાં ને ? એકને બદલે બે મકાન હોય, તેમ છતાં પણ જો ત્રીજું મકાન બંધાવવાનું મન થાય, તો 'આ જીવને બે મકાનની પણ શી જરૂર હતી ?'-એવો વિચાર, એને પોતાને તો આવે જ ક્યાંથી ? ખરો મહા પરિગ્રહી તો, તે જ છે કે-જેને જેટલું મળે તેટલું ઓછું જ લાગ્યા કરે, અને મારે કેટલું જોઈએ છે એનું-માપ જ જે કાઢી શકે નહિ ! શ્રી શાલિભદ્રજી, શ્રી ધનાજી, શ્રી ભરતજી વગેરે કેવા હતા ? એમનો પરિગ્રહ કેટલો ? મહા પરિગ્રહી અને મહારંભી હોવા છતાં પણ, એ પુણ્યવાનોના હૈયે લખાએલું કે-આ રાખવા લાયક નથી, તજવા લાયક છે. એ રાખતા ખરા, પણ રાખવું સારૂં છે-એ બુદ્ધિથી નહિ ! 'મહા પરિગ્રહ વિના સુખ નહિ'-એવું તમારા હૈયે લખાએલું છે અને પણે 'મહા પરિગ્રહ એ નરકનું કારણ છે' -એવું લખાએલું હતું, એમ લાગે છે ? એમ ન હોત, તો શ્રી શાલિભદ્રજી જેવા સુકોમળ, સર્વત્યાગ કરી શકત ખરા ? શ્રી ધનાજી જેવા, ભાઈઓને કજીયા કરતા સાંભળીને, પોતાની રળેલી સંપત્તિને પણ તજી દઈને, પહેર્યા કપડાભેર ઘર છોડીને ચાલ્યા જઈ શકત ? શ્રી બાહુબલિજીને કેશલુંચન કરીને ચાલી જતા જોઈને, શ્રી ભરતજી એમની અનુમોદના કરી શકત ? અને એમ વિચારી શકત કે-'**राज्यं भवतरोर्बीजम्** ?' ગાદીએ

બેસવું અને રાજ્યને સંસાર રૂપ વૃક્ષનું બીજ માનવું, એ સહેલું છે? તેમણે રાજ્ય મેળવવા યુદ્ધાદિ કર્યાં, તેમાં માનવું પડે કે–કર્મે એમની પાસે યુદ્ધો કરાવ્યાં; બાકી, રાજ્ય માટે યુદ્ધો કરવાં ગમે, એવું એ હૈયું નહોતું! તમે, તમારા હૈયાની પરીક્ષા તો કરી જુઓ! પરિગ્રહમાં બેઠા છો, એનો ત્રાસ છે? પાપમાં બેઠો છું, એમ લાગે છે? કેટલા પરિગ્રહની ઇચ્છા છે? શું મળી જાય, તો સંતોષ થાય? ઘરમાં કેટલા પૈસો આવે, તો વેપાર બંધ? અને ઘરમાં કેટલા પૈસા થઇ જાય, એટલે એક પાઇ પણ જો અધિક આવે, તો તરત કાઢી નાખવી, એનો નિર્ણય છે? એનો વિચાર કરવા બેસો, તો ખબર પડે કે–પરિગ્રહ પાછળ મન કેટલું ઘેલું બનેલું છે? જેમની પાસે મહા પરિગ્રહ નથી, તેય અલ્પ પરિગ્રહી જ છે, એવું કયારે મનાય? હૈયા સાથે વાત કરો. જેમની પાસે મહા પરિગ્રહ નથી, છતાં અંદર મહા પરિગ્રહ બેઠો છે અને જેમની પાસે મહા પરિગ્રહ છે તેમને વળી વધારે જોઈએ છે, એટલે પરિગ્રહનું દુઃખ નથી ને? પછી, આપણી ઇચ્છા ન હોય તોય, નરકે જવું પડે ને? તો એમ ન થાય કે–'અહીં સુધી આવેલા આપણે, હવે તે વળી નરકે જઈએ?' આપણી કેટલી ઉંચી કક્ષા? આવી સુંદર ધર્મસામગ્રી પામ્યા અને છેક શ્રી સિદ્ધગિરિજી સુધી આવી પહોંચ્યા, છતાં ડૂબી જઈએ, તો તો પછી 'દળી દળીને કુલડીમાં' જેવું જ થાય ને? આખી રાત દળ્યા કર્યું, પણ કર્યું શું? આટો કુલડીમાં ભરે અને એ જ આટાને ઘંટીમાં ઓર્યા કરે. ઘઉં પીસવાને બદલે આટો પીસવા માંડ્યો. લોભી મનને, હવે તો કહી દો કે–'મારે નરકે નથી જવું!' પરિગ્રહને ઘટાડો અને

પરિગ્રહની મમતાનો ત્યાગ કરો, તો કામ થાય. ન હોય, તો નાહક આશામાં ઝુરો નહિ અને હોય, તો એ જ વિચારો કે– 'આ કેમ છૂટે ? આનાથી છૂટવાને માટે, મારે શું કરવાની જરૂર છે ?' પરિગ્રહ પાપ છે અને મહા પરિગ્રહ નરકનું કારણ છે, એ વાત બરાબર હૈયામાં કોતરી લો.

સુખી ગૃહસ્થો જો ઉદાર બને, તો તેઓ ગામના રાજા જેવા બની જાય :

આમ થાય, તો મહારંભ અને મહા પરિગ્રહનું ઝેર ઉતરી જાય. 'આ બધું પાપ રૂપ છે અને તજવા જેવું છે'–એમ લાગે, એટલે ઉદારતા આવી જાય. આજના ગૃહસ્થોના મોટા ભાગમાં, ઉદારતા દેખાતી નથી. ગૃહસ્થો આપે છે, ખર્ચે છે, પણ એમાં જે ઉદારતા દેખાવી જોઈએ, ત્યાજ્યને તજવાનો જે ઉમળકો દેખાવો જોઈએ, લક્ષ્મીની મમતાને આ ઉતારી રહ્યા છે–એમ જે લાગવું જોઈએ, એવું ભાગ્યે જ જોવા મળે છે. ગૃહસ્થોની ઉદારતાના અભાવે, બીજાઓની ઉદારતા પણ મરી જાય છે. ગૃહસ્થોના દાનથી પણ, બીજાઓને લક્ષ્મીની તુચ્છતાનું ભાન થાય. આજે, દાન દેતી વખતે જે નાટક ચાલે છે, એ જોઈને લક્ષ્મીનું મહત્ત્વ વધતું હોય, એવું પણ બને છે. જ્યારે ગૃહસ્થો છૂટે હાથે દેતા, ત્યારે બીજાઓ પોતા પાસે થોડું હોય, તો ય કાંઈક આપ્યા વિના જતા નહિ અને ન અપાય તો બહાર નીકળીને રોતા. આગળ બેઠેલા ગૃહસ્થોમાં, દાનની આખી ભાવનાનું ખૂન થતું દેખાતું હોય, ત્યાં પાછળનાઓ ઉપર શી અસર થાય ? આગળનાઓ જો ઉલટલેર દેતા હોય, તો પાછળનાઓના હૈયામાં, એ દૃશ્યને

જોઈને પણ ઉભરો આવે અને એથી એમનાથી કદાચ પોતાની શક્તિની ઉપરવટ થઈને ય રકમ ભરાઈ જાય. ઉત્સાહમાં, એમનાથી પોતાની નાજુક સ્થિતિને પણ વિસરી જવાય. તમે જે રીતિએ દાનાદિ કરો છો, તેમાં આવું બનવાનો સંભવ ખરો? સુખી માણસો તો, જો ધારે તો, ગામના રાજા જેવા બની જાય. આખા ગામના લોકો, એના ઉપર નજર રાખ્યા કરે, કેમ કે–એ ગામમાં આવે, એટલે દુઃખીયાનાં દુઃખ જાય ને ભૂખ્યાને રોટલો મળી જાય. આજે તો કહે છે કે–અમારા ગામમાં અમુક સુખી છે, પણ જોવા જેવો નથી! ગામ માટે ઘસાય જરા ય નહિ અને ગામનો ઘસારો લેવાને તૈયાર! એનું માન કોણ જાળવે? ગામના દીન-દુઃખી આદિની તમે ખબર લેતા હો અને શક્તિ મુજબ આપ્યા કરતા હો, તો ગામના બીજા માણસો પણ સલામ ભરીને ઉભા રહે. કેમ? 'ગરીબનો બેલી છે!' એવો માણસ, કોઇ વાર કહે કે–'ધર્મનું અમુક કામ કરવું છે' તો કોઈ આડો આવે ખરો? પણ હૈયામાં ઉદારતા ન હોય, ત્યાં શું થાય? પરિગ્રહની અતિ મૂર્ચ્છા, ઉદારતાને આવવા દે જ શી રીતિએ? સુખી માણસ પૂજા ભણાવે, તો ય સવા પાંચ રૂપીઆની ભણાવે અને સાધારણ માણસ પૂજા ભણાવે તો ય સવા પાંચ રૂપીઆની ભણાવે? સુખી માણસે ય શોધી શોધીને નૈવેદ્યનાં ને ફળનાં નંગ ટેણીયાં ટેણીયાં ભેગાં કરે? સવા પાંચની પૂજા, સાધારણ ભણાવે, તો સુખી સવા પચાસ ન આપે? મમતા ઘટે ને ઉદારતા આવે, તો જ ભગવાનની ભક્તિ પણ સારી રીતિએ થઇ શકે. એક સારો સુખી આદમી ધારે, તો આખા ગામને ધર્મ કરતું બનાવી શકે; એના ગામમાં, અધર્મ પેસી શકે નહિ અને કુગુરૂ પગ

મૂકી શકે નહિ; પણ એનામાં એટલી ઉદારતા અને ધર્મશીલતા હોય તો ને ? તમે અહીં શ્રી સિદ્ધગિરિજીની છાયામાં ચોમાસું કરવાને આવ્યા છો અને આવે વખતે અહીં પણ જો વાપરવા યોગ્ય ક્ષેત્રોમાં નહિ વાપરી શકો, તો બીજે ક્યાં જઈ ને તમે અહીંથી સારૂં કરી શકવાના હતા ? તમારે તો, એવું સારૂં કરીને જવું જોઈએ કે–આવતા વર્ષે આવનારાઓને, વધારે સારૂં કરવાનો ઉત્સાહ જાગે.

સ૦ શક્તિ ન હોય તો ?

શક્તિ ન હોય, તેને માટેની આ વાત નથી. જેની શક્તિ છે, તેને જો કૃપણતા રોકતી હોય, તો કૃપણતાને કાઢી નાખવાની વાત છે. શક્તિ હોય ને કૃપણતાથી દેવાનું મન ન થતું હોય, તો કડવી દવા જેમ આંખમાં પાણી પાડતાં પણ પીવાય છે, તેમ પરાણે દેવું. તમારામાં જો થોડીક પણ ઉદારતા સારી રીતિએ આવી જાય, તો મંદિરાદિની ચિન્તા કરવા જેવું રહે, એમ લાગતું નથી. સુખી માણસો જેમ મોંઘવારી વધી ગઇ છે તો ય ઘેર ખાય–પીએ છે, તેમ જો મંદિરાદિ ધર્મસ્થાનોને અને પોતાના સાધર્મિકોને સંભાળવા માંડે, તો નાનાઓને પણ શક્તિ અને ભાવના મુજબ કરવાનું મન થાય.

દેવદ્રવ્યનો વ્યય કરવાની જરૂર :

ધનની મૂર્ચ્છા આજે ધર્મક્ષેત્રોમાં પણ કેટકેટલી મુશીબતો ઉભી કરે છે ? આજે ‘ દેવદ્રવ્યનું આમ થઈ જશે અને તેમ થઈ જશે ’–એવી વાતો કર્યા કરે છે, પણ દેવદ્રવ્યનો સુયોગ્ય રીતિએ વ્યય કેમ કરી દેતા નથી ?

સ૦ પેઢીવાળા રાખી મૂકે છે.

પેઢીની વાત જુદી છે. એને માથે જવાબદારી કેવડી મોટી છે ? એકલા શ્રી સિદ્ધગિરિજી ઉપરનાં મંદિરોને સંભાળવાને માટે પણ એને કેટલું બધું દ્રવ્ય જોઇએ ? ત્યારે, પેઢી પાસે તો ઘણાં તીર્થોના વહીવટો છે અને એ હિસાબે એની પાસે જે મુડી છે તે મોટી છે, એમ કહેવાય નહિ. પરન્તુ બીજે જે જે સ્થલે દેવદ્રવ્યનો વધારો હોય, તે તે સ્થલોના વહીવટદારો હજુ ય મૂર્ચ્છામાં પડયા રહેશે, તો કેવું પરિણામ આવશે ? તમે ધારો તો એવું કરી શકો કે–સરકારનો અમલદાર જ્યારે વહીવટ સંભાળવાને આવે, ત્યારે એને એમ થાય કે–અહીં વહીવટ સંભાળવા જેવું છે જ શું ? આજે ઠામ ઠામ જિર્ણોદ્ધારની જરૂર છે; ત્યાં દેવદ્રવ્યનો વ્યય કરી દો ને ? કેટલાકો કહે છે કે–' પછી અહીં પૂજા વગેરેની વ્યવસ્થા શી રીતે કરવી ?' શું એવા સારા શ્રાવકો એટલા ખૂટી ગયા છે કે–દેવદ્રવ્યમાંથી જ વ્યવસ્થા કરવી પડે ? અથવા, સાધારણની રકમો કોઈ મંદિરના ઉપયોગ માટે મૂકી ગયું હોય, તો ય શું તેના વિના નહિ જ ચાલે ? શ્રાવકો જો નક્કી કરે કે–'અમારે શ્રી જિનની ભક્તિ કરવી છે' તો આમાં કાંઇ ચિન્તા કરવા જેવું છે જ નહિ. અવસરજોગ વર્તતાં આવડવું જોઇએ. કોઇ કાળ દાગીના ચઢાવવા જેવો પણ હોય અને કોઈ કાળ દાગીના ન ચઢાવવા જેવો પણ હોય. સંઘ જયવન્તો વર્તે છે. તમે કાંઇ નહિ રાખ્યું હોય, એટલે ભવિષ્યમાં કોઈ ભાગ્યવાન સંભાળ લેનાર નહિ નીકળે, એવું માની લેવાની મૂર્ખાઈ શું કામ કરો છો ? શ્રી જિનમન્દિરોને તો, ૨૦૦–૫૦૦ વર્ષ એની પાછળ જોવું જ ન પડે, એવાં બનાવી દેવાં. ચાલુ આવકમાંથી ચાલુ રક્ષણાદિને લગતાં કાર્યો કર્યા કરવાં અને

પાસે લાંબી મુડી રાખવી જ નહિ. જો તમે એમ કરો, તો સરકાર કે બીજાઓ શું કરી શકવાના હતા ?

વાણીયાની કુનેહ :

આજે તમારામાં એવી શક્તિ અગર હિંમત છે કે–તમે સરકારને તમારા ધર્મમાં ડખલ કરીને દેવદ્રવ્યાદિનો ન થાય તેવા માર્ગે ઉપયોગ કરવાનું એ કહે, તો તમે એને અટકાવી શકો ? એ ન હોય, તો ય વાણીયાવાળી કુનેહ તો છે કે નહિ ? એ વિષે એક વાત કહેવાય છે.

એમ કહેવાય છે કે–કોઇ એક ગામમાં એક વાણીયાનું અને મુસલમાનનું ઘર સામસામે હતું. વાણીઓ એટલે ડરપોક જાત અને પેલાને વાત–વાતમાં બાંય ચઢાવવાનું મન થાય. કાંઈ ઉંચું–નીચું થાય, એટલે મુસલમાન બોલી નાખે કે–' સાલે બનીયે કો માર ડાલના પડેગા ! '

વાણીયાએ વિચાર કર્યો કે–' આનો કાંઈક રસ્તો કરવો જોઇએ; નહિ તો, આ કોઈ વખતે હેરાન કરી મૂકશે."

ઘર છોડીને જવાય તેમ નહોતું અને લડવાની શક્તિ કે હિંમત નહોતી. આથી એણે પોતાના ઘરમાં બેસીને, સામે રહેનારો મુલસમાન સાંભળે તેમ, બોલવા માંડયું કે–' ભાઇ, હવે તો આ રોજની પંચાત થઈ. એક દહાડો આની જોડે લડી જ લેવું પડશે. આપણે મજબૂત ચાર માણસોને રાખી લો ! '

પેલા મુસલમાને એ સાંભળ્યું, એટલે એણે તો તરત જ ચાર માણેસોને રાખી લીધા.

થોડા દિવસ ગયા, એટલે ફરી પાછો વાણીયો એવી

જ રીતિએ બીજા આઠ માણસોને રાખી લેવાનું બોલ્યો અને એ સાંભળીને પેલા મુસલમાને તરત જ બીજા આઠ માણસોને રાખી લીધા.

આમ, વાતો થતી ગઈ અને મુસલમાનને ત્યાં માણસો વધતાં ગયાં. એ બધાંનો ખર્ચ કરતાં કરતાં, મુસલમાને જોયું કે–'આ તો મુડી સાફ થઈ જવા પામી અને હજુ લડાઈ તો થઈ જ નથી.' આથી, તેણે એક દહાડો વાણીયાને પૂછ્યું કે–'અમ કબ લડના હૈ ?'

વાણીયો કહે કે–'લડવાનું વળી કેવું ? તમારી સાથે તે લડવાનું હોય ?'

મુસલમાન કહે કે–'કયેાં જૂઠ બોલતા હૈ ? કંઈ દિનોં સે તો લડને કી તૈયારી કરતા હૈ ઔર કિતને હી આદમી ઈકટ્ઠે કિયે હૈં; લડના હો તો લડ લે; લેકિન નિકમ્મા ખર્ચ કયેાં કરતા હૈ ?'

વાણીયો હસીને કહે છે કે–'પણ મેં તો એકે ય માણસ રાખ્યો નથી.'

પેલો સમજી ગયો કે–'સાલે બનીયે ને હમ કો બનાયા.' પણ મુડી સાફ થઈ ગઈ હતી, એટલે મીજાજ ઉતરી ગયો.

આવી રીતિએ, તમે પણ કુનેહ તો વાપરી શકો કે નહિ ? કુનેહ વાપરીને દેવદ્રવ્યાદિનો સદ્વ્યય કરી નાખો, તો પછી સરકાર, કાયદો કે બીજાઓ શું કરી શકશે ?

ભયંકર હિંસાઓની અનુમોદના :

નરકના આયુષ્યના આશ્રવોને જણાવતાં પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી

મહારાજાએ પંચેન્દ્રિયપ્રાણિવધ આદિ જણાવેલ છે. આ સાંભળીને, તમારે એ વિચાર કરવાનો છે કે–'આપણે એ કારણોથી પર છીએ કે નહિ ? અને કદાચ એ કારણોથી સર્વથા પર ન હોઈએ, તો પણ, આપણે એ કારણોને સેવવા છતાં પણ, એ કારણોથી કેવા પ્રકારે બચી શકીએ ?' તમે એવી સ્થિતિમાં છો કે–વગર કર્યે અને વગર કારવ્યે પણ, જો તમે વિવેકી ન બનો અને મનને સારી રીતિએ કેળવો નહિ, તો નરકનાં કારણોની અનુમોદનાથી બચી શકો નહિ. આ યુગ તો, વર્ત્તમાન પત્રોનો યુગ ગણાય છે ને ? સૌને વર્ત્તમાન પત્રો વાંચવાનો શોખ ! આજનાં છાપાંઓમાં શું આવવાનું ? એમાં પંચેન્દ્રિયપ્રાણિવધ, મહારંભ અને મહા પરિગ્રહની વાતો ઘણી આવે ને ? હજારો પંચેન્દ્રિય પ્રાણિઓની કતલ જેમાં થાય–એવું કામ કર્યું હોય, પણ પરિણામ તરફેણમાં આવ્યું હોય, તો એનાં વખાણ આવે ને ? મહારંભી અને મહા પરિગ્રહી આદિનાં પણ વિવેચનો અને વખાણો આવે ને ? એ વાંચતાં, તમે એમાં રસ અનુભવો, તો તમારું શું થાય ? યુદ્ધ કયાં ય ચાલતું હોય અને જેમની સાથે તમને કશો પરિચય હોય નહિ–એવા માણસો લડતા હોય, પણ તમને લાભ જણાતો હોય, તો એમાં હજારો મરતા હોય તે છતાં પણ, આનંદ આવી જાય ને ? અમુક હાર્યા, અમુક બેદાન–મેદાન થઇ ગયા, અમુક મર્યા, એમાં તમે આનંદ ન અનુભવો, તો ન ચાલે ? હિંસાનો રસ એવો હોય છે કે–કેટલાક તો વગર લેવા–દેવાએ, બાલી વાતના શોખ ખાતર, ભયંકર યુદ્ધોની અનુમોદના કરે છે. તમે આજે એવી હિંસા ન કરતા હો, તો પણ તમારું મન 'એવી હિંસા નહિ જ કરવી' એવા

નિશ્ચયવાળું છે–એમ માની લેવા જેવું છે ખરૂં ? આજે તો, તમે એવા બહાદ્દર નથી કે–હથિયાર હાથમાં હોય તે છતાં પણ હથિયાર ઉગામી શકો, પણ ધારો કે–તમારામાં શક્તિ હોય અને હિંમતે ય હોય, તો તમે શું કરો ? કોઇ ઉપર ગુસ્સો આવી જાય ત્યારે, શક્તિ ને હિંમત હોય તો પણ, તલવાર મ્યાનમાં જ રહે કે બહાર નીકળી જાય ?

સ૦ મ્યાનમાં રહેવી મુશ્કેલ.

અત્યારે તો તમે એટલા ભીરૂ છો કે–સામો હથિયાર ઉગામશે–એમ લાગે, ત્યાં તો તમે નાસી છૂટો, અથવા તો હથિયારો બખડે એટલે ત્યાં ને ત્યાં જ કદાચ હૃદય બંધ થઈ જાય; પણ સાધન હોય, તાકાત હોય અને હિંમત પણ હોય, તો તમે કરામત કરવામાં બાકી રહી જાવ નહિ ને ? કોઇ આપણું ગમે તેટલું નુકશાન કરે, તો પણ તેને પાયમાલ કરવાનું મન ન થાય, એવું હૈયું કેળવ્યું છે ? અપરાધીની વાત મૂકી દઇએ, પણ તમારા સાંસારિક સ્વાર્થની આડે આવતો કોઈ લાગે, તો એટલા માત્રથી તો તમે તેનું કાસળ કાઢી નાખવાને તૈયાર થઇ જાવ નહિ ને ? મનને જરા પૂછી જુઓ. કોઈને તમે નહિ મારતા હો, તો તેમાં સંયોગ નહિ મળ્યો હોય અને સંયોગ મળ્યો હશે, તો શક્તિ નહિ હોય; પણ, મારા સ્વાર્થને ખાતર પણ હું નિરપરાધીને તો મારૂં જ નહિ, એવો નિશ્ચય ખરો ?

એ રાજાઓ ને એ મંત્રિઓનાં હૈયાં કેવાં હશે ?

આ ધર્મને પામેલા એવા પણ રાજા–મહારાજાઓ અને મંત્રિઓ આદિએ, સંયોગવશ ભયંકર યુદ્ધો પણ ખેલ્યાં છે;

પરન્તુ, અવસરે જણાઈ આવે કે–એમનાં હૈયાં સારાં; હિંસક ભાવથી ભરેલાં નહિ ! ચેડા મહારાજાને નિયમ હતો કે–દુશ્મનને પણ એક દિવસમાં એક બાણથી વધુ બાણ મારવું નહિ ! તમારે ગાળો દેનારને પણ એક દિવસમાં એક ગાળથી વધુ ગાળ તો દેવી જ નહિ, એટલો ય નિયમ કરવો છે ? ગાળ ન દો તો સારું, પણ ધારો કે–ગાળ દીધા વિના રહી શકાય જ નહિ, તો ય એક દિવસમાં એક ગાળથી વધુ ગાળ નહિ દેવા જેટલો સંયમ પણ તમે રાખી શકો તેમ છો ? પેલા તો રાજા–મહારાજા હતા, માથે જવાબદારી મોટી હતી અને એથી યુદ્ધ–પ્રસંગે તેઓ યુદ્ધ ખેલતા પણ ખરા; તે છતાં પણ, જોવા જેવું તો એ છે કે–તે પોતાની પ્રતિજ્ઞાથી ચલિત થતા નહિ. યુદ્ધ–ભૂમિમાં જવું, દુશ્મનની બળવાન સેનાની સામે ઝઝુમવું, ચારે ય તરફ દુશ્મનો વિંટળાએલા હોય અને સંખ્યાબંધ પ્રહારો ચાલ્યા આવતા હોય, તે છતાં પણ માત્ર બચાવ જ કર્યા કરવો અને તક આવે ત્યારે માત્ર એક જ બાણ મારવું અને તે પછી ગમે તેમ થાય તો ય, બીજું બાણ તે દિવસે તો નહિ જ વાપરવું, એ જેવી–તેવી વાત છે ? બાણાવળી એવા છે કે–એક જ બાણ મારે, પણ ઘા ચૂકે નહિ; જેને બાણ માર્યું તે પડ્યો જ સમજો; છતાં, એક દિવસના એક બાણની પ્રતિજ્ઞાને વળગી રહે, એ કયારે બને ? બાણ મારે ખરા, પણ આવી પ્રતિજ્ઞા રાખે અને ગમે તેવા સંયોગોમાં પણ પ્રતિજ્ઞા બરાબર જાળવે, એ વસ્તુ ઉપરથી આપણે એમનું હૈયું કેવું હશે, એની કલ્પના કરી શકીએ. એની સાથે, આપણે આપણા હૈયાનો વિચાર પણ કરી લઇએ. આજે તમે પંચેન્દ્રિય પ્રાણિનો વધ નહિ કરતા હો,

પણ તે તમારૂં હૈયું બહુ દયાળુ છે માટે ? પ્રાણના ભોગે પણ, કોઇના ય પ્રાણ નહિ લેવા, એ પ્રકારે મનને કેળવ્યું છે માટે ? શક્તિ ન હોય, આવડત ન હોય, હિંમત ન હોય, સંયોગ ન હોય અને એથી પંચેન્દ્રિય પ્રાણિનો વધ ન કરતા હો, તો તેમાં બહુ રાચવા જવું નથી. સવાલ તો એ છે કે–મન કેવું છે ? શક્તિ આદિ હોય તો પણ, મન સામાના વધની પ્રેરણા ન કરે એવું છે કે 'જો શક્તિ હોત તો આની બબર બરાબર લઇ નાખત'–એવા એવા વિચારો આવે એવું છે ? પેલા પંચેન્દ્રિય પ્રાણિનો વધ કરતા, તે છતાં પણ એમનું હૈયું વધની વૃત્તિવાળું નહોતું માટે બચી ગયા; અને જેનું હૈયું વધની વૃત્તિવાળું હોય, તે વગર વધ કર્યે પણ, વધના પાપને બાંધે અને દુર્ગતિમાં ચાલ્યો જાય.

દયાના પરિણામની બાત્રી :

હૈયામાં હિંસકભાવ ન હોય અને દયાનો પરિણામ હોય, તો અવસરે હિંસા કરનારો પણ, યતનાપૂર્વક વર્તે. મહારાજા કુમારપાલ, ઘોડા ઉપર ચઢતાં પહેલાં પલાણને પૂંજતા અને પછી ઘોડે ચઢતા. યુદ્ધ કરનારા હોવા છતાં પણ, એમના હૈયામાં હિંસા નહોતી અને જીવદયા હતી, તો જ પૂંજી શકતા ને ? તમે જ્યાં બેસો ત્યાં જોઈ–પૂંજીને જ બેસો ને ? જોઇને અને પૂંજીને બેસવામાં જીવરક્ષાનો ભાવ રહેલો છે, પણ તમે ગાદી કે કૉચ ઉપર બેસતાં પહેલાં જુઓ અને પૂંજો, એ બને બરૂં ? જીવો નસીબદાર હોય તો તમારા ભાર નીચે ચગદાય નહિ, બાકી તમે કોઇ જીવ મારા અનુપયોગથી પણ ચગદાઈ જાય નહિ, એવી કાળજી થોડી જ

રાખો છો ? ગાલીચા પાથરેલા હોય, તો નીચે જીવ ન હોય ? ઉપરે ય જીવ ન હોય ? બેસતાં પહેલાં, એ જુઓ ખરા ? જોવામાં તો લાભ ઘણા છે. કાંઈ લાકડું વગેરે પડ્યું હોય, તો વાગી ન જાય અને કોઇ ઝેરી જંતુ વગેરે હોય, તો કરડી ન જાય, એ વગેરે લાભો પણ ઘણા છે; પણ વાત તો એ છે કે–કોઈ પણ નિરપરાધી ત્રસ જીવ મારાથી નહિ જ મરવો જોઇએ, એની કાળજી છે ખરી ? પોષહમાં તો ચરવળો રાખવો પડે માટે રાખ્યો છે, બાકી જોયા વિના બેસવામાં વાંધો નહિ ને? પોષહ આદિમાં ચરવળો પાસે હોવા છતાં ય, પ્રમાર્જીને જ બેસવા–ઉઠવાનો ઉપયોગ કેટલો રહે છે ? ઉપયોગ બરાબર રહેતો નથી, તેનું કારણ વિચાર્યું ? જોઈ–પ્રમાર્જીને બેસવા–ઉઠવાની રોજની ટેવ પાડી હોય, તો પોષહ આદિમાં કેટલો બધો ઉપયોગ રહે ? જોઈ–પ્રમાર્જીને બેસવા–ઉઠવાની કાળજી કેમ નથી આવતી ? લાગે છે કે–દયાના પરિણામની બામીનું એ પરિણામ છે ?

સ૦ જયણાનું સાધન રાખવાનું ગયું ને ?

પહેલાં ગૃહસ્થો બેસણ રાખતા અને પ્રમાર્જવામાં બેસનો ઉપયોગ કરતા, પણ આજે બેસણ રાખવાનું ગયું, એમ કહે છે ! પણ, એ વાત વળી બીજી થઇ. હૈયે દયાનો પરિણામ કેટલો છે, એ વિચારો ને ? બેસણ તો ગયો, પણ જોવાની આંખ તો નથી ગઈ ને ? હૈયે દયાનો પરિણામ હોય, તો આંખ તો કામ લાગે ને ?

આપણે પાપ કરીએ, છતાં ભગવાન દુઃખથી અને દુર્ગતિથી બચાવી દે, એ બને નહિ :

પંચેન્દ્રિય પ્રાણિનો વધ કરવાનો પ્રસંગ ન આવે–એ

ઉત્તમ વાત છે, પણ પંચેન્દ્રિય પ્રાણિનો વધ કરવો પડે, તો ય તેના રસથી તે જ બચી શકે, કે જેના હૈયામાં દયાનો ઓઘ પરિણામ પણ બેઠો હોય. હિંસાની ક્રિયા કરતાં પણ, હિંસાનો રસ, વધારે નુકશાનકારક છે. નરક અને તિર્યંચગતિમાં જવાની ઈચ્છા નથી, પણ પાપ કરશો તો કોઈ છોડાવશે નહિ–એવી ખાત્રી છે ને? આપણે પાપ કરીએ અને પછી ભગવાનને કહીએ કે–'તું અમને દુઃખથી અને દુર્ગતિથી બચાવ!'–તો એથી બચાવી દે, એવા ભગવાનને આપણે માનતા નથી. આપણે તો માનીએ છીએ કે–ભક્તિથી રાજી થાય અને ગાળથી ગુસ્સે થાય, એ દેવ નહિ. દેવ તો વીતરાગ છે. કોઈ ભક્તિ કરે, એથી એમને રાગ થાય નહિ અને કોઇ આશાતના કરે, એથી એમને દ્વેષ થાય નહિ. આપણે તો ભક્તિ કરીને પણ દેવની ભક્તિના પરિણામથી લાભ લેવાનો છે. દેવની ભક્તિ, દેવ પ્રત્યેની ભક્તિના પરિણામને પમાડનાર, એ પરિણામને શુદ્ધ બનાવનાર અને એ પરિણામને વૃદ્ધિ પમાડનાર છે, માટે દેવ વીતરાગ હોવા છતાં પણ, આપણે ભક્તિ કરીએ છીએ. જેમ ભક્તિના પરિણામથી લાભ થાય છે, તેમ અભક્તિના –એ તારકની આશાતનાદિના પરિણામથી નુકશાન પણ થાય જ છે. દેવ સ્વયં નથી આપતા લાભ કે નથી કરતા નુકશાન. ત્યારે, આપણે પાપ કર્યે રાખીએ, મનને પાપમાં પરોવ્યે રાખીએ અને પછી ભગવાનને દુઃખથી તથા દુર્ગતિથી બચાવવાનું કહીએ, તો એ બની શકે એવી વસ્તુ છે? નહિ જ. 'હે ભગવન્! તું મને દુઃખથી તથા દુર્ગતિથી બચાવ અને મોક્ષને પમાડ!'–એ વગેરે આપણે જરૂર કહીએ છીએ, પણ તે ઔપચારિક ભાષા છે. એમ કહીને, આપણે એ તારકની

આજ્ઞાની આરાધનાથી જ તરાય અને એ તારકની આજ્ઞાની વિરાધનાથી ડૂબાય, એ સંસ્કારોને પુષ્ટ કરીએ છીએ. 'અ-ત્યાર સુધી તારી આજ્ઞાને મેં માની નહિ, માટે હજુ પણ હું સંસારમાં ભટકું છું અને મોક્ષને પામવાને માટે, દુઃખથી છૂટવાને તથા સુખને મેળવવાને માટે, કાંઈ પણ આરાધવા યોગ્ય હોય, તો તે તારી આજ્ઞા જ છે'–આવો ખ્યાલ પેદા થાય, એ ખ્યાલ પેદા થયો હોય તો એ ખ્યાલ સતત્ જાગ્રત રહે, એ માટે આપણે ભગવાનની પાસે યાચના કરીએ છીએ કે– 'તું મને તાર!' બાકી તો, ભગવાને, આપણે સંસારમાં રૂલીએ છીએ શાથી, સંસારથી છૂટવાની જરૂર શા માટે છે અને સંસારથી છૂટીને મુક્તિને મેળવવાને માટે શું શું કરવું જોઈએ–એ વગેરે દર્શાવ્યું છે. એ જ, એ તારકનો મોટામાં મોટો ઉપકાર છે. એ નથી ડૂબાવતા કે નથી તારતા, પણ આપણે જ આપણાં કૃત્યોથી ડૂબીએ છીએ અને આપણા પુરૂષાર્થથી જ આપણે તરવાનું છે.

છોકરાના ખૂનીને ફાંસીની સજા થાય તો રાજી થાવ ને?

ત્યારે આપણે જો દુઃખથી ને દુર્ગતિથી બચવું હોય, તો કમથી કમ પંચેન્દ્રિય પ્રાણિનો વધ, મહારંભ અને મહા પરિગ્રહ આદિમાંથી મનોવૃત્તિને તો ફેરવી જ નાખવી પડશે ને? એ કામ બંધ જ કરવાં હોય, તો સાધુ બનવું પડે અગર તો બહુ જ પરિમીત બની જવું પડે; પણ તે માટે ય મનો-વૃત્તિને ફેરવ્યા વિના તો ચાલે તેમ છે જ નહિ. મનોવૃત્તિમાં હિંસાનો, આરંભનો અને પરિગ્રહનો રસ નહિ રહેવો જોઈએ. પ્રસંગવશ થઈ જાય, જરા ગમી ય જાય, પણ તરત પાછું

'ઠીક નથી થતું' એમ થવું જોઇએ. એ તજવા યોગ્ય જ છે, એ વાત હૈયામાંથી વિસરાવી નહિ જોઈએ. ધારો કે–કોઇએ તમારા છોકરાનું ખૂન કર્યું. તમારા છોકરાનું ખૂન કરનારો પકડાઈ જાય, તો તેને તમે કૉર્ટમાં લઈ જાવ ને? કૉર્ટમાં કેસ ચાલ્યો અને તમારા છોકરાનું ખૂન કરનારને કૉર્ટે ફાંસીની સજા કરી, તો એ જાણીને તમારે હૈયે આનંદ આવે ને? 'ઠીક થયું, એ જ દાવનો હતો'–એમ થાય ને? એ આનંદ આવી ગયા પછી ય, એમ થાય ખરૂં કે–'છોકરો તો ગયો જ હતો, પણ મેં આના વધના અનુમોદનથી, નાહકનું પાપ ઉપાર્જ્યું? આ મરે તો ય છોકરો તો પાછો આવવાનો નહોતો જ, તો આને હું કૉર્ટમાં શું કામ ઘસડી ગયો?' આપણા ઉપર ઘા કરવા કોઈ આવ્યો અને આપણા નસીબ સંજોગે, આપણા ઉપર ઘા કરતાં પહેલાં, એ પોલીસના હાથમાં સપડાઇ જાય, તો એને તમે શિક્ષા કરાવીને રાજી થાવ? કે એને છોડાવીને એ સુધરે એ માટે કાંઈ કરો? તમે એવા સ્થાને બેઠા છો કે–પંચેન્દ્રિય પ્રાણિના વધના પ્રસંગો આવે એ બનવાજોગ છે; કદાચ, તમે તેનો વધ કરો અગર કરાવો, તે ય બનવાજોગ છે; પણ એ વખતે ય 'પાપમાં બેઠો છું, માટે આવાં પાપો કરવાં પડે છે'–એમ હૈયું હાલે ખરૂં ને?

શ્રી કુમારપાલે યુદ્ધો ખેલ્યાં છે, પણ એમના હૈયામાં કેવી દયા, ઉદારતા ને ગંભીરતા હતી?

શ્રી કુમારપાલ મહારાજા જેમ અવસરે યુદ્ધ કરવાને જઈ શકતા, તેમ ગમે તેવા દુશ્મનને પણ અવસરે બચાવી લેવાની ઉદારતા બતાવી શકતા.

એક વાર, તેમને પોતાના બનેવીની સાથે જ યુદ્ધમાં ઉતરવાનો પ્રસંગ આવ્યો. પોતે જે સ્થાને બેઠા હતા, તે સ્થાનની જવાબદારી એવી હતી કે-એમને પોતાના બનેવી રાજા સામે પણ, યુદ્ધ આદરવાનો પ્રસંગ આવ્યો. શ્રી કુમારપાલે, પોતાની મોટી સેના સાથે ચઢાઈ કરી.

દુશ્મન રાજાએ જોયું કે-' કુમારપાલની સેના ઘણી મોટી છે અને મારી સેના ઘણી નાની છે, એટલે કુમારપાલ સાથે સેનાથી લડવામાં હું પહોંચી શકું તેમ નથી.' આથી, તેણે એક છૂપી બાતમીઓને લાવવાને માટે પોતાના ચાર ભટને પૂછ્યું કે-' આને જીતવાનો કોઈ ઉપાય છે ?'

પેલો જાણભેદુ હતો. એણે કહ્યું કે-' એક ઉપાય છે. રાજા કુમારપાલના જે કેલ્હણ વગેરે સામંતો છે, તે ફુટી જાય તો કામ થઇ જાય.'

રાજા કહે-' એ કેમ બને ?'

પેલો કહે છે કે-' એ સામન્તોનું કુમારપાલ ઉપર મન નથી; કેમ કે-કુમારપાલ કૃપણ છે અને અકૃતજ્ઞ છે, એવી એમના મનમાં ખાત્રી થઈ ગયેલી છે.'

આ વાતને જાણી લઇને, શ્રી કુમારપાલના દુશ્મન રાજાએ, શ્રી કુમારપાલના સામન્તોને પૈસા વગેરે આપીને ફોડી નાખ્યા. શ્રી કુમારપાલને આની કશી જ ખબર પડી નહિ. શ્રી કુમારપાલને આ વિષેની કોઈ બાતમી આપવાની પણ કોઈએ હિંમત કરી નહિ.

સવારે બન્ને સેનાઓની વચ્ચે યુદ્ધ શરૂ થયું; એટલે શ્રી કુમારપાલે જોયું કે-આજે મારા સામન્તો યુદ્ધ કરવામાં ઉદાસીનતા સેવે છે. જે સામન્તો યુદ્ધમાં હુકમ મળતાંની

સાથે જ હથિયાર ઉઠાવ્યા વિના રહેતા નહોતા, તે સામન્તો આજે નારાજ જણાય છે.

પોતે આશ્ચર્ય પામે છે અને મહાવતને પૂછે છે કે–'કેમ આજે આ બધા સામન્તો હંમેશની જેમ હથિયાર ઉઠાવતા નથી?'

મહાવત કહે છે કે–'મહારાજ! આપણા દુશ્મને આ સામન્તોને સુવર્ણ દઈને અને બીજી પણ લાલચ આપીને ફોડી નાખ્યા છે. પૈસો શું નથી કરતો? પૈસો તો ત્રણ ભુવનને ફેરવી નાખવાને સમર્થ છે.'

આવા વખતે, આવા સમાચાર મળે, તો હૈયામાં શું નું શું ય થઈ જાય ને? દુશ્મન રાજા અને એની સેના મેદાને પડી છે, યુદ્ધ શરૂ થઈ ચૂકયું છે અને મહાવત કહે છે કે–'આપણા સામન્તો ફુટી ગયા છે.' આવા વખતે ધીરજ ટકે? સત્ત્વ ઉછાળો મારે કે દબાઈ જાય? ફૂટી ગયેલા સામન્તોને માટે હૈયામાં શી શી ભાવના આવે? આત્માને પૂછો કે–એ જગ્યાએ તમે હો, તો તમારા હૈયામાં શી શી ગડમથલ થઈ જાય?

સ૦ હૈયામાં ઉલ્કાપાત મચી જાય.

શ્રી કુમારપાલ ધીરજ ગુમાવતા નથી, નાસીપાસ થઈ જતા નથી અને ફુટેલા સામન્તોની બાબતમાં પણ દુર્ધ્યાને ચઢી જતા નથી. શ્રી કુમારપાલ મહાવતને એટલું જ પૂછે છે કે–'એ બધા ફુટી ગયા છે તે તો ઠીક, પણ તું કેમ છો?'

મહાવત કહે છે કે–'દેવ! એક હું, બીજો આ કલહ પંચાનન નામનો હાથી અને ત્રીજા આપ. આ ત્રણ ફરી જાય કે ફુટી જાય તેમ નથી.'

શ્રી કુમારપાલ કશી જ વધારે વાત કર્યા વિના, મહાવતને

આજ્ઞા આપે છે કે–'જો એમ છે, તો જો, સામે દુશ્મન રાજા દેખાય છે. હાંક એ તરફ હાથીને!'

શ્રી કુમારપાલની આજ્ઞા મુજબ મહાવત હાથીને હાંકે છે. એમ એકલાને સામે આવતો જોઈને, દુશ્મન રાજાને અને દુશ્મન રાજાની સેનાને એમ થાય ને કે–કેટલો બળવાન છે? અથવા તો, એના સામન્તો કુટ્યા છે–એમ માનવામાં આપણે ભૂલ તો નથી કરી ને?

દુશ્મન રાજા અને દુશ્મન રાજાની સેના જોયા કરે છે અને શ્રી કુમારપાલનો હાથી ધસ્યો જ જાય છે. એ વખતે, અગાઉથી દુશ્મન રાજાએ અને તેના સલાહકારે કરેલી ગોઠવણ મુજબ, સિંહનાદ થાય છે.

સામન્તોને ફોડી નાખીને, શ્રી કુમારપાલના હાથીને પણ સિંહનાદ સંભળાવીને ભગાડી દેવો, એવી ગોઠવણ કરેલી. હાથીના કાનમાં સિંહનાદનો ધ્વનિ અથડાય, એટલે એ ડરીને પાછો પડે અને કદાચ ભાગાભાગ પણ કરવા માંડે. શ્રી કુમારપાલ જે હાથી ઉપર બેઠા હતા, તે હાથી પણ, એના કાનમાં સિંહનો ધ્વનિ અથડાતાં, પાછો વળવા લાગ્યો.

તરત જ, શ્રી કુમારપાલ મહાવતને પૂછે છે કે–'તું ય જો સાચો છે અને હાથી પણ જો સાચો છે, તો આ હાથી અત્યારે પાછો કેમ પડે છે?'

મહાવત કહે છે કે–'આપ શંકિત થાવ મા; સામેથી છલ કરીને કોઇ સિંહનાદ કરે છે, માટે આ હાથી પાછો પડે છે!'

શ્રી કુમારપાલ જેવા બહાદૂર હતા, તેવા જ બુદ્ધિશાલી પણ હતા. એમણે તરત જ પોતાનો ખેસ ઉતાર્યો, તેના બે

કટકા કરી નાખ્યા અને એ બન્ને ય કટકાઓ હાથીના બન્ને કાનોમાં ખોસાવી દીધા. પછી મહાવતને કહ્યું કે–'હવે ઝટ કર.'

દુશ્મન રાજા અને તેની સેના જોયા કરે છે, ત્યાં તો શ્રી કુમારપાલ મહારાજા વીજળીની ઝડપે, દુશ્મન રાજાના હાથી પાસે પહોંચી ગયા અને તેના હાથી ઉપર ચઢી જઈને એની ધ્વજાને છેદી નાખી. ધ્વજાને છેદી નાખીને દુશ્મન રાજાને શ્રી કુમારપાલે નીચે પટકી દીધો. એને નીચે પટકી દઈને અને પોતે પણ નીચે ઉતરીને એની છાતી ઉપર પગ મૂકીને, ઉભા રહ્યા.

જે બેનના નિમિત્તે શ્રી કુમારપાલને આ યુદ્ધ કરવું પડયું હતું, તે બેન તરત જ ત્યાં દોડી આવી. દુશ્મન રાજાએ પણ દયા યાચી અને પોતાની બેને પણ તેના પતિના પ્રાણની ભિક્ષા માગી. શ્રી કુમારપાલે, દુશ્મન રાજાની પાસે જે કબૂલાત કરાવવી હતી, તે કરાવી લીધી અને પછી તેને શિક્ષા આપીને છોડી દીધો. એને છોડી દેતાં પણ કહ્યું કે–' તને છોડી દઉં છું, તે આ મારી બેનને કારણે નહિ, પણ દયાધર્મને હું સર્વથી અધિક માનું છું એથી અને તેં દયા માગી માટે તને હું છોડી દઉં છું !'

શ્રી કુમારપાલ લડવા ગયા, ત્યારે કેવા હતા ? દુશ્મન રાજાની સેનામાં પેસી જઈને, દુશ્મન રાજાને પટકીને નીચે નાખી દીધો, ત્યારે એ કેવા હતા ? અને તે પછી એમણે દુશ્મન રાજાને છોડી દીધો, ત્યારે પણ એ કેવા હતા ? પહેલાં દયા ભાગી ગયેલી અને પછી દયા આવી ગઇ ? ના, હૈયે દયા તો પછીની જેમ પહેલાં પણ હતી જ, પણ પહેલાં પોતાના સ્થાન, કર્ત્તવ્ય, સંજોગ આદિનો સવાલ હતો.

જે સામન્તો કુટી ગયા હતા, તે સામન્તોને પણ શ્રી

કુમારપાલે કોઈ દિવસ કાંઈ કહ્યું નથી. એ વાત સરખી ય ઉચ્ચારી નથી. હૈયામાં ઉદારતા સાથે ગંભીરતા પણ હતી. બાકી, બળ કેટલું હતું? ઘણું! સામન્તોનો ગુન્હો પણ કેવો હતો? સામન્તોને માટે આવો ગુન્હો, એ બહુ ભયંકર ગુન્હો ગણાય. રાજા જો ધારે, તો બધા સામન્તોને પીલાવી નાખે, છતાં કોઈ કાંઇ બોલી શકે નહિ!

શ્રી કુમારપાલ જીતી ગયા, ત્યારે એ સામન્તોના હૈયામાં તેલ રેડાયું છે. પોતાનો ગુન્હો કેવો ગંભીર છે અને આ કેવો બળવાન છે, એ તેઓ સમજતા હતા; એટલે, હવે આપણને શું ય કરી નાખશે, એમ એ બધાને થતું હતું; પણ શ્રી કુમારપાલે પોતાની જીંદગીમાં એ વાત વિષે કદી પણ તેમને કાંઇ કહ્યું નથી! શ્રી કુમારપાલે એ વાતને યાદ પણ કરી નહિ, એની એ સામન્તો ઉપર કેવી અસર થઇ હશે! પહેલાં ભૂલથી કુટી ગયા, પણ આવું બને ત્યારે એના એ સમજે કે–સુવર્ણાદિને દેનારા સ્વામિઓ તો ઘણા હશે, પણ આવો ઉદાર સ્વામી તો કોઈ નહિ હોય! એ બધા જીંદગીના નિમકહલાલ બની જાય ને?

શ્રી કુમારપાલ યુદ્ધમાં પણ જતા અને પંચેન્દ્રિય પ્રાણિઓનો વધ પણ કરતા, પણ જોવા જેવું છે એ છે કે–એમનું હૈયું કેવું હતું? તમે એવા વધ કરનારા તો નથી જ, પણ તમારું હૈયું કેવું છે? શ્રી કુમારપાલ નરકે નથી ગયા. એમણે પંચેન્દ્રિય પ્રાણિઓનો વધ કરેલો કે નહિ?

સ૦ ઘણો કરેલો.

એમ? છતાં નરકે કેમ નહિ ગયા? હૈયું વધની વૃત્તિથી પર હતું અને દયાના પરિણામવાળું હતું, માટે ને?

તમને ગમ ખાતાં આવડે?

તમે કોઈ દિ' આવી રીતિએ વધ કર્યો નથી અને પ્રાયઃ એવા પ્રસંગમાં મૂકાવાના પણ નથી, પણ તમારી પાસે એવું હૈયું છે? તમારા સંયોગો કેટલા બધા સુંદર છે? આટલા સુંદર સંયોગોમાં પણ, શ્રી કુમારપાલના હૈયા જેવું તમારું હૈયું છે કે નહિ? સંસારમાં બેઠેલાને અનેક પ્રસંગો આવે, પ્રસંગવશ અપરાધીને મારે–એમ પણ બને, પણ ગૃહસ્થમાં ગૃહસ્થાઈ હોય કે નહિ? ઉત્તમ ગૃહસ્થ તરીકે જીવવું હોય, તો હૈયું કેવું હોવું જોઈએ? શ્રી કુમારપાલ એટલા બધા બળવાન હતા, છતાં પણ અણીના વખતે કુટી જનારા સામન્તોને માટે ય, દુર્ભાવ લાવ્યા વિના એમણે મનમાં સમાધાન કરી લીધું કે–'હોય, પૈસાથી બદલાતું કોણ નથી?' કેટલી ગમ ખાધી હશે? કોઇ વખતે તમારો કોઈ નોકર તમારા ૫–૫૦ ઉપાચત કરી જાય તો? એ વખતે એવો વિચાર કરો ખરા કે–'બીચારાને જરૂર પડી ગઇ હશે, માટે લીધા હશે?' અને 'હવે હમણાં કાંઇ નહિ, અવસરે શીખામણ દેશું.'–આમ થાય ને? તમે તો માનેલું ને કે–એક વખત ચોરી કરી, એટલે એને સખ્તમાં સખ્ત સજા કરીએ, તો જ એ સુધરે.

સ૦ એવાને સુધારવાને કાંઇ કરવું નહિ?

તમારો તો, સુધારવાની રીતનો ખ્યાલ પણ જુદો છે ને? તમે એણે ચોરી કરી એટલું જ જુઓ કે સંભવિતતા આદિનો વિચાર કરો? તમને એમ થાય ખરું કે–જો તક આવી લાગે, તો મારા જેવો પણ ૫–૧૦ હજાર આધા–પાછા કરી દે–એ સંભવિત છે, તો આ બીચારાને જરૂરના માર્યા કે

લોભના માર્યા આટલું ચોરવાનું મન થયું, એ સંભવિત નથી? જરૂરને અને લોભને આધીન બનીને, છતી તકે ચોરી ન કરે, એવા તો વિરલા! આવું લાગે અને પછી તમે એને ધોલ મારો, તો ય તે સુધારવાને માટે બને. સામાએ ચોરી કરી એટલે ગુસ્સો આવી ગયો, ધોલે ય મારી દીધી, પણ પછી શું કરો? એની જરૂરીયાતને ઓળખી લો? એને ચોરી કરવાનું મન જરૂરના માર્યા થયું હોય, તો એની જરૂરને પૂરી કરી આપો? છેવટ કાંઇ નહિ, તો એને શીખામણ સાથે શાન્તવન આપીને અને જમાડીને, પછી જ રવાના કરો ને?

આવેશ વખતે આયુષ્યનો બંધ પડી જાય તો?

તમારા કેટલાકોનું માનસ જુદી રીતિએ કેળવાઇ ગયું છે, એટલે તમને આ બધી રીત એકદમ ગળે નહિ ઉતરે; પણ વિચાર તો કરો કે–સંસારમાં કોઇ આપણો ગુન્હો કરે, એવા પ્રસંગો તો પ્રાયઃ ઘણા આવવાના અને આપણે જો એવા પ્રસંગોમાં આવેશમાં જ આવી જવાની કુટેવ પાડી દઈએ, તો કોઇ વખતે આપણને એવો કોઇ આવેશ આવી ગયો હોય અને તે વખતે આયુષ્યનો બંધ પડી જાય, તો જ્યાં જવાની આપણી બીલકુલ ઇચ્છા નથી, ત્યાં આપણે ચાલ્યા જવું પડે ને?

મહારાજા શ્રેણિકે નરકનું આયુષ્ય કેવા સંયોગમાં બાંધ્યું હતું, એ જાણો છો? એ ધર્મને નહોતા પામ્યા, તે સમયની આ વાત છે. એક વાર શિકારે ગયા હતા. એક હરણી ઉપર એમણે પોતાનું બાણ છોડયું અને તે હરણીને વાગ્યું. એ હરણી સગર્ભા હતી. એને બાણ એવા જોરથી વાગ્યું કે–એ જ વખતે એનો ગર્ભ બહાર નીકળી પડયો અને બન્ને તરફડતાં તર-

ફરતાં ત્યાં મરી ગયાં. મહારાજા શ્રેણિકે એ દૃશ્ય જોયું, એટલે એમને એમ થયું કે–મેં કેવું આબાદ બાણ લગાવ્યું ? બાણ એક માર્યું અને શિકાર બે કર્યા ! પંચેન્દ્રિય પ્રાણિઓના વધનો એ આનંદ જે વખતે અનુભવાતો હતો, તે જ વખતે તેમને આયુષ્યનો બંધ પડ્યો. એવા સમયે આયુષ્યનો બંધ પડે, તો નરક સિવાયના બીજા કયા આયુષ્યનો બંધ પડે ?

તેમ, તમે પણ તમારા કોઈ ગુન્હેગારને અંગે અગર તો તેવી કોઇ વાતમાં આવેશમાં આવી ગયા હો; 'ચૌદમા રતન વિના તો સાલા માને જ નહિ'–એવા એવા વિચારો કરતા હો; જેને શિક્ષા કરી હોય અગર જેને શિક્ષા થઈ હોય, તેની શિક્ષાને અંગે હૈયામાં આનંદ અનુભવતા હો; અને બરાબર એ જ વખતે આયુષ્યનો બંધ પડી જાય, તો તમારું થાય શું ?

મનનો બળાપો :

કોઈને ઘોલ મારવાનો પ્રસંગ આવે અને કદાચ તમે ઘોલ મારો પણ ખરા, પરન્તુ તે વખતે ય તમારું હૈયું દયાળુ હોવું જોઈએ. ઘોલ મારો તો ય, ઘોલ માર્યાનો આનંદ અનુભવો નહિ. હૈયામાં તો એ જ જોઇએ કે–ઘોલ ન મારવી પડે તો સારું. આવી વાતો કહીએ, ત્યારે કેટલાક તો પ્રાયઃ એમ કહે કે–આમ તે કાંઈ ઘર ચાલતાં હશે ? ત્યારે દયાના પરિણામોને રેંશી નાખીને ઘર ચલાવવાં છે ? તમારે તો, ખૂબ સાવધ રહેવા જેવું છે. તમે તો ઘરબારી, પૈસાવાળા, નોકર–ચાકરવાળા છો ને ? એટલે, તમારે માટે વખતો વખત ભૂલ થવાનો સંભવ ખરો ને ? તમારે સજા કરવાના પ્રસંગો વારંવાર આવે ને ? એ વખતે, તમારું જીગર કેવું રહે છે ?

કુટુંબમાં ય અણબનાવના પ્રસંગો અનેક આવે ને ? જેને પુણ્યનો યોગ હોય, તેને સંબંધી સારા મળે; બાકી તો, સંબંધિઓ પણ બરાબ મળે ને ? તમને સંબંધિઓ પ્રતિકૂળ મળ્યા હોય, તો શું થાય ? એવા સંબંધિઓ પણ મળે છે કે–એમને ઘર બહાર કાઢી શકાય નહિ, સજા થઈ શકે નહિ અને એ પ્રતિકૂળપણે વર્ત્યા વગર રહે નહિ. એમને તમે કાંઈ જ કરી શકો નહિ, પણ મનમાં તો બળ્યા કરો ને ? એનું મોઢું ન જોવું પડે તો સારૂં, એમ થાય ને ? એમ મનમાં બળ્યા કરતાં 'આવા મરે તો સારૂં'–એમ પણ થઈ જાય ને ? મન ઉપર કાબૂ મેળવ્યો હોય, તો એવા વખતે, કેટલા પાપ-વિચારોથી આત્માને બચાવી શકાય ? તમારે તો વારંવાર સાવધ રહેવું પડે. તમારા જેવાં દુર્ધ્યાનનાં કારણો અમારે નથી. અમારૂં મન દુર્ધ્યાનમાં ચડે, તો તે અમારી નાલાયકાતથી જ ચઢે. તમે તો કારણોમાં બેઠા છો, એટલે વાત-વાતમાં પ્રસંગ આવે. તમારે એવું હૈયું કેળવવું જોઈએ કે–કોઇને શિક્ષા, સજા આદિ કરવી પડે, તો ય એના દુઃખથી તમે આનંદ અનુભવો નહિ. તમારૂં દિલ એવું બનાવવાનો પ્રયત્ન કરો કે–તમારા દિલમાં કોઈના ય ભૂંડાની ભાવના આવે નહિ ! તમે એમ કહી શકો કે–અમને કોઈને ય માટે ક્રોધ આવે, તો તે બહારનો–દેખાવનો માત્ર હોય એવો ક્રોધ આવે, પણ હૈયાથી એનું અહિત ઈચ્છાય, એવો ક્રોધ તો અમને આવે જ નહિ !

સ૦ ક્રોધ જ નહિ આવવો જોઇએ ને ?

એમ ? ક્રોધ ન આવે તો તો ઘણું સારૂં; પણ ક્રોધ આવે તો ય તે ગમે નહિ, એમ બરૂં ?

મારે તો ય મારવાને ઈચ્છે નહિ અને માર્યું તે ગમે નહિ :

અવસરે માને પોતાના છોકરા ઉપર ક્રોધ આવે કે ન આવે ? માને પોતાના છોકરા ઉપર પણ અવસરે ક્રોધ આવી જાય, એ બનવાજોગ છે; ક્રોધમાં આવી જઈને મા છોકરાને મારે, એ પણ સંભવિત છે; પણ મા છોકરાને ગુસ્સામાં ને ગુસ્સામાં ભૂખ્યો મારે, એ સંભવિત છે ? છોકરાએ નહિ કરવા જેવું કરી નાખ્યું, માએ એ જોયું-જાણ્યું, એથી માને ગુસ્સો આવવાથી કે ફરીથી તેવું ન કરે એ માટે પણ માએ છોકરાને માર્યો, પણ પછી મા શું કરે ? પોતે રોવડાવેલા છોકરાને રોતો છાનો રાખવા, એનાં આંસુ લુછવા પણ, એ જ મા જાય ને ? મા ઘણું સમજાવે, પંપાળે, મનાવે, પણ પેલો હઠે ચડ્યો અને ભૂખ્યો પડ્યો રહે, તો મા એની પાસે રડવા બેસે ને ? પછી, જે છોકરાને માર્યો હોય, તે જ છોકરાને એ મા હેતથી ખવડાવે ને ? તેમ, તમારે પણ મા જેવા બનવું જોઈએ. તમે જો તમારા હૈયાને સૌ પ્રત્યે મા-બાપના જેવું બનાવી દો, તો તમે સંજોગવશાત્ પ્રાણિવધાદિ કરવા છતાં પણ, એના ભયંકર કોટિના પાપથી બચી જાવ.

સ૦ માને તો હેત હોય છે, એટલે કુદરતી ત્યાં એમ થાય છે, પણ બીજે એવું હેત ક્યાંથી લાવવું ?

જે જીવોની સાથે તમારે અણબનાવ આદિના પ્રસંગો આવે છે, તે જીવોમાં પણ કોઈ જીવો, કોઈ ભવમાં તમારાં માતા, પિતા, પુત્ર, પુત્રી આદિ હશે ને ? અનન્તાનન્ત કાળ ગયો, તેમાં આપણે કોની સાથે કેટલા સંબંધો બાંધ્યા અને કેટલા સંબંધો છોડ્યા ?-એની કલ્પના તો કરી જુઓ !

વળી, તમારા ઇચ્છવાથી બીજાનું ભૂંડું થઈ જવાનું છે? એમ નહિ, તો પછી સર્વની પ્રત્યે મૈત્રીભાવ જ ચિન્તવો ને? **'मित्ति मे सव्वभूएसु, वेरं मज्झं न केणई'** મારે મૈત્રી સર્વ પ્રાણિઓની સાથે છે અને વેર કોઈની ય સાથે નથી, આવું તમે કેટલીક વાર બોલો છો? જ્ઞાનિઓએ આ બોલવાનું ગોઠવી આપ્યું છે, તે મૈત્રી ન હોય તો લાવવાને માટે અને વેર હોય તો તેને ટાળવાને માટે ને? સૌ પ્રત્યે મૈત્રીભાવ કેળવો, તો માને ય ટપી જાય એવું હૈયું બની જાય. એને તો મોહે ય છે અને સ્વાર્થે ય છે. તમારે તો, બદલાની કોઈ આશા જ નહિ અને વિવેક પૂર્વકની મૈત્રી! મૈત્રીભાવની ખામી છે, એટલે બહુ મુશ્કેલી નડે છે. જેનામાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ હોય, તે હૈયાનો ક્રૂર કોઈ પ્રત્યે ય કેમ જ બની શકે? મારે તો ય મારવાને ઈચ્છે નહિ અને માર્યું તે ગમે નહિ, એ સ્થિતિ તમારી છે? જેમ કોઇ વખતે છોકરો પોતાની મા સામે ફરિયાદ કરવા આવે, તો તમે શું કહો? મા છે તે મારે, પણ એના હેતમાં ખામી હોય નહિ, એવું એવું તમે એને કહો ને? તેમ, તમારે માટે પણ જો કોઇ મારી પાસે ફરિયાદ કરતો આવે, તો કહું ને કે–મારે, પણ ગભરા મા! બચાવશે અને પાળશે એ! તમારું હૈયું કેવું છે, એ જાણી શકાય એ માટે આ બધી વાતો છે.

સ૦ એમાં પોતાના આત્માની દયા પણ રહેલી છે.

પણ, એ હૈયું આજે મોટે ભાગે મરી ગયું છે. સુખી માણસો મહારંભી અને મહા પરિગ્રહી હોય એ બને, પણ એ સ્થિતિમાં હોવા છતાં પણ જો એમનું હૈયું સારું હોય, તો તેઓ પાપ કરે, છતાં પાપ રસથી તે કરે નહિ.

‘ શ્રી શાલિભદ્રજીની માતાનું હૈયું કેવું હતું,’–એને પારખવાનો પ્રયત્ન કર્યો છે ખરો ?

મહારાજા શ્રેણિકે એક પણ રત્નકંબલ ખરીદી નહિ અને શ્રી શાલિભદ્રજીની માએ સોલે ય રત્નકંબલો ખરીદી લીધી, એ પ્રસંગ સાંભળ્યો છે ને ? એમાં, શ્રી શાલિભદ્રજીની માતા ભદ્રા શેઠાણીના હૈયાને પારખવાનો પ્રયત્ન કર્યો છે ખરો ?

બન્યું છે એવું કે–નેપાલદેશથી કેટલાક વાણિયાઓ, નેપાલ દેશમાં બનેલી મહા મૂલ્યવાન રત્નકંબલોને લઈને, એ રત્નકમ્બલોને વેચવાને માટે, રાજગૃહી નગરીમાં આવી પહોંચ્યા.

તેઓ જાણતા હતા કે–આ વસ્તુ રાજભોગ્ય છે, એટલે એ રત્નકમ્બલોને લઈને તેઓ, મહારાજા શ્રેણિકની પાસે ગયા. તેઓએ પોતાની પાસેની રત્નકંબલો મહારાજા શ્રેણિકને બતાવી અને એ રત્નકમ્બલમાં રહેલા ગુણોને વર્ણવતાં કહ્યું કે–‘ આ રત્નકમ્બલો ત્રણે ય ઋતુઓમાં સુખ પૂર્વક વાપરી શકાય છે. વર્ષાઋતુમાં, આ રત્નકમ્બલના તંતુઓ, એક–બીજાની સાથે એવા ગાઢપણે મળી જાય છે કે–વર્ષાનું પાણી એને ભેદીને નીકળી શકતું નથી અને વર્ષાનું પાણી જેવું આના ઉપર પડે છે, કે તરત જ તે નીચે પડી જાય છે. એટલે, આ કમ્બલ જેણે ઓઢી હોય, તેના શરીરને વરસાદનું પાણી અડી શકતું પણ નથી અને કમ્બલ પણ કોરી ને કોરી જ રહે છે. આ કમ્બલ એકલી પણ જો શીયાળામાં ઓઢી હોય, તો ય ક્ષણ માત્રમાં શરીરમાંથી પરસેવો છૂટે છે અને આ કમ્બલ ઉનાળામાં ઓઢી હોય, તો શરીરે જાણે ચન્દનનો લેપ કર્યો હોય એવી શીતલતાને પેદા કરે છે. આ કમ્બલ જ્યારે મેલી

થાય, ત્યારે તેને જો અગ્નિમાં નાખવામાં આવે, તો અગ્નિમાં નાખેલું સોનું જેમ શુદ્ધ થઈને બહાર આવે છે, તેમ આ કમ્બલ પણ મેલરહિત બની જાય છે.'

વેપારિઓએ આ પ્રમાણે રત્નકમ્બલના ગુણોને વર્ણવ્યા, એટલે મહારાજા શ્રેણિકે ' રત્નકમ્બલનું મૂલ્ય શું છે ' તે પૂછ્યું. વેપારિઓએ 'એક એકનું મૂલ્ય સવા સવા લાખ રૂપીઆ છે' એમ કહ્યું.

રત્નકમ્બલની એવડી મોટી કિંમત જાણીને, મહારાજા શ્રેણિકને આશ્ચર્ય થયું. તેમણે વેપારિઓની સાથે જરા સમજાવટથી વાત કરીને, પોતાને એક પણ રત્નકમ્બલ ખરીદવાની ઈચ્છા નથી, એમ જણાવી દીધું.

વેપારિઓ તો મોટી આશાએ આવેલા અને આમણે તો એક રત્નકમ્બલ પણ ખરીદી નહિ, એટલે વેપારિઓ ખૂબ જ હતાશ થઈ ગયા. એમનાં મોંઢાં પડી ગયાં. રાજાને નમીને તેઓ નિરાશ વદને ત્યાંથી નીકળ્યા અને પોતાના ઉતારા તરફ પાછા જવા લાગ્યા.

રસ્તામાં શ્રી શાલિભદ્રજીનું મકાન આવતું હતું. ભદ્રા માતા, પોતાની દાસીઓની સાથે, ગોખમાં બેઠેલાં હતાં. પેલા વેપારિઓ એ રસ્તેથી પસાર થતા હતા. ખિન્ન વદને તેઓ પરસ્પર વાત કરતા હતા કે–' આવા મોટા નગરમાં પણ જો આપણી આ રત્નકમ્બલો વેચાઈ નહિ, તો પછી બીજું આનાથી તે મોટું કયું નગર છે, કે જ્યાં આ રત્નકમ્બલો વેચાશે ? આ દેશમાં જ્યાં શ્રેણિક જેવો મહારાજાધિરાજ પણ આ રત્નકમ્બલોને ખરીદવાને માટે અશક્ત છે, ત્યાં આ દેશમાં બીજો તો કોણ ખરીદનાર હોય ? '

ભદ્રા શેઠાણીએ, ગવાક્ષમાં બેઠે બેઠે, પેલા વેપારિઓને મ્લાન વદને જતા જોયા અને તેમની વચ્ચે થતી આ વાત પણ સાંભળી. તરત જ, ભદ્રા શેઠાણીએ પોતાની એક દાસીને કહ્યું કે–'જલદી જા; અને પેલા પરદેશી વહેપારિઓ જાય છે, તેમને અહીં બોલાવી લાવ!'

કોઈ એમ ન કહે કે–રત્નકંબલવાળા નિરાશ થઈને ચાલ્યા જતા હોય, તેમાં આને શી પંચાત? પણ, ભદ્રા શેઠાણીથી, વેપારીઓનાં મોંઢાં ઉતરી ગયેલાં જોયાં, તે ખમાયું નહિ. શક્તિ હોય તો, નિરાશ બની ગયેલાની નિરાશાને ટાળવાની વૃત્તિ તમારામાં છે? કોઈ નિરાશ થઈને જતો હોય, તેમાં આપણને લાગે-વળગે શું?, એમ જ છે ને? બીજાના દુઃખમાં આપણને કાંઈ લાગે–વળગે નહિ ને? બીજાના દુઃખની ઉપેક્ષા કરતે કરતે હૈયું ધીટ્ટું, નિષ્ઠુર બની જાય છે, એ વાત જાણો છો?

ભદ્રા શેઠાણીએ હુકમ કર્યો, એટલે તરત જ દાસી પેલા વેપારિઓની પાસે પહોંચી ગઈ અને તેમને કહ્યું–'તમને મારાં શેઠાણી બોલાવે છે, માટે ત્યાં એમને ઘેર ચાલો!'

એ વહેપારિઓ એટલા બધા નિરાશ થઈ ગયા હતા કે–તેઓ એકદમ આવતા નથી અને તેમાંનો એક જે જરા વાચાલ હતો, તે કહે છે કે–'તારી શેઠાણી અમને શું કામ બોલાવે છે? અમે ત્યાં આવીને કરવાના શું છીએ? અમારી પાસે જે વસ્તુઓ છે, તે વસ્તુઓને ખરીદ કરવાને માટે ખૂદ રાજા પણ જ્યાં અશક્ત છે, ત્યાં તારી બુઢ્ઢી શેઠાણી શું ખરીદ કરી શકવાની હતી?'

એ વખતે, પેલી દાસી કહે છે કે–'તમારા જેવા તો

સંખ્યાબંધ વહેપારિઓ મારી શેઠાણીના આંગણે આવ્યા છે અને આવે છે; અને તે બધા પોતપોતાના ભાગ્યાનુસાર લાભ લઇને જ જાય છે, પણ કોઈ નિરાશ થઈને પાછો ફરતો નથી ! તમે કોઇ નવા વહેપારી લાગો છો, કેમ કે–વ્યાપારની રીતને પણ તમે જાણતા નથી. અનેકોને માલ બતાવીએ, તો એમાંથી કોઈ ખરીદનાર મળે, પણ કોઇને માલ બતાવીએ જ નહિ, તો ખરીદનાર કોણ મળે ? '

આવું કોણ બોલે છે ? ભદ્રા શેઠાણીની દાસી. તમારો નોકર બોલે આવું ? ' મારા શેઠ પાસેથી કોઈ નિરાશ થઈને તો પાછો જાય જ નહિ '–એવું તમારો નોકર કહી શકે, એવું તમારું વર્તન છે ખરું ?

પેલા વહેપારિઓ ભદ્રા શેઠાણીની પાસે આવ્યા. શ્રી શાલિભદ્રજીના મકાનમાં પેસતાં જ, વહેપારિઓ મકાનની રોનક જોઇને અંજાઈ ગયા. ભદ્રા શેઠાણીએ બધા વ્યાપારિઓને આદર સહિત બેસાડયા અને ' તમે શું લાવ્યા છો ? '–એમ પૂછયું.

વહેપારિઓએ કહ્યું કે–' અમે આ દેશમાં રત્નકમ્બલો વેચવાને આવ્યા છીએ. અમારી પાસે કુલ સોલ રત્નકમ્બલો છે.' ભદ્રા શેઠાણીના પૂછવાથી વહેપારિઓએ એ રત્નકમ્બલના ગુણો પણ વર્ણવી બતાવ્યા; અને દરેકની કિંમત સવા સવા લાખ રૂપીઆ છે, એમ પણ કહ્યું.

ભદ્રા શેઠાણી કહે છે કે–' મારે ૩૨ પુત્રવધૂઓ છે, એટલે દરેકને એક એક આપતાં પણ ૩૨ જોઇએ, જ્યારે તમારી પાસે તો ૧૬ જ છે. હવે શું કરવું ? બેર, દરેકના બે કટકા કરો, એટલે દરેક પુત્રવધૂને એક એક કટકો આપી શકાય.'

આ વાતને સાંભળીને, વહેપારિઓ ચકિત તો થઈ ગયા

છે, પણ સાથે શંકિત પણ થઇ ગયા છે અને એથી તેમણે તે વખતે પૈસાને માટે જરા અધીરતા પણ બતાવી છે; ભદ્રા શેઠાણી, એ વાતને સમજી ગયાં છે; છતાં પણ એમણે જરા ય ગુસ્સો કર્યો નથી. તરત વીસ લાખ રૂપીઆ અપાવી દીધા છે.

એક તો, રત્નકમ્બલની જરૂર હતી–એવું હતું નહિ; બીજું, જેટલી જોઇએ તેના કરતાં અડધી સંખ્યામાં રત્નકમ્બલો હતી, એટલે વહુઓને ટુકડા કરીને જ આપવી પડે તેમ હતું; અને વેપારિઓએ પૈસા મળશે કે નહિ એવી અધીરજ બતાવી. ભદ્રા શેઠાણી અધીરજને સમજી ગયાં, તે છતાં પણ તેમણે રત્નકમ્બલોને નહિ ખરીદતાં, વહેપારિઓને ઉભા કરી દીધા જેવું કર્યું નહિ ! ઊલટું, તરત જ પૈસા અપાવી દીધા. એ જગ્યાએ તમે હો, તો શું કરો ?

સામાયિકાદિ શા માટે ?

આપણો મુદ્દો તો એ હતો કે–કોઈ ખિન્ન થઇને જતો જોવામાં આવે, તો તે સુખિથી બમાય નહિ. શક્તિ હોય તો પેલાની ખિન્નતાને ટાળે, નહિ તો આશ્વાસન આપે. કોઈ ખિન્ન થાય, એમાં એ રાજી ન હોય. આવું હૈયું હોય, તો અપરાધિને સજા કરે–કરાવે, છતાં એનો એને રસ ન હોય. આવા હૈયા વગર, દુર્ભાવ આવતાં વાર કેટલી ? અને, દુર્ભાવમાં રમણ કરવાની કુટેવ પડી જાય, પછી બરાબ આયુષ્ય બંધાતાં વાર કેટલી ? સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, દાન, પૂજા, તપ વગેરે ક્રિયાઓ શા માટે કરવાની છે ? હૈયું કુણું, શાન્ત, નમ્ર, શુદ્ધ બને, એ માટે ને ? તમે જેટલી ધર્મક્રિયાઓ કરો છો, તેની તમારા હૈયા ઉપર શી અસર

થાય છે, એ તપાસો છો ખરા ? આરંભ અને પરિગ્રહમાં પડેલાની પાસે રોજ 'मित्ती मे सव्वभूएसु' એ વગેરે શા માટે બોલાવાય છે ? માનસ મૈત્રીયુક્ત બન્યું રહે, એ માટે ને ? કોઈ પણ જીવ પ્રત્યેના મૈત્રીભાવમાં ખામી આવી જવા પામી હોય, તો તે ખામી નીકળી જવા પામે, એ માટે ને ? કલ્યાણકામિએ એનો વિચાર કરીને, નિર્ણય કરવો જોઈએ કે–મારૂં માનસ પંચેન્દ્રિય પ્રાણિના વધથી, મહારંભથી કે મહા પરિગ્રહથી તોષ પામે એવું નહિ જોઈએ. એવા પ્રસંગોમાં પણ, 'એ બધું તજવા જેવું જ છે'–એમ લાગ્યા કરવું જોઈએ.

ચક્રવર્તિઓ ચક્રવર્તિપણે મરે તો નરકે જ જાય :

ચક્રવર્તિઓ ગાદી ઉપર ને ગાદી ઉપર મરે, તો નરકે જ જાય; કેમ કે–ખરેખરા મહા પરિગ્રહાદિમાં બેઠેલા છે. ચક્રવર્તિઓને માટે તો શાસ્ત્રે આ વાત નિશ્ચિત રૂપમાં જણાવી દીધી છે કે–ચક્રવર્તિઓ જો અન્તકાલ પર્યન્ત અચક્રવર્તી તરીકે જ રહે, તો નરકે જ જાય. ચક્રવર્તિઓ જો ત્યાગી બને, તો જ સ્વર્ગે કે મોક્ષે જાય, બાકી તો નરકે જ જાય. ચક્રવર્તિઓ પંચેન્દ્રિયપ્રાણિવધ કેટલો કરે ? એમનો પરિગ્રહ કેવો મોટો ? એના રાજ્યમાં મહારંભો કેટલા ? એ બધું છતાં, એ જો ત્યાગી બની શકે, તો નરકે ન જ જાય અને ન જ છોડી શકે, તો નરકે ગયા વિના રહે નહિ.

સ૦ શ્રી ભરત ચક્રવર્તી ચક્રવર્તિપણામાં જ કેવલજ્ઞાન પામ્યા ને ?

'વધ, આરંભ, પરિગ્રહ આદિ હેય જ છે'–એમ તો, એ, પહેલેથી માનતા જ હતા અને જ્યાં ભાવનારૂઢ થયા, એટલે પરિણામ કેટલા બધા ઉંચા થઈ ગયા ? હૈયામાંથી

આરંભાદિ નીકળી ગયા વિના, એ પરિણામો આવે નહિ. શુકલધ્યાનારૂઢ બન્યા પછી જ વીતરાગપણાની અને તે પછી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ત્યારે વિરતિ આવી ગઈ કે? એટલે ચક્રવર્તિઓ જો ત્યાગી બની જાય, તો સ્વર્ગે અગર મોક્ષે જઈ શકે, બાકી તો નરકે જ જાય. વાસુદેવ અને પ્રતિ-વાસુદેવ તો, ત્યાગી બની શકે જ નહિ. એ તો બધા નરકે જ જાય. નિયાણાનું એવું બન્ધન લઈને એ આવે છે કે– વાસુદેવ અને પ્રતિવાસુદેવ થાય, પણ મરીને તો નરકે જ જાય. આમ તો એ જીવો ઉંચા હોય છે, પણ એ ભવમાંથી મરીને એ નરકે જ જાય, એવી એમની કર્મસ્થિતિ હોય છે. બલદેવો પણ દીક્ષિત થઈ સ્વર્ગે અગર મોક્ષે જાય. એ સિવાય પણ ઘણા રાજા–મહારાજાઓ થયા છે; તેઓ ય મહા પરિગ્રહી જ હતા; પણ એ બધા નરકે જ ગયા છે એવું નથી. એમાંના સ્વર્ગે પણ ગયા છે. કેમ? મહા પરિગ્રહી હોવા છતાં પણ, હૈયું સારૂં હતું! મહા પરિગ્રહી હોવા છતાં પણ, એમને એમના મહા પરિગ્રહનો એવો રસ નહિ હોય, માટે જ તેઓ નરકથી બચી શકયા હશે ને? તમારી પાસે એવો તો મહા પરિગ્રહ નથી, પણ તમારામાં પરિ-ગ્રહનો રસ કેટલો છે?

'સામો આજ્ઞાભંજક બની જવા પામે નહિ'–તેની કાળજી આજ્ઞા કરનારે રાખવી જોઈએ:

આજે તમને મહા પરિગ્રહના ઘોર પાપથી બચાવવા હોય, તો શું કરવું જોઈએ? તમને આજે હું એમ કહી દઉં કે– 'તમે જરૂર પૂરતું રાખીને બાકીનું બધું મૂકી દો!' તો

તમે મૂકી દેવાના ખરા ? એવું કહીને પણ તમને મહા પરિગ્રહના પાપમાંથી બચાવી શકાય, એવું તમારું હૈયું છે ખરું? ત્યારે, અમે તમારી દયાથી, તમારા હિત ખાતર પણ એવી આજ્ઞા ન કરીએ, તે સારું છે ને ? અમે સમજીએ છીએ કે–આપણે અત્યારે કહી દઈએ તો પણ, આ લોકો એમ છોડી દે એવા હૈયાવાળા નથી, માટે જ અમે ઝટ છોડવાનું નથી કહેતા. અમે તમને પરિગ્રહાદિથી છોડવવાને આતુર ઘણા; અમારા સંસર્ગમાં જે કોઈ આવે, તે સારા ય સંસારને તજી દે, તો એથી અમે બહુ રાજી થઈએ; તેમ છતાં પણ, અમે તમને એકદમ છોડી દેવાનું કેમ કહેતા નથી ? અમે તમને એવી આજ્ઞા કરી બેસીએ ને તમે તજી શકો નહિ, તો શું થાય ? ત્યારે અમે એવી આજ્ઞા નથી કરતા, તે સારું છે ને ? આમાં તો બોલો. તજવાની તૈયારી ન હોય, તો આમાં 'હા' કહેવી જોઈએ ને ?

સ૦ એમ કહેવાય ?

કહેવાય. ખૂદ ભગવાને પણ કોઈને એમ નથી કહ્યું કે–તમે પહેલાં મહા પરિગ્રહાદિને તજી જ દો અને પછી ધર્મ લેવાને આવજો. ધર્મ જોઈએ તો, મહા પરિગ્રહાદિ તજવા જેવા જ છે, એમ જરૂર લાગવું જોઈએ. મહા પરિગ્રહાદિ તજવા જેવા છે–એવો ઉપદેશ અપાય; એ સાંભળીને કોઈ તરત બધાને તજવાને તૈયાર થઈ જાય તો સારું; પણ જે તજવાને તૈયાર થાય નહિ, તેને 'હમણાં જ તજી દે' એવી આજ્ઞા ન થાય. તમે અમને કહી શકો છો કે–'અમે આજે એવી સ્થિતિમાં છીએ, કર્મને એવા આધીન છીએ કે–આ બધું છોડવા જેવું છે–એમ જરૂર લાગે છે અને છોડવું પડશે એ

વાત પણ નક્કી છે, છતાં ય આજે છોડી શકીએ તેમ નથી અને આજ્ઞાભંજનનું પાપ અમારે લેવું નથી. આપની આજ્ઞા પાળવાના કોડ ગળા સુધી છે, પણ સ્થિતિ એવી નથી કે–આપ આજે છોડવાનું કહી દો, એટલે અમે છોડી શકીએ; એટલે, આપ કદાચ આજ્ઞા કરી બેસો અને અમારાથી ન બને, તો એક તો અમે આ પાપમાં બેઠા છીએ અને એમાં પાછા આજ્ઞાભંજક બનીએ; પછી અમારી ગતિ શી થાય?' આવું તમે એવો કોઈ અવસર આવી લાગે, તો જરૂર વિનયથી કહી શકો છો. આજ્ઞા કરનારે સામો આજ્ઞાભંજક ન થાય, તેની બહુ જ કાળજી રાખવી જોઇએ. આજ્ઞા કરનાર ઉપર, શાસ્ત્રે બહુ જવાબદારી મૂકી છે. આજ્ઞા કરનારે કોને, કેવી રીતિએ, કેવા સંયોગોમાં, કેવી આજ્ઞા કરવી જોઇએ–એ વગેરેનાં વર્ણનો વાંચતાં પણ એમ થાય કે–સર્વજ્ઞ સિવાય આવું કોઈ બતાવી શકે નહિ! ઉપદેશ ઉંચામાં ઉંચો અપાય, પણ આજ્ઞા તો યોગ્યને, યોગ્ય કાળે, યોગ્ય રીતિએ જ થાય. તમને દાનનો ઉપદેશ આપતાં, તમને બધાનું દાન દઈ દેવાનું મન થઈ જાય, એવો ઉલ્લાસ તમારા હૈયામાં પ્રગટી જાય, એ માટે અમે અમારાથી બનતી બધી મહેનત કરીએ; પણ તમે જો અમારા હાથમાં કાગળ –પેનસીલ આપી દો અને એમ કહી દો કે–'આપને યોગ્ય લાગે તે રકમ આપ મારા નામે લખી દો, તે રકમ હું આપી જ દઇશ.' તો અમારે આંકડો સૂચવતાં, લાખ વિચાર કરવા પડે. તમને વારંવાર પૂછીને, તમારી એકલી ધનાદિકની સ્થિતિ જ જાણવી પડે–એમ નહિ, પણ તમારી ભાવના પણ જાણવી પડે. જો કે–આવો પ્રસંગ બને ત્યાં સુધી અમે આવવા દઇએ નહિ અને તમે પણ પ્રાયઃ આ બાબતમાં આવો

વિશ્વાસ મૂકી દો, એ મુશ્કેલ છે; પરન્તુ તમે જો વિશ્વાસ મૂકી જ દો અને એમાં અમારે કાંઈક કરવું જ પડે–એવા સંયોગો આવી લાગ્યા હોય, તો અમે તમારા ભાવને જરા પણ હાનિ પહોંચે નહિ અને તમારો દાનનો ઉલ્લાસ ચઢતા પરિણામવાળો રહે, એ માટે બહુ કાળજી રાખીએ. અમે કેમ તમારી પાસે બલાત્કારે કે દબાણથી દાનાદિ કરાવીએ નહિ ? અથવા તો, 'અમુક દાન કરો'–એવી આજ્ઞા, કેમ કરીએ નહિ ? અમને ખબર છે કે–કર્મની આધીનતા, મનની નબળાઇ અથવા મોહ આદિને અંગે જીવો ચતુર્વિધ શ્રીસંઘની વચ્ચે ઉલ્લાસથી લીધેલ નિયમ પણ ભાંગી નાખે છે, તો એવા કારણે અમારો કહેલો આંકડો ન માને, તો તેમાં નવાઈ શી ? જેણે જીવનમાં નિયમ લઇને કોઇ પણ નિયમ કદી પણ ન ભાંગ્યો હોય અથવા તો એને દૂષિતે ય ન કર્યો હોય, એવા કેટલાક ? શ્રી અરિહંત ભગવાનની સાક્ષીએ, ગુરૂની સાક્ષીએ, ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં અથવા પંચની રૂબરૂમાં કરેલી પ્રતિજ્ઞાઓમાં, કેટલાને કેટલા લોચા વળી જાય છે ? જીંદગીમાં જેણે જેટલા નિયમો લીધા હોય, તેણે તે બધા પ્રાણ સાટે પાળ્યા હોય અને તેને દૂષિત ન કર્યા હોય એવા થોડા ! તમે શો અનુભવ કર્યો છે ? ત્યારે અમે સીધી આજ્ઞા કરી દઇએ અને તમે ના પાડી દો, તો ? એમ તમે આજ્ઞા-ભંજક બનો, તેમાં અમે પણ દોષિત બનીએ ને ? માટે, જ્ઞાનિઓએ કહ્યું કે–દરેકને એકદમ આજ્ઞા થઇ શકે નહિ. આજ્ઞા યોગ્યને જ થાય અને અવસરે યોગ્યને આજ્ઞા કરતાં પણ, એની શક્તિ, ભાવના આદિ જોવું પડે. એના સંયોગાદિનો પણ વિચાર કરવો પડે.

આવી મનોવૃત્તિ કેળવો :

માટે હું તમને, અત્યારે ને અત્યારે બધું છોડી જ દો, એમ કહેતો નથી; અને એમ કહું છું કે–ક્રમથી ક્રમ હૈયું તો જરૂર ફેરવવું પડશે. સામો ગમે તેવું નુકશાન કરે, તો પણ ખમી ખાતાં શીખવું પડશે. તમને, તમારો અપરાધ કરનાર પ્રત્યે પણ, મા જેવા હૈયાવાળા બનાવવા પડશે ને ? હવે તમે નોકર અને છોકરા વચ્ચે ભેદ નહિ પાડો ? નોકરનો અને છોકરાનો એક સરખો ગુન્હો હોય, તો ભેદ પડે ને ?

સ૦ ભેદ તો પડે.

છોકરાને બે ધોલ વધારે મારો, એમ ? કેમ કે–એના ઉપર મમત્વ છે ! તમારે હૈયાને સુધારવું હોય, તો ખમી ખાવાની ટેવ પાડવી પડશે. તમે ખમી ખાવાની ટેવ કેટલી પાડી છે ? તમારું ચાલતું હોય અને તમે સામાને પાયમાલ કરી શકો તેમ હો, તો ય સ્વભાવ જ એવો કે–ખમી ખાવ, આ બને ? સ્વભાવમાં આ વસ્તુ નથી, એટલે તમે ખમી ખાતા હો તો ય તે બહારથી, પણ હૈયાથી નહિ ને ? તમારા હૈયાને પૂછો કે–તમે પંચેન્દ્રિય પ્રાણિનો જે વધ નથી કરતા, તે સંયોગ નથી, સાધન નથી, શક્તિ નથી, માટે વધ નથી કરતા કે વધ કરવાની વૃત્તિ જ નથી, માટે વધ નથી કરતા ? જેનું મન એવું હોય કે–' શું કરું ? મારી શક્તિ નથી, નહિ તો એને ઠીક કરી નાખું !' આવા મનવાળો, વગર હિંસા કર્યે પણ, હિંસાના પાપથી લેપાય. એનો હિંસાનો રસ ભારે કહેવાય. એ રસમાં જો આયુષ્યનો બંધ પડી જાય, તો શી ગતિ થાય ? માટે, પહેલાં મનને તો સુધારી જ લો અને તે પછી 'મનને

બગાડનારા આ પરિગ્રહના સંયોગો છે'–એમ વિચારીને, જેમ બને તેમ, પરિગ્રહને ઘટાડવા માંડો. મહારંભના રસમાં પણ પરિગ્રહનો લોભ, માનાદિકની વૃત્તિ અને હિંસાની ઉપેક્ષા આદિ કામ કરે છે. મહારંભમાં પડેલાને પણ થવું જોઈએ કે–'આ મારો લોભ બહુ ભયંકર છે! શાને માટે આટલો બધો લોભ? કેટલા જીવોની હિંસા થાય, ત્યારે હું કમાઉં? આવું ધન ને આવી કીર્તિ નહિ જોઈએ!' આવી મનોવૃત્તિ કેળવો, તો મહા પરિગ્રહ અને મહારંભ છૂટે; સર્વથા છૂટે નહિ તો, મહા નીકળી જાય ને અલ્પ બની જાય; અને એનો રસ નહિ હોવાથી, એ વધારે નુકશાન કરી શકે નહિ.

મરતાં ય વોસિરાવી શકાય એ માટે–

આરંભ અને પરિગ્રહનો જેઓને બહુ રસ હોય છે, તેઓ મરતાં દેખીતી રીતિએ તો બધું અહીં મૂકીને જાય છે, પણ ખરી રીતિએ તો તેઓ મરતાં ય મૂકતા નથી અને લોભાદિને અંગે સાથે લઈને જાય છે. મનમાં 'મારૂં ધન, મારૂં ધાન્ય, મારૂં મકાન' વગેરે વગેરે લઈને જાય છે, પણ વોસિરાવીને નથી જતા. સાચા ભાવે વોસિરાવ્યું ન હોય, તો મકાન આદિ રહે અહીં અને એ જાય બીજે, પણ અહીં મકાન આદિમાં જે જીવહિંસાદિ થાય, તેનું પાપ તેને ત્યાં ય લાગે.

સ૦ મરતી વખતે વોસિરાવી દે તો?

તમે દિલથી વોસિરાવી દેવાના? 'આ મારૂં નથી અને હું આનો નથી'–એવું નક્કી કરીને જવાના? આજ સુધી મારૂં માન્યું તે ભૂલ કરી, એવી સમજ લઈને જવાના? મરતાં ય સાચા દિલથી વોસિરાવી દેવાય તો સારૂં, પણ

મરતાં સાચા દિલથી વોસિરાવી શકાય, એ માટે શું કરવું પડે ? મનને કેળવવું જોઈએ ને ? રોજ ધ્યાન રહેવું જોઇએ ને ? 'આ પાપનું સાધન છે; તજવા લાયક છે; રાખવા લાયક નથી; રાખ્યા સિવાય છૂટકો નહિ હતો, કેમ કે–સંસારમાં રહ્યો હતો, માટે રાખ્યું હતું'–આવા વિચારો એ વખતે આવે, એ માટે રોજ અભ્યાસ કરવો જોઇએ ને ? બંગલામાં પેસતાં, એમ થાય છે કે–'મેં આ પાપનું સાધન ખડું કર્યું છે ? આ સાધનને મેં સુખનું સાધન માન્યું છે, પણ આ બંગલો સુખનું સાધન થોડું અને તે પણ પુણ્યોદય હોય તો, બાકી પાપનું સાધન તો ઘણું ! આનાથી સુખ મળે તો ય તે થોડા કાળને માટે અને આના રાગાદિના યોગે જે પાપ બંધાય, તે પાપ દુઃખ દે ઘણો કાળ !' એ એમ પણ વિચારે કે–'સુવાનો હું એક ઓરડામાં, છતાં બધા ઓરડાનું પાપ આવવાનું મારે માથે.' આવા વિચારો, કોઈ વખતે ય આવે ખરા ? અને કોઈ વખતે આવા વિચારો નહિ આવે, તો ય તમે મરતી વખતે હૈયાથી એને વોસિરાવી શકશો, એમ માની બેઠા છો ? હજુ તો બંગલામાં પેસતાં શું થાય છે ? ઠીક બંધાયો છે, પણ અમુક ઠેકાણે બારી મૂકી હોય તો સારૂં અને અમુક ઠેકાણે બારણું મૂકવું હોય તો સારૂં ! આવો રસ અનુભવનારાઓ, મરતી વેળાએ પણ સાચા દિલથી વોસિરાવી શકે, એ મુશ્કેલ છે.

<u>મૂકીને જતા નથી, પણ હૈયે લઈને જાય છે !</u>

મરતી વખતે કેટલાકોને તો મમત્વનું જોર ઊલટું વધી જાય છે. મૂકીને જવું પડે, એ એટલું બધું વસમું લાગે છે

કે–એની મનોદશા એ જ જાણે. દુનિયા હૈયાને દેખતી નથી, માટે કહે છે કે–મૂકીને જાય છે; પણ મમત્વને દબાવી નહિ શકનારાઓ તો, બધું હૈયામાં સાથે લઈને જ જાય છે. વોસિરાવીને નહિ જવામાં અને હૈયે લઈને જવામાં, બહુ નુકશાન છે. મમત્વના યોગે જે નુકશાન થતું હોય તે તો થાય જ, પણ આ શરીર અહીં રહ્યું–તેને સંબંધિઓ આદિ સળગાવે, તેમાં ય એને પાપ લાગે છે અને એનું હાડકું રહી ગયું હોય ને તે કોઇને વાગે તો એનું ય પાપ એને લાગે છે; કારણ કે–હૈયાથી મૂકયું નથી. શરીર આદિને તો લઈ જઈ શક્યો નહિ માટે લઈ ગયો નથી, પણ શરીર આદિને હૈયે રાખીને ગયો હોય, તો શું થાય? જેમ તમે બધા પરદેશથી અહીં આવ્યા છો, તે ત્યાંનાં ઘરબાર–પેઢી વગેરેને, મૂકીને જ આવ્યા છો ને? દેખીતી રીતિએ તો તમે એ બધાને છોડીને આવ્યા છો, પણ હૈયે તો એ બધાને લઇને જ આવ્યા છો ને? ચાર દહાડે કાગળ આવવો જ જોઈએ, એવી એવી સૂચનાઓ કરીને આવ્યા છો ને? અહીં બેઠાં બેઠાં ત્યાં કેમ હશે, ત્યાં શું થતું હશે, એની ચિન્તા ખરી ને? અત્યારે અહીંયાં નિરાંતે બેઠા છો, પણ ત્યાં કાંઇક સળગ્યું–એવું સાંભળો, તો તમને શું થાય? અહીં પણ હૈયું સળગે ને? એવામાં જો એમ થઈ જાય કે–'મારે જવું જોઈએ' તો શું કરો? એવા વખતે, ચાલે તો મહારાજ પાસે બારી કઢાવે અને મહારાજ બારી કાઢી આપે નહિ, તો પોતે બારણું ખોલી નાખે, એવા કેટલા? હૈયામાંથી એક વસ્તુને કાઢી નાખી ન હોય, તો એ શું કામ કરે છે, તે જુઓ! અને હૈયામાં બહુ મમત્વ ન હોય, તો પાસેની વસ્તુ જાય, બગડે, તો ય બહુ

લાગે નહિ અને ઝટ મનને થાય કે–'પણ એ મારી હતી જ કયાં? એનો સ્વભાવ એવો હતો અને મારો સંબંધ પૂરો થયો, એટલે એ ગઈ.' આમાં કેટલો તફાવત? જીવતાં જીવતાં સદ્‌ગુરુઓના પરિચયમાં રહેવા છતાં પણ આ બધાને તજવાની વૃત્તિ ન આવે; આમાં જે મારાપણાની બુદ્ધિ છે તેને દૂર કરવાનું ગમે નહિ; રાત-દિવસ 'મારું, મારું જ' કરતા રહેવાય; તો મરતાં રીબાતી વખતે આ બધાને સાચા દિલથી વોસિરાવવાની વૃત્તિ કયાંથી આવે? કોઈ ને ય એ વૃત્તિ મરતાં ન જ આવે–એમ તો ન કહેવાય, પણ જીવતાં જેણે મનને કેળવ્યું નથી, તેને એ વૃત્તિ આવવી મુશ્કેલ તો ખરી ને?

સ૦ મરતી વખતે પુણ્યપ્રકાશનું સ્તવન સંભળાવાય છે ને?

એ તો એક રીત થઈ પડી છે. એથી પણ કદાચ કોઈને લાભ થઈ જાય, એટલે સંભળાવવાની ના નથી; બાકી તમે તો એ સ્તવનને ય એવી છેક છેલ્લી ઘડીએ સંભળાવો છો કે–જ્યારે પ્રાયઃ મરનારની સાંભળવા, વિચારવા અને વોસિરાવવા જેવી સ્થિતિ રહી ન હોય. એવાં સ્તવનાદિને રોજ વાંચીને સુઈ જતા હો, તો? રોજ એના અર્થનું અને એમાં આવતી વાતોનું ચિન્તન કર્યું હોય, તો કેટલો બધો ફેર પડી જાય? આજે તો પ્રાયઃ એવી હાલત છે કે–કયાંકથી એ સ્તવનનો અવાજ આવે, તો કહે કે–'શું થયું? કોણ જાય છે?' કળ્યો થતો સાંભળે, તો ન પૂછે. કહે કે–'હોય એ તો!' અને આમાં પૂછે. કેમ? જાણે અન્ત ઘડી પૂરતી જ એ વસ્તુ છે! અન્ત ઘડીએ પણ જે સાંભળવા અને સંભળાવવા લાયક છે, તેનું રોજ ચિન્તન કર્યું હોય અને મનને ટેવ પાડી હોય, તો કેટલો બધો ફેર પડે? મરતી વખતે કોઈ સંભળાવનાર

ન હોય, તો ય પોતે મનથી દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના કરી શકે, શરણાંને ગ્રહણ કરી શકે અને વોસિરાવવા યોગ્યને વોસિરાવી શકે; જ્યારે મનને ટેવ પાડી ન હોય અને ઊલટી ટેવ તો પડેલી જ હોય, તો સંભળાવનાર મળે તો ય કદાચ લાભ થાય નહિ.

આ બધો પાપનો વા-વંટોળ છે :

તમારે તો, આ બધાને હૈયામાં સાથે લઈને જવું નથી ને? ઉંચામાં ઉંચી કોટિના, જેની જગતભરમાં જોડી મળી શકે નહિ એવા, દેવ-ગુરૂ-ધર્મનો આપણને આટલો બધો સંબંધ થઈ ગયો છે; છતાં પણ આપણે જો આપણા હૈયાને સુધારી શકીએ નહિ અને મરતાં મરતાં ય આ પાપને હૈયામાંથી કાઢી નાખી શકીએ નહિ, તો આપણે કેવાક હૈયાના ધણી કહેવાઈએ? આરંભ અને પરિગ્રહનો સર્વથા ત્યાગ કરી શકાય નહિ, તો ય હૈયામાં એની ખટક તો પેદા થઈ જ જવી જોઇએ; અને જેમ જેમ આરંભ અને પરિગ્રહ વધારે હોય, તેમ તેમ ખટક પણ વધવી જોઈએ. રોજ થવું જોઈએ કે-' આટલો લોભ? આટલી મમતા? મારી નાખશે મને!' આનો રાગ એકદમ ન છૂટે, તો ય એ રાગને ધીમે ધીમે પણ મીટાવવાનું લક્ષ્ય તો રાખવું જોઈએ ને? તમારી પાસે બહુ પૈસા હોય, તમે મોટા ઉદ્યોગપતિ હો, તો એથી અજ્ઞાન લોક ભલે તમને વખાણે, પણ તમારા હૈયામાંથી ધનાદિકની ખુમારી નીકળી જવી જોઇએ. એ બધો પાપનો વા-વંટોળ છે, એમ લાગવું જોઈએ. કોઇ તમારાં વખાણ કરે, ત્યારે તમને લાગવું જોઇએ કે-આ સામગ્રી મને ભૂલાવનારી અને ભૂંડી ગતિમાં ઘસડી જાય

તેવી છે. રોજ વિચારવું કે–'મારી પાસે ધન ઘણું છે, કેમ કે–પુણ્યનો યોગ સારો છે; પણ આ છે પરિગ્રહ અને પરિગ્રહ એ પાપસ્થાનક છે. જો હું આના યોગમાં સાવચેત નહિ રહું, તો મારો પરિગ્રહ મને બાધા વિના રહેશે નહિ.' મહારંભમાં પડેલાઓએ ખ્યાલ રાખવો જોઈએ કે–'મારાં જેટલાં કારખાનાં ચાલે છે, તે બધાં જીવોની મોટી કત્લેઆમના નમુના છે; તો આ કત્લેઆમ મને કયી કત્લેઆમની સ્થિતિમાં મૂકી દેશે?' કયારે આનાથી છૂટું, એમ થયા જ કરવું જોઈએ.

પ્લેગની જેમ ડરતા રહેવાનું મન થાય ને?

તમને અનુભવ તો હશે કે–પ્લેગ વખતે લોકો ગામ બહાર જઈને ખેતરોમાં ઝુંપડાં બાંધીને રહે છે. એ વખતે, એ કેવા સાવધ રહે છે? સુતાં સુતાં પણ એમને થાય છે કે–' ઘરમાંથી કોઈ કાંઇ લૂંટી જશે તો નહિ ને?' ગામ ખાલી થઈ ગયું હોય, એટલે ચોરાઈ જવાની બીક ઘણી રહે અને પ્લેગ થવાની બીક એવી લાગે કે–ચોરાઇ જવાની બીક ઘણી હોવા છતાં પણ, ઘરમાં રહી શકાય નહિ! એવા વખતે માણસો રાતના કાંઇકિ ખખડાટ થાય કે તરત ઝબકી ઉઠે છે. રાતના જ્યારે જ્યારે જાગી જાય, ત્યારે ત્યારે તેમને એમ થાય છે કે–'ઘરમાં કોઈ પેઠું તો નહિ હોય ને? ઘરનું તાળું કોઈએ તોડ્યું તો નહિ હોય ને?' આવા તો કેટલા ય વિચારો કરે અને સવારે જ્યારે ખબર મળે કે–રાતમાં કાંઈ નવાજુની થઈ નથી, ત્યારે હૈયે શાન્તિ વળે. તેમ, આજે તમે ભલે બધું મૂકી શકો નહિ, પણ આ દુર્ગતિનું કારણ છે –એ વિચારથી, મનમાં વસવસો તો રહ્યા કરે ને? ડરતા

રહેવાનું મન થાય ને ? તમને એમ થાય ખરૂં કે–'મારા વેપાર આદિ મને દુર્ગતિમાં લઇ જશે ?' તમને કદી એમ થાય છે કે–'હું કોણ અને આ બધાની સાથે મારે લાગે–વળગે શું ? હું તે આત્મા; એ વળી, આ બધી આળપંપાળમાં કેમ પડી રહ્યો છું ? હું કેવો પરવશ છું કે–મને મારૂં યાદ આવતું નથી અને પારકું ભૂલાતું નથી!' ?

જ્યાંથી છૂટીને આવ્યા ત્યાં ફરી ફસાવા જવું નથી ને?

અહીં તમે આવ્યા છો, તો નિવૃત્તિમાં કેવું સુખ છે, એનો અનુભવ કરો છો ? જેને મૂકીને આવ્યા છો, તે મૂકવા જેવું જ છે–એમ માનીને આવ્યા હશો અને હૈયામાંથી એને જેટલે અંશે કાઢી નાખ્યું હશે, તેટલે અંશે તમને અહીં નિવૃત્તિના સુખનો અનુભવ થતો હશે ને ? ત્યાંથી અહીં આવવાને નીકળ્યા, ત્યારે છોકરાને કહીને આવ્યા છો ને કે–'તારે મને અહીંના કશા સમાચાર આપવા નહિ ! તને મન થઈ જાય ને મને કાગળ લખે, તો તારે મને એમ જ લખવું કે–'ત્યાં તમે નિવૃત્તિથી આરાધના કરવા ગયા છો, માટે ભૂલે –ચૂકે પણ તમે અમારી કે ઘર આદિની ચિન્તા કરશો નહિ ! ત્યાં જવા છતાં પણ, જો તમે અમારી જ ચિન્તા કર્યા કરશો, તો તમારી દુર્ગતિ થશે. અમે એમાં આડે આવી શકીશું નહિ !' 'કાગળ લખશો નહિ તો ચાલશે, પંણ કાગળ લખો તો આવું લખજો'–એવું કાંઈ કહીને આવ્યા છો ? કે પછી 'રોજ મને બધું વિગતવાર લખજે'–એમ કહીને આવ્યા છો ? આવ્યા ત્યારે જે કહ્યું હોય તે તમે જાણો, પણ હવે તો આરંભ અને પરિગ્રહથી છૂટી જવાની ઈચ્છા છે ને ? સાધુ

ન થવાય તો ય, શ્રી સિદ્ધગિરિજીની છાયામાં નિવૃત્ત જીવન ગાળવાની ઈચ્છા થાય છે ખરી? તમારા વગર ઘર–પેઢી અટકી પડયાં છે? તમે ચલાવો તો જ એ ચાલવાનાં છે? 'છોકરાઓનું કાંઇ પુણ્યે ય નથી કે તેમનામાં કોઇ આવડતે ય નથી' –એમ માનો છો? હવે તો નક્કી કરવાનું મન થાય છે ને કે–'જ્યાંથી છૂટીને આવ્યો છું, ત્યાં ફરી ફસાવાને જવું નથી!' તમને મન થઇ જાય, તો તમે છોકરાને લખી શકો છો કે– 'મેં હવે પાછા આવવાનું માંડી વાળ્યું છે. તું તારે મને ફક્ત એક લાખ રૂપીઆ મોકલી આપજે, જેમાંથી હું અહીં ખાઇશ, પીઇશ અને ધર્મ કર્યા કરીશ.' તમે ચોમાસું ઉઠયે સર્વત્યાગી બનવાના વિચારમાં હો તો જુદી વાત છે, પણ એ બને તેમ ન હોય, તો આ તો બની શકે ને? છોકરાને લખી દેવું કે–'હવે હું તારો બાપ નહિ અને તું મારો દીકરો નહિ, એવો નિર્મમભાવ મારે કેળવવો છે.' આ તો લક્ષાધિપતિઓને માટેની વાત કરી, એટલે લાખ રૂપીઆ કહ્યા; પણ સામાન્ય સુખી સ્થિતિવાળાઓ પોતાની સ્થિતિ મુજબની ગોઠવણ કરી લે અને નિવૃત્ત બનીને થાય તેટલો ધર્મ કરવો છે–એવો નિર્ણય કરી લે, તો તેમને ય વાંધો ન આવે. જેઓ આવું કરી શકે એવા સાધનસમ્પન્ન છે, તેઓ વિચાર કરે કે–જીવ! તને આવું કરવાનું મન થાય છે?

<u>અહીં આવો તો ડાહ્યા થઈને આવજો:</u>

દુર્ગતિમાં નથી જાવું ને? અહીંથી મરીને સદ્ગતિમાં જ જવાની ઈચ્છા છે ને? જેમ બને તેમ વહેલા સંસારથી છૂટીએ અને મોક્ષને પામીએ, એવું મનમાં આવી ગયું છે ને? તમે

જો આરંભ-પરિગ્રહાદિને એકદમ છોડી શકો, તો એના જેવું ખૂશી થવા જેવું બીજું શું છે? પણ તમારાથી એ એમ છૂટી શકે તેમ ન હોય, તો ય ધીમે ધીમે છૂટે અને રહો ત્યાં સુધી ય બહુ નુકશાનકારક બને નહિ, એવા રસ્તાઓ ઘણા છે. ચોમાસું ઉઠયે અહીં આવવાનું (સાધુ થવાનું) મન થઇ ગયું હોય અને જો અહી આવવાના જ હો, તો ડાહ્યા થઈને આવજો. અહીં આવો તો મનમાં શેઠાઈ રાખીને આવશો નહિ; ધનવાન તરીકેની ખુમારી લઈને આવશો નહિ; અગર 'હું મોટો છું'-એવી સમજ લઇને પણ આવશો નહિ. અહીં આવનારો, અહીં આવતાં પૂર્વે ગમે તેવો શેઠ હોય, માન-મોભાવાળો હોય, ધનવાન હોય કે ઉંમર લાયક હોય, પણ તેણે સમજી જ લેવું જોઈએ કે-'અહીં તો મારો આજે જ જન્મ થાય છે, એટલે અહીં સૌથી નાનો હું છું અને બીજા બધા મારાથી મોટા છે; માટે, મારે કોઈની ય પાસે માફ મનાવવાનો પ્રયત્ન કરવાનો નહિ અને મારે સૌનું માન જાળવાનું!' અમારે, બાળકોને લેવાનો હોય તો, બહુ ભાંજગડ કરવી પડે નહિ; અમુક જરૂરી યોગ્યતા જોઇ લઈએ એટલે ચાલે; જ્યારે ઉમ્મરે પહોંચેલાઓને લેતાં તો, અમારે તેમને બહુ તપાસવા પડે. પરીક્ષા બધાની કરવાની, પણ પરીક્ષાની રીત-રીતમાં ફેર હોય ને?

સાધુ ન થવાય તો અલ્પારંભવાળા અને અલ્પ પરિગ્રહવાળા બની જાવ!

અત્યારે તમારો આવી મોટી ફાળ ભરવાનો નિર્ણય હોય તેમ તો જણાતું નથી, ત્યારે જેઓ હમણાં સર્વત્યાગી બની

શકે તેમ ન હોય, તેમણે શું કરવું જોઈએ ? અલ્પારંભવાળા અને અલ્પ પરિગ્રહવાળા બની જવું જોઈએ. ગૃહસ્થપણે જીવવાને માટે જે આરંભને કર્યા વિના છૂટકો ન હોય, તે સિવાયના આરંભનો ત્યાગ અને ગૃહસ્થપણામાં રહીને સુખે જીવાય તથા સુખે ધર્મ થઈ શકે–એ માટે જરૂરી જે ધન–ધાન્યાદિ પરિગ્રહ, એ સિવાયના પરિગ્રહનો ત્યાગ. આવું કરનારને પંચેન્દ્રિય પ્રાણિના વધથી બચવાને માટે તો કોઇ ચોજના કરવી પડે નહિ ને ? રોટલે દુઃખી ન હોય અને જેના ઘરમાં સંચાલક પાકી ગયા, તેઓ જો આવો નિર્ણય કરી લે, તો એવું નિવૃત્ત અને મુખ્યત્વે ધર્મપરાયણ જીવન ગાળવાને માટે આ ભૂમિ જેવી કોઈ બીજી ભૂમિ નથી. મન આવું સુન્દર બની ગયું હોય અને શ્રી સિદ્ધગિરિજીની છાયા મળી જાય, પછી કમીના શી રહે ? જેઓ સાધનસંપન્ન હોય અને જેમને ઘરે ઘર વગેરેને સંભાળી શકે તેવા છોકરાઓ હોય, તેઓ ચોમાસું ઉતર્યે શું કામ અહીંથી પાછા જાય ? પછી, છોકરા વગેરેની સાથે પોતાના તરીકેનો કશો જ સંબંધ રાખવો નહિ. જરૂરી જે પરિગ્રહ રાખ્યો હોય, તે સિવાયના પરિગ્રહને અને સંસારના બધા સંબંધોને વોસિરાવી દેવા. ધર્મ અંગેના સંબંધ સિવાયના સંબંધને તજી દીધો હોય, તો વાંધો આવે ? છોકરાને લખી દેવું કે–' મારે જેટલી જરૂર હતી, એટલા મંગાવી લીધા છે. હવે ઘરમાં કે પેઢીમાં ગમે તે થાય, તેની સાથે મારે કશી જ લેવા–દેવા નથી. મારી ઈચ્છા તો તમે પણ બધા પાપથી છૂટો એવી છે, પણ તમે કદાચ ન છૂટો, તો ય હવે મને સંબંધમાં રાખીને, મને પાપનો ભાગીદાર બનાવશો નહિ ! આપણો સંસારનો સંબંધ હવે પૂરો થયો છે, એમ માની

લેજો.' આવું લખવું અને તે બરાબર પાળવું. અહીં પણ ઉપાધિમાં પડવું નહિ. રાખેલી મુડીનું વ્યાજ ઉપજાવવા જવું નહિ. મુડીમાંથી જ ખાવું અને મરતાં પણ વધારે નાણાંની જરૂર પડે નહિ, એવી રીતિએ વર્તવું. આમ છતાં પણ, છોકરો જો વધારે નાણાં મોકલે, તો તે સારા માર્ગે વાપરવાં, પણ સારા માર્ગે વાપરવાને માટે ય નવાં નાણાં મંગાવવાં નહિ, કેમ કે–વોસિરાવી દીધેલ છે.

આવું કરશો તો છોકરાઓ તમને ગાંડા નહિ કહે, પણ ઉત્સવ ઉજવશે :

તમે આવું કરો, તો તે તમારા છોકરાઓને પણ ગમે ને ? પિતાજીએ બહુ સારૂં કર્યું, એમ થાય ને ?

સ૦ કોઈ એમે ય કહે કે–બાપા ગાંડા થઈ ગયા છે.

આવું કરો, તેમાં ય તમારો સગો છોકરો તમને ગાંડા કહે ? અને, એવા છોકરાના બાપ કહેવડાવવામાં, તમને રસ છે ? છોકરા ગમે તેવા હોય, પણ એમને તમે આ રીતિએ બધું સોંપી દેતા હો, તો એવી સ્વતન્ત્રતા મળે, એ કોને ગમે નહિ ? કોણ જાણે, કદાચ તમે હજુ ય પેઢીએ બેસો, તે જ છોકરાને નહિ ગમતું હોય. ' ડોસો વગર મફતનો વચ્ચે આવે છે '–એમ પણ થતું હશે. છોકરા શું કહેશે, તેની ચિન્તા કરો નહિ. જેને ઘેર સંચાલક હોય, જેની પૈસે–ટકે જોતાં સુખી સ્થિતિ હોય અને આમ અહીં નિવૃત્ત જીવન ગાળવાનું જેને મન થઇ ગયું હોય, એવા કોણ કોણ છે, એ તો કહો ! ખરી વાત તો એ છે કે–ઘર, પેઢી વગેરે કેમ ચાલે છે, એ જોયા વિના, તમને જ ચેન પડે નહિ ને ? આ તો કાંઈ

નથી, પણ કદાચ તમને કોઈએ પૂરી રાખ્યા હોય, તો ય છેવટ વર્ષમાં એક દિવસની ઘેર જવાની છૂટ પણ, માગ્યા વિના તમે રહો ખરા ? જાય એક દિ' તો પણ પાપ બાંધી આવે પ્રાયઃ આખા વર્ષનું ! જેટલું જોવાય એટલું બધું જોઈ લેવાનો પ્રયત્ન કરે અને છોકરો આરંભ તથા પરિગ્રહમાં વધ્યો હોય, તો ખૂશ ખૂશ થઈ જાય. એણે રહેવાનો બંગલો દેખાવડો બાંધ્યો હોય, તો એની અનુમોદના કરી આવે. જો કાંઈક બગડ્યું હોય, તો ગુસ્સે થયા વિના રહે નહિ. તેમ જ, તે વખતે રહી શકાય તેમ હોય, તો પાછા રહેવાનું ય મન થઈ જાય ! આવી મનોદશામાં, આવું કાંઈ બને ? મનોદશાને એકદમ પલટાવી દેવી જોઈએ. છોકરાને એટલી હદ સુધી લખી દેવું કે–' મને ધર્મકારણ સિવાય કાગળ લખતો મા, કેમ કે–મેં બધા સંબંધોને વોસિરાવી દીધા છે. આટલી આપણી મુડી છે. તેમાંથી હું આટલું મારે માટે લઉં છું અને બાકીનું બધું તને સોંપી દઉં છું.' એ પછી, તમને, કોઈ ટીપમાં ભરવાને માટે દબાણ નહિ કરે અને તમે કહી શકશો કે–' સાધુ થવાય તેમ નથી અને શ્રાવકથી ભીખ મગાય નહિ. સુખી તરીકે અમુક રીતિએ રહેવું પડે છે. તેમાં આટલા હાથમાં છે અને આટલા છોકરો મોકલે છે, એટલે હું વધારે આપી શકું તેમ નથી.' આ જાણીને, ટીપ ભરાવવા આવેલો ય, તમારી કારવાઈની અનુમોદના કરીને જશે. છોકરા તો, તમે આવું કરો તો, ઉત્સવ ઉજવે. એને સ્વતન્ત્રતા મળે, લોક ' આનો બાપ બહુ સારો '–એમ કહે અને ' એ બાપને આ છોકરો ધર્મ કરાવે છે '–એમ પણ કહે, એટલે કદાચ એને સારો ભાવ જાગી જાય, તો એ નક્કી કરેલા કરતાં

પણ વધારે પૈસા મોકલે અને ઉપરથી એમ લખે કે-' આપ નિરાંતે ધર્મ કરજો અને જ્યાં ખર્ચવાનું મન થાય ત્યાં છૂટથી ખર્ચજો ! ' માટે, તમે છોકરાઓ આડે આવશે, એવી વાત કરશો જ નહિ. તમે તમારા મનમાંથી મમતાને કાઢી નાખો, પછી જુઓ કે-કેવો રંગ જામે છે !?

૫-૨૫ સુખી માણસો જો અહીં રહી જાય ને દેખરેખ રાખવા માંડે તો અહીંની રોનક ફરી જાય :

પંચેન્દ્રિય-પ્રાણિવધ, બહુ આરંભ અને બહુ પરિગ્રહના સંયોગોમાંથી છૂટવું હોય તો, તમારા જેવાને માટે સાધુ ન થઈ શકાય તો ય, આ સુંદરમાં સુંદર ઉપાય છે. આવો નિર્ણય કરો, એટલે તમારે માટે નરકનાં કારણો ખચીત બંધ થઈ જાય. અહીં બેઠેલાઓમાં એવા સુખી માણસો પણ છે, કે જેમના છોકરા, ઘર-પેઢી વગેરે બરાબર ચલાવે તેમ છે અને તેમાં આમની તેમને કશી જ જરૂર નથી. કદાચ થોડી-ઘણી જરૂર હોય, તો ય તેને છોકરાઓ તમારી ઉંચી ભાવનાને અને દૃઢતાને જોઈને નીભાવી લેશે. પણ વાત એ છે કે-તમને આવું કરવાનું મન થાય છે ? તમારા જેવા ૫-૨૫ શેઠીયાઓ જો આ રીતિએ અહીં રહી જાય અને ધર્મક્રિયાઓ કરવી તથા ધર્મનાં ખાતાંઓને સંભાળવાં, એ કામ લઈને બેસી જાય, તો દરેક ધર્મખાતાં તરતાં બની જાય. શ્રી સિદ્ધગિરિજીનો વહિવટ વગેરે પણ ખૂબ સારા બની જાય. આવા શેઠીયાઓ જો યાત્રા કરીને આવ્યા પછી પેઢી ઉપર જઈ ને બેસતા હોય, તો મુનીમ વગેરે બધા સમજી જાય કે-હવે ગાદીએ ઘણી બેઠા છે. ગાદીએ રોજ ઘણી બેસતા હોય

અને બધે સીધી દેખરેખ રાખતા હોય, તો પછી વહિવટ એવો બની જાય કે–શ્રી જિનમન્દિરોનો અને ધાર્મિક ખાતાંઓનો વહિવટ કેમ થાય, એ શીખવાને માટે જુદાં જુદાં સ્થાનોના વહિવટદારોને અહીં આવીને, અહીંનો વહિવટ જોઈ જવાનું મન થાય. આજે કેટલાકોની ફરિયાદ છે કે–ઠેકાણે ઠેકાણે નિગેાદ થઈ જાય છે, પણ પેઢીને જો આવા ગૃહસ્થો દેખરેખ રાખવાને મળી જાય, તો પ્રાયઃ કયાં ય ફરિયાદ કરવાનું કારણ રહેવા પામે નહિ. આવા સુખી માણસો અહીં રહીને આમ આરાધના કરતા હોય અને દેખરેખ રાખતા હોય, તો બીજા યાત્રાએ આવનારા સુખી માણસો પાસે તેઓ ઘણાં કામો કરાવી શકે. કોઈ પણ સુખી માણસને, આ કહે કે–'અહીં પાંચ હજારની જરૂર છે.' તો પ્રાયઃ કોઇ ના પાડે નહિ. ઊલટું, ઉપરથી કહે કે–'વધારે ખર્ચ થાય, તો તેની ચિંતા કરશો નહિ.' અને એમ જોઈએ તે કરતાં પણ વધારે રકમો મળી રહે. કેમ ? સૌને ખાત્રી હોય કે–એક પાઈ પણ બગડવાની નથી. દુરૂપયોગ થશે અગર તો ગેરવલ્લે જશે, એવી શંકા ય આવે નહિ અને એમ થાય કે–જેટલાં નાણાં આમના હાથમાં સોંપીશું, તેટલાં નાણાં બરાબર લેખે લાગશે. જો આવા ૫–૨૫ ગૃહસ્થો નીકળી આવે, તો પાંચ વર્ષમાં તો શ્રી સિદ્ધગિરિજીની રોનક ફરી જાય. અહીં રહેવાનો નિર્ણય કરતાં, તમે તીર્થયાત્રાદિ ધર્મહેતુથી બહાર જવાની છૂટ રાખી શકો છો. કદાચ શરીરની બીમારીના કારણે સમાધિ ટકે તેમ ન હોય અને ડૉકટર આદિની સલાહથી ઉપચારાદિને માટે અન્યત્ર જવાની જરૂર લાગે, તો તેમ કરવાની છૂટ પણ રાખી શકો છો. જો કે–આપણે ત્યાં તો મનાયું છે કે–છેલ્લી જીંદગી

અહીં ગાળવી જોઇએ. અહીં હવા–પાણી સારાં છે ને? અહીં તો હવા ય શ્રી સિદ્ધગિરિજીને સ્પર્શીને આવવાની ને? અહીં તો માણસને એમ થાય કે–'શરીર છૂટવાનું તો છે જ, પણ તે અહીં છૂટે તો સારૂં!' છતાં, માંદગી માટે છૂટ રાખવી હોય, તો તમે જાણો. અહીં કોઈ ભારે ઉપદ્રવનો વખત આવી લાગે અને કામચલાઉ જવું પડે, તો તેની ય છૂટ રાખી શકો છો. આ બધી છૂટોની વાત જુદી છે, પણ અહીં રહેવાનો નિર્ણય એવા પ્રકારે કરવો જોઈએ કે–બીજી કોઈ પંચાત બીલકુલ રાખવી જ નહિ.

હૈયું ફરે તો સુખી માણસો આ સહેલાઈથી કરી શકે અને આ કરવામાં બીજાઓને ઘણી મુશ્કેલીઓ નડે:

સુખી માણસો જો આવી રીતિએ અહીં રહી જવા માંડે, તો બીજા પણ ઘણા જીવો સુધરી જાય. બીજા સુખી જૈનોને તમે એક સુન્દર આદર્શ પૂરો પાડી શકો. તમને જોઇને સુખી માણસોને મહારંભ અને મહા પરિગ્રહાદિને છોડવાનું મન થાય અને સાધારણ તથા ગરીબ સ્થિતિના જૈનો, જે પરિગ્રહાદિની ઇચ્છાથી રીબાતા હોય, તે સંતોષી બની જાય. તમને જોઈને પ્રાયઃ સૌને એમ થાય કે–'આ ભાગ્યશાલિઓ બહુ જબરા.' સાધુ મળે ને એમને જોઇને જેમ આનંદ થાય, તેમ તમને જોઈને પણ ઘણાઓ મોટા સાધર્મિક તરીકે તમને હાથ જોડે અને તમારી અનુમોદના કરે. પછી, તમારા આ બંગલાઓ પણ ધર્મસ્થાન જેવા બની જાય. તમારા મહારંભ અને મહા પરિગ્રહાદિની અનુમોદનાદિ કરીને તો ઘણાએ પાપ બાંધ્યું હશે; તમે એ રીતિએ પણ

ઘણાઓના પાપબંધમાં નિમિત્ત બન્યા હશો; પણ આ કરશો, તો તમારી અનુમોદનાદિ કરીને પણ ઘણાઓ અશુભ કર્મોને અપાવનારા તથા શુભ કર્મોને બાંધનારા બનશે. પંચેન્દ્રિય પ્રાણિ–વધાદિ નરકના આયુષ્યનાં કારણોને તજવાનો, આ પણ એક બહુ જ સારો ઉપાય છે. સાધુ બની શકાય તેમ ન હોય અને નરકનાં કારણોથી પર બની જવું હોય, તો આ સારામાં સારો ઉપાય છે ને? હૈયામાં સંતોષ પ્રગટી જાય અને આત્માનું કલ્યાણ સાધવાની ઈચ્છા પ્રબળ બની જાય, તો સુખી જીવોને માટે આ બહુ સહેલું છે. સુખી જીવો ધારે તો, બધાને તજીને અને જરૂરી સાધનોને લઈને, અહીં રહેવાનો નિર્ણય ઝટ કરી શકે. એમને આ રીતિએ પંચેન્દ્રિય–પ્રાણિ–વધાદિ નરકનાં કારણોથી બચવું હોય, તો તે ઘણું સહેલું છે. બીજા માણસોને તો, આવું કરવાનું મન થઈ જાય તો ય, તેઓ કરે શું? એને તો, પોતાને જીવવાને અને કુટુંબને જીવાડવા આદિને માટે કમાણી કર્યા વિના ચાલે નહિ અને એથી એને કમાણી જ્યાં મળે ત્યાં જવું પડે ને?

સ૦ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પણ સુખી માણસને જ થઈ શકે ને?

ખરો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો મહાજ્ઞાનીને થાય અને ઔપચારિક જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સુખી માણસને પણ થઈ શકે અને દુઃખી માણસને પણ થઈ શકે. જેને આત્માનું ભાન થાય અને રાગાદિથી આત્માના હિતમાં થતી હાનિનો ખ્યાલ આવે, અને એથી જે ગીતાર્થ જ્ઞાનિઓની નિશ્રાને સ્વીકારે, તેને પણ ઔપચારિક જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થાય. અહીં તો, વાત એ ચાલે છે કે–સાધારણ સ્થિતિવાળા માણસોને નિવૃત્તિ લઈને ગૃહસ્થપણે ધર્મપરાયણ બનવાની ગમે

તેટલી ઇચ્છા હોય, તો પણ એમને મુશ્કેલીઓ ઘણી છે; જ્યારે માણસ સુખી હોય તો, એનું મન સુધર્યું, એટલે એને બીજી કશી ચિન્તા નહિ ને ? પેલાને ગમે તેટલું મન થાય, પણ કુટુમ્બાદિને કયાં મૂકી આવે ? પાંજરાપોળે મૂકવા જાય ? પાંજરાપોળે મૂકવાનો વિચાર કરે, તો ય માણસની પાંજરાપોળ છે ? કુટુમ્બી જનોને એમ રખડતાં મૂકી દે, એથી એનો ધર્મ શોભે પણ નહિ. એમ કરવાથી તો, લોકને ધર્મની નિન્દાનું એક કારણ મળે. સામાન્ય સ્થિતિવાળાને પાછળના સંયોગોનો બહુ વિચાર કરવો પડે. એમ ને એમ મૂકીને ભાગી આવે, તો લોક એમ કહે કે–'ગાંડો છે કે બધાંને મૂકીને ચાલ્યો ગયો !' જ્યારે સુખી આવું કરે, તો લગભગ સૌ કોઈ એની અનુમોદના કરે. કોઇ એમ ન કહે કે–તાકાત નહોતી, તેથી ત્યાં જઈને બેસી ગયો ! સુખી માટે, પાછળના કોઈ ભૂખે મરે–એવી સ્થિતિ નથી હોતી ને ? સુખી માણસોને તો, આ વાતમાં કાં તો હા પાડવી પડે અને કાં તો એમ કહેવું પડે કે–'હજુ હૈયે સંતોષ પ્રગટતો નથી; અહીં રહેવામાં સમાધિ આવે તેમ નથી, કેમ કે–મમતા ઘટતી નથી !' સુખી માણસને મોટામાં મોટું કોઈ નડતર હોય, તો તે એના મનનું છે; બાકી જો એને એમ થઈ જાય કે–મારે પંચેન્દ્રિયપ્રાણિવધ આદિ કારણોથી બચી જ જવું છે, તો પોતાની એ ઇચ્છાનો અમલ, એ ઝટ કરી શકે તેમ છે. સુખી માણસોએ, આ કાળમાં તો બાત્રી રાખવા જેવી છે કે–તમે આવો નિર્ણય કરો, તેમાં તમારા ઘરના સંચાલક આદિ પ્રાયઃ બહુ રાજી થાય. કદાચ દેખાવમાં ના પાડશે, પણ અંદરથી શાંતિના શેરડા વળશે. એક કાળ એવો હતો

કે–પિતાની ચરણસેવામાં રહેવાને ઇચ્છતા છોકરાઓ હતા. આ કાળમાં, એવી આશા રાખવી એ વધારે પડતું છે ને ? તમારા છોકરા તમારી ચાકરી કેટલીક કરે છે, તેનો તમને તો અનુભવ છે ને ? માટે, બીજી બધી વાતોને જવા દઈને, સુખી માણસોએ પોતાના હૈયાને તપાસવાની જરૂર છે કે–મને આમાં ઉત્સાહ આવતો નથી, તેમાં ખરું કારણ શું છે ? એમને લાગશે કે–બામી અમારા હૈયાની જ છે.

એ કારણો સેવાય તો ય રસ ન આવી જાય, તેની તકેદારી રાખવી જોઇએ :

આજે તો, ઘણે ભાગે મન એવું છે કે–કોઈ બોલાવે નહિ તો ય જવાનું મન થયા વિના રહે નહિ. મનમાં આજે ઘણી ભૂતાવળ પેસી ગઇ છે. નરકનું કારણ પણ સુખનું કારણ લાગ્યા કરે, તો એ કાંઈ જેવી–તેવી ભૂતાવળ છે ? પછી, અન્તકાલે ય સમાધિ આવે શી રીતિએ ? દિલથી વોસિરાવી શકાય શી રીતિએ ? આ તો જાણે સુખી માણસોને માટેની એક વિશિષ્ટ વાત થઈ. આજે એવી નિવૃત્તિ ન લઈ શકો, તો ય મનને તો સુધારવું જ પડશે. દુઃખથી તથા દુર્ગતિથી બચવું છે–એ વાત જેમ તમારે મન નક્કી છે, તેમ જ્ઞાનિઓ ફરમાવે છે કે–એ વાતે ય નક્કી જ છે કે–મનને સુધાર્યા વિના, દુઃખથી ને દુર્ગતિથી બચી શકાશે જ નહિ. દુઃખથી અને દુર્ગતિથી બચવાનો, સૌથી સારો ઉપાય, એ છે કે–દુખનાં તથા દુર્ગતિનાં કારણોને સર્વથા તજી દેવાં; પણ એ ન બની શકે, તો જેટલા પ્રમાણમાં એ કારણોને તજી શકાય, તેટલા પ્રમાણમાં એ કારણોને તજવાં અને જે કારણોને હાલ તજી

શકાય તેમ ન હોય, તે કારણોને પણ રસથી સેવવાં નહિ. 'કયારે આનાથી છૂટાય?'–એવો વિચાર કર્યા કરવો. એ કારણોને સેવવાં પડે, એટલે વિચારવું કે–'હું કેટલો બધો મૂર્ખો છું? મારે દુઃખ ને દુર્ગતિ નથી જોઈતાં અને હું જે કારણોને સેવું છું, તે દુઃખને અને દુર્ગતિને આપનારાં છે; પછી, આનાથી મારી શી સ્થિતિ થશે?' આ વિચારના યોગે, એ કારણોને સેવાશે તો ય, હૈયું કમકમ્યા કરશે. વિષયસુખનો રસ અને કષાયોમાં આનન્દ અનુભવવાની કુટેવ, એ એટલી બધી ભયંકર વસ્તુઓ છે કે–આપણને સારામાં સારી સામગ્રી મળી હોય, તો ય આપણે એ સામગ્રીનો જે લાભ ઉઠાવવો જોઇએ; તે લાભને ઉઠાવી શકીએ નહિ; એટલું જ નહિ, પણ એ સામગ્રીની કદાચ ઉપેક્ષા ય સેવાય અને અવગણના ય થાય. ફક્ત દુઃખથી ડરો અને દુઃખથી ડરતા હો એટલે ફક્ત દુર્ગતિથી ડરો, પણ એ ડરનો શો અર્થ છે? એનાં કારણોથી બચવું જોઈએ ને? અને, એ કારણોથી બચવાને માટે, છેવટ કાંઈ નહિ તો, એ કારણોને સેવવામાં રસ ન આવી જાય, એટલી તકેદારી તો રાખવી જ જોઈ એ ને?

નિરનુગ્રહતા, એ ય નરકનું કારણ :

નરકના આયુષ્યનો આશ્રવ થવાનાં કારણોમાં ચોથું કારણ નિરનુગ્રહતા છે. નિરનુગ્રહતા એટલે અનુગ્રહથી રહિતપણું. પોતાના ઉપર અગર તો કોઈના ય ઉપર ઉપકાર કરવાની વૃત્તિનો અભાવ, એ નિરનુગ્રહતા છે. જેનામાં નિરનુગ્રહતા હોય, તેને કોઈનું પણ ભલું કરવાનું મન થાય જ નહિ. દયા-હીનતા, નિષ્ઠુરતા વગેરે દોષો નિરનુગ્રહતાના ઘરના જ છે.

દયા હોય, તો અનુગ્રહ કરવાનું મન થયા વિના રહે નહિ; એટલે, જેનામાં નિરનુગ્રહતા હોય, તેનામાં દયા, કૃપા, સામાના ભલાની ભાવના–એ વગેરે વૃત્તિઓ પ્રગટે જ નહિ. એનું હૈયું બહુ કઠોર હોય. નરકનાં કારણોમાં પહેલી વાત તો હૈયાની નિષ્ઠુરતાની જ છે. કેટલેક સ્થલે નરકનાં કારણોને ટૂંકમાં દર્શાવતાં, મહારંભ અને મહા પરિગ્રહને જણાવેલ છે અને એમાં પંચેન્દ્રિય–પ્રાણિવધ, નિરનુગ્રહતા આદિ આવી જાય છે. જેમાં જીવોની હિંસા ચાલુ જ થયા કરે, એવા આરંભોનો જેને રસ હોય અને ધન–ધાન્યાદિ પરિગ્રહમાં જેની અતિશય આસક્તિ હોય, તે તક મળે તો, પંચેન્દ્રિય પ્રાણિઓનો વધ કરતાં ય, શાનો અચકાય ? એનું હૈયું કઠોર જ હોય ને ? કોઈ જીવને પોતાના કારણે ત્રાસ થાય, એથી એનું હૈયું કમ્પે નહિ અને કદાચ આનંદ અનુભવે ! કેટલાક એવા છે કે–જેને કોઈ જીવ તરફ અનુગ્રહબુદ્ધિ જ હોતી નથી. બીજાને સજા વગેરે કરવાને તૈયાર હોય, પણ બીજા ઉપર અનુગ્રહ કરવાનો પ્રસંગ આવે, ત્યારે હૈયું કુણું હોય નહિ અને એથી એનામાં અનુગ્રહબુદ્ધિ આવે નહિ. કોઈ પણ વ્યક્તિ પ્રત્યે, હૈયું એવું નહિ થવું જોઈએ કે–અનુગ્રહના કાળમાં, આપણે અનુગ્રહ કરી શકીએ નહિ. એવા અનેક પ્રસંગો આવે છે કે–યુદ્ધમાં ઉતરવું પડયું હોય અને તેમાં પોતે ઘાથી મરણતોલ બની ગયા હોય; એવા વખતે જ્યાં એમ લાગે કે–હવે બચાય તેમ નથી, એટલે ઝટ ત્યાંથી ખસી જાય, ઘાસનો સંથારો કરીને સર્વની સાથે ક્ષમાપના કરી લે, બધું વોસિરાવી દે અને અનશનને આદરીને ધ્યાનમાં લીન બની જાય. થોડી વાર પહેલાં તો, જેટલી શક્તિ અને સામગ્રી હોય, તે મુજબ શત્રુઓ ઉપર

પ્રહારો કરતા હોય અને જ્યાં પોતાનું શરીર વીંધાય અને લાગે કે–આપણે બચશું નહિ, એટલે આમ અન્તકાલીન આરાધનામાં લીન બની જાય. એવાઓનું હૈયું કેવું હશે ? એવા વખતે, શત્રુ ઉપર–ઘા કરનાર ઉપર ગુસ્સો કરવાનું સુઝે કે આ સુઝે ? તે વખતે, અંતરથી સર્વ જીવોને ખમાવી લે અને કોઈના ય પ્રત્યે દુર્ભાવ લાવ્યા વિના આત્મચિન્તામાં મગ્ન બની શકે, એ હૈયું અનુગ્રહશીલ ન હોય, તો બની શકે નહિ. હૈયું અનુગ્રહશીલ બન્યા વિના, સાચી ક્ષમાપના અને સાચી આરાધના પણ થઇ શકે જ નહિ.

જેણે આપણું બગાડ્યું હોય, તેના ઉપર અનુગ્રહ કરવાથી પણ લાભ જ થાય છે :

હૈયાને એવું અનુગ્રહશીલ બનાવી દેવું જોઈએ કે–આપણું ગમે તેવું ખરાબ કરનાર ઉપર કદાચ ક્રોધ આવી જાય, તો ય એના ભૂંડાની ભાવના આવે નહિ. ક્રોધવશ દુર્ભાવ આવી જાય, તો ય તે ટકી શકે નહિ. એના તરફ આવતાં શું દુર્ભાવ આવી જાય, પણ પાછો પોતે ને પોતે જ વિચારે કે–'મારો આ સ્વભાવ નથી.' ક્રોધમાં ને ક્રોધમાં એને મારી બેઠો હોય, નુકશાન કરી બેઠો હોય, પણ સામો જો અનુગ્રહને ઇચ્છતો આવે, તો એના ઉપર પણ અનુગ્રહ કર્યા વિના, આ રહી શકે નહિ. જેનામાં નિરનુગ્રહતા હોય, તે બધાને નુકશાન કરી જ શકે છે, એવું કાંઈ નથી. સામાનું પુણ્ય જાગતું હોય, તો એનો એક વાળ પણ વાંકો કરી શકે નહિ અને દુર્ભાવના યોગે એને પોતાને પારાવાર નુકશાન થાય. આપણે એટલા બધા મૂર્ખ છીએ કે–આપણે કોઈનું

ભૂંડું ચિન્તવીને આપણું ભૂંડું કરીએ ? વિચાર કરો કે–અવસરે અવસરે તમારૂં ભૂંડું કેટલાએ ચિન્તવ્યું હશે ? ત્યારે, જેટલાએ તમારૂં ભૂંડું ચિન્તવ્યું છે, તે બધા શું તમારૂં ભૂંડું કરી જ શકયા છે ? નહિ; તો પછી, આપણે પણ જેનું ભૂંડું ચિન્તવીએ, તેનું ભૂંડું થઈ જ જાય ? અગર તો, આપણે તેનું ભૂંડું કરી જ શકીએ ? નહિ જ. અનુગ્રહ-વૃત્તિમાં તો એથી અધિક વાત છે. આપણને જેણે ઘણું નુકશાન પહોંચાડયું હોય, આપણે જાણતા પણ હોઈએ કે–આણે મને આ રીતિએ હાનિ પહોંચાડી છે, છતાં પણ જો એ આપણા ઉપકારને ચાહતો આવે, તો આપણે એના ઉપર ઉપકાર કર્યા વિના રહી શકીએ નહિ. કદાચ એ આપણા ઉપકારને ચાહતો ન આવે, કેમ કે–એને એવી ય બીક હોય અગર શરમ પણ હોય કે–આની પાસે હું મારા ઉપર ઉપકાર કરાવવાને જાઉં, તો એ કાંઈ મારા ઉપર ઉપકાર કરવાનો છે ? મેં એનું બગાડયું છે–તે એ જાણે છે, એટલે એ મારા ઉપર ઉપકાર કરે શાનો ? અથવા, એમ થાય કે–મેં જેનું આટલું બધું બગાડયું છે, તેની પાસે હું મારા ઉપર ઉપકાર કરાવવાને માટે, કેમ જ જઇ શકું ? આવા આવા વિચારોથી, તે તમારી પાસે તમારા ઉપકારને ચાહતો ન પણ આવે, પરન્તુ જો આપણને ખબર પડે કે–એ અમુક આપત્તિમાં મૂકાઈ ગયો છે અને આપણે તેની એ આપત્તિને ટાળી શકીએ તેમ છીએ, તો તે વખતે આપણું હૈયું જો અનુગ્રહશીલ હોય, તો શું કરે ? ' સામે જઈને પણ એના ઉપર ઉપકાર કર ! '– એવી પ્રેરણા, આપણને આપણા અન્તઃકરણમાંથી મળે ને ? એવા વખતે, એના ઉપર તમે અનુગ્રહ કરો, તો દુશ્મનને

પણ થાય કે–માણસ ઉંચો ! ગમે તેમ થઈ ગયું, પણ આ કોઇનો છેડો લે એવો માણસ નથી. એનામાં જો લાયકાત હોય, તો એનામાં સદ્‌ભાવ જન્મી જાય; તમારા પ્રત્યેનો ખરાબ ભાવ નીકળી જાય અને સારો ભાવ આવી જાય; તેમ જ, કદાચ એને એમ પણ થઇ જાય કે–આપણે પણ આવી જ રીતિએ બીજાઓના ઉપર અનુગ્રહ કરતાં શીખવું જોઈએ ! આવી રીતિએ, એનામાંથી નિરનુગ્રહની વૃત્તિને કાઢવાનો લાભ, અનાયાસે પણ તમને મળી જાય !

<u>અનુગ્રહ કરવાની તક આવ્યે શું કરો ?</u>

અનુગ્રહવૃત્તિવાળો, અનેક પાપોથી સ્વાભાવિક રીતિએ બચી શકે છે અને અનેકવિધ લાભોને પામી શકે છે; જ્યારે જેનામાં નિરનુગ્રહવૃત્તિ હોય છે, તે તો જેણે તેનું નુકશાન કર્યું નથી, તેના ઉપર પણ અનુગ્રહના સમયે અનુગ્રહને કરી શકતો નથી. એની પાસે કોઈ અનુગ્રહની આશાએ જાય, તો નિરાશ થઈને પાછો આવે–એટલું જ નહિ, પણ પેલો એને કેટલું ય સંભળાવી દે અને એથી કદાચ સામાના હૈયામાં વૈરભાવ પેદા થઇ જાય. તમે સુખી હો, પેઢીવાળા હો, સ્થાનવાળા હો, કાંઈક સાધનસંપન્ન હો, ત્યારે તમારા તરફથી અનુગ્રહ મેળવવાની આશાએ કોઇ ને કોઈ આવે તો ખરું ને ? સામો તમારો અનુગ્રહ માગવાને આવ્યો છે–એવું તમે જાણો ત્યારે, અથવા તો, તે તમારી પાસે તમારા અનુગ્રહની વાત મૂકે ત્યારે, તમારા હૈયામાં કેવા કેવા વિચારોનો ઉછાળો આવી જાય છે ? અનુગ્રહ કરવાની તક મળે, એ તમને ગમે ને ? અનુગ્રહ થઈ શકે તેમ હોય, તો તમે અનુગ્રહ કર્યા વિના

રહો નહિ ને ? 'આપણાથી બની શકે તેમ હોય, તો આપણે કોઈના ય ભલાનું કામ કરી છૂટવું '–એવું તમ રા મનમાં તો ખરૂં ને ? અનુગ્રહ કરી શકાય કે ન પણ કરી શકાય, પણ હૈયાને એવું તો કેળવવું જ જોઈએ કે–અનુગ્રહ કરવાના અવસરે, અનુગ્રહ કરવાનું મન થઈ ગયા વિના રહે નહિ. હૈયાને એવું કઠોર તો નહિ જ બનાવવું કે–સામો અનુગ્રહ માગે અને આપણે કઠોરતા બતાવીએ. દ્વેષદ્વાર તમારી પાસે અનુગ્રહ માગે, તો તમે શું કરો ? એની આપવાની શક્તિ ન હોય, તો તમને અનુગ્રહ કરવાનું મન થઈ જાય ને ? એ માટે સહવું પડે, તો સહવાની તૈયારી પણ ખરી ને ? છેવટ, એટલું ય વિચારો કે–એની આપવાની શક્તિ હોય નહિ અને તમે એનું દેવું માંડી વાળો તો તમારે કશી પણ તકલીફ ભોગવવી પડે તેમ હોય નહિ, તો તમે અનુગ્રહ કરો ખરા કે નહિ ? કદાચ, લોભના માર્યા તમે એના પર અનુગ્રહ કરી શકો નહિ, તો પણ એને તમારા તરફથી નિરનુગ્રહવૃત્તિનો અનુભવ તો થાય નહિ ને ? તમારા પૈસા માટે, એને પાયમાલ કરી નાખવાની, એની પેઢીને ડુલ કરી નાખવાની, એની વગોવણી કરી નાખવાની વૃત્તિ તો તમારામાં નથી ને ?

અનુગ્રહતાથી નુકશાન લાગતું હોય તો ય તે નિરનુગ્રહતાથી થતા નુકશાન જેટલું તો નથી ને ?

જ્યારે જ્યારે કોઈના પણ ખરાબનો વિચાર આવે, કે તરત જ મનને વાળવું જોઈએ. એ વખતે, અનુગ્રહનો વિચાર આવે, એમ કરવું. કોઈના ય ખરાબનો વિચાર, એ નથી તો પોતાનો અનુગ્રહ કે નથી તો પરનો અનુગ્રહ ! તમને ગુસ્સો

આવે એવા પ્રસંગો તો ઘણા આવવાના, એટલે હૈયું કઠોર બને નહિ, એની ખાસ કાળજી રાખવી પડશે. કુટુંબના માણસના હાથે, નોકરના હાથે, પાડોશીના હાથે કે બીજાના હાથે ગમે તેવું ખરાબ કામ થઈ ગયું હોય, એથી આપણને ગુસ્સો પણ આવી ગયો હોય, પણ આપણા હૈયામાં અનુગ્રહવૃત્તિ હોય, તો એ આપણા ગુસ્સાને લાંબો કાળ ટકવા દે નહિ. થોડોક વખત જાય, એટલે હૈયું શાન્ત થઈ જાય અને જેના ઉપર ગુસ્સો કર્યો હોય, તેને શાંતિ આપવાનું મન થાય. એને બોલાવીને કહેવાય કે–"તારે હાથે એવું ખરાબ કામ થઈ ગયું છે, કે જેથી મને ગુસ્સો આવી ગયો અને એથી આવેશમાં મેં તને કહી પણ નાખ્યું કે–'તારી ખબર લઈ નાખીશ' પણ હવે તું મારા તરફથી કોઈ પણ પ્રકારનો ભય આવવાની ચિન્તા રાખીશ નહિ. તને તેં જે કર્યું છે, તેમાં ભૂલ કરી છે–એમ લાગતું હોય, તો ફરી એવું કામ કરીશ નહિ!" નોકરે ચોપડામાં ગોટાળો કરીને નાણાં ઉચાપત કર્યાં હોય અને એવાને નોકરીમાં રાખવો–એ જોખમકારક લાગતું હોય, તો ય એને કહી શકાય કે–'હું તને હવે નોકરીમાં તો નહિ રાખી શકું, પણ કોઈ પણ વખતે જો તું અટકી પડ્યો હો, તો આવજે અને ૫–૫૦ ની જરૂર હોય તો લઇ જજે!' એ માણસ પેઢી ઉપર બેસાડવાને માટે નાલાયક હોય, તો એને પેઢી ન સોંપાય; પણ, એને મદદ તો કરી શકાય ને? નિરનુગ્રહતા નરકે લઇ જનાર છે, માટે આ વિચારો લાવવા પડશે ને? અનુગ્રહતાને લાવવાનો આ ઉપાય છે. અહીંથી મરીને, સીધા નરકે જવું પડે, તો અસંખ્યાત કાળ સુધી આપણા તો બાર વાગી

જાય ને ? જ્યાંનું જેટલું આયુષ્ય બંધાયું હોય, ત્યાં તેટલા કાળ સુધી દુઃખ ભોગવવું પડે ને ? પછી પણ પાછી આવી ધર્મસામગ્રી ક્યારે મળે ? તમને લાગતું હોય કે–આમ અનુગ્રહશીલ બનીએ તો નુકશાન ઘણું થઇ જાય, તો પણ આ નુકશાન આગળ, એ નુકશાન તો ગણત્રીમાં ય આવે એવું નથી ને ? તમારા અશુભોદય સિવાય, તમને કોઈનાથી પણ નુકશાન થાય નહિ અને જેટલું નુકશાન થાય તેટલું અશુભ કર્મ ખપે, એમ તો માનો છો ને ? વળી, અનુગ્રહબુદ્ધિના યોગે તમને જે લાભ થાય, તેનો વિચાર પણ તમારે કરવો જોઈએ ને ?

શ્રી નવકાર મંત્રના જાપનું ફળ મળે પણ હૈયામાં બીજા પાપભાવો હોય તેનું ય ફળ મળે ને ?

સ૦ નવ લાખ નવકાર ગણનારને નરકનું આયુષ્ય બંધાય નહિ ને ?

શું એનો અર્થ એવો છે કે–એ ગમે તેવાં પાપકર્મોમાં રક્ત રહે, મહારંભનો રસીયો બન્યો રહે અને મહા પરિગ્રહમાં જ આનંદ માનતો, હૈયાને નિષ્ઠુર બનાવીને કોઈના ય ઉપર અનુગ્રહ કરે નહિ, તે છતાં પણ નવ લાખ નવકારનો જાપ, એને બચાવી લે ? 'પાપ કરવામાં પાછી પાની ધરશો નહિ, પાપ કરતાં હૈયાને જરા ય કંપવા દેશો નહિ અને માત્ર નવ લાખ નવકારનો જાપ કરી લેજો, એટલે તમે ફાવી જશો'–આવું કોઈ શાસ્ત્રમાં કહ્યું છે ? શ્રી સર્વજ્ઞ ભગવાનનાં શાસ્ત્રોમાં, એવી વાત હોય પણ ખરી ? વાત તો એ છે કે–શ્રી નવકાર મંત્રનો નવ લાખની સંખ્યામાં જાપ કરવાનું જેને મન થાય, તેના હૈયામાં કાંઈક તો ઉગ્યું હોય ને ?

સ૦ એમ તો ભગવાનને કરેલો એક પણ નમસ્કાર સંસાર-સાગરથી તારે છે, એવું ય ક્યાં નથી આવતું ?

એ વાત પણ અપેક્ષાએ સાચી છે અને પેલી વાત પણ અપેક્ષાએ સાચી છે. દરેક વાત અપેક્ષાએ કહેવાય અને દરેક વાત અપેક્ષાએ સમજવી જોઇએ. શાસ્ત્ર તો કહે છે કે-સાધુ કાલધર્મ પામીને કાં તો મોક્ષે જાય, કાં તો સ્વર્ગે જાય. આવું જ કહેનારાં શાસ્ત્રોમાં, એ વાત પણ આવે જ છે કે-'અમુક જીવ સાધુવેષમાં હતો અને સાધુવેષમાં મર્યો, છતાં નરકે ગયો !' અપેક્ષાને સમજો નહિ, તો આ બે ય વાતોને બંધબેસતી શી રીતિએ કરી શકો ? શ્રી નવકાર મંત્રમાં તાકાત ઘણી છે, એના જેવો કોઇ મંત્ર નથી, પણ એના જાપને કરનારે ય લાયકાતને કેળવવી પડે કે નહિ ? જાપની ક્રિયા લાભ આપી દે, પણ મહારંભનો રસ, પરિગ્રહનો આનંદ અને હૈયાની નિષ્ઠુરતા,-એ વગેરેથી જે પાપો બંધાય, તેનું ફલ પણ મળે ખરું કે નહિ ? શ્રી નવકાર મંત્રને ગણનારો દુઃખી હોય નહિ, એનો અર્થ શું એ છે કે-એને દુઃખ આવે જ નહિ ? એને દુઃખ આવે, તો ય એ દુઃખી થાય નહિ, એમ કહી શકાય. એમ, શ્રી નવકાર મંત્ર ગણવાના કારણે દુઃખ આવે જ નહિ, એમ પણ કહી શકાય; અથવા તો, એમ પણ કહી શકાય કે-શ્રી નવકાર મંત્ર ગણવાથી ઘણાં પાપોની નિર્જરા થઇ જાય; પણ એમ કહેવાય ખરું કે-તમે તમારે પાપ કર્યે જ રાખો, પણ એક નવકાર ગણ્યા કરજો, એટલે બેડો પાર થઇ જશે ? સમ્યગ્દૃષ્ટિ અવિરત હોય તો પણ, દેવલોકે જ જાય-એમ શાસ્ત્ર કહે છે. એમાં પક્ષપાત છે ? શ્રી અરિહંતાદિને સુદેવાદિ રૂપે માને છે, માટે જ એ દુર્ગતિનું આયુષ્ય

બાંધે નહિ ? ખરી વાત એ છે કે–સમ્યગ્દૃષ્ટિ અવિરતિપણામાં હોય તો પણ, એના હૈયામાં એવા પાપ–પરિણામો પ્રગટતા જ નથી, કે જે પરિણામોના કારણે તેને દુર્ગતિના આયુષ્ય-કર્મનો આશ્રવ થાય ! એટલું જ નહિ, પણ પાપથી નહિ વિરામ પામવા છતાં પણ, એના હૈયાના પરિણામો એવા કુણા અને એવા સુન્દર હોય છે કે–એ દેવગતિના આયુષ્યને જ ઉપાર્જનારો બને !

આશ્રિતો આદિની ભૂલોને ખમી ખાતાં અને અનુગ્રહ કરતાં શીખો :

આપણી વાત તો એ છે કે–આપણા સ્વભાવમાં નિરનુ-ગ્રહપણું હોવું નહિ જોઇએ અને હૈયાને કુણું બનાવવાને માટે અનુગ્રહ કરતા રહેવાની ટેવ પાડવી જોઇએ. નિરનુગ્રહ-વૃત્તિ બહુ ખરાબ છે. કોઈ કે આપણું બગાડ્યું, એથી તત્કાલ તો આપણને તેનું બગાડવાનો ભાવે ય આવી ગયો; કદાચ કહી પણ દીધું કે–' જોઈ લઈશ ' પણ પછી ય એમ થાય ખરૂં કે–' મારા હૈયામાં આવી કઠોરતા કેમ આવી ગઈ ? મમતાએ મને ભૂલાવ્યો !' આવો વિચાર આવે, તો એમે ય થાય કે–' આવી મમતાને પેદા કરનારા સંયોગોથી જો છૂટી જવાય, તો કેટલું બધું સારૂં થાય ?' એમે ય થાય કે–' મેં એને જોઇ લઈશ એમ કહી દીધું, હવે મારો વિચાર તો ફરી ગયો, પણ એ વાત એના અંતરમાંથી નીકળી જવી જોઇએ ને ? જ્યાં સુધી એના હૈયામાં એ વાત રહેશે, ત્યાં સુધી એ બીચારાનું મન મારાથી કેટલું ડરતું ને દુઃખી રહેશે ? એના યોગે, એ જે કાંઇ પાપ બાંધશે, તેથી મને પણ

નુકશાન જ થયા કરશે !' આવો વિચાર આવે અને તમે જો પેલાને મળીને વાત કરી લો કે–મારા મનમાં કાંઈ રહ્યું નથી અને તારા મનમાં તું કાંઈ રાખીશ નહિ, તો એને શું લાગે ? પેલાને થાય કે–'જેવો એ માણસ મોટો છે, તેવું તેનું દિલ પણ મોટું છે !' તમે એવું કરો, તો કદાચ એમ પણ બને કે–સામે થનારો તમારા પગે પડી જાય ! તમે તમારા આશ્રિતો આદિની ભૂલોને ખમી ખાતાં શીખો અને અનુગ્રહ કરતાં શીખો, તો તમારું હૈયું કેટલું ઠરેલું રહે અને તમારા ઉપર સૌને કેવો ભાવ થાય, એ વિચારી જુઓ. મહારાજા શ્રી કુમારપાલનો દાખલો તમે સાંભળ્યો ને ? સામન્તો ફરી ગયા, યુદ્ધના અવસરે કુટી ગયા, એ જેવી–તેવી વાત હતી ? એ તો પોતે ખૂબ સત્ત્ववાળા હતા અને એમની પુણ્યાઈ જોરદાર હતી, તે પોતાના બનેવી રાજાને એકલા હાથે હરાવી શકયા, પણ સામન્તોએ તો એવું કર્યું હતું કે–શ્રી કુમારપાલ જીતવાને બદલે કદાચ બંદીવાને ય બની જાત. શ્રી કુમારપાલ રાજા મટી જાત અને દુશ્મનના બંદીવાન બની જાત, તો જે બેન નિમિત્તે એ યુદ્ધ હતું, તે બેન વગેરેનું પણ થાત શું ? એટલે, એમનું હૈયું જો નિરનુગ્રહવૃત્તિવાળું હોત, તો જીત્યા પછી એ કોઇ એવો જ હુકમ કરત કે–'મારે એ સામન્તોનું મોંકું સરખું પણ જોવું નથી ! રેંશી નાખો એ બધાને !' પણ શ્રી કુમારપાલ તો, પોતાના સેવકોની અતિ ભયંકર ભૂલને પણ ગળી ગયા. આ જેવો–તેવો અનુગ્રહ છે ? ત્યારે, યુદ્ધમાં એ શત્રુઓનો ઘાત કરતા હતા કે નહિ ? કરતા હતા, કેમ કે–એ રાજા હતા. રાજા હતા, માટે રાજાના સ્થાનની જવાબદારી અદા કરવી પડતી હતી. જેમ તમે વેપાર લઈને બેઠા છો, તો

તમારે નાણું ચૂકવવાની સગવડ કરી લેવી પડે છે ને ? માલ ભરાઈ ગયો હોય, પેઢીમાં કે ઘરમાં રોકડ નાણું ન હોય અને વેપારિઓને નાણું ચૂકવવાનો વખત થવા આવ્યો હોય, તો તમે દોડધામ, લાગવગનો ઉપયોગ, એ વગેરે જે કાંઇ કરવું પડે તે કરીને પણ, વેપારિઓને ચૂકવવા જેટલાં નાણાં એકઠાં કરી લાવો છો ને ? કેમ ? મનમાં છે કે–પેઢી ચલાવવી હોય, તો પેઢીની રીતરસમોને જાળવવી પડે ! પેઢીની આબરૂ રાખવી હોય, તો એમ ન કહેવાય કે–મળશે ત્યારે આપીશું ! તેમ, સંયોગવશાત્ રાજાદિને યુદ્ધમાં ય જવું પડે. યુદ્ધમાં જાય ત્યારે ખાલી હાથે જાય કે હથિયાર લઈને જાય ? હથિયાર લઇ જાય, તે દેખાડવાને માટે લઈ જાય કે જરૂર પડ્યે પોતાનો બચાવ કરવાને અને દુશ્મન ઉપર ઉપયોગ કરવાને લઇ જાય ? આવું કરવા છતાં પણ, હૈયામાં અનુગ્રહવૃત્તિ હોઇ શકે. અનેક રાજાઓ અને મંત્રિઓ એવા પણ થઇ ગયા છે કે–યુદ્ધમાં દુશ્મનનો અને દુશ્મનની સેનાનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો હોય, પણ તે પછી અવસર આવતાં અનુગ્રહ કરવામાં ય પાછી પાની ના કરી હોય.

માંસભોજન :

નિરનુગ્રહતા, એ નરકના આયુષ્યનું કારણ છે–એમ જણાવ્યા બાદ, શાસ્ત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે–માંસભોજન, એ પણ નરકના આયુષ્યના આશ્રવનું કારણ છે. આ વિષયમાં તો તમને કાંઇ કહેવાની જરૂર નથી જ ને ? કોઈ તમને શક્તિ આદિના બહાને પણ આવા કોઈ માર્ગે ઘસડી જઇ શકે નહિ ને ? જે દવાઓમાં પણ આવું મિશ્રણ આવતું

હોય, તે દવાઓ પણ તમને વાપરવી ગમે નહિ ને ? કદાચ ન છૂટકે એવી દવાઓનો ઉપયોગ કરવો પડે, તો ય હૈયાને આઘાત લાગે ને ? જૈન કુળમાં જન્મેલાઓને, માંસભોજન વિષે બહુ કહેવું પડે અગર તો એના ત્યાગ વિષે સમજાવવું પડે, એવી સ્થિતિ તો નથી જ, એટલે ચાલીએ આગળ.

સ્થિરવૈરતા :

માંસભોજન પછી આવે છે–સ્થિરવૈરતા. આપણા હૈયામાં કોઈના ય પ્રત્યે વૈરભાવ ઉત્પન્ન થવા પામે નહિ તો બહુ સારૂં, પણ નરકનાં અનેક કારણોમાંના આ કારણથી બચવું હોય, તો છેવટ એટલું તો કરવું જ જોઇએ કે–કોઈના પણ પ્રત્યે ઉત્પન્ન થવા પામેલા વૈરભાવને, હૈયામાં ટકવા દેવો નહિ. કોશિષ કરીને, મનમાં સારા સારા વિચારો કર્યા કરીને, વૈરનાં ભયંકર પરિણામોનું ચિન્તન કરી કરીને અને ભયંકર કોટિની દુશ્મનાવટ કરનારાઓ ઉપર પણ વૈરભાવને નહિ ધરનારા પુણ્યપુરૂષોનાં ઉદાહરણોને આંખ સામે રાખ્યા કરીને પણ, કોઇના ય પ્રત્યે કાંઈ પણ વૈરભાવ ઉત્પન્ન થવા પામ્યો હોય, તો તેને જેમ બને તેમ વહેલો વોસિરાવી દેવો જોઈએ. કોઇના ય પ્રત્યે પ્રગટેલો વૈરભાવ, આપણા હૈયામાં સ્થિરતાને પામી જાય નહિ, એ માટે ખાસ સાવચેતી રાખવી જોઇએ. કેટલાક તો, મરતાં સુધી વૈરભાવને વોસિરાવી શકતા નથી અને એથી તે ભવાંતરમાં પણ સાથે જાય છે. એવા પણ માણસો હોય છે કે–જેમને અમુક જીવો સાથે સ્થિર વૈર થઈ ગયું હોય. એમને ગમે તેટલું સમજાવવામાં આવે, તો ય એ પ્રાયઃ એમ જ કહે કે–'બધી વાત કરજો, પણ આની સાથે બમા-

વવાની વાત કરશો જ નહિ!' વૈરને ખરાબ કહે, પણ જેના પ્રત્યે એવું વૈર બંધાઈ ગયું હોય–એની વાત આવે, એટલે એમ જ કહે કે–એ બને એવું નથી; એટલું જ નહિ, પણ ઉપરથી એમ પણ કહે કે–'એને તો હું જ્યારે બરાબર ઠેકાણે પાડીશ, ત્યારે જ જંપીશ.' સ્થિર વૈરનો આ નમુનો છે. એક વાર વૈર જો સ્થિરતાને પામી જાય, તો પછી એ જીવને ઘણી સામગ્રી મળે તો ય, પ્રાયઃ વૈર નીકળવું મુશ્કેલ થઈ પડે. આવું વૈર પિતા–પુત્ર વચ્ચે પણ બંધાઈ જાય, માતા –પુત્ર વચ્ચે પણ બંધાઈ જાય, ધણી–ધણીઆણી વચ્ચે પણ બંધાઇ જાય અને શેઠ–નોકર આદિ વચ્ચે પણ બંધાઈ જાય; એટલે, આપણે જેની જેની સાથે થોડો કે વધતો સંબંધ થઈ જાય, તેમાંના કોઈની પણ સાથે, કોઈ પણ સંયોગોમાં, વૈરભાવ આવી જાય નહિ, તેની કાળજી રાખવી જોઈએ અને કદાચ વૈરભાવ આવી પણ જાય, તો ય તે વૈરભાવને નિર્મૂલ કરી નાખવાના અને તેને સ્થિર નહિ થવા દેવાના, સાવચેતીથી પ્રયત્નો કરવા જોઈએ.

અગ્નિશર્મામાં વૈરભાવની સ્થિરતા થઈ ગઈ, તો જ્યાં જ્યાં યોગ થયો, ત્યાં ત્યાં વૈરભાવ જાગ્યો :

શાસ્ત્રોમાં સ્થિર વૈરના અનેક પ્રસંગો વર્ણવાએલા છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનના જીવ અને કમઠના જીવ વચ્ચે, સ્થિર વૈરનો પ્રસંગ હતો. ગુણસેનનો જીવ અને અગ્નિશર્માનો જીવ, એ બે વચ્ચે પણ સ્થિર વૈરનો પ્રસંગ હતો. ગુણસેનના આત્માની સાથે બાંધેલા વૈરને, અગ્નિશર્માના આત્માએ સંખ્યા-બંધ ભવો સુધી સાચવી રાખ્યું છે. નવ ભવોમાં તો, વૈરના

યોગે હેરાનગતિમાં મૂકવાના અને મૂકાવાના પ્રસંગો બન્યા; પણ અગ્નિશર્માનું વૈર તો એના કેટલા ય ભવો સુધી પહોંચ્યું છે. એ વૈરના અનુબન્ધે, અગ્નિશર્માના જીવને, અનંત સંસારના પરિભ્રમણમાં ધકેલી દીધો. અગ્નિશર્માના ભવમાં વૈરબંધ પડ્યો, પણ તે ભવમાં એ જીવની કેટલી બધી સારી હાલત હતી, તે જાણો છો ? જીવ હતો મિથ્યાદૃષ્ટિ; પણ એણે તાપસપણાને ગ્રહણ કરીને, માસોપવાસને પારણે માસોપવાસ કરવાની પ્રતિજ્ઞા જીવનભરને માટે ગ્રહણ કરી હતી. માસોપવાસને પારણે, તે કોઇના પણ ઘરમાં પારણું કરવાને જતો અને એ ઘરમાં જે કાંઇ મળી જાય, તેનાથી પારણું કરી લઇને પાછો ફરી, તે પુનઃ માસોપવાસનો તપ શરૂ કરતો હતો. જે ઘરમાં જાય, એ ઘરમાં જો પારણા માટે આહારાદિ કાંઈ ન મળે, તો ય તે બીજા ઘરમાં જતો નહિ અને માસોપવાસ ઉપર માસોપવાસ ખેંચી નાખતો. આવો તપસ્વી અને તાપસ તરીકે સંસારનો ત્યાગી હોવા છતાં પણ, એનું વૈર સ્થિરતાને પામી ગયું અને તે એવું તો સ્થિરતાને પામી ગયું કે–જે જે ભવમાં અને જ્યારે જ્યારે, એને ગુણસેનના આત્માનો યોગ થયો, ત્યારે ત્યારે એને ગુણસેનના આત્મા પ્રત્યે વૈરભાવ જાગ્યા વિના રહ્યો જ નહિ. એ વૈરભાવના યોગે, અગ્નિશર્માનો આત્મા, એ દરેકે દરેક ભવોમાં, એ ગુણસેનના આત્મા પ્રત્યે, એવું એવું કરપીણ વર્તન કરતો રહ્યો કે–મોટે ભાગે તે દુર્ગતિઓમાં જ ભમતો રહ્યો અને દુઃખને જ પામતો રહ્યો. અગ્નિશર્મા નાની ઉંમરનો હતો, ત્યારે તે ગુણસેનના કૌતુકનું પાત્ર બની જતાં, એના પ્રત્યે એને દુર્ભાવ જાગેલો; પણ પોતે ગામ છોડીને ચાલ્યો ગયો અને તપાસ બન્યો, એટલે

એ વાત વિસારે પડી ગયેલી. જ્યારે એ માસોપવાસના પારણે માસોપવાસ કરવાની દૃઢ અને કઠોર પ્રતિજ્ઞા કરીને તપશ્ચર્યા કરી રહ્યો હતો, તે વખતે ભવિતવ્યતાના યોગે એવા સંયોગો બની ગયા કે–એનો ને ગુણસેનનો પાછો મેલાપ થઇ ગયો અને એમાંથી પૂર્વના વૈરભાવને તાજો થવાની તથા એ વૈરભાવને સ્થિર થઈ જવાની તક મળી ગઇ. એ વૈરભાવની સ્થિરતા થઇ જતાં, જ્યાં જ્યાં એ બન્નેનો યોગ થયો, ત્યાં ત્યાં વૈરભાવ તાજો થયો. ગુણસેનના જીવને જુએ અને તરત જ અગ્નિશર્માના જીવમાં વૈરભાવ જાગે. એ સ્થિરવૈરતા કયાં સુધી રહી, તે જાણો છો ? ગુણસેનનો જીવ જે ભવ સુધી સંસારમાં રહ્યો, તે ભવ સુધી ! અગ્નિશર્માના વૈરે ગુણસેનના અન્તિમ ભવમાં, એટલે કે–જે ભવમાં શ્રી ગુણસેન મુક્તિને પામ્યા, તે ભવમાં પણ પોતાનો પ્રભાવ બતાવ્યો. એ પછી ય, અગ્નિશર્માના જીવે એ વૈરભાવને તજ્યો કે નહિ, તે તો જ્ઞાની જાણે; પણ તે પછી શ્રી ગુણસેન મોક્ષને પામ્યા, એટલે એ બેનો યોગ થતો મટી ગયો.

વૈરભાવ તો, ખૂદ ભગવાન મળે તો ય ધર્મની પ્રાપ્તિ આદિમાં અન્તરાય કરનારો બને :

આ વૈરભાવ જ્યારે સ્થિરતાને પામી જાય છે, ત્યારે એનું ઉપશમન બહુ મુશ્કેલ બની જાય છે. ભવિતવ્યતાદિ સારાં હોય અને કોઈ પ્રસંગ વિશેષથી એ વૈર ટળી જાય, તો તે વાત જુદી છે; બાકી તો, ખૂદ શ્રી તીર્થંકરદેવ જેવા મળ્યા હોય અને એ તારક વૈરને તજવાનું કહે, તો ય એ બાદબાકી કરે કે–'આના સિવાય.' જેમ રાગના ગાઢ સંસ્કારો કામ કરે

છે, તેમ દ્વેષના ગાઢ સંસ્કારો પણ કામ કરે છે ને? સ્નેહ-રાગના સંસ્કારોએ, ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામિજી જેવાના પણ કેવલજ્ઞાનને અટકાવી રાખ્યું હતું ને? ઘણું સમજે, ભગવાન પ્રત્યે સમજપૂર્વકનો ભક્તિભાવે ય ઘણો, છતાં સાથે ભગવાનના જીવ પ્રત્યે સ્નેહરાગ પણ ખરો જ ! તેમ, વૈરમાં પણ સમજે ને? એકુતને યાદ કરો ! એકુતનો જીવ ગણધર-ભગવાન શ્રી ગૌતમસ્વામિજીથી પ્રતિબોધને પામ્યો અને ભગવાનને જોતાંની સાથે જ, ભગવાનના જીવ સાથેના પૂર્વના વૈરનો સંસ્કાર તાજો થઈ ગયો ! કેવી સારી અવસ્થામાં, એકુતના જીવને, ભગવાનના જીવનો યોગ થઈ ગયો હતો? પણ વૈરભાવ તાજો થઈ ગયો, એટલે ભગવાન પાસેથી અને જે ગુરૂથી એ પ્રતિબોધને પામ્યો હતો, તે શ્રી ગૌતમસ્વામિજી પાસેથી પણ એ રવાના થઈ ગયો ને? એ એકુતના જીવને, પ્રતિબોધ પમાડવાને માટે, ખૂદ ભગવાન ગયા નહિ અને ભગવાને પોતે જ ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામિજીને મોકલ્યા. કેમ? ભગવાન જાણતા હતા કે–આ જીવ મારાથી પ્રતિબોધ પામે એ શક્ય જ નથી, માટે ! ખૂદ ભગવાન જાત, તો એ જીવ પ્રતિબોધ પામત નહિ; તેમાં કારણ તો, ભગવાનના જીવ પ્રત્યેનો વૈરભાવ જ ને? ખૂદ ભગવાન પ્રતિબોધ પમાડવાનો પ્રયત્ન કરે, તો ય કેવળ વૈરભાવના કારણે જીવ પ્રતિબોધ પામે નહિ, એવી એની દશા હતી ને? એને, ધર્મની આરા-ધનામાં અન્તરાય પણ, વૈરભાવે જ કર્યો ને? ત્યારે વૈરભાવ, એ કેટલી બધી ભયંકર ચીજ છે? તમારે જે કોઈની સાથે સ્થિરવૈરતા થઈ જાય, તે જીવ ભવાન્તરમાં ધર્મગુરૂ આદિ તરીકે મળે, તો ય તમને ફાયદો થાય ખરો? એ તમને ધર્મ

પમાડવાને ચાહે, તો ય તમે ધર્મને પામી શકો ખરા ? ઊલટું, એ વખતે પણ વૈરભાવ તાજો થાય અને એને લીધે, ધર્મગુરૂની આશાતના અગર ધર્મગુરૂની હિંસાદિ કરવાનું ય પાપ બંધાય, એમ પણ બને ને ?

સર્વ વૈરભાવોને સંવત્સરીએ તો તજવા જ જોઇએ :

સ્થિર વૈરવાળો નરકે ન જાય, તો નવાઈ; એ નરકે જાય, તેમાં તો નવાઈ જ નહિ. ત્યારે, આપણે કોઈની ય સાથે વૈરભાવ નથી ને ? હોય, તો ય તેને કાઢી નાખવો છે ને ? હૈયામાં કોઈ આવેશ બેઠો હશે, તો વૈરભાવ નહિ જાય. છેવટમાં છેવટ, સંવત્સરીએ તો સર્વ જીવોની સાથે ક્ષમાપના અવશ્ય કરવી જોઈએ, એ તો જાણો છો ને ? એનો અર્થ એવો નથી કે–સંવત્સરી સુધી વૈરને સાચવી રાખવું જોઇએ અને સંવત્સરી પહેલાં ક્ષમાપના નહિ કરવી જોઇએ. વૈરભાવ તો, જેટલો વહેલો તજાય તેટલો સારો. તે ને તે દિવસે વૈરભાવ ન તજાય તો પંદર દિવસમાં, પંદર દિવસમાં ન તજાય તો ચાર માસની અંદર અંદર અને છેવટમાં છેવટ સંવત્સરીએ તો ચોક્કસ, સર્વ જીવોની સાથેના સર્વ પ્રકારના વૈરભાવોને તજીને, સાચા દિલથી ક્ષમાપના કરી લેવી જોઇએ. સંવત્સરીએ પણ જો કોઈના ય પ્રત્યેનો વૈરભાવ રહી જાય, તો તે આત્માના સમ્યગ્દર્શન રૂપ વિવેકને પણ હરી લેનારો નિવડે. કોઈ પણ જૈન, સંવત્સરીની આરાધના કર્યા વિના રહી શકે નહિ અને સંવત્સરીની સાચી આરાધના કરવી હોય, તો તે માટે સર્વ જીવો પ્રત્યેના સર્વ પ્રકારના વૈરભાવને વોસિરાવી દેવા જ જોઇએ. આ વર્ષની સંવત્સરી હવે બહુ દૂર નથી. આ સંવ-

ત્સરી આવતાં પહેલાં, બધા જ વર ભાવોને વોસિરાવી દઈને, સુન્દર પ્રકારે આરાધના કરવાનું મન થાય છે ને ? વૈરભાવને નહિ વોસિરાવવાથી, તેને સ્થિર થઇ જવાની તક મળી જાય છે. આપણે ત્યાં, એ માટે તો, અન્ત કાલે પણ ખમાવવાનો વિધિ રાખેલો છે. મારે, કોઇ પણ રીતિએ, કોઈ પણ જીવની સાથે, વૈરભાવ નથી રાખવો, આવી વૃત્તિને હંમેશને માટે સતેજ રાખવી જોઈએ.

આપણે વૈરને તજીએ પંણ સામો વરને તજે નહિ, તો એ માટે શું કરવું જોઈએ ?

સ૦ આપણે તો ખમાવીએ, પણ સામો ન ખમાવે તો ?

આપણે ખમાવીએ, એટલે આપણે તો આરાધક બનીએ જ ને ? આપણે ખમાવીએ અને સામો પણ ખમાવે તો બહુ જ સરસ, પણ આપણે ખમાવીએ અને સામો ન ખમાવે, તો મુશ્કેલી તો ખરી જ. આપણા પ્રત્યેનો એનો વૈરભાવ સ્થિરતાને પામી જાય, તો ભવાન્તરોમાં જ્યારે જ્યારે એની સાથે આપણો યોગ થઇ જાય, ત્યારે ત્યારે એનો વૈરભાવ જાગે અને એથી એ આપણને મુશ્કેલીમાં મૂકે, એ પણ શકય જ છે. એ તો, આપણને માતા રૂપ બનીને, પિતા રૂપ બનીને, પુત્ર રૂપ બનીને, પત્ની રૂપ બનીને અથવા તો બીજા પણ અનેક પ્રકારોએ હેરાન કરે, એ બહુ જ બનવાજોગ છે. અત્યારે તો આપણે ખમાવીએ, પણ ભવાન્તરમાં કોઈ તેવો પ્રસંગ આવી લાગતાં આપણો પીત્તો ફાટી જાય, આપણું મગજ કાબૂમાં ન રહે અને આપણા હૈયામાં ય એના પ્રત્યે વૈરભાવ જાગી જાય, તો પછી કદાચ બેયને સ્થિર વૈરન

યોગ થઈ જાય; એ માટે, મજ્જગને ઠેકાણે રાખનારી વૃત્તિ કેળવી લેવી જોઈએ. એવો અભ્યાસ પાડવો જોઈએ કે–કોઇ આપણને ગમે તેટલું હેરાન કરે, તો ય આપણે ક્રોધ કરવો નહિ ! અહીં સાચા ભાવે ક્ષમાપના કરીને, વૈરભાવને વોસિરાવી દેવાના સંસ્કારો પાડશો, તો તે પણ તમને ભવાન્તરમાં ઉપયોગી નિવડશે. જ્યારે જ્યારે કોઈ આપણને હેરાન કરે, મુશ્કેલીમાં મૂકે, ત્યારે ત્યારે એના ઉપર ક્રોધ નહિ કરતાં, એવો વિચાર કરવો કે–એ મારા પાપને ધુએ છે ! શ્રી ગુણસેને વૈરભાવ કેળવ્યો નહોતો, પણ અગ્નિશર્માએ પોતાના વૈરને સ્થિર કરી દીધું હતું, તો એ એકપક્ષીય વૈરના કારણે પણ, શ્રી ગુણસેનના જીવને ઘણી ઘણી હેરાનગતિ વેઠવી પડી છે. એ વખતે, શ્રી ગુણસેનને પોતાના ઉપશમભાવના સંસ્કારોએ મદદ કરી છે. આથી, આપણે બે વસ્તુ નક્કી કરવી જોઈએ. એક તો એ કે–કોઇના ય હૈયામાં આપણે માટે વૈરભાવ પેદા થવા પામે નહિ, એની તકેદારી રાખવી. કદાચ કોઇની સાથે તેવો પ્રસંગ બની જાય, તો ય આપણા હૈયામાંથી વૈરભાવને કાઢી નાખવાની સાથે, તેના હૈયામાંથી પણ આપણા પ્રત્યેનો વૈરભાવ નીકળી જાય, એ માટે બની શકે તેટલું બધું કરી છૂટવું. જે કોઈ રીતિએ એ વૈરી મટીને મિત્ર બની જતો હોય, તે રીતિને પોતાના લોભ, માન આદિને જરા ય મચક આપ્યા વિના, અજમાવી લેવી. બીજી વસ્તુ એ કે–આપણા આત્માને ઉપશાન્ત ભાવથી ખૂબ ખૂબ સુસંસ્કારિત બનાવી દેવો. આત્માને હિતશિક્ષાદિથી એવો તો બનાવી દેવો કે–ગમે તેવા કપરા સંયોગોમાં આવી પડાય, તો ય આત્મા ગુસ્સે થાય નહિ અને ભાનભૂલો બને

નહિ. ઉપશમભાવમાં રમણ કરવાના સંસ્કારોથી, આત્માને અહીં સંસ્કારિત કર્યો હશે અને જો કોઇ તમારા પ્રત્યેના સ્થિર વૈરવાળો બની ગયો હશે, તો તેના યોગમાં તમે ઘણી કર્મનિર્જરા સાધી શકશો. મુશ્કેલી આવવા છતાં ય જે આરાધનાને ચૂકે નહિ, તે તો ઘણાં ઘણાં કર્મોની નિર્જરાને સાધી શકે. ચાલુ પ્રકારની આરાધના માત્રથી જે સધાવું મુશ્કેલ હોય છે, તે મુશ્કેલી વખતે આરાધનામાં સ્થિર રહી શકાય, તો સધાવું સહેલું બની જાય છે.

જેના મારેલા બાણનો ઘા મરણતોલ નિવડ્યો, તેને વિશેષ પ્રકારે બનાવે છે :

શ્રી પાર્શ્વનાથ ભગવાનના જીવે, મરૂભૂતિ તરીકેના ભવમાં, ઉપશમભાવના સંસ્કારોને દૃઢ બનાવ્યા હતા; તો જ્યારે જ્યારે તેમને કમઠના જીવે હેરાન કર્યા, ત્યારે ત્યારે તેઓ પોતાની આરાધનામાં સુસ્થિત રહી શકયા. મરૂભૂતિ તરીકેના ભવમાં જ, શ્રી પાર્શ્વનાથ ભગવાનનો જીવ, સમ્યકૃત્વને પામ્યો હતો અને એ ભવમાં જ એ તારકના જીવ પ્રત્યે, કમઠનો જીવ, સ્થિર વૈરવાળો બન્યો હતો. એ, તે વખતે શ્રી મરૂભૂતિના મોટા ભાઇ તરીકે હતો અને વિરાગી એવા શ્રી મરૂભૂતિની ધર્મપત્નિને એણે પોતાની વિષયવાસનાની શિકાર બનાવી હતી. શ્રી મરૂભૂતિજીને એ વાતની જાણ થતાં, એમણે, પહેલાં તો એ વાતની ખાત્રી કરી લીધી અને તે પછીથી એમનાથી એ અનાચાર સહાયો નહિ, માટે એમણે રાજાને એ વાત કરી. રાજાએ શ્રી મરૂભૂતિજીના મોટા ભાઇ-કમઠના જીવને ભારે શિક્ષા કરીને, નગરની બહાર કાઢી મૂકયો અને એમાંથી

તે શ્રી મરૂભૂતિજી પ્રત્યે વૈરભાવવાળો બન્યો. આવું પરિણામ આવવાથી, શ્રી મરૂભૂતિજીને પસ્તાવો થયો અને તેથી તેઓ પોતાના મોટા ભાઇને ખમાવવા ગયા; જ્યારે કમઠના જીવે તે વખતે પોતાને જાગેલા વૈરભાવના યોગે, શ્રી મરૂભૂતિજીનો ઘાત કરી નાખ્યો. આમ, શ્રી મરૂભૂતિજીનો જીવ ઉપશમના સંસ્કાર સાથે અને કમઠનો જીવ વૈરના સંસ્કાર સાથે, ભવાન્તરમાં ગયા. બન્નેના સંસ્કારોએ પોતપોતાનું કામ કર્યું. કમઠના જીવે શ્રી મરૂભૂતિના જીવને, જે જે ભવમાં એ બન્નેનો યોગ થયો તે દરેક ભવમાં, હેરાન જ કરેલ છે અને શ્રી મરૂભૂતિજીના જીવે, ઉપશમનો જ અનુભવ કર્યા કર્યો છે. એક ભવમાં, શ્રી મરૂભૂતિજીનો જીવ જ્યારે મુનિપણામાં હતો, તે વખતે કમઠના જીવે તેમને બાણ માર્યું. એ બાણ વાગવાથી તેઓ નીચે પડી ગયા, પણ વિચાર શો કર્યો ? એમણે એ બાણના ઘાને જીવલેણ નિવડેલો જાણવા છતાં પણ, વિચાર એ જ કર્યો છે કે–'હું સૌને ખમાવું છું અને આ બાણ મારનારને તો વિશેષ પ્રકારે ખમાવું છું !' કેમ એમ ? એના તરફ વૈરભાવ આવી જવાનું મોટું કારણ હતું માટે અને આરાધનામાં એ સારો સહાયક મળી ગયો, એ માટે પણ ! એ વખતે, જો એમ થઈ જાય કે–'હું મારી મેળે મારા ધ્યાનમાં ઉભો હતો, ત્યાં આણે મને બાણ કેમ માર્યું ?' અને એમાંથી જો ગુસ્સો આવી જાય, તો ? તો, કર્મસત્તા એમને છોડી દે ? નહિ જ. કર્મસત્તા તો કહે કે–'એણે એનું હૈયું બગાડ્યું તે સાચું, એનું ફળ એ ભોગવશે, પણ એમાં તેં તારૂં હૈયું કેમ બગાડ્યું ? તેં તારૂં હૈયું બગાડ્યું, માટે એનું ફળ તું પણ ભોગવ !' પણ શ્રી મરૂભૂતિજીના જીવને ગુસ્સો આવ્યો

નહિ, કેમ કે–એમણે પોતાના આત્માને ઉપશમભાવથી સંસ્કારિત કર્યો હતો. કોઈના ય પ્રત્યેના સ્થિર વૈરથી બચવું હોય અને કોઇ આપણા પ્રત્યે પણ જો સ્થિર વૈરવાળો બની ગયો હોય, તો એના દ્વારા આવતી આપત્તિઓમાંથી જો લાભ ઉઠાવવો હોય, તો ય હૈયાને ઉપશમભાવથી ખૂબ ખૂબ સંસ્કારિત બનાવી દેવું જોઈએ. આ ભવમાં હૈયું જો સાચા ઉપશમભાવથી સુસંસ્કારિત બની જાય, તો તમારો મોક્ષ બહુ દૂર નથી, એમ માનવું.

રૌદ્રધ્યાન અને તેના ચાર પ્રકારો :

પરમ ઉપકારી, કલિકાલસર્વજ્ઞ, આચાર્યભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, નરકગતિના આયુષ્યના આશ્રવોને વર્ણવતાં ૧–પંચેન્દ્રિયપ્રાણિવધ, ૨–બહુ આરંભ, ૩–બહુ પરિગ્રહ, ૪–નિરનુગ્રહતા, ૫–માંસભોજન, અને ૬–સ્થિરવૈરતા, આ છને જણાવ્યા બાદ, રૌદ્રધ્યાનને પણ નરકના કારણ તરીકે વર્ણવે છે. હિંસા કરવી, અસત્ય બોલવું, ચોરી કરવી અને પરિગ્રહનું સંરક્ષણ–એ પાપક્રિયાઓ છે; જ્યારે હિંસાદિકને કરવાની ઈચ્છા, એને કરવાને માટેની વિચારણા અને એને કરવાને માટે મનમાં વિવિધ પ્રકારની યોજનાઓ ઘડવી, એ વગેરે સંબંધી જે ધ્યાન, તેને રૌદ્રધ્યાન કહેવામાં આવે છે. હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને સંરક્ષણાનુબંધી, એમ રૌદ્રધ્યાનના ચાર પાયા અગર પ્રકારો કહેવાય છે. આ ચાર ક્રિયાઓ, ગૃહસ્થને તો રહેવાની જ ને ? હિંસા તો, ઘર, પેઢી વગેરેને પોતાનાં બનાવીને બેઠા છો, એટલે બેઠી જ છે. ષટ્કાયના વધ વિના, કાંઈ ઘર ચાલી શકે ? ષટ્કાયના

જીવોના ઘાતથી બચવાની વૃત્તિ હોય, તો પણ સંસારી ગૃહસ્થ, તેના ઘાતથી સંપૂર્ણપણે બચી શકતો નથી. હિંસા પછી અસત્ય. તે પણ અવસરે અવસરે બોલ્યા વિના ચાલે ? ક્રોધ, લોભ, ભય અને હાસ્યથી અસત્ય બોલાય. અસત્યથી બચવું હોય, તો એ ચારથી બચવું પડે. ક્રોધાદિકને વશ પડેલાઓ પણ અસત્યથી બચી શકતા નથી, તો પછી ક્રોધાદિકમાં આનંદ માનનારાઓ તો, અસત્યથી બચી શકે જ શી રીતિએ ? ત્યારે, જેનામાં લોભાદિ જોરદાર હોય, તે ચોરી પણ તક મળે તો કરે ને ? ઘર, પેઢી વગેરે જે કાંઇ હોય તેમાં અને ધન –શરીર આદિમાં મમત્વભાવ હોય, તો તેનું સંરક્ષણ કરવાનો પ્રયત્ન કર્યા વિના પણ રહે નહિ ને ? કોઇ કાંઈ લઇ જાય નહિ અને શરીરાદિ ઠીક ઠીક રહે, એ માટેના પ્રયત્નો તો ચાલુ જ ને ? હિંસાદિ એ ચાર પાપક્રિયાઓ છે અને એ ચારને સેવવાનો સતત્ વિચાર, એ ચારને કરવાને માટે યોજનાદિ ઘડવાની ધ્યાન રૂપ વિચારણા, તે વગેરેનો સમાવેશ રૌદ્રધ્યાનમાં થાય છે.

રૌદ્રધ્યાન, તેની તીવ્રતા અને મંદતા આદિને અંગે અનેક ભેદોવાળું બની શકે છે :

જગતમાં જીવો હિંસાદિ પાપક્રિયાઓને જેટલા પ્રમાણમાં આચરે છે, તેના કરતાં હિંસાદિની વિચારણા આદિ ઘણા જ વિશેષ પ્રમાણમાં કરે છે. હિંસાદિને આચરવાને માટે તો, બીજી ઘણી સામગ્રી જોઈએ છે; જ્યારે હિંસાદિની વિચારણા તો મનની મલિનતા ઉપર આધાર રાખે છે. તમે મોટાની, રાજાની, બળવાનની એ વગેરેની હિંસા કયારે કરી શકો ?

બળ, તક વગેરે જરૂરી સામગ્રીનો યોગ હોય અગર તો તેવા પ્રકારનો યોગ તમને આવી મળે તો ને? અને નબળામાં નબળો માણસ પણ, શરીરે પણ નબળો અને સામગ્રીએ પણ નબળો–એવો માણસ પણ, ગમે તેવા રાજા–મહારાજા આદિની અથવા તો મોટામાં મોટી સંખ્યાના જીવોની હિંસાની વિચારણા તો કરી શકે ને? તંદુલીયો મત્સ્ય ચોખાપૂર શરીરવાળો અને જીવે અન્તર્મુહૂર્ત્તથી અધિક નહિ, છતાં આપણે જોઈ આવ્યા ને કે–એ સાતમી નરકે જાય? એ પ્રતાપ કોનો? રૌદ્રધ્યાનનો જ એમ નહિ, પણ અતિ તીવ્ર એવા રૌદ્રધ્યાનનો જ એ પ્રતાપ છે. જેની પાસે ઘણી સામગ્રી હોય, તેને રૌદ્રધ્યાનનો સંભવ ઘણો છે, પણ એથી એમ સમજવાનું નથી કે–જેની પાસે સામગ્રી ઓછી છે અગર તો નહિવત્ છે, એને રૌદ્રધ્યાન ન હોય અગર તો મન્દ કોટિનું જ હોય! થોડી પણ સામગ્રીમાં જો અતિશય મમત્વભાવ હોય, અગર તો સામગ્રી ન હોય તે છતાં પણ જો 'સામગ્રી હોય તો આમ કરી નાખું ને તેમ કરી નાખું'–એવી હિંસાદિગર્ભિત તીવ્ર મનોભાવના હોય, તો એનું ઘણું ગંભીર પણ પરિણામ આવ્યા વિના રહે નહિ.

સ૦ રૌદ્રધ્યાન નરકે જ લઈ જાય?

રૌદ્રધ્યાનમાં નરકે લઈ જવાની પણ તાકાત છે. રૌદ્રધ્યાનનો અતિ તીવ્ર અનુભવ કરી રહેલો આત્મા જો આયુષ્યકર્મને ઉપાર્જે, તો તે નરકના આયુષ્યને જ ઉપાર્જે, એમ કહી શકાય.

સ૦ રૌદ્રધ્યાન મિથ્યાદૃષ્ટિને જ હોય?

એમ પણ કહી શકાય નહિ. રૌદ્રધ્યાન અવિરત સમ્ય-

ગ્દષ્ટિમાં અને દેશવિરત સમ્યગ્દષ્ટિમાં પણ સંભવે, પરન્તુ તેમાં તરતમતા હોય. ધ્યાન રૌદ્ર પ્રકારનું હોય, પણ એમાં અતિ તીવ્ર, તીવ્ર અને મન્દ, અતિ મન્દ આદિ ભેદો ઘણા પડે. રૌદ્રધ્યાન આવી જતું હોય, તે છતાં પણ આ ધ્યાન કરવા લાયક નથી–એવો જો ખ્યાલ હોય, આ ધ્યાનમાં જો હું લીન બની જાઉં, તો સંસારમાં ડૂબી જાઉં–એવો જો ઉપયોગ હોય, તો એનાથી પણ કેટલો બધો ફેર પડી જાય ? જેમ, તમે હિંસાદિ જેમાં સુનિશ્ચિત છે એવી ક્રિયાઓ પણ કરો છો, પણ એ ક્રિયાઓને કરતી વખતે તમે જો વિવેકી હો, તો તમારા હૈયામાં જીવદયાનો પરિણામ હોઈ શકે કે નહિ ? સળગાવવાને માટે લાકડું લો છો, તો તેમાં જીવહિંસા નથી થવાની ? થવાની જ છે, પણ લાકડું લેતાં–મૂકતાં યતના જાળવો, તો તે જીવદયાનો પરિણામ છે કે નહિ ? હિંસા થાય તેવી પ્રવૃત્તિ કરવાનો વિચાર કરતાં અને હિંસા થાય તેવી પ્રવૃત્તિ કરતાં પણ, જીવદયા ન ભૂલાય અને યતનાપૂર્વક વર્તાય, એ તો બની શકે એવી વસ્તુ છે ને ? હિંસાદિક થાય તેવી ક્રિયા કર્યા પછી પણ, એક જીવ એવો વિચાર કરે કે–' હું એવા અસંયમમાં છું કે આ બધાથી છૂટી શકતો નથી.' અને બીજો જીવ એવો વિચાર કરે કે–' એમ પાપ પાપ કર્યે તે કાંઈ ચાલતું હશે ? ઘરમાં રહેવું ને હિંસાથી ડરવું ? સાગરમાં રહેવું અને મગરથી બીવું ? એ તો હિંસાદિ કરવાં જ જોઇએ.' –તો એ બે વચ્ચે, વિચારણાની દિશાનો એટલે મનના પરિણામોનો કેટલો બધો તફાવત છે ? એમ, ધ્યાનની તરતમતા હોય. 'પૈસા ગયા'–એવી ખબર આવે, તો એક માણસને એમ થાય કે–'આપણું ભાગ્ય એવું હશે' અને બીજા માણસને

એવા જ સમાચાર મળવાથી મનમાં એવો વલોપાત શરૂ થઇ જાય કે–તે વખતે જોનારને એમ થઇ જાય કે–'આનું હૈયું તો નહિ બેસી જાય?' કેટલાક જીવો એવા હોય છે કે–પોતાની અમુક ચીજ ખોવાઇ જાય, તો 'હશે, ખોવાઈ ગઈ.' –એમ કરીને મનને વાળી લે અને એની ઉપેક્ષા કરે; જ્યારે કેટલાક જીવો એ ખોવાઈ ગયેલી વસ્તુને ભૂલી શકે નહિ; કેટકેટલાને વિષે શંકા લઈ જાય. ભગવાન પાસે બેઠો હોય, ત્યાં ય એને એ ચીજ ગઈ, એમ યાદ આવે અને એના વિચારમાં ચઢી જાય. આ બધી વાતો એવી છે કે–તમે જો તમારા પરિણામોને બરાબર તપાસતા રહો, તો ઝટ ખ્યાલમાં આવી જાય. પરિણામોમાં કેટલીક વાર કેવી ઉગ્રતા હોય છે અને કેટલીક વાર કેવી મન્દતા હોય છે, તે સમજવા જેવું છે. રૌદ્રધ્યાન મિથ્યાદૃષ્ટિને પણ હોય; તેમાં ઘોર મિથ્યાદૃષ્ટિને પણ હોય અને મન્દ મિથ્યાત્વવાળાને પણ હોય; અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ હોય અને દેશવિરત સમ્યગ્દૃષ્ટિને પણ હોય; કદાચિત્ સરાગ સંયમીને પણ હોય; ત્યારે, એમાં તરતમતા કેટલી બધી હોય? એટલે, જેટલી એમાં મંદતા આવે, તેટલું સારૂં–એમ સમજવું જોઇએ. એટલે, રૌદ્રધ્યાન નરકનું જ કારણ બને–એમ ન કહેવાય, પણ એનામાં નરકનું કારણ બનવાની પણ ઘણી મોટી શક્તિ છે, એમ જરૂર કહી શકાય.

પૈસા આવે તો પચાવવાની શક્તિ ન હોય અને જાય તો સહવાની શક્તિ ન હોય, તો શું બને?

સ૦ જેની પાસે જે હોય, તેને તેના સંરક્ષણના વિચારો તો આવે ને?

સંરક્ષણના વિચારો આવે, એમાં પણ ઘણા ભેદો પડી જાય. એક માણસ સંરક્ષણની ઇચ્છા કરે, છતાં જાય તો મુંઝાય નહિ, એમ પણ બને ને ? વિરાગી સુશ્રાવકે ય અવસર જોગ સંરક્ષણ કરે, છતાં 'સંરક્ષણ કરવું પડે એવી સ્થિતિમાં રહેવું, તે સારું છે'–એમ તો એ માને નહિ ને ? પૈસા આવે તો તેને પચાવવાની અને જાય તો તેને ખમી ખાવાની તાકાત કેટલી કેળવી છે ? કેટલાકને એવું હોય છે કે–પૈસા પચાવવાની તાકાત નહિ અને પૈસા મળવાનું પુણ્ય ખરું, એટલે એનામાં સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન ઉગ્ર પ્રકારનું પણ આવે ને ?

એક કડીઓ પાલખ ઉપર બેઠો બેઠો કામ કરતો હતો. ત્યાં કોઈએ આવીને એને સમાચાર આપ્યા કે–'તારી લોટરી લાગી ગઈ; હજારો રૂપીઆ તને મળ્યા.'

કડીઓ એ સાંભળીને પોતાના લાભને જીરવી શકયો નહિ ! હર્ષના આવેશમાં, એ એવો આવી ગયો કે–ભાન ભૂલ્યો અને ' આટલા બધા રૂપીઆ મને મળ્યા ? '–એમ બોલતો, એ જ્યાં પોતાના હાથ પહોળા કરવા જાય છે, ત્યાં તો એ પાલખ પરથી નીચે ગબડી પડયો અને જેવો એ પડયો, તેવો તરત જ મરી ગયો.

પાત્રતા વગરના જે હોય, તેઓને ધન મળી જાય, તો ' હવે એ મારી પાસેથી જ જવું જ નહિ જોઈએ '–એવી ધુનમાં આવી જાય ને ? તો ત્યાં સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન કેવા ઉગ્ર પ્રકારનું હોઇ શકે ? તેથી વિચાર કરવો કે–'પૈસા મળ્યા છે, એટલે માઠું એ પ્રકારનું પુણ્ય તો છે, પણ પૈસાને પચાવવા જોગું હૈયું મારી પાસે છે કે નહિ ?' પચાવવાનું હૈયું ન હોય, તો શું થાય ? સાચવવાને માટે, કાંઈ કાંઈ વિકલ્પો કર્યા

કરે. એનું મન, ત્યાં ને ત્યાં જ આંટા માર્યા કરે. એમાં જો પૈસા જાય, તો શું થાય ? પૈસા આવે તે લેવાના જેમ કોડ છે, તેમ જાય તો સહવાની શક્તિ પણ છે કે નહિ ? સહવાની શક્તિ નથી હોતી ને પૈસા જાય છે, તો રૌદ્રધ્યાન જોરદાર બની જાય છે. હૈયું બહુ ક્રૂર બની જાય છે. 'કોણ લઈ ગયું હશે ? જે લઈ ગયો હોય, તે જો હાથમાં આવી જાય, તો એને જરા ય જંપો કરું નહિ ! આવા ચોટ્ટાઓને તો ઠેકાણે પાડયા જ સારા !'–આવા આવા તો કેટલાય ક્રૂરતાભર્યા વિચારો કરી નાખે. પૈસા લઈ જનારને શોધવાને માટે ય પૈસા ખર્ચે ! કહેવાય છે ને કે–ખાતર પાછળ દીવેલ ! પૈસા લઈ જનારને શોધી કાઢવાને માટે પૈસા ખર્ચતો જાય અને 'એ પકડાઈ જાય તો એનું શું શું કરી નાખવું'–એના વિચારો પણ કરતો જાય. આવેશમાં ને આવેશમાં, તે, જે પૈસા ગયા હોય તેના કરતાં પણ વધારે પૈસા, એ પૈસાને લઈ જનારને શોધવાની પાછળ ખર્ચી નાખે, એમ પણ બને ! આમ, પૈસા ય ગુમાવે અને રૌદ્રધ્યાનના યોગે પાપોપાર્જન પણ કરે ! એમ છતાં ય, પેલો ન પકડાય, એવું પણ બને ને ? પેલો પકડાય નહિ, એટલે આ વળી વધારે રૂએ ! આવા વખતમાં જો આયુષ્યનો બંધ પડી જાય, તો તે કયી ગતિના આયુષ્યનો બંધ પડે, એ વિચારી જુઓ !

પૈસા આવવાનું પરિણામ :

પૈસા પણ વિવેકિને પચે; બાકી તો, એ આવે ને જીવને ભારે રૌદ્રધ્યાનનો સ્વામી બનાવી દે. પૈસાવાળો થયો, એટલે એ સૌનો અવિશ્વાસુ બની જાય અને ગમે તેવા સારા માણસ

ઉપર પણ શંકા લઈ જતાં વાર લગાડે નહિ. એ તો ' **अविश्वासः श्रियो मूलम्** '–એવા વાકયને બરાબર યાદ રાખી લે અને એનો અમલ પણ કર્યા કરે. કેટલા ય એવા દાખલાઓ છે કે–જ્યારે સામાન્ય સ્થિતિ હતી, ત્યારે આખું કુટુંબ લહેર કરતું હતું અને પૈસા આવ્યા, એટલે મિત્ર જેવા ભાઈઓ પણ વૈરી જેવા દેખાવા લાગ્યા. નાણાં આવે, એટલે નમ્રતા જાય અને ખુમારી આવે. નાના જોડે બેસવું ગમે નહિ. સાથે બેસવાને માટે સમોવડીઓ જોઈએ; એટલે, સામાન્ય સ્થિતિનો સગો જેમ ન ગમે, તેમ સાધર્મિક પણ ન ગમે. બોલ–ચાલની રીત પણ ફરી જાય, કેમ કે–પૈસાનો નશો ચઢી જાય છે. જેમ વધારે અવાય તો આફરો ચઢી જાય ને ?, તેમ પાત્રતા કરતાં પૈસા અધિક મળી જાય, તો મગજ ઠેકાણાસર રહે નહિ ને ? તમને પચે તેટલું મળ્યું છે કે એથી વધારે મળ્યું છે ? પૈસાદાર થતાં પહેલાં તમારું જે હૈયું હતું, તેમાં પૈસા આવ્યા પછી, બગાડો થયો છે કે સુધારો થયો છે ? હિંસાદિકની યોજનાઓ ઘડવામાં મગજ વધારે રોકાએલું રહે છે કે એને ઘટાડવામાં મગજ વધારે રોકાએલું રહે છે ?

કેળવીને અસત્ય બોલો ને ?

'મારી પાસે પૈસા અધિક છે'–એવું જો કોઇ જાણી જાય, તો મારી પાસે પૈસા માગે, એવી કલ્પનાથી પણ તમે જુદું બોલો ને ? અને તે પણ યોજનાપૂર્વકનું જુદું પણ બોલો ને ? પોતાની પાસે હોય ઘણું અને ઘણું છે એમ બતાવવું ના હોય તથા થોડુંક જ છે–એમ બતાવવું હોય, તો એ માટે, કેટ-કેટલું જુદું કેટકેટલું કેળવીને બોલવું પડે ? સંરક્ષણની વૃત્તિ

બહુ હોય, તો ધર્મસ્થાનમાં પણ એવું કેળવીને બોલે કે- 'તમે ધારો છો તેવું મારી પાસે છે જ નહિ.' મનમાં તો સમજે છે કે-આ ધારે છે તે કરતાં ય મારી પાસે વધારે છે, છતાં બોલે શું ? 'ધારો છો તેવું નથી!' ઘરમાં કોઈ બાનગીમાં પૂછે કે-'કેમ આવું બોલ્યા?' તો કહે કે- 'એમ બોલીએ નહિ, તો છોડે નહિ!' મનમાં ય વિચાર કરે કે-'ઠીક થયું કે આવું બોલ્યો, એટલે બચી ગયો!' યોજનાપૂર્વક અસત્ય બોલે અને પછી તેની અનુમોદના પણ કરે ! મંદિર, ઉપાશ્રય આદિમાં પૈસા આપતાં બચી જઈએ તો સારું ને ? એવું કરવામાં બચી જઈએ છીએ કે ભારે ફસાઈ જઈએ છીએ, એ વાત બહુ વિચારવા જેવી છે. તમને રૌદ્રધ્યાન તો હોય, પણ સાવધ છો કે નહિ ? જેમનું રૌદ્રધ્યાન મંદ પડ્યું હોય, તેવા અભવી અને દુર્ભવી, કોઇ પણ તેવા પ્રકારની ધર્મક્રિયાઓ આદિના પ્રતાપે સ્વર્ગાદિકમાં પણ જાય છે, એટલે રૌદ્રધ્યાન હોય તેટલા માત્રથી ગભરાઈ જવાની જરૂર નથી; પણ તપાસવું એ જોઈએ કે-આપણું રૌદ્રધ્યાન ઉગ્ર કોટિનું છે કે મન્દ કોટિનું છે? રૌદ્રધ્યાનમાં આવી જવાય, તો તે હૈયાને ખટકે છે કે નહિ ? એ માટે, આ વાત છે કે- તમને જે પૈસા મળ્યા છે તે તો પુણ્યયોગે મળ્યા છે, પણ જે પૈસા મળ્યા છે અગર મળશે, તેને પચાવવાની તાકાત તમારા હૈયામાં છે કે નહિ ?

<u>ધર્મગુરૂને સઘળી સ્થિતિ જણાવવી પડે :</u>

તમે કદાચ બીજે ગમે તેમ બોલતા હો, પણ ધર્મગુરૂઓની પાસે તો સાચી વાત કરો ને ?

સ૦ ધર્મગુરૂઓની સાથે સંસારની વાત કરવાની હોય ?

ધર્મગુરૂઓની પાસે, સંસારની વાત, સંસારના હેતુથી કરવાની ન હોય, પણ સંસારથી છૂટવાને માટે તો કરવાની હોય ને ? ધર્મગુરૂઓની પાસે તો, પોતાની જેવી સ્થિતિ હોય તેવી દેખાડી દઈને, ' આ સ્થિતિમાં હું છું, તો મારો ઉગારો કેમ થાય ? '–એમ પૂછવું જોઈએ. આમ તો જેટલા ભગવાનના શાસનના સાધુ, એટલા બધા ધર્મગુરૂ; પણ જે ધર્મગુરૂથી બોધ પામ્યા અને ધર્મને લેવાની ઈચ્છા થઈ, તેમની પાસે તો બધી વાતનો એકરાર કરવો જોઈએ ને ? સમ્યક્ત્વના દાનમાં પણ, એ વિધિ છે કે–જેને સમ્યક્ત્વ ઉચ્ચરવું હોય, તેણે સમ્યક્ત્વ ઉચ્ચરતાં પહેલાં, ધર્મદાતા ગુરૂની પાસે પોતાની સઘળી ય સ્થિતિ રજૂ કરી દેવી જોઈએ. એ વિના, સમ્યક્ત્વ ઉચ્ચરાવાય નહિ. પ્રાયશ્ચિત્ત માત્ર લેવું હોય, તો પણ જે પાપનું પ્રાયશ્ચિત્ત લેવું હોય, તે પાપને કેવી કેવી રીતિએ સેવ્યું, તે પાપ કરતાં પહેલાં કેવું વિચાર્યું અને તે પાપ કર્યા પછીથી કેવું વિચાર્યું, એ વગેરે બધું જ વિગતવાર વર્ણવવું જોઈએ. ધર્મગુરૂ પ્રાયશ્ચિત્ત આપતાં પહેલાં, ફરીથી પણ એ વિગતોને પૂછે અને પ્રાયશ્ચિત્ત લેનારે તે ફરીથી પણ કહેવી જોઈએ.

સમ્યક્ત્વ અપાય–લેવાય તેથી લાભ:

સ૦ સમ્યક્ત્વ, એ શું આપવા–લેવાની ચીજ છે ?

વિધિપૂર્વક યોગ્ય જીવને યોગ્ય ગુરૂ દ્વારા સમ્યક્ત્વનું ઉચ્ચારણ કરાવાય, તો તે પણ સમ્યક્ત્વ ન હોય તો પમાડનાર બને છે. સમ્યક્ત્વ બરાબર ઉચ્ચરે અને એની મર્યાદા જાળવ્યા કરે, તો એમાંથી પણ સમ્યગ્દર્શન માટે જરૂરી પરિ-

ણામ પેદા થાય. જેમ સાધુનો ઓઘો. યોગ્યે યોગ્ય જીવને આ ઓઘો આપ્યો હોય, તો આ ઓઘાના યોગે પણ, આ ઓઘાને હાથમાં લેનારા ભાગ્યવાનના આત્માના પરિણામો ઉપર, એવી અસર પેદા થવા પામે, કે જેને લઈ ને સર્વવિરતિના પરિણામ ન હોય, તો તે આવે અને હોય તો તે ટકયા રહે. ઓઘો હાથમાં હોય, તો તે કેટલાંય પાપકર્મોથી રોકે. એને સીનેમા જોવાનું મન થઈ જાય, તો પણ એ જોવા જઈ શકે નહિ અને પાછું મન ઠેકાણે આવી જાય. રાત્રે બહાર ભટકવાનું મન થઇ જાય, તો ય તે બહાર નીકળી શકે નહિ અને પાછું મન ઠેકાણે આવી જાય. ઓઘો હાથમાં રાખીને પણ જે આની મર્યાદાને ચૂકે, એની વાત જુદી છે; બાકી, આ વેષ એવો છે કે–આત્મામાં જો લાયકાત હોય, તો સર્વવિરતિના પરિણામો ન હોય, તો પેદા કરવામાં મદદગાર થાય અને સર્વવિરતિના પરિણામો હોય, તો તેને સ્થિર કરવામાં તથા જતા અટકાવવામાં મદદગાર બની જાય. આ વેષ વગર સાધુપણાનું પાલન થઈ શકે નહિ. કોઇ જીવ વિશેષ એમ ને એમ કેવલજ્ઞાન પામી જાય, એ વાત જુદી છે; પણ સર્વવિરતિના પરિણામો જો પ્રગટ્યા હોય, તો તે પરિણામોને ટકાવવાને માટે આ વેષ જરૂરી છે. આ વેષ અપાય છે, તે શું કહેવાય ? સાધુપણું આપ્યું ને સાધુપણું લીધું, એમ જ બોલાય છે ને ? તો તમે એ વિચારો કે–સાધુપણું, એ હૈયાની ચીજ છે કે તે આપવા–લેવાની ચીજ છે ? સાધુપણું, એ વસ્તુતઃ હૈયાની જ ચીજ છે, તે છતાં પણ વેષની મહત્તા કેટલી ? તેમ સમ્યક્ત્વ પણ આપી શકાય અને લઈ શકાય. યોગ્ય રીતિએ એ જો અપાય, લેવાય અને પળાય, તો એથી લાભ જ થાય.

ધર્મના દેનાર અને ધર્મના લેનાર અંગેની ચતુર્ભંગીમાં કયો ભાંગો સૌથી સારો ?

વાત તો એ હતી કે-જેણે સમ્યક્ત્વ ઉચ્ચરવું હોય, તેણે સમ્યક્ત્વદાતા ગુરૂની પાસે પોતાની આન્તરિક અને બાહ્ય સર્વ સ્થિતિનો યથાસ્થિત રૂપમાં એકરાર કરવો જોઈએ.

સ૦ આજે આટલી કાળજી રખાય છે ?

જેટલે અંશે, જેના તરફથી, જેટલી કાળજી ન રખાતી હોય, તેટલે અંશે ભૂલ થાય છે, એ ચોક્કસ બીના છે. આજે આ બાબતમાં પણ બહુ અવિધિ ચાલી રહ્યો છે, એ કબૂલ્યા વિના ચાલે તેમ નથી. એની પણ ચતુર્ભંગી છે. લેનાર અને દેનાર-બન્ને ય જણા, જે લેવાય છે અને જે દેવાય છે, તેના સ્વરૂપને જાણનારા હોય; જે લેવાય છે અને જે દેવાય છે, તેના સ્વરૂપનો દેનાર જાણકાર હોય, પણ લેનાર જાણકાર ન હોય; જે લેવાય છે અને જે દેવાય છે-તેના સ્વરૂપનો દેનાર જાણકાર ન હોય, પણ લેનાર જાણકાર હોય; અને જે લેવાય છે અને જે દેવાય છે-તેના સ્વરૂપનો જાણકાર, ન તો લેનાર હોય કે ન તો દેનાર હોય ! આ ચાર ભાંગાઓમાં, તદ્દન નકામો છેલ્લો ભાંગો છે અને સૌથી સારો પહેલો ભાંગો છે. જે લેવાય છે અને જે દેવાય છે-તેના સ્વરૂપથી બન્ને જાણકાર હોય, તો એમાં અધિક લાભ થાય; અને બન્ને ય અજાણ હોય, તો એથી શું નુકશાન થાય, તે કહી શકાય નહિ. જેમ વેપારી પ્રમાણિક અને ગ્રાહક હુંશીયાર હોય, તો સૌથી સારૂં. વેપારિને હંમેશનો ગ્રાહક મળી જાય એટલે વકરો વધે અને ગ્રાહકને જે માલ લીધો તેની પિછાન હોય, તો તે એનો કરવો જોઇતો ઉપયોગ કરી

શકે. ગ્રાહક અજાણ હોય, પણ વેપારી પ્રમાણિક હોય ત્યાં સુધી ગ્રાહક છેતરાય નહિ, પણ ગ્રાહકને ભૂલમાં પડી જવાનો સંભવ ઘણો. વેપારી અપ્રમાણિક હોય ને ગ્રાહક ચતુર હોય, તો ગ્રાહક છેતરાય નહિ, જોઈતો માલ લઈ લે અને પછી બીજે વેપારી શોધી લે. જ્યાં વેપારી અપ્રમાણિક અને ગ્રાહક ભોઠ હોય, ત્યાં ગ્રાહક લૂંટાઈ જાય. તમને કેવો ગ્રાહક ગમે? અપ્રમાણિક વેપારિને તો મૂર્ખ ગ્રાહક જ ગમે ને? ગ્રાહકે પૈસા આપીને માલ લેવાનો છે, માટે સાવધ બહુ રહેવું પડે ને? તમે પૈસા ધીરતાં કે હિસાબ ચૂકવતાં, સામાની પેઢી સારી હોય, આબરૂદાર હોય, તે છતાં પણ એ પેઢી તરફથી પૈસા લેવા આવનારો દાઘારંગો હોય, તો તેને પાછો કાઢો ને? સામા પેઢીવાળાને પણ કહો ને કે–માણસ તો જરા સારો મોકલો!? તમે જે લેવડ–દેવડ કરો, તે સમજથી કરો ને? એણે શું આપ્યું ને મેં શું લીધું અથવા મેં શું આપ્યું અને એણે શું લીધું–એની અમને ગમ નથી, એમ બેમાંથી એકે ય કહે ખરા? નહિ જ, તેમ ધર્મની વાતમાં પણ લેનાર–દેનાર બન્નેએ પોતપોતાના અધિકાર આદિને સમજવો જોઈએ.

સ૦ આવી વાત ધર્મગુરૂએ સમજાવવી જોઈએ ને?

ધર્મગુરૂની એ ફરજ છે, પણ જેમ અપ્રમાણિક વેપારી ગ્રાહકને મૂર્ખ બનાવવાને ઈચ્છે, તેવું અહીં પણ એવું ભળતું જ કાંઈક બને, તો એ પણ શક્ય જ છે. અપ્રમાણિક વેપારી કાંઈ 'હું અપ્રમાણિક છું'–એમ કહે નહિ; ગ્રાહકે જ પરીક્ષા કરવી પડે; તેમ, ધારો કે–ધર્મગુરૂએ તમને ન સમજાવ્યું હોય, પણ તમે જો ધર્મના અર્થી હોત, તો તમે પૂછ્યા વિના કેમ રહ્યા હોત ખરા?

વ્યવહારમાં ને ધર્મસ્થાનમાં ય અસત્ય :

તમે પૈસાદાર હો, ત્યારે તમારી ખરી સ્થિતિને છૂપાવવાનું તમને કેટલું બધું મન થાય છે ? પૈસાદાર તરીકેની આબરૂ હોય અને પૈસા રહ્યા ન હોય, તેવા વખતે લોકના પૈસાથી પૈસાદાર તરીકેની આબરૂને સાચવી રાખવાને માટે, કેટકેટલાં અસત્યોને કેળવીને બોલો છો ? અને, જ્યારે પાસે પૈસા હોય, ત્યારે ય કોઈને પૈસા આપવા ન પડે–એ માટે, કેટકેટલાં અસત્યોને કેળવીને બોલો છો ? તમારી સ્થિતિ, મોટે ભાગે, તમે તમારા અંગત મિત્રથી પણ છૂપાવવાને મથો ને ? ઓછી સ્થિતિવાળાને તો ન કહે, પણ સરખે સરખાને પણ પોતાની સ્થિતિ સાચા રૂપમાં જણાવે નહિ, કેમ કે–જો એ જાણે, તો અવસરે માગી બેસે ને ? રોજ એની સાથે બેઠા હોય, સાથે ખાધું–પીધું હોય, સ્નેહ–સંબંધની ઘણી ઘણી વાતો કરી હોય, છતાં એને ય એની જરૂર વખતે આપવાની ઇચ્છા હોય નહિ ! આવા માણસોનો વ્યવહાર, કેવો હોય છે ? આ પેલાને શેઠ કહે અને પેલો આને શેઠ કહે ! પૈસા બચી જાય, એ માટે કેળવી કેળવીને અસત્ય બોલવાની કુટેવ, ધર્મસ્થાનોમાં ય તમારો પીછો છોડે નહિ, તો એ કેટલું બધું ખરાબ કહેવાય ? મંદિરમાં કે ઉપાશ્રયમાં કોઈ ઉછામણી થતી હોય અને તેમાં વધતે વધતે ભાવના ટકી ન શકે એટલે અટકી જાવ, ત્યારે કોઈ પૂછે કે–' શેઠ ! તમે આગળ કેમ વધ્યા નહિ ?' એ વખતે તમે શું કહો ? એવા વખતે, પોતાની સ્થિતિ પહોંચતી હોવા છતાં પણ, ધીમે રહીને પોતાની સ્થિતિ પહોંચતી નથી–એવું બતાવી દેવાની કુનેહ નહિ વાપરનારા કેટલા ?

ઉછામણીમાં ન બોલવું હોય, ત્યારે સ્થિતિ ખરાબ છે એવું, બતાવી દેનારા કેટલા ? બોલે શું ? 'હમણાં વહેપાર–ધંધા કેટલા બધા ખલાસ થઇ ગયા છે? સૌને અત્યારે કમાણી થોડી છે અને ખર્ચ ઘણો છે.' ખરી વાત એ હોય કે–બીજાઓના વહેપાર ધંધા ન ચાલતા હોય, પણ એનો ચાલતો હોય. એ કમાણી જ કરતો હોય, પણ સીફતથી બોલીને છટકવાનો પ્રયત્ન કરે. એના બદલે સાચું કહે કે–' સ્થિતિ છે, પણ ભાવ જાગવો જોઈએ ને ?' તો શો વાંધો આવે ? પણ ત્યાં આબરૂ સાચવવી છે. કયી આબરૂ ? પાસે ઘણા પૈસા છે કે મારી સ્થિતિ સારી છે, એવી આબરૂ નહિ; પણ એવી આબરૂ કે–' જો મારી પાસે સગવડ હોય, તો આમાં દીધા વિના અગર તો વધુ દીધા વિના હું રહું જ નહિ !' આવી આબરૂ મેળવવાના અને એને સાચવવાના મનમાં કોડ છે, એટલે, શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોમાં પણ, કેટલાકો કેળવેલું અસત્ય બોલવાની ભૂલ કરે છે.

ધન સાચવવાની વૃત્તિ શું સર્જે છે ?

પોતાનું જે કાંઈ હોય, તેને સાચવી–સંભાળી રાખવાની ઈચ્છામાંથી, તે ઇચ્છાને સફલ કરવાના હેતુથી જે ધ્યાન જન્મે, તે પણ રૌદ્રધ્યાન છે. પેલી ઈચ્છા જેટલી પ્રબળ હોય, તેટલું આ ધ્યાન પણ ઉગ્ર બને ને ? એના યોગે, કેટકેટલાં અસત્યો બોલાય ? જે મળ્યું અને મળે, તેને સાચવી રાખવાની બુદ્ધિ પણ કેટકેટલાં પાપોમાં ફસાવે? હિંસા, અસત્ય અને ચોરી વગેરે પાપો, એ કરાવે ને ? એ પાપો તો કરાવે ત્યારે કરાવે, પણ તે પહેલાં મન કેવું બને ? સાચવવાને માટે, કેવા કેવા

સંયોગોમાં શું શું કરવું જોઈએ, એના ધ્યાનમાં લાગી જાય, તો હિંસા, અસત્ય, ચોરીના કેટકેટલા ઘાટ ઘડી નાખે? જો ચોર આમથી લેવા આવે તો આમ ઠાર કરવો, એમ પણ થાય કે? કોઈ પૂછશે ત્યારે આમ કહીશ, એવો અસત્યનો પણ વ્યવસ્થિત વિચાર થાય કે? અહીં ભયનું કારણ બને અને બીજે ધનને ખસેડવાની જરૂર હોય, તો કોઈને જણાય નહિ અગર દાણ વગેરે ભરવું પડે નહિ, એ માટે ચોરી કરવી અને તે અમુક અમુક રીતિએ કરવી, એમ પણ થાય કે? હિંસાની ક્રિયા, અસત્યની ક્રિયા અને ચોરીની ક્રિયા કરતાં પણ, સંરક્ષણની વૃત્તિથી ધ્યાનમગ્ન બની, હિંસાદિની યોજનાનું તમે ચિન્તન અને ઘડતર કરો, એ વધારે ખરાબ છે, એમ લાગે છે? પરિગ્રહનો લાભ કેટલો ભૂંડો છે? લક્ષ્મી આવી ન હોય પણ આવવાની હોય, છતાં એને આમ સાચવીશ ને તેમ સાચવીશ, એને સાચવવાને માટે આમ કરીશ ને તેમ કરીશ, એવું ધ્યાન આવી જાય ખરું કે? આવું રૌદ્રધ્યાન તીવ્ર પ્રકારનું બને તો નરકાદિનું કારણ બને છે, એવું જાણનારો, એવું ધ્યાન ન આવે તે માટે વિચારો ઉપર કાબૂ રાખવાનો પ્રયત્ન કર્યા કરે ને? મળેલા ધનાદિના સંરક્ષણનો પ્રયત્ન કરે, તો પણ, એ માટે જેમ બને તેમ મન દૂષિત ન થવા પામે, તેની કાળજી રાખે ને? જેમ વિવેક વધારે, તેમ પાપક્રિયા કરવા છતાં પણ, એ કર્યા પહેલાં, એ કરતી વેળાએ અને એ કર્યા પછી પાપવિચારો ઓછા અને 'ઠીક નથી કરતો' વગેરે વિચારો વધારે, એમ બને ને? રૌદ્રધ્યાન નરકનું કારણ હોવા છતાં પણ, સમ્યગ્દૃષ્ટિને, વ્રતધારી શ્રાવકને અને સાધુને ય એ ન જ હોય –એવું નહિ; એટલે, એની જેટલી મંદતા થાય તેટલું સારું,

એમ સમજાય છે ને ? સમ્યગ્દૃષ્ટિ આદિને રૌદ્રધ્યાન આવી જાય, પણ એ યોજના તો એ ન આવે એની કરે ને ? એનું લક્ષ્ય, એ રૌદ્રધ્યાન ભૂલેચૂકે પણ ન આવે, એ તરફ હોય ને ? તમે પણ હવે તો રૌદ્રધ્યાનથી બચતા રહેવાની કાળજી અવશ્ય રાખવાના ને ?

ધર્મસ્થાનોમાં આવતી ટીપોને બંધ કરાવવાનો વિચાર કરવો એ ય શોભે નહિ :

આજે કેટલાકની ફરિયાદ છે કે–' ધર્મસ્થાનોમાં પૈસાની ટીપ ન આવે તો સારૂં. પૈસાની ટીપ આવશે, તો લોક આવશે નહિ. ' પણ એટલો વિચાર કરતા નથી કે–ધર્મસ્થાનો, એ તો દાનાદિકનાં સ્થાનો છે. ધર્મસ્થાનોમાં દાન, શીલ, તપ અને ભાવ–એ ચારે ય પ્રકારનો ધર્મ શક્તિ, સામગ્રી અને અધિકાર આદિ મુજબ સેવવાનો હોય. દાનાદિક માટેનાં આ સ્થાનોમાં, દાન લેવાને માટે કોઇ આવે, તો તેનો નિષેધ કેમ કરી શકાય ? તમારી શક્તિ ન હોય, તો આવનારને શક્તિ નથી–એમ કહેવું જોઈ એ; ઓછી શક્તિ હોય, તો ઓછું પણ ઉલ્લાસથી આપીને હાથ જોડવા જોઈએ; પણ ' કોઇએ ધર્મકાર્ય માટે ટીપ કરવાને અહીં આવવું નહિ '–એમ કહેવાય નહિ : કેમ કે–આ સ્થાનો તો શક્તિ મુજબ દાનાદિ કરવાને માટેનાં જ છે. શક્તિ, સામગ્રી અને ભાવના હોય, તો આ સ્થાનોમાં ટીપ કરવાને માટે જેઓ ન આવતા હોય, તેઓને પોતે બોલાવવા જોઇએ. અહીં તો, શક્તિ-સામગ્રી હોય તેણે, દાનાદિકના ભાવથી અગર તો દાનાદિકના ભાવને પેદા કરવાને માટે પણ દાનાદિક કરવાં જોઇએ. આવો વિચાર

આવવાને બદલે, 'હવે વ્યાખ્યાન વખતે ટીપ કરનારાઓ ન આવે, એવી વ્યવસ્થા કરવી જોઈએ'–એવો વિચાર કેમ આવ્યો? આજે ટીપો વધી ગઈ છે–એ સાચું; મોટે ભાગે સ્થિતિમાં મોટો ફેરફાર થઈ ગયો છે–એ પણ સાચું; ખર્ચા ઘણી રીતિએ વધી ગયા છે–એ પણ સાચું; પરન્તુ ભાવનામાં મોટું અને ખોટું પરિવર્તન આવી ગયું છે, એ પણ એટલું જ સાચું છે. ભાવનામાં પરિવર્તન આવી જવાથી, જે ખર્ચાઓ ખરેખર ઘટાડવા જેવા છે, તે ખર્ચાઓને ઘટાડવાના પ્રયત્નમાં લાગી જવાને બદલે, દાનાદિક ન કરવાના પ્રયત્નોમાં લાગી જવાયું છે અને તે અધોગતિની નિશાની છે. તમે જરા ડાહ્યા થઈને વિચાર કરશો, તો તમને પણ આ વાત સમજાશે. જૈનના હૈયામાં દાનાદિકના નિષેધનો વિચાર આવે ખરો? જૈનને તો એમ થયા કરે કે-'મારા ખાવાના ભાણામાંથી પણ હું કોઈને થોડું કે'ય આપી શકું તો સારૂં!' જે જૈનો એમ માનતા હોય કે–દાનાદિકમાં જે લક્ષ્મી વગેરે વપરાયું તે જ સફલ છે, તે જૈનો ટીપ કરનારાઓને આવવાનો નિષેધ કરવાની વિચારણા કરે, તે કેમ શોભે? આજે જેટલી શક્તિ ઘટી છે, તેના કરતાં ભાવના વધારે ઘટી છે. આવા કાળમાં તો, દાનાદિકની ભાવનાને ખૂબ જ ઉત્તેજિત કરવી જોઈએ. એમ થવું જોઈએ કે–વિષમ કાળ આવ્યો છે. કયારે લૂંટાઈ જઈશું, તેની ખાત્રી નથી. કોને દઈ દેવા પડશે તે સુઝતું નથી. એને બદલે, સંતોષથી બેસી જાઉં અને વધારાનું જે કાંઈ હોય તેનો સદુપયોગ કરી લઉં!

આગેવાનોનું શાણપણ :

જ્યાં આગેવાનો ડાહ્યા હોય છે, ત્યાં આવી ભાંજગડ

ઉભી થતી નથી. ટીપ કરવાને માટે બહારગામથી જે ભાઇઓ આવે, તેને આગેવાનો ઘરે લઇ જાય અને આદરથી જમાડે. પછી, બધી હકીકત પૂછી લે અને જુએ કે–હમણાં ટીપમાં વધારે નાણાં ભરાય તેમ નથી, તો એવી રીતિએ વાત કરે કે–સામાના હૈયામાં આરદ્રભાવ જન્મે. એ કહે કે–‘ તમે અહીં ટીપ લઈને આવ્યા તે બહુ સારૂં થયું; અમને સારા કામમાં બે પૈસા ખર્ચવાની તક તમારા આવવાથી મળી; અહીં બધાની સ્થિતિ સારી હોત, તો તમારૂં કામ અહીં જ પતાવી દેત; પણ હમણાં સંયોગો અનુકૂળ નથી; એટલે તમે ધારી હોય તેવી મોટી ટીપ અમે ન કરી આપી શકીએ, તો તેથી દુઃખ લગાડશો નહિ; તમે આવ્યા છો, એટલે તમને ફુલ નહિ તો ફુલની પાંખડી પણ અમે આપીશું, પણ તમે ઓછું મળ્યું માનીને નિરાશ થશો નહિ !’ આમ તેમને સમજાવી દે અને સંઘમાં વાત મૂકીને શક્તિ મુજબ ટીપ ભરાવી આપે. આવનારાઓ ઘણું લેવાની આશાએ આવ્યા હોય અને મળે થોડું–એમ બને, પણ આગેવાનો વર્તે એવી રીતિએ કે–પેલા નિરાશ થવાને બદલે ખૂશ થઈને જાય ! મોટી આશા રાખવામાં પોતે ભૂલ કરી હતી–એમ એમને લાગે, પણ થોડું આપનાર માટે દુઃખ લાગે નહિ ! જ્યાં જાય ત્યાં એ વાત કરે કે–‘ અમુક ગામે ગયા હતા. ત્યાં આગેવાન શેઠીયાઓ બહુ સમજુ ! ટીપ તો મોટી થઇ શકે તેમ નહોતું, પણ એમણે જે પ્રેમ બતાવ્યો, તે વિસરી શકાય એવો નથી !’ તમે આવું તો કરી શકો કે નહિ ? આજે ટીપ કરવા આવનાર કયાં ઉતર્યા છે અને કયાં જમે છે, તેની ચિન્તા તમે કરો ખરા ? એમને જોઈને ‘ આ આવ્યા તો બે પૈસા

સારા માર્ગે ખર્ચાશે'–એમ થાય ખરૂં ? 'આમ તો સ્થિતિ એવી થઈ ગઈ છે કે–ખર્ચવાનો ઉલ્લાસ ન આવત, પણ ઠીક થયું કે–આ આવ્યા, એટલે થોડું પણ સારા માર્ગે ખર્ચાશે.'– આવી રીતિએ વિચાર કરો ખરા ? શક્તિ તો નાશ પામી રહી છે, કેમ કે–પુણ્ય ખૂટતું હશે; પણ તમે તમારી મેળે તમારી ભાવનાનો અને બીજાઓની ભાવનાનો પણ નાશ કરી નાખવાનું પાપ, શું કામ વહોરી રહ્યા છો ?

ગરીબ પૈસે દુઃખી અને શ્રીમંત હૈયે દુઃખી :

કેટલાકને તો, પસાની પ્રાપ્તિ ચાલુ હોવા છતાં પણ, લોભે એટલા બધા ઘેર્યા છે કે–ઘણાને આ વાત ગમતી નથી; એટલે આ વાત મૂકી છે કે–જેટલા પૈસા પામવા જેવું પુણ્ય છે, તેટલા પૈસાને પચાવવા જેવું હૈયું છે કે નહિ ? પોતાની મનોદશા કેવી છે, એ જાણવાનું આ એક માપક યંત્ર છે. પૈસા આવે, એટલે એનો હૈયામાં ઉત્સેક ન આવે; નાનાઓનો અનાદર કરવાનું મન થાય નહિ; હિંસાદિકથી ભરેલા ધંધાઓને સર્જવાની અથવા તો એવા ધંધાઓમાં ઠેકેદાર બનવાની રૂચિ થાય નહિ; અસત્યાદિ તરફનું વલણ વધે નહિ; તેમ જ, જ્યારે પણ પોતાના પૈસાથી કોઈના દુઃખનું નિવારણ કરવાની તક આવી લાગે, ત્યારે આનંદ થાય; ધર્મસ્થાનોમાં લક્ષ્મી વાપરવાના મનોરથો પ્રગટે; પૈસો જાય તો ય ખમી ખાવાનું મન થાય; આવું આવું કાંઈ મનમાં છે કે નહિ ? કે પછી, એક પૈસા જ મળી ગયા છે ? મોટે ભાગે તો આજે એવી હાલત જણાય છે કે–ગરીબ મુખ્યત્વે પૈસે દુઃખી છે અને શ્રીમંત મુખ્યત્વે હૈયે દુઃખી છે. પેલો પૈસો

નથી માટે જ્યાં-ત્યાં આગળ આવી શકે નહિ અને આ પૈસો સાચવી રાખવાને માટે 'આગળ આવીએ તો પૈસા આપવા પડે ને?'-આવું વિચારીને, પૈસા નહિ આપવા પડે, એ માટે સંતાતો ફરે. ગરીબ પૈસા નથી માટે દીન બને છે અને શ્રીમંત પૈસા દેવા પડે નહિ, એ માટે દીન બની જાય છે. પૈસાના રક્ષણ માટે આવી યોજનાઓ ઘડવા કરનારા જીવો, રૌદ્રધ્યાનથી ખૂબ ખૂબ રીબાતા હોય, તો તે સ્વાભાવિક છે.

આ કાંઈ સાદાઈ નથી :

શ્રીમંત હોવા છતાં પણ, જે જીવો રૌદ્રધ્યાનથી ખૂબ રીબાતા હોય છે, તેઓ સુખે ખાય પણ નહિ અને સુખે ખાવા દે પણ નહિ ! એનાં છોકરાંઓ અને એના ઘરનાં બીજાં માણસો એના પાપે ચોરી આદિ કરતાં શીખે છે. એ બહાર જાય, એની એ રાહ જોતાં હોય છે અને જ્યાં જરાક એ મેલવા-મૂકવામાં ભૂલ કરે કે-આ ઉઠાવી લેવાને તૈયાર હોય છે. આ પૂછે તો એના અંગત સંબંધીજનો પણ એની બીકને લીધે બોટું બોલે. આવી સ્થિતિ જો વધી જાય છે, તો ખૂદ એના નિકટના સગાઓ, સગા છોકરાઓ પણ, એના મરણને ઈચ્છે છે. કોઇ કોઇ વાર સગા છોકરાઓ વગેરેને પણ એમ થઇ જાય કે-'આ હવે મરે તો સારૂં, કે જેથી આપણે સુખે ભોગવી તો શકીએ?' એમાંથી કવચિત્ ઝેર દીધાનો પ્રસંગ પણ બને. એવા બધા, ભોગની લાલસાના યોગે, આવી રીતિએ દુર્ધ્યાનથી પીડાય અને ભયંકર પાપને ઉપાર્જે. પણ, એમાં નિમિત્ત તો આ બને ને? આની તો, બધી યોજનાઓ જ એ જાતિની કે-પૈસા બચે કેમ? આમ બાધું

ન હોય ને આમ પહેર્યું ન હોય તથા આટલું ખાધું હોય ને આટલું પહેર્યું હોય, તો પૈસા બચે–એમ ધારીને, ઘરમાં સૌના ખાવા–પીવા ઉપર અને પહેરવા–ઓઢવા ઉપર પણ અંકુશ મૂકે. આવો માણસ, કોઈ પૈસા લઈ ના જાય, એ માટે હિંસાની, અસત્યની અને ચોરીની કેટકેટલી યોજનાઓ મનમાં ઘડ્યા કરે ? આવી વૃત્તિથી ઓછું ખાય ને ઓછું પહેરે, એ સાદાઈ નથી; પણ હૈયામાં સળગી રહેલા દુર્ધ્યાનના અગ્નિનું એ પ્રતીક છે. ત્યાગબુદ્ધિથી, હિંસાદિકથી બચવાની બુદ્ધિથી, સામાન્ય ખાય અને સામાન્ય રહે, એ સારો; પણ ખર્ચ ન થઈ જાય એ માટે છતી લક્ષ્મીએ સાધારણ રહે, તે સારો નહિ. સામાન્ય સ્થિતિનો માણસ, પોતાની સ્થિતિથી અધિક ખર્ચ કરે તો દુઃખી બને અને આ એમ ને એમ દુઃખી રહ્યા કરે. રૌદ્રધ્યાનમાં જ જીન્દગીને પસાર કરીને, પછી એ સુખે નરકે જાય; કારણ કે–મરતાં ય એને હૈયે તો એ જ વાત હોય કે–હું જીન્દગીમાં આટલું કમાયો, પણ એમાંથી આટલું બધું મૂકી જનાર તો મારા જેવો કોઈક જ !

<u>ત્રણે ય કાળમાં દુઃખી થતા જીવો :</u>

આવો જીવ કયારે સુખ પામશે, તે તો જ્ઞાની જાણે. અહીં તે આટલી મોટી સંપત્તિને પામ્યો, એટલે ભૂતકાળમાં એણે કાંઈક ને કાંઈક ધર્મ તો કરેલો જ; કેમ કે–ધર્મ કર્યો ન હોત, તો સંપત્તિનું પુણ્ય સાંપડત નહિ; પરન્તુ આટલી સંપત્તિ મળવા છતાં પણ, આ ભવમાં એ જે રીતિએ વર્ત્યો, તે ઉપરથી એવી કલ્પના જરૂર થઈ શકે કે–એણે ભૂતકાળમાં ધર્મ કરેલો, તે વખતે ય આશાએ કરેલો. તે વખતે પણ, એ

આશાનું દુઃખ જરૂર અનુભવતો હશે. એને ભૂતકાળમાં આશાએ પીડયો અને આ ભવમાં સંરક્ષણની તીવ્ર લાલસાએ પીડયો. પૂર્વે આશાનું દુઃખ, મળ્યું ત્યારે ભોગવાઈ ન જાય તેની ચિંતાનું દુઃખ અને પાછળ દુર્ગતિનું દુઃખ ! આપણે ત્યાં મમ્મણ શેઠનો દાખલો આવે છે ને ? એની સંપત્તિ કેટલી ? કહેવાય છે કે–મહારાજા શ્રી શ્રેણિક પાસે જે સંપત્તિ હતી, તે મમ્મણ શેઠની સંપત્તિની પાસે કોઈ વિસાતની ગણાય નહિ ! પણ, એ જીવતો તેલ–ચોળા ખાઈને ! એણે જેટલું લક્ષ્મીની મૂર્છાથી સહન કર્યું છે, તેટલું જ જો એણે મોક્ષની અભિલાષાથી મોક્ષમાર્ગની સાધનાને માટે સહન કર્યું હોત, તો એ મોક્ષને પામ્યા વિના રહેત નહિ ! એટલું બધું સહન કરનારો એ, મરીને ગયો કયાં ? સાતમી નરકે ! કેમ એણે આધું–પીધું ને પહેર્યું–ઓઢયું નહિ ? એણે, વધુમાં વધુ સાદાઈથી જીવન કેમ પસાર કર્યું ? વધારે ખર્ચાઈ જાય નહિ, એ માટે ! એટલે, ભૂતકાળમાં પૈસા માટે ધર્મ કરેલો, અહીં પૈસો મળ્યો તે ભોગવી શકાયો નહિ અને અન્તે દુર્ગતિના દુઃખમાં જઈ પડયો ! આવું પણ બને ને ? રૌદ્રધ્યાન કુટિલતાના ઘરનું છે અને જો એ જોરદાર બની જાય, જીવ એમાં જ જો આસક્ત રહ્યા કરે, તો જરૂર એ નરકે લઈ જાય.

<u>ત્યાગવૃત્તિથી પોતે તજે ને બીજાને ખવડાવે :</u>

નરકનાં કારણો સંસારમાં ઠાંસી ઠાંસીને ભરેલાં છે. જે કોઈ ભાનભૂલો બને અને રૌદ્રધ્યાનમાં રક્ત જ બન્યો રહે, તે તો, આરંભની ક્રિયા કરે તો ય નરકે જાય અને આરંભની ક્રિયા ન કરે તો ય નરકે જાય; ધન–ધાન્યાદિ પરિગ્રહ તેની

પાસે પોતાના તરીકે હોય, તો ય તે નરકે જાય અને ધન-ધાન્યાદિ પરિગ્રહ તેની પાસે પોતાના તરીકે ન હોય, તો ય તે નરકે જાય. પરિગ્રહ હોય નહિ પણ મેળવું મેળવું કર્યા કરે અને એમાં હિંસાદિકની યોજનાઓ ઘડ્યા જ કરે, તો શું થાય ? ભૂતકાળમાં, આ આર્ય દેશમાં તો ભિખારીઓ પણ એવા હતા કે–આપે તેને ય હાથ જોડે અને ન આપે તેને ય હાથ જોડે. કોઈ ન આપે તો ય એ કહે કે–'મારું પુણ્ય નથી.' આજે કહે છે કે–'આપ, નહિ તો જોઈ લઈશ.' જલાવી દઉં તારું ઘર, એમ મનમાં વિચારે છે. કાં તો લઉં, નહિ તો તારી પાસે રહેવા દઉં નહિ, આવી વૃત્તિ આવતી જાય છે. વગર ખાધે-પીધે પણ પાપ બંધાઈ શકે. લોભથી ઓછું ખાશો તો ય પાપ બંધાશે. એવા પણ સુખી હતા અને હોય કે–મહેમાનને બાવન ચીજ પીરસે અને પોતે બે જ ચીજ ખાય. કેમ ? ત્યાગની વૃત્તિથી ! ત્યાગની વૃત્તિથી સ્વયં બહુ ત્યાગી બનવાની આજ્ઞા છે, પણ ઔચિત્યમાં ખામી આવવા દેવી નહિ. પોતે થોડું ખાય પણ રસોડું મોટું રાખે. બીજાઓને પ્રેમથી જમાડે. એને ઘેરથી સાધુ-સાધ્વીને નિર્દોષ આહાર-પાણી અને પથ્ય પણ નિર્દોષ મળે. એટલે, આપણે ત્યાં બધું વિવેકથી જોઈએ. મનની દિશાને ફેરવી નાખીએ, તો દુર્ગતિનાં કારણો સેવવા છતાં ય, તેનાથી ઘણે અંશે બચી શકાય અને સારા ભાવ આદિથી સદ્ગતિને સાધી શકાય. આથી, સૌએ પોતપોતાના મનને સુધારવાની બાબતમાં તો, ખૂબ જ કાળજીવાળા બની જવું જોઈએ.

ચાર ગતિનાં કારણો–પહેલો ભાગ સમાપ્ત.

જૈન દૃષ્ટિએ

તિથિદિન અને પર્વારાધન

— સંબંધી —

સંગ્રહાત્મક મોટો ગ્રન્થ

[સને ૧૯૫૫ માં પ્રગટ થશે]

સને ૧૯૫૪ ના ડીસેમ્બરની ૩૧ મી તારીખ પહેલાં શ્રી જૈન પ્રવચનના સને ૧૯૫૫ ના લવાજમ તરીકે જે ગ્રાહકોએ રૂા. ૧૨–૦–૦ ભર્યા હશે, તેમને ' ચાર ગતિનાં કારણો–પહેલો ભાગ ' એ ગ્રન્થ ઉપરાન્ત, આ મોટો ગ્રન્થ પણ વિના મૂલ્યે આપવામાં આવશે. આ તકને આપ ચૂકશો નહિ. છૂટક નકલનું મૂલ્ય રૂા. ૧૧–૦–૦ રાખ્યું છે.

શ્રી જૈન પ્રવચન કાર્યાલય

ઠે. શેઠ શ્રી મનસુખભાઈની પોળ સામે,

કાલુપુર રોડ–અમદાવાદ

શ્રી જૈન પ્રવચન કાર્યાલય
શેઠ શ્રી મનસુખભાઈની પોળ સામે
કાલુપુર રોડ–અમદાવાદ.